

ગુજરાતી

# યુવકભારતી

ધોરણ-અગિયાર



# ભારતનું સંવિધાન

## ભાગ ૪ ક

## નાગરિકોના મૂળભૂત કર્તવ્યો

**અનુચ્છેદ ૫૧ ક**

**મૂળભૂત કર્તવ્ય – ભારતના પ્રત્યેક નાગરિકનું એ કર્તવ્ય છે કે તેણે –**

(ક) સંવિધાનનું પાલન કરવું. સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.

(ખ) સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવું.

(ગ) દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.

(ઘ) આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.

(ઙ) દરેક પ્રકારના ભેદભાવને ભૂલીને એકતા અને બંધુત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓના સન્માનને ઠેસ પહોંચાડનારી પ્રથાઓનો ત્યાગ કરવો.

(ચ) આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.

(છ) નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો.

(જ) વૈજ્ઞાનિક દૃષ્ટિ, માનવતાવાદ અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.

(ઝ) સાર્વજનિક માલમત્તાનું જતન કરવું. હિંસાનો ત્યાગ કરવો.

(ઞ) દેશની ઉત્તરોત્તર પ્રગતિ માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યમાં ઉત્તમતા-શ્રેષ્ઠતાનું સ્તર જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.

(ટ) ૬થી ૧૪ વય જૂથના બાળકોને તેમના વાલીએ શિક્ષણની તક પૂરી પાડવી.

શાસન નિર્ણય ક્રમાંક : અભ્યાસ - 2116/(પ્ર.ક્ર.43/16) એસડી-4 દિનાંક 25-4-2016 અન્વયે સ્થાપિત થયેલ સમન્વય સમિતિની દિનાંક 20-06-2019 રોજની બેઠકમાં આ પાઠ્યપુસ્તક નિર્ધારિત કરવાની માન્યતા આપવામાં આવી છે.

# ગુજરાતી
# યુવકભારતી
## ધોરણ-અગિયાર

तमारां स्मार्टफोनमां DIKSHA App द्वारा पाठ्यपुस्तकनां पहेला पाना परना Q.R. Codeथी डिजिटल पाठ्यपुस्तक तथा अध्ययन-अध्यापन माटे उपयोगी दृश्य-श्राव्य साहित्य उपलब्ध थशे.

S3B7L4


### ઋણસ્વીકાર

પ્રસ્તુત પુસ્તકમાં જે જે રચયિતાઓની તથા કૉપીરાઈટ ધારકોની કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, તેમનો પાઠ્યપુસ્તક મંડળ વિશેષ આભાર માને છે. દરેક સંભવિત પ્રયત્નો કર્યા બાદ પણ કેટલાક સાહિત્યકારોના તથા કૉપીરાઈટ ધારકોના અનુમતિપત્ર પ્રાપ્ત થયા નથી. મંડળ તે દિશામાં કાર્યરત છે.

પ્રથમાવૃત્તિ : ૨૦૧૯
પુનર્મુદ્રણ : ૨૦૨૨

© મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે ૪૧૧ ૦૦૪.

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈપણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.

**ગુજરાતી ભાષા સમિતિ**
ડૉ. મધુબેન સંપટ
શ્રી. છોટુભાઈ બી. પટેલ
ડૉ. દક્ષા બિપીન માવદિયા
શ્રીમતી પ્રીતિ નંદલાલ શાહ
શ્રીમતી દીપ્તિબેન બુચ
ડૉ. પ્રીતિ હિતેશ દવે
ધર્મિકા ધીરેન દોશી
ધીરેન મનસુખલાલ દોશી
**કેતકી નિતેશ જાની, સદસ્ય-સંયોજક**

**સંયોજન પ્રમુખ**
**કેતકી નિતેશ જાની**
વિશેષાધિકારી, ગુજરાતી વિભાગ
પાઠ્યપુસ્તક મંડળ, પુણે -૦૪.

**મુખપૃષ્ઠ**
શ્રી. વિવેકાનંદ પાટિલ

**ચિત્ર**
શ્રી. સંજયભાઈ પટેલ

**અક્ષરાંકન**
સમર્થ ગ્રાફિક્સ,
૫૨૨, નારાયણ પેઠ, પુણે-૩૦.

**નિર્મિતિ**
**શ્રી. સચ્ચિદાનંદ આફળે**
મુખ્ય નિર્મિતિ અધિકારી

**શ્રી. રાજેંદ્ર ચિંદરકર**
નિર્મિતિ અધિકારી

**શ્રી. રાજેંદ્ર પાંડલોસકર**
સહાયક નિર્મિતિ અધિકારી

**કાગળ**
70 GSM Creamwove

**મુદ્રણાદેશ**

**મુદ્રક**

**પ્રકાશક**
**શ્રી. વિવેક ગોસાવી, નિયંત્રક**
પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ,
પ્રભાદેવી, મુંબઈ - ૨૫.

# ભારતનું સંવિધાન

આમુખ

અમે ભારતના લોકો ભારતને એક
સાર્વભૌમ સમાજવાદી
બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક
પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો
તથા તેના સર્વ નાગરિકોને :
સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય;
વિચાર, અભિવ્યક્તિ, વિશ્વાસ,
ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા;
દરજ્જા અને તકની સમાનતા;
પ્રાપ્ત થાય તેમ કરવાનો
અને તે સર્વમાં વ્યક્તિનું ગૌરવ
અને રાષ્ટ્રની એકતા અને અખંડતા
સુદૃઢ કરે એવી બંધુતા વિકસાવવાનો
ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને
અમારી સંવિધાનસભામાં
૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ
આથી આ સંવિધાન અપનાવી
તેને અધિનિયમિત કરી
અમને પોતાને અર્પિત કરીએ છીએ.

## રાષ્ટ્રગીત

જનગણમન – અધિનાયક જય હે
ભારત – ભાગ્યવિધાતા.
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જયગાથા.
જનગણ મંગલદાયક જય હે,
ભારત – ભાગ્યવિધાતા.
જય હે, જય હે, જય હે,
જય જય જય, જય હે.

## પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

# પ્રસ્તાવના

પ્રિય વિદ્યાર્થીમિત્રો,

ધોરણ – ૧૧મામાં આપનું સ્વાગત છે. 'યુવકભારતી' ગુજરાતીનું આ પાઠ્યપુસ્તક આપના હાથમાં મૂકતાં અમે આનંદ અનુભવીએ છીએ.

મિત્રો, બીજા સાથે સંવાદ સાધવા અને આપણા વિચારો-ભાવના વ્યક્ત કરવાં આપણે ભાષાનો જ ઉપયોગ કરીએ છીએ. એ માટે આપણો ભાષાનો શબ્દભંડોળ સમૃદ્ધ હોવો જરૂરી છે. આ પુસ્તકના અભ્યાસ દ્વારા આપનું માતૃભાષા પરનું પ્રભુત્વ વધશે તેવી અપેક્ષા છે.

આ પાઠ્યપુસ્તકમાં બોધાત્મક, ગુણાત્મક, જ્ઞાનાત્મક, લાગણીસભર કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે; જે તમારા વૈજ્ઞાનિક, સામાજિક અને બૌદ્ધિક દૃષ્ટિકોણના વિકાસમાં સહાયક સિધ્ધ થશે. આ પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ વિવિધ સાહિત્યપ્રકારોનો અભ્યાસ તમને ક્રોધ પર કાબૂ, વિશ્વશાંતિ, આદર્શ ગ્રામનું નિર્માણ, માનવીય સંવેદના, રક્તદાનનું મહત્ત્વ, પ્રાણીપ્રેમ, વિપરિત પરિસ્થિતિનો સામનો, પર્યાવરણનું સંવર્ધન, પ્રકૃતિપ્રેમ, માતૃપ્રેમ, દેશપ્રેમ, સકારાત્મક દૃષ્ટિકોણ, રમૂજવૃત્તિ, સ્વગુણ-દોષ મીમાંસા, વાંચનરુચિ જેવા મૂલ્યો આત્મસાત્ કરવામાં મદદરૂપ થશે.

પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ 'લોકસાહિત્ય' વિભાગ અંતર્ગત આપવામાં આવેલા લોકકથા-લોકગીતોના અભ્યાસથી તમે સાચા અર્થમાં આપણી સંસ્કૃતિના ભવ્ય અને અમૂલ્ય વારસાથી માહિતગાર થશો.

પાઠ્યપુસ્તકમાં આપેલા વિવિધ સ્વાધ્યાય તમારી શબ્દસમૃદ્ધિ વધારશે તથા તમારી આકલનશક્તિ, તાર્કિક વિચારશક્તિ, સ્વમત અભિવ્યક્તિને ખીલવશે. સરળ પદ્ધતિથી આપેલું વ્યાકરણ તમારા ભાષાભ્યાસને વધુ દૃઢ બનાવશે. અનેકાર્થી શબ્દો, જોડશબ્દ, સહસંબંધ, રૂઢિપ્રયોગો તમને 'શબ્દકોશ' તરફ વાળશે. 'વિશેષ વાંચન' દ્વારા તમારી વાચનકળા ખીલશે. લેખન કૌશલ્ય વિભાગમાં સમાવિષ્ટ બ્લોગ લેખન, પ્રસંગ વ્યવસ્થાપન, સૂત્રસંચાલન જેવા ઘટકો દ્વારા તમારી લેખનરુચિ તો વધશે જ સાથે જ તમને ભાષાભ્યાસને વ્યાવહારિક, વ્યવસાયિક જીવન સાથે સાંકળવામાં પણ સહાયક થશે. પુસ્તકમાં સમાવિષ્ટ પ્રકલ્પો તમારી કલ્પનાશક્તિને વેગ આપશે. 'સ્વસર્જન' સર્જનાત્મકતા ખીલવશે. આ પાઠ્યપુસ્તક તમને જાતે નવું લખવા તથા બોલવાની તક આપશે. પુસ્તકની કૃતિઓ દ્વારા કૉમ્પ્યૂટર અને ઇન્ટરનેટનો રચનાત્મક ઉપયોગ કરવા પ્રેરાશો. 'એપ'ના માધ્યમથી ક્યૂ.આર. કોડ દ્વારા આપને વિશેષ સાહિત્ય ઉપલબ્ધ થશે. તે અભ્યાસ માટે ચોક્કસ ઉપયોગી સાબિત થશે. પાઠ્યપુસ્તકના અધ્યયન દ્વારા વર્ષાંતે આપ સૌ અપેક્ષિત ક્ષમતાઓ મેળવશો એવી ખાતરી છે. આપના સૂચનો અને પ્રતિભાવોનું સ્વાગત છે.

આપ સર્વને શુભેચ્છા !

(ડૉ. સુનિલ મગર)
સંચાલક
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ
અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

પુણે
તા. : ૨૦ જૂન, ૨૦૧૯,
ભારતીય સૌર દિનાંક : ૩૦ જેઠ, ૧૯૪૧

## અપેક્ષિત અધ્યયન ક્ષમતા વિધાનો

- સાર્વજનિક સ્થળોએ આપવામાં આવતી સૂચના સમજપૂર્વક સાંભળે અને યોગ્ય પ્રતિસાદ આપે.
- કૉલેજ, ઘર, પરિસરમાં થતાં પ્રાસંગિક સંવાદો, અનૌપચારિક સંભાષણ સાંભળે અને સમજે.
- પ્રસારમાધ્યમોમાં પ્રસારિત થતાં ચર્ચા, પરિસંવાદ, નિવેદન, જાહેરખબર, સમાચાર, સૂત્રસંચાલન વગેરેમાં ભાષાની વિશિષ્ટતા ધ્યાનમાં લઈ તેમાં વ્યક્ત થતો વિચાર સમજે.
- ભાષિક કૌશલ્યના વિકાસ માટે વિવિધ શ્રાવ્ય માધ્યમોનો ઉપયોગ કરે.
- તળપદી ભાષા સાંભળે અને સમજે.
- વિષયને અનુરૂપ પોતાના વિચારો સ્પષ્ટ રીતે રજૂ કરે.
- વર્ગમાં આયોજિત ચર્ચા, પરિસંવાદમાં ભાગ લઈ યોગ્ય તર્ક રજૂ કરે.
- સાહિત્યપ્રકારોની વિશિષ્ટતાનું વર્ણન કરે.
- કાર્યક્રમોમાં સ્વાગત પ્રવચન, સંચાલન, આભારવિધિ કરે.
- ભાષણ-સંભાષણ કૌશલ્યને આત્મસાત્ કરી પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરે.
- કથાકાવ્ય, ગઝલ, હાલરડું, કથા જેવી સાહિત્યકૃતિઓનું વાંચન કરે.
- પાઠ્યપુસ્તકમાં આપેલ કૃતિની મૂળ સાહિત્યકૃતિનું તથા તેની સાથે સંબંધિત સંદર્ભ સાહિત્યનું વાંચન કરે.
- ઇન્ટરનેટ પર ઉપલબ્ધ ઈ-બુક્સ, ઈ-ન્યૂઝ અને ઈ-સાહિત્ય તથા તેની સાથે સંબંધિત સંદર્ભ સાહિત્ય શોધીને વાંચન કરે.
- સ્પર્ધા પરીક્ષાની તૈયારી માટે ભાષા વિષય સંબંધિત ઉપયોગી ઘટકોનું વાંચન કરે.
- વાંચન દ્વારા કોઈપણ લેખનનો મધ્યવર્તી વિચાર, સારાંશ અને કથાવસ્તુ સમજે.
- કૃતિના આશય, મુખ્ય વિચાર બાબતે પોતાનો મત, પોતાના શબ્દોમાં લખે.
- નિરીક્ષણ, અનુભવને લેખિત સ્વરૂપે વ્યક્ત કરી શકે.
- પોતાનો બ્લોગ લખતા આવડે.
- લેખન નિયમ અનુસાર મુદ્રિતશોધનનું કૌશલ્ય પ્રાપ્ત કરે.
- ભાષાંતર કરવાની કળા આવડે.
- સંદર્ભ માટે કોશનો ઉપયોગ કરતા આવડે.
- વિવિધ સામાજિક બાબતોનું આકલન કરી તે વિશે પોતાના વિચારો સ્પષ્ટ રીતે વ્યક્ત કરે.
- ઇન્ટરનેટની મદદથી વ્યવહાર કરતા આવડે.
- કૉમ્પ્યૂટર પર ઉપલબ્ધ વિવિધ શૈક્ષણિક ઍપ્લિકેશન્સનો કૃતિયુક્ત ઉપયોગ કરતાં આવડે.
- ઇન્ટરનેટ પર આપેલી લિંક્સ, ક્યૂ. આર. કોડ જેવા વિવિધ દૃશ્ય-શ્રાવ્ય માધ્યમોના ઉપયોગથી અધ્યયન પૂરક સંદર્ભ વિકસિત કરે.
- વિવિધ ભાષા શીખવાની જિજ્ઞાસા નિર્માણ થાય.
- પ્રસાર માધ્યમોનો જવાબદારીપૂર્વક યોગ્ય ઉપયોગ કરવા બાબત સજાગ બને.
- પ્રસંગ વ્યવસ્થાપન કરતાં શીખે.
- તળપદા શબ્દો માટે માન્ય ભાષાના શબ્દો જાણે.
- સંધિ, સમાસ, શબ્દયુગ્મો, અનેકાર્થી શબ્દો જાણે.
- સમાન અર્થ ધરાવતા અને વિરોધી અર્થ ધરાવતા રૂઢિપ્રયોગોને જાણે.

## ધોરણ અગિયારમું - શિક્ષક સાથે સંવાદ

શિક્ષકમિત્રો,

ગુજરાતી યુવકભારતી ધોરણ - અગિયારમાનું આ પાઠ્યપુસ્તક અધ્યયન-અધ્યાપન માટે આપને સોંપતા આનંદ અનુભવીએ છીએ. વર્તમાન સમય સાથે સુસંગત, આજના વિદ્યાર્થીઓના ભાવવિશ્વને અનુરૂપ તથા કૃતિયુક્ત, અધ્યયન-અધ્યાપન દ્વારા વિદ્યાર્થીઓની આકલનક્ષમતા, શબ્દભંડોળ, સ્વમત અભિવ્યક્તિ વિકસિત થાય એ દૃષ્ટિકોણથી પ્રસ્તુત પાઠ્યપુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. પાઠ્યપુસ્તકમાં વિદ્યાર્થીઓના ભાષિક કૌશલ્યને વધારે તેવા ગદ્ય, પદ્ય, ઉપક્રમ, પ્રકલ્પ, સ્વાધ્યાય તથા આશય અનુરૂપ ચિત્રો જેવા અનેક ઘટકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. નિશ્ચિત, મર્યાદિત સંખ્યામાં જ ગદ્ય-પદ્ય લેવાનાં હોવાથી કેટલીક દીર્ઘકૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ વર્ષે તેમને તળપદા શબ્દોનો અભ્યાસ કરાવવાનો છે. જેના મહાવરા માટે ગ્રામીણ પરિવેશવાળી કૃતિનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં આવેલા અઘરા શબ્દોના અર્થ પરિશિષ્ટમાં આપવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓ અપેક્ષિત અધ્યયન ક્ષમતા પ્રાપ્ત કરે તે માટે પાઠ્યપુસ્તકમાં આપેલી કૃતિ સિવાયની વિવિધ કૃતિઓ તથા ઉપક્રમો તૈયાર કરી શકાય.

પદ્ય-ગદ્યનું અધ્યાપન કરાવતી વખતે 'માર્ગદર્શક સ્તંભ'માં આપેલા મુદ્દાઓનો ઉપયોગ કરી શકાય. એ સિવાય પણ આપની કલ્પનાશક્તિ અને અનુભવના ઉપયોગથી એ કૃતિમાંથી વ્યક્ત થતો સંદેશ, મૂલ્ય, કૃતિનો મુખ્ય સાર, વ્યક્ત થતી માનવીય સંવેદનાઓ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા કૃતિના અધ્યાપન દરમ્યાન વિદ્યાર્થીઓને પણ સતત સક્રિય રાખવા, સહભાગી કરવા, કૃતિ નીચે મૂકેલા સ્વાધ્યાય ઉકેલતી વખતે તમારે માર્ગદર્શકની ભૂમિકા ભજવવાની છે. વ્યાકરણ વિષયક પ્રશ્નો વિદ્યાર્થીઓ સરળતાથી ઉકેલી શકે તે માટે અત્યાર સુધી શીખી ગયેલા વ્યાકરણ ઘટકોનું પુનરાવર્તન કરાવવું. શબ્દોના અર્થ શોધવા માટે વિદ્યાર્થીઓને શબ્દકોશનો ઉપયોગ કરવા પ્રેરિત કરવા. વર્ગમાં પ્રશ્નોત્તરી, ચર્ચા દ્વારા વિદ્યાર્થીઓને સ્વમતવિષયક પ્રશ્નોના ઉત્તર આપવામાં સહાયકની ભૂમિકા ભજવી શકાય. દરેક કૃતિ પછી આપેલા સંભાષણ વિષયક પ્રશ્નો, પ્રકલ્પ, ઉપક્રમ, વિશેષવાંચન તથા દરેક કૃતિના અંતે આપેલા સુભાષિત પણ અપેક્ષિત ક્ષમતા વિધાન પર આધારિત છે. આથી તે બધાં માટે પણ યોગ્ય સમય ફાળવી, પોતાના માર્ગદર્શનમાં જ કરાવવા અપેક્ષિત છે. પાઠ્યપુસ્તકમાં પદ્ય-ગદ્યની મર્યાદિત સંખ્યા તમને દરેક કૃતિને પૂરતો સમય ફાળવવામાં મદદરૂપ થશે. આ પાઠ્યપુસ્તકમાં આપવામાં આવેલા લોકસાહિત્ય વિભાગ વિદ્યાર્થીઓને પોતાના અમૂલ્ય સાહિત્યવારસાથી પરિચિત કરાવવા, તેમની સાહિત્ય રુચિ વધે તે હેતુથી મૂકવામાં આવ્યો છે. તો તે તરફ વિદ્યાર્થીઓને વાળવા. આજના સ્પર્ધાત્મક યુગમાં વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તેવી કેટલીક કૃતિઓ 'સાહિત્ય ઝરુખો' વિભાગમાં આપવામાં આવી છે, તેને વિદ્યાર્થીઓ સુધી રસપૂર્વક પહોંચાડવી. પાઠ્યપુસ્તકમાં વ્યાકરણ ખૂબ સરળ રીતે રજૂ કરાયું છે. વિદ્યાર્થીઓ પણ સરળતાથી એ ઘટકોને અભ્યાસી શકે તેવી કૃતિઓ તૈયાર કરી તેમને પૂરતો મહાવરો આપવો. લેખનકૌશલ્ય વિભાગ વિદ્યાર્થીઓ માટે તદ્દન નવો છે. ખૂબ સંક્ષેપમાં, મુદ્દાસર રીતે એ ઘટકોનો પરિચય પુસ્તકમાં અપાયો છે. પરંતુ, એ ઘટકોના અધ્યાપન વખતે આવશ્યકતા જણાય ત્યાં વધુ માહિતી પૂરી પાડી શકાય. લેખનકૌશલ્ય વિભાગ વિદ્યાર્થીઓને વ્યવસાયિક દૃષ્ટિકોણથી મદદરૂપ થાય તે માટે ખૂબ સહજતાથી, તેના વિવિધ પાસાઓ વિશે ચર્ચા કરી પૂરતો મહાવરો કરાવવો અપેક્ષિત છે. સમગ્ર પાઠ્યપુસ્તકના અધ્યાપન દરમિયાન વિદ્યાર્થીઓની નિરીક્ષણ ક્ષમતા, વિચારક્ષમતા, કૃતિશીલતા વધે તેનું ધ્યાન રાખવું અપેક્ષિત છે. આધુનિક તંત્રજ્ઞાનનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને વિશેષ સંદર્ભ પૂરો પાડી શકાય.

પ્રસ્તુત પાઠ્યપુસ્તક આપ સૌ સહર્ષ આવકારશો, તેવી ચોક્કસ ખાતરી છે.

અસ્તુ !

# અનુક્રમણિકા


| ક્રમ | કૃતિ | સર્જક | પૃષ્ઠ ક્ર. |
|---|---|---|---|
| | **પદ્ય વિભાગ** | | |
| ૧. | ક્રોધી સ્વભાવને જીતવો | ગંગાસતી | ૧ |
| | ★ વિશેષ વાંચન – તે મારે મન પરમેશ્વર છે | પ્રભાશંકર પટ્ટણી | ૩ |
| ૨. | મીરાં ચરિત્ર | દયારામ | ૪ |
| | ★ ઉપક્રમ | | ૯ |
| ૩. | શિવાજીનું હાલરડું | ઝવેરચંદ કાળીદાસ મેઘાણી | ૧૦ |
| | ★ ઉપક્રમ | | ૧૩ |
| ૪. | વિશ્વશાંતિ | ઉમાશંકર જોશી | ૧૪ |
| | ★ ચિત્રવર્ણન | | ૧૮ |
| ૫. | તમે જ તમારા ખુદા બનો | અબ્બાસ અબ્દુલ અલી વાસી | ૧૯ |
| | ★ વિશેષ વાંચન – લઘુકાવ્યો | મનસુખલાલ ઝવેરી, સુંદરમ્ | ૨૧ |
| ૬. | કવિતા મને ગમે છે | દલપત પઢિયાર | ૨૨ |
| | ★ વિશેષ વાંચન – લિજ્જત છે | અમૃત ઘાયલ | ૨૪ |
| | **ગદ્ય વિભાગ** | | |
| ૧. | ગ્રામરક્ષા | રમણલાલ વસંતલાલ દેસાઈ | ૨૫ |
| | ★ સ્વસર્જન | | ૩૪ |
| ૨. | પોસ્ટઑફિસ | ગૌરીશંકર જોશી | ૩૫ |
| | ★ ઉપક્રમ | | ૪૩ |
| ૩. | સ્વલક્ષણ મીમાંસા | બકુલ ત્રિપાઠી | ૪૪ |
| | ★ વિશેષ વાંચન – હાસ્યમેવ જયતે ! | પ્રકાશ વેગડ | ૫૧ |
| ૪. | એક દિવસ મોટો | રઘુવીર ચૌધરી | ૫૨ |
| | ★ ઉપક્રમ | | ૫૯ |
| ૫. | ભારતની મહાન વિભૂતિઓ | જે. જે. રાવલ | ૬૦ |
| | ★ વિશેષ વાંચન – પ્રેરણા ગાથા | સંકલિત | ૬૫ |
| ૬. | અનોખું મૈત્રીપર્વ | હિમાંશી શેલત | ૬૮ |
| | ★ ચિત્રવર્ણન | | ૭૫ |
| ● | ગુજરાતી લોકસાહિત્ય | રતિલાલ સાં. નાયક | ૭૬ |
| ● | લોકકથાની દુનિયામાં ડોકિયું | ★ કોઠાસૂઝની કૂંચી | ૮૨ |
| | | ★ ચતુર ગોપકન્યા રૂપલ | ૮૬ |
| ● | લોકગીત | ★ લોકગીતોના પ્રકારો | ૯૦ |
| | | ★ ખાયણાં | ૯૨ |
| | | ★ સૈયર મેંદી લેશું રે ! | ૯૩ |
| | | ★ વેરણ વીજળી | ૯૪ |
| | | ★ હો... રંગરસિયા | ૯૬ |
| ● | સાહિત્ય ઝરૂખો | | ૯૭ |
| ● | વ્યાકરણ | | ૧૦૧ |
| ● | લેખનકૌશલ્ય | ★ મુદ્રિત-શોધન (Proof-reading) | ૧૧૪ |
| | | ★ ભાષાંતર (Translation) | ૧૧૯ |
| | | ★ પ્રસંગ વ્યવસ્થાપન | ૧૨૧ |
| | | ★ સૂત્રસંચાલન | ૧૨૩ |
| | | ★ બ્લૉગ લેખન | ૧૨૫ |
| ● | પરિશિષ્ટ | | ૧૨૭ |

## પદ્ય વિભાગ


# ૧. ક્રોધી સ્વભાવને જીતવો

### ગંગાસતી

વીજળીને ચમકારે મોતીડા પરોવો રે પાનબાઈ... પદ દ્વારા ગુજરાતી સંત સાહિત્યમાં ઝબકારો કરનારા ગંગાસતીનો જન્મ ઇ.સ.૧૮૪૬માં ભાવનગરના રાજપરા ગામમાં થયો હતો. લોકવાયકા પ્રમાણે લગ્ન સમયે તેમની સાથે આવેલા સેવિકા પાનબાઈ તેમના અધ્યાત્મ પંથના સહયાત્રી બની રહ્યાં. પાનબાઈને ઉદ્દેશીને ગંગાસતીએ બાવન ભજનોની રચના કરી. સોરઠનાં મીરાંબાઈ ગણાતાં ગંગાસતીનાં પદોમાં યોગમાર્ગનાં રહસ્યો અને પ્રાણાયામનું વિજ્ઞાન તથા એમની કોઠાસૂઝ અનોખી રીતે છતા થાય છે. 'મેરુ રે ડગે પણ જેનાં મન નો ડગે', 'શીલવંત સાધુને', 'ભક્તિ કરવી તેને...' જેવાં તેમનાં પદો આજે પણ લોકોમાં પ્રસિદ્ધ છે. તેમણે ઇ.સ.૧૮૯૪માં સમાધિ લીધી.

### સૂર કૃતિનો

પ્રસ્તુત ભજનમાં ગંગાસતીએ માનવના પ્રમુખ શત્રુ સમા ક્રોધને જીતવાની વાત કરી છે. ક્રોધને માત કરવાની ચાવી બતાવતાં ગંગાસતી કહે છે કે આપણે સમભાવ કેળવી વિરોધને ટાળવો જોઈએ. ચિત્તને નિર્મળ બનાવી વૈરાગ્ય અભિમુખ કરવું જોઈએ. જગતનાં સર્વ ધન-વૈભવને મિથ્યા ગણાવતાં ગંગાસતી કહે છે કે આપણે મેળવેલી સર્વ સિદ્ધિઓ તૃણ સમાન હોવાથી કોઈ વસ્તુનું અભિમાન ન કરવું જોઈએ. આમ, આ પદમાં ગંગાસતી આપણને ક્રોધ, માન, લોભને ટાળી ગુરુના વચન મુજબ ચાલવાની શીખ આપે છે.



ક્રોધી સ્વભાવને જીતવો ને,
    રાખવો નહીં અંતરમાં ક્રોધ રે,
સમાનપણે સર્વેમાં વરતવું ને,
    ટાળી દેવો મનનો વિરોધ રે,
હે જી રામ, નિરમળ થઈને કામને જીતવો ને,
    રાખવો અંતરમાં વૈરાગ રે,
જગતના વૈભવને મિથ્યા જાણી ને,
    ટાળી દેવો દુર્જનનો રાગ,
હે જી રામ, આ લોક ને પરલોકની આશા તજવી ને,
    રાખવું અભ્યાસમાં ધ્યાન રે,
તરણાં સમાન સહુ સિદ્ધિઓને ગણવી ને,
    મેલવું અંતરનું માન રે,
હે જી રામ, ગુરુમુખી હોય તેણે એમ જ રહેવું ને,
    વરતવું વચનની માંય રે,
ગંગાસતી એમ બોલિયાં રે પાનબાઈ,
    એને નડે નહીં જગતમાં કોઈ.

## માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત ભજનના અધ્યાપનની શરૂઆત કરતાં પહેલાં ભજનનું સમૂહગાન કરાવી શકાય. ગુજરાતી સંત સાહિત્યનો તથા સંત કવિ-કવયિત્રીનો પરિચય આપી ગંગાસતીના જીવનકવનથી વિદ્યાર્થીઓને પરિચિત કરાવી શકાય. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર એ ષડ્રિપુ માત્ર અધ્યાત્મ ક્ષેત્રે જ નહીં પરંતુ વ્યાવહારિક જીવનમાં પણ માનવના પરમ શત્રુ છે તેની વાત કરી શકાય. ક્રોધના આવેશને વશ થઈ સ્વ-પરનું અહિત થયાનાં દૃષ્ટાંતો ચર્ચી શકાય. સાથે જ ક્રોધને વશ કરવાના સહજ-સરળ ઉપાયો વિશે પણ ચર્ચા કરી શકાય.


## સ્વાધ્યાય

**(અ) ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) ગુસ્સો (૨) વ્યર્થ (૩) ઘાસ (૪) વિરક્તિ

(૫) મોહ (૬) અભિમાન (૭) પ્રકૃતિ (૮) ભણતર

**૨. ઉદાહરણ મુજબ એક શબ્દના અનેક અર્થ લખો :**




**૩. નીચેના તળપદા શબ્દો માટે માન્ય ભાષાના શબ્દો લખો :**

(૧) વરતવું (૨) નિરમળ (૩) મેલવું (૪) બોલિયા

**૪. ઉદાહરણ પ્રમાણે લખો :** સજ્જન - દુર્જન

(૧) નિરાશા (૨) મલિન (૩) અસમાન (૪) રાગ

**(આ) ૧. શું તે કહો (કાવ્યના આધારે) :**

(૧) રાખવા - ------------------, ------------------

(૨) ટાળવા - ------------------, ------------------

(૩) જીતવા - ------------------, ------------------

**૨. કાવ્યના આધારે લખો :**

(૧) સિદ્ધિઓને ગણવી - -------------- (૨) મેલવું - --------------

(૩) તજી દેવી - -------------- (૪) કામને જીતવો - --------------

(ઇ) ૧. કાવ્યમાંથી અંત્યાનુપ્રાસ ધરાવતી જોડીઓ લખો.

૨. સંધિ છોડો :

(૧) નિર્મળ (૨) અભ્યાસ (૩) દુર્જન (૪) સ્વાર્થ

૩. સમાસનો વિગ્રહ કરી પ્રકાર લખો :

(૧) પરવશ (૨) લોકપ્રિય (૩) પખવાડિયું (૪) નિર્મળ

૪. અર્થ બદલ્યા વગર વાક્યનું રૂપાંતર કરો.

(૧) સર્વે સાથે સમાનપણે વરતવું. (૨) આ લોક ને પરલોકની આશા તજી દેવી.

(૩) અભ્યાસમાં ધ્યાન રાખવું. (૪) દુર્જનનો રાગ ટાળી દેવો.

(ઈ) ૧. કાવ્યમાં વર્ણવેલ ક્રોધી સ્વભાવને જીતવાના ઉપાયો લખો.

૨. કાવ્યપંક્તિ સમજાવો : તરણા સમાન સહુ સિદ્ધિઓને ગણવી ને મેલવું અંતરનું માન રે.

૩. આ ભજનનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.

૪. 'ક્રોધનાં કટુ ફળ જાણો અને સમતા રસ માણો' વિશે તમારો મત જણાવો.

(ઉ) ૧. ક્રોધનાં પરિણામો ટાળવાના ઉપાયો વિશે વર્ગમાં સમૂહચર્ચા કરો.

૨. ઇન્ટરનેટ/ ગ્રંથાલયમાંથી ગંગાસતી રચિત અન્ય ભજનો મેળવી સમૂહગાન કરો.

(ઊ) ગુજરાતી ભાષાના સ્ત્રી સર્જકો અને તેમના સર્જનની યાદીનો ઉપક્રમ તૈયાર કરો.

## વિશેષ વાંચન

### તે મારે મન પરમેશ્વર છે

નાના-મોટાનું ભાન નથી,
માન નથી અપમાન નથી ;
મારા-તારામાં તાન નથી,
તે મારે મન પરમેશ્વર છે.
જનના દોષોને માફ કરે,
પરના મેલોને સાફ કરે;
બળતાં હૃદયોની બાફ હરે,
તે મારે મન પરમેશ્વર છે.
સેવા નવ લે પણ સેવા દે,
આગ્રહ નવ રાખે સંવાદે;
દોડે જે દુખિયાંને સાદે,
તે મારે મન પરમેશ્વર છે.
વેરીને પણ વહાલો લેખે,
વાંકાંને પણ સીધ્ધાં દેખે;
સઘળાંને એકનજર પેખે,
તે મારે મન પરમેશ્વર છે.
ઉપકાર કરીને મૂક રહે,
સામો ઉપકાર ન લેશ ચહે;
જે નીડરપણે હિત સ્પષ્ટ કહે,
તે મારે મન પરમેશ્વર છે.
દુનિયા જ્યારે નિંદા કરશે,
મિત્રો પણ જ્યારે પરહરશે;
ત્યારે જે સાથે સંચરશે,
તે મારે મન પરમેશ્વર છે.
દોષે રંગે રંગાવા દે,
દુઃખ કોઈ કરે તો થાવા દે;
વિષ પાયે શિવ સમ પાવા દે,
તે મારે મન પરમેશ્વર છે.

– પ્રભાશંકર પટ્ટણી

ત્રણ વાનાં મુજને મળ્યાં, હૈયું મસ્તક હાથ,
બહુ દઈ દીધું દીનાનાથ, જા ચોથું નથી માંગવું !

# ૨. મીરાં ચરિત્ર

**દયારામ**

મધ્યકાલીન સાહિત્યના છેલ્લા ચમકતા સિતારા દયારામનો જન્મ ૧૬ ઑગસ્ટ, ૧૭૭૭ ના રોજ નર્મદા નદીના કિનારે આવેલા ચાણોદ ગામમાં થયો હતો. ગરબીઓના કવિ તરીકે લોકપ્રિય દયારામ પુષ્ટિમાર્ગના અનન્ય ઉપાસક હતા. તેમણે ગરબીઓ ઉપરાંત પુષ્ટિ સંપ્રદાયનું મર્મ-રહસ્ય પ્રગટ કરતી રચના 'રસિક વલ્લભ', 'રુક્મિણી-વિવાહ' અને 'અજામિલ આખ્યાન' જેવાં આખ્યાનો, ભક્ત ચરિત્રો અને ઘણાં પદો લખ્યાં છે. ઇ.સ.૧૮૫૨માં તેમનું અવસાન થયું હતું.

**સૂર કૃતિનો**

અત્યાર સુધી વિદ્યાર્થીઓએ મીરાંબાઈ રચિત પદોનો અભ્યાસ કર્યો છે. મીરાંબાઈના જીવન વિશે જુદી જુદી કથાઓ પ્રચલિત છે. દયારામ રચિત પ્રસ્તુત કૃતિમાં તેમનું જીવનચરિત્ર ખૂબ જ સરળ, રસપ્રદ રીતે વર્ણવવામાં આવ્યું છે. મનથી શ્રીકૃષ્ણને વરી ચૂકેલાં અને 'મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરો ન કોઈ' ગાનારા મીરાંના રાણાજી સાથેનાં લગ્ન, શ્વસુર ગૃહે પ્રવેશતાં જ સાસુની નારાજગી, પતિની અવગણનાને અવગણી હરિભક્તિમાં મસ્ત મીરાંનો નણંદ સાથેનો સંવાદ, રાણાજીની શંકા, વિષપાન, જીવા ગોસાંઈ સાથેનો મિલાપ, રાણાજીનો પશ્ચાતાપ, મીરાંનું શ્રીકૃષ્ણમાં સમાઈ જવું એ દરેક પ્રસંગોમાં મીરાંની અનન્ય કૃષ્ણભક્તિ અને ભક્તિની શક્તિનાં દર્શન થાય છે.



મીરાં મન મોહનશું માન્યું ;
વરિયા વરિયા શ્રીગિરિધરલાલ, જાણે જગ, નથી કંઈ છાનું.

જયમલ રાઠોડની દીકરી રે, સુણો મીંડતા એનું ધામ;
રૂપ ગુણ કોઈ સમોવડ નહીં, રૂડું ધર્યું મીરાંબાઈ નામ. મીરાં.


જોશીએ વાંચી જનમોતરી રે, તેમાં લખ્યું નીકળ્યું એહ;
વરશે વિશ્વંભર નાથને રે, કરશે નંદકુંવરશું નેહ. મીરાં.

ઉદ્યોતપુરનો રાણો રાજીયો રે, તે સાથે કરી છે સગાઈ;
પરણાવીને વળાવ્યાં સાસરે કંઈ, લૌકિક રીતે મીરાંબાઈ. મીરાં.

દેવીને દેવાં વધામણાં રે, ચાલ્યાં વરકન્યા સહુજન;
રાણે પારવતીજી પૂજિયાં રે, મીરાંનું તો મોહનમાં મન. મીરાં.

સાસુ કહે સૌભાગ્ય વધે રે વહુ, નમો શક્તિને પાય;
મીરાં કહે મસ્તક મારું નહીં નમે, વિના શ્રીગિરિધરરાય. મીરાં.

સાસુ કહેરે સામું બોલી, આજથી મારે નથી એ વહુનું કામ;
પુત્રને કહ્યું એહને રાખો પરી, એક ન્યારું રચાવો એનું ધામ. મીરાં.



એવું સુણીને મીરાં મગ્ન થયાં રે, ભલું થયું ભાંગી જંજાળ;
સાધુની સંગે દિનરેણ નિર્ગમશું, સુખે સેવીશું ગાઈશું ગોપાળ. મીરાં.

નંદનંદન સાથે ન્યારાં રહ્યાં રે મીરાં, હરિજન આવે ઘણાં ઘેર;
નિત્ય ભજન કથા કીર્તન ઓચ્છવ, હરિને લડાવે, કરે લહેર. મીરાં.

નણંદ આવી મીરાંબાઈની પાસે, ભાભી, આ શો માંડ્યો ઉત્પાત ?
સાસરે રાણાજીનું કુળ લજાવ્યું વહુ, મહીયર લજાવ્યાં માતતાત. મીરાં.

અંબર આભ્રણ પહેરો અનુપમ, સજો સુંદર શણગાર;
મહેલે પધારો રાણાજી તણે રે, રમી રીઝવી લ્યો ભરથાર. મીરાં.

છાપાં, તિલક, આ શી તુળશીની માળા ? નાચો કૂદો વૈરાગીને વેશ;
સંગ મૂકી દ્યો સાધુસંતનો રે, રાણોજી તો કરે સુણી કલેશ. મીરાં.

મીરાં કહે રે બાઈ કલેશ ટાળવાનો, એક જ છે ઉપાય;
કહેજો રાણાજીને સાધુને સેવે પ્રેમે, નૃત્ય કરીને હરિ ગાય. મીરાં.

વળી સોનું પહેર્યે શું સુધર્યું રે ? કહાડી નાખો ડાકડમાળ;
છાપાં તિલક ધરી સાધુઓમાં બેસો, આ લ્યો પહેરો તુળશીની માળ. મીરાં.

તમો પણ જાઓ શીદ સાસરે, રે બાઈ ? વૃથા વટાળો શાને દેહ ?
મનગમતા મોહનવર સાથે તમો, સરવ તજીને કરો સ્નેહ. મીરાં.

કહેજો તમારી માતને રે, વૃદ્ધ થયાં ગોવિંદગુણ ગાય;
હરિ વિના કોટિ દેવ સેવશો તોયે, જન્મમરણ નહીં જાય. મીરાં.

સુણી એમ છણકતી ખીજતી રે બાળા, આવી બંધવની પાસ;
ઓ ભાઈ, ભાભી કહે છે, થાઓ, વૈરાગી સઉ, મૂકી દો રાજ-અવાસ. મીરાં.

એવું સુણીને આવ્યો રોષ રાણાને, પ્રેર્યો સેવક મીરાંને અવાસ;
લાવો ખબર, છે શા રંગમાં રે, કોણ કોણ બેઠું છે એની પાસ. મીરાં.

અનુચરે આવી એમ કહ્યું જે, નથી ત્રીજું માણસ આ વાર;
રાણીજી સાથે કોઈ પુરુષ બીજો છે, ઘરમાં થઈ રહી છે થૈ-થૈ-કાર. મીરાં.

સુણતામાં રાણો થયો રાતડો રે, ખેંચી ખડ્ગ ધાયો છે તેણી વાર;
આવી જોયું તો મીરાં એકલી રે, કોઈ આવે ના ધાઇ, દીધાં દ્વાર. મીરાં.

પેઠો મીરાંને મહેલે એકલો રે, પ્રભુએ તેને ના દીધું દરશન;
પૂછ્યું મીરાંને પેલો પુરુષ ક્યાં છે, તાહારે લાગ્યું જે શું લગન. મીરાં.

ક્યાં છે પૂછો શું રાણા રોષમાં રે ? તે તો સઘળે વસે છે ભરપૂર,
ધ્યાનમાં જુએ જોગી, પ્રેમી પ્રત્યક્ષ દેખે, રહે છે દુષ્ટ થકી દૂર. મીરાં.

કહાડી નાખોજી આ કલેશ કપટ સંગે, નિર્મળ કરો મન;
પ્રેમભક્તિએ પરબ્રહ્મ ભજો તો, તમને થાય તેહેનાં દરશન. મીરાં.

એવું સુણીને આગ લાગી ઘણેરી, પણ ભાવ ના આવ્યો રે ભૂપ;
ક્રોધ કરીને શસ્ત્ર વાવરે એહવે, દીઠાં મીરાંનાં બે રૂપ. મીરાં.

તો યે મૂરખ સમજ્યો નહિ રે, મન સાથે કીધો ન વિચાર;
બીજું ખડ્ગ એણે ખેંચિયું રે, ત્યારે હરિએ દેખાડી મીરાં ચાર. મીરાં.

છોભો પડ્યો પાછો ફર્યો રે, રાણો આવ્યો પોતાને ઘેર;
વિષનો પ્યાલો મોકલ્યો, પીજો, કહાવ્યું રાણાએ આણી ઝેર. મીરાં.

લીધો મીરાંએ મન મગ્ન થઈ ને રે, પ્રભુને દેખાડી કર્યું વિષપાન;
અમૃત સરીખું થઈ ગયું રે, એને સમર્થ ધણી ભગવાન. મીરાં.

મીરાંબાઈ આવ્યાં વૃંદાવનમાં રે, પ્રેમે નિરખ્યા શ્રીવ્રજરાય,
શ્રીજમુનાપયપાન કર્યું ને કરી, જીવા ગોસાંઈને શિક્ષાય. મીરાં.

હરિજન જાણી મીરાંએ મળવાનું કહાવ્યું, તેણે કહાવ્યું ના જોઉં સ્ત્રીનું મુખ;
મીરાં કહે સારું થયું સવાયું મુજને, પરપુરુષ જોયેથી દુઃખ. મીરાં.

આજ લગી હું એમ જાણતી જે, વ્રજમાં કૃષ્ણ પુરુષ છે એક;
વૃંદાવન વસી હજી પુરુષ રહ્યા છો, તેમાં ધન્ય તમારો વિવેક. મીરાં.

એવું સુણીને જ્ઞાન પામિયા રે, જીવા ગોસાંઇ મળ્યા છે ધાઈ;
હળીમળીને હરિની વાત કરીને આવ્યાં, મેવાડ દેશ મીરાંબાઈ. મીરાં.

કરી તૈયારી ચાલ્યાં દ્વારિકા રે, પ્રેમે નિરખ્યા શ્રીરણછોડ;
વાસ પૂરીને પ્રભુની પાસે રહ્યાં સદા, પહોંચ્યા છે મનના કોડ. મીરાં.


પાછળ પસ્તાવો રાણાને થયો રે, ગયું ઊતરી મનનું ઝેર,
મુખે માગે તે આપું તેહને, જે કોઈ, લાવે મનવી મીરાં ઘેર. મીરાં.

ઉપરાઉપરી તેડાં મોકલ્યાં રે, આવીને લાગ્યા સહુ પાય;
માજી, પધારો મેવાડમાં વેહેલાં, રાણાજી તો અન્ન ન ખાય. મીરાં.

જ્યાં લગી તમો રહેશો દ્વારિકા રે, ત્યાં લગી કરું અપવાસ;
આગ્રહ દેખી મીરાં વિદાય માગવાને, આવ્યાં શ્રીપ્રભુજીની પાસ. મીરાં.

હરિએ હકીકત સાંભળીને રે, હસી ચાંપી હૃદયા સાથ;
શ્રીકૃષ્ણ સ્વરૂપમાં સમાઈ ગયાં રે મીરાં, જે જે શ્રી દ્વારિકાનાથ. મીરાં.

ચરિત્ર એ મીરાબાઈનું રે જે કો, શીખે સાંભળે ને ગાય;
પ્રેમભક્તિ તેહેને મળે રે, ત્રૂઠે, દયાનો પ્રીતમ વ્રજરાય. મીરાં.



## માર્ગદર્શક સ્તંભ

આ કૃતિનું અધ્યાપન કરાવવાની શરૂઆત કરતાં પહેલાં ચરિત્ર કાવ્ય/ કથા કાવ્યના સ્વરૂપનો સંક્ષિપ્ત પરિચય આપી શકાય. બીજાં ભક્ત કવિ/ કવયિત્રીનો પણ ટૂંકમાં પરિચય આપી શકાય. સમગ્ર કાવ્યના વિષય વસ્તુને વાર્તારૂપે રજૂ કર્યા પછી પ્રશ્નોની મદદથી કાવ્યનું અધ્યાપન કરાવી શકાય. કાવ્યમાંથી પંક્તિઓ શોધાવીને તેમને થયેલા આકલનની ખાતરી કરી શકાય. કૃષ્ણભક્તિની ખુમારીથી સોળમી સદીમાં પણ મીરાંબાઈમાં પ્રગટેલી નીડરતા વર્ણવી શકાય. મીરાં અને રાણાજીના પ્રસંગો દ્વારા 'રામ રાખે તેને કોણ ચાખે', 'હરિનો મારગ છે શૂરાનો', 'આખરે સત્યનો જય થાય છે' જેવાં મૂલ્યો વિદ્યાર્થીઓમાં દૃઢ કરાવી શકાય. રાણાજીએ અન્નત્યાગ કર્યાના સમાચાર જાણી પ્રભુની વિદાય લેવા ગયેલા મીરાંના પ્રસંગ દ્વારા મીરાંની ઉદારતાની ચર્ચા કરી શકાય.

## સ્વાધ્યાય

**(અ) ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) વસ્ત્ર (૨) અલંકાર (૩) હેમ (૪) પતિ

(૫) તલવાર (૬) પીયૂષ (૭) વ્યર્થ (૮) આમંત્રણ

**૨. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :**

(૧) કોઈની ઉપમા ન આપી શકાય તેવું - --------- (૨) ગિરિને ધારણ કરનાર - -----------

(૩) જન્મ સમયે તૈયાર કરાતી પત્રિકા - ----------- (૪) વિશ્વનું પોષણ કરનાર - -----------

**૩. નમૂના મુજબ શબ્દ લખો :** લૌકિક - અલૌકિક

(૧) સૌભાગ્ય - ----------- (૨) નિત્ય - ----------- (૩) નિર્મળ - -----------

(૪) પ્રત્યક્ષ - ----------- (૫) આગ્રહ - ----------- (૬) સમર્થ - -----------


**૪. નીચેના તળપદા શબ્દો માટે માન્ય ભાષાના શબ્દો લખો :**

(૧) પરી (૨) વાવરે (૩) એહવે (૪) ધાયો


(૫) તેહને (૬) મનવી (૭) સઉ (૮) દીઠાં

**(આ) ૧. સમજીને લખો :**


(૧)





(૨)




(૩)




(૪)




**૨. આકૃતિબંધ પૂર્ણ કરો :**




**૩. નીચેની ઘટનાઓને ક્રમ પ્રમાણે ગોઠવો :**

**(ક)** (૧) રાણાએ ક્રોધમાં શસ્ત્ર ખેંચ્યું.
(૨) રાણા છોભીલા પડી, ઘરે પાછા ફર્યા.
(૩) રાણાજી મીરાંના મહેલે ગયા.
(૪) હરિએ ચાર મીરાં દેખાડી.

**(ખ)** (૧) મીરાં શ્રીકૃષ્ણમાં સમાઈ ગયાં.
(૨) રાણાએ ઉપવાસ શરૂ કર્યા.
(૩) રાણાના મનનું ઝેર ઊતરી ગયું.
(૪) મીરાં પ્રભુની વિદાય માંગવા ગયાં.

**૪. મને ઓળખો :**

(૧) મેં વિષનો પ્યાલો મોકલ્યો – ----------------------------
(૨) મેં સ્ત્રીમુખ જોવાની ના પાડી – ----------------------------
(૩) મેં પાર્વતીને પગે લાગવા કહ્યું – ----------------------------

(ઇ) ૧. કાવ્યમાં આવેલા વર્ણાનુપ્રાસ, શબ્દાનુપ્રાસ અલંકારનાં દૃષ્ટાંત લખો.

૨. સંધિ છોડો :

(૧) પ્રત્યક્ષ (૨) નિર્ગમ (૩) ઉત્પાત (૪) સમાગમ

૩. સમાસનો વિગ્રહ કરી પ્રકાર લખો :

(૧) માતતાત (૨) વરકન્યા (૩) ગિરિધર

(૪) હરિજન (૫) સાધુસંત (૬) ગોવિંદગુણ

૪. નીચેના રૂઢિપ્રયોગના અર્થ લખી વાક્યમાં ઉપયોગ કરો :

(૧) છોભીલું પડવું (૨) સામું બોલવું (૩) તેડું મોકલવું (૪) લાડ લડાવવા

૫. અલંકાર ઓળખો :

(૧) અમૃત સરીખું થઈ ગયું રે. (૨) અંબર આભ્રણ પહેરો અનુપમ.

(૩) મીરાં મન મોહનશું માન્યું. (૪) ભલું થયું ભાંગી જંજાળ, સુખે સેવીશું ગાઈશું ગોપાળ.

(ઈ) ૧. મીરાંબાઈનું જીવનવૃત્તાંત તમારા શબ્દોમાં વર્ણવો.

૨. રાણાનું પાત્રાલેખન કરો.

(ઉ) ૧. તમને ગમતા કોઈપણ એક ભજનનો વર્ગમાં રસાસ્વાદ કરાવો.

૨. ગ્રંથાલય/ ઇન્ટરનેટ પરથી દયારામ અને મીરાંબાઈનાં બીજાં કાવ્યો મેળવી વર્ગમાં પઠન કરો.

(ઊ) મીરાંબાઈનું જીવનવૃક્ષ તૈયાર કરો.

## ઉપક્રમ

❁ નમૂના પ્રમાણે શબ્દ બનાવો. ધ્યાનમાં રાખો કે શબ્દની પાછળ 'જન' આવવું જરૂરી છે.

દા.ત. ભક્તિગીત : ભજન

૧. હસતી વખતે ગાલમાં પડતો ખાડો - ______

૨. પ્રિય વ્યક્તિ - ______

૩. અંગત માણસ, સગાં વ્હાલાં - ______

૪. હેતુ - ______

૫. યોજના - ______

૬. ભાર - ______

૭. ચાર ગાઉનું અંતર - ______

શમેના વેરથી વેર, ટળેના પાપ પાપથી,
ઔષધ સર્વ દુ:ખોનું, મૈત્રીભાવ સનાતન !

# ૩. શિવાજીનું હાલરડું

### ઝવેરચંદ કાળીદાસ મેઘાણી

તેમનો જન્મ ૨૮ ઑગસ્ટ, ૧૮૯૭ના રોજ ચોટીલામાં થયો હતો. કવિ, નવલકથાકાર, વાર્તાકાર, લોકસાહિત્યના સંશોધક-સંપાદક, વિવેચક, વર્તમાનપત્ર તથા સામયિકના પત્રકાર-સંપાદક, અનુવાદક એવા શ્રી ઝવેરચંદ મેઘાણીને ગાંધીજીએ 'રાષ્ટ્રીય શાયર'ના ખિતાબથી નવાજ્યા હતા. તેમના લોકસાહિત્યમાં સૌરાષ્ટ્રની તળપદી બોલી ઝળકી ઊઠે છે. 'તુલસીક્યારો', 'યુગવંદના', 'કંકાવટી', 'સોરઠી બહારવટિયા', 'સૌરાષ્ટ્રની રસધાર', 'માણસાઈના દીવા' તેમની નોંધપાત્ર કૃતિઓ છે. સાહિત્ય ક્ષેત્રે તેમના અમૂલ્ય યોગદાન માટે તેમને ઇ.સ. ૧૯૨૮માં રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો. ૯ માર્ચ, ૧૯૪૭ના રોજ બોટાદમાં તેમનું અવસાન થયું હતું.

### સૂર કૃતિનો

ગુજરાતી લોકસાહિત્યમાં હાલરડાનું અનન્ય મહત્ત્વ છે. હાલરડું માત્ર સંતાનને સુવડાવવા માટે નહીં, પરંતુ સુસંસ્કારોનું સિંચન કરવા માટે ગાવામાં આવે છે. પ્રસ્તુત હાલરડામાં જીજાબાઈ બાળ શિવાજીને હિંદવી સ્વરાજ્યની સ્થાપના માટે પ્રેરિત કરી રહ્યાં છે, બાળ શિવાજીમાં ભાવિ રાજાને તૈયાર કરી રહ્યાં છે. રાજા બન્યા પછી તેમને કરવાના સંઘર્ષનું વર્ણન કરી રહ્યાં છે. શિવાજીના ઘડતરમાં સહુથી મોટો કોઈનો ફાળો હોય તો માતા જીજાબાઈનો. તેમણે ગર્ભમાં હતા ત્યારથી જ શિવાજીને રામ-લક્ષ્મણની વાર્તા કહીને તેમનામાં શૂરવીરતાના સંસ્કારો દઢ કર્યાં હતાં. સાચે જ, 'એક માતા સો શિક્ષકની ગરજ સારે છે', તે વાત અહીં ચરિતાર્થ થઈ છે.


આભમાં ઊગેલ ચાંદલો ને જીજાબાઈને આવ્યાં બાળ
બાળુડાને માત હિંચોળે : ધણણણ ડુંગરા બોલે !
શિવાજીને નીંદરું ના'વે : માતા જીજાબાઈ ઝુલાવે.
પેટમાં પોઢીને સાંભળેલી બાળે રામ - લખમણની વાત
માતાજીને મુખ જે દીથી, ઊડી એની ઊંઘ તે દીથી ... શિવાજીને૦


પોઢજો રે, મારાં બાળ ! પોઢી લેજો પેટ ભરીને આજ-
કાલે કાળાં જુદ્ધ ખેલાશે; સૂવાટાણું ક્યાંય ન રે'શે... શિવાજીને૦

ધાવજો રે, મારાં પેટ ! ધાવી લેજો ખૂબ ધ્રપીને આજ-
રે'શે નહિ રણઘેલુડા, ખાવા મૂઠી ધાનની વેળા... શિવાજીને૦

પેરી-ઓઢી લેજો પાતળા રે ! પીળાં-લાલ પીરોજી ચીર-
કાયા તારી લોહીમાં ના'શે : ઢાંકણ તે દી ઢાલનું થાશે... શિવાજીને૦

ઘુઘરા, ધાવણી, પોપટ, લાકડી ફેરવી લેજો આજ-
તે દી તો હાથ રે'વાની, રાતી બંબોળ ભવાની... શિવાજીને૦





લાલ કંકુ કેરા ચાંદલા ને ભાલે તાણજો કેસર આડ્ય-
તે દી તો સિંદોરિયા થાપા, છાતી માથે ઝીલવા, બાપા !... શિવાજીને૦

આજ માતા ચોડે ચૂમીયું રે ! બાળા ઝીલજો બેવડ ગાલ-
તે દી તારા મોઢડા માથે ધુંવાધાર તોપ મંડાશે... શિવાજીને૦

આજ માતાજીની ગોદમાં રે, તુંને હૂંફ આવે આઠ પો'ર-
તે દી કાળી મેઘલી રાતે વાયુ ટાઢા મોતના વાશે... શિવાજીને૦

આજ માતા દેતી પાથરી રે, કૂણાં ફૂલડાં કેરી સેજ-
તે દી તારી વીર-પથારી પાથરશે વીશભુજાળી... શિવાજીને૦

આજ માતાજીને ખોળલે રે, તારાં માથડાં ઝોલે જાય-
તે દી તારે શિર ઓશીકાં મેલાશે તીરબંધૂકાં ... શિવાજીને૦

સૂઈ લેજે મારા કેસરી રે ! તારી હિંદવાણ્યું જોવે વાટ-
જાગી વે'લો આવ બાલુડા માને હાથ ભેટ બંધાવા... શિવાજીને૦

જાગી વેલો આવજે વીરા ટીલું માના લોહીનું લેવા,
શિવાજીને નીંદરું ના'વે; માતા જીજાબાઈ ઝુલાવે,
બાળુડાને માત હિંચોળે : ઘણણણ ડુંગરા બોલે !

– યુગવંદના

**માર્ગદર્શક સ્તંભ**

આ કાવ્યનું અધ્યાપન કરાવતા પહેલાં હાલરડાના સ્વરૂપની માહિતી આપી શકાય. ભારતીય સંસ્કૃતિમાં બાળકમાં ગર્ભથી જ સંસ્કાર સિંચનની પરંપરા છે તેની વાત કરી શકાય. તે માટે અભિમન્યુનું દૃષ્ટાંત આપી શકાય, સતી મદાલસાની પણ વાત કરી શકાય. પારણામાં પોઢેલા વહાલસોયા બાળકને હેતથી હીંચોળતી વખતે સમરાંગણની, ધુંવાધાર તોપની વાત કરતી માતાની ખુમારીની વાત કરી શકાય. સંતાનના ઘડતરમાં માતાની ભૂમિકાની વાત કરી શકાય.

## સ્વાધ્યાય

**(અ) ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) કપાળ (૨) અનાજ (૩) પથારી (૪) પ્રતીક્ષા
(૫) વસ્ત્ર (૬) તિલક (૭) પવન (૮) ખોળો

**૨. નીચેના શબ્દો માટે માન્ય ભાષાના શબ્દો લખો :** દા.ત. પો'ર – પહોર

(૧) રે'શે – --------------- (૨) ના'શે – ---------------
(૩) રે'વાની – --------------- (૪) વે'લો – ---------------

૩. કૃતિમાં વપરાયેલા વિશેષણ શોધો :


(૧) -------- પો'ર (૨) -------- રાત (૩) --------વાયુ

(૪) -------- ફૂલડાં (૫) -------- તોપ (૬) -------- થાપા

(૭) --------જુદ્ધ (૮) -------- ધાન (૯) --------કંકુ

૪. નીચેના શબ્દોના વિભિન્ન અર્થો લખો :

(૧) (૨) (૩) (૪)




(આ) ૧. ક્યારે તે કહો :

(૧) ઢાલનું ઢાંકણ થાશે – --------------------

(૨) સૂવા ટાણું નહીં રહે – --------------------

(૩) મોતના ટાઢા વાયુ વાશે – --------------------

૨. કોણ તે કહો :

(૧) વીર-પથારી પાથરશે – -------------- (૨) વાટ જુએ છે – --------------

(૩) માને હાથે ભેટ બંધાવશે – -------------- (૪) ચૂમીયું ચોડે છે – --------------

૩. કોષ્ટક પૂર્ણ કરો :

| શિવાજીની આજની પરિસ્થિતિ | શિવાજીની આવતી કાલ |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |
| | |

૪. લખો :

(૧) કાવ્યમાં આવેલા શસ્ત્રોનાં નામ – ----------------------------------------

(૨) કાવ્યમાં આવેલા મહાન વિભૂતિઓનાં નામ – ----------------------------------

(૩) કાવ્યમાં આવેલા રંગોનાં નામ – ----------------------------------------

(૪) કાવ્યમાં આવેલા રમકડાંનાં નામ – ----------------------------------------

(ઇ) ૧. કાવ્યમાં આવતા અંત્યાનુપ્રાસ દર્શાવતા શબ્દો લખો.

૨. સમાસનો વિગ્રહ કરી પ્રકાર લખો :

(૧) રામ-લખમણ (૨) વીર-પથારી (૩) વીશભુજાળી (૪) તીરબંધૂકા

૩. જોડણી સુધારીને ફરીથી લખો :

(૧) વીસભુજાળિ (૨) રનઘેલૂડા (૩) સુવાટાણુ (૪) સીંદોરીયા

૪. યોગ્ય વિરામચિહ્નો મૂકો :

(૧) ધાવજો રે મારાં પેટ ધાવી લેજો

(૨) બાળુડાને માત હિંચોળે ઘણણણ ડુંગરા બોલે

(૩) સૂઈ લેજે મારા કેસરી રે તારી હિંદવાણ્યું જોવે વાટ

(૪) ઘુઘરા ઘાવણી પોપટ લાકડી ફેરવી લેજો

(ઈ) ૧. કાવ્યનું રસદર્શન કરાવો.

૨. 'શિવાજીના ઘડતરમાં જીજાબાઈનો ફાળો' વિશે તમારો મત વ્યક્ત કરો.

(ઉ) ૧. 'બાળઉછેરમાં હાલરડાનું મહત્ત્વ' વિશે વર્ગમાં સમૂહચર્ચા કરો.

૨. ઝવેરચંદ મેઘાણી રચિત 'ચારણ કન્યા' અને 'મોર બની થનગાટ કરે' કાવ્યનું સમૂહગાન કરો.

(ઊ) અન્ય પાંચ હાલરડાં શોધી 'હાલરડાં સંપુટ' તૈયાર કરો.

## ઉપક્રમ

આગળથી અને પાછળથી સરખા જ વંચાય તેવા શબ્દો લખો :

દા.ત. ઘા ઉપર લગાડાય – મલમ

૧. જલ્દી, તાબડતોબ - -------------

૨. આંખ, ચક્ષુ - -------------

૩. એકદમ નવું - -------------

૪. લાંછન, ડાઘ - -------------

૫. વહાણ, આગબોટ - -------------

૬. સોનું, સુવર્ણ - -------------

૭. ખ્યાતિ, કીર્તિ - -------------

૮. દૃઢ, અડગ - -------------

૯. ખર્ચાળ - -------------

૧૦. પ્રત્યક્ષ - -------------

૧૧. સખત, કઠણ - -------------

૧૨. પેન્સિલની સાથે જોઈએ - -------------

૧૩. એક ક્રિકેટરની અટક - -------------

૧૪. ૬૦ મિનિટનો બને - -------------

૧૫. દક્ષિણ ભારતની એક ભાષા - -------------

૧૬. નૃત્યનો એક પ્રકાર - -------------

પૃથ્વી ઉછંગે ઉછરેલ માનવી,
હું માનવી માનવ થાઉં તો ઘણું !

# ૪. વિશ્વશાંતિ


## ઉમાશંકર જોશી


તેમનો જન્મ ૨૧ જુલાઈ, ૧૯૧૧ના રોજ ઈડર જિલ્લાના બામણા ગામમાં થયો હતો. તેમણે કાવ્ય, એકાંકી, વાર્તા, નિબંધ, બાળગીતો, સંશોધન, વિવેચન, અનુવાદ, સામયિકનું સંપાદન જેવા વિવિધ સાહિત્યપ્રકારો ખેડ્યા છે. મુક્તકથી માંડીને પદ્યનાટક સુધીના કાવ્યપ્રકારોમાં તેમનું સર્જન વિસ્તર્યું છે. તળપદી બોલી અને ગ્રામીણ પરિવેશ ધરાવતાં એકાંકી- નાટકો, પાત્રમાનસને કેન્દ્રમાં રાખીને મર્મગ્રાહી ભાષા ઉઘાડતી એમની ટૂંકીવાર્તાઓ આસ્વાદ્ય રહ્યા છે. 'નિશીથ', 'વસંતવર્ષા', 'ગંગોત્રી' તેમની નોંધપાત્ર કૃતિઓ છે. સાહિત્યક્ષેત્રે તેમના અમૂલ્ય યોગદાન માટે તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક, નર્મદ સુવર્ણચંદ્રક, સાહિત્ય અકાદમી પારિતોષિક, જ્ઞાનપીઠ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યાં છે. ૧૯ ડિસેમ્બર, ૧૯૮૮ના રોજ તેમનું અવસાન થયું હતું.

## સૂર કૃતિનો

ખંડકાવ્ય 'વિશ્વશાંતિ'ના પ્રસ્તુત અંશમાં કવિ 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવના ભાવે છે. પ્રથમ વિશ્વયુદ્ધ બાદ અશાંતિથી ત્રસ્ત અને અસુરક્ષિતતાના ભાવોથી ગ્રસ્ત જગ સામે કવિએ સમાનતા, શાંતિ, પ્રેમનાં મૂલ્યો પ્રસ્તુત કર્યાં. પૂર્વ-પશ્ચિમના ભેદ ભૂલી એકતાનો સૂર રેલાવ્યો. 'જીવી ન શકીએ કેમ, ભાઈ ભાઈની જેમ'ની વાત કરી. કવિ પ્રકૃતિના તમામ ઘટકો સાથે એકાત્મતા, સુમેળ કેળવવાની વાત કરે છે. વીંધાતાં પુષ્પ અને પંખીના પીંખાતા માળા પ્રકૃતિમાતાને દ્રવિત કરે છે. વસુધાના વહાલા આ જીવો દુઃખી હોય, પુષ્પ, પક્ષી, પ્રાણી પ્રસન્ન ન હોય તો માનવને શાંતિ મળી જ ન શકે તેમ જણાવી કવિ સમગ્ર સૃષ્ટિને પરિવાર માનવાની વાત કરે છે.

અહિંસાથી ભીંજાવો ને પ્રકાશો સત્યતેજથી !
શાંતિનો જગને માટે માર્ગ એકે બીજો નથી.
જુઓ છો ભાવને સામ્યે રાષ્ટ્રોનો માર્ગ ઐક્યનો,
ગજાવો એ મહામંત્ર ઊંડો માનવપ્રેમનો.
માનવી માનવી ઉરે એક માનવભાવ છે;
પેખીને પ્રેમની પીડા નક્કી એ પીગળી ઊઠે,
એક મહેંકે મઘમઘે બધાયે મનુમંડપો,
સુવાસે સર્વ ડોલે છે, ભલે દુર્ગંધ ક્યાંક હો !
બેસૂરા તાલ સૃષ્ટિના શમે સૌ પ્રેમગાનમાં,
દુર્ગંધો દમતી ડૂબે મોંઘા આત્મપરાગમાં,
કહે કવિ : 'માનવતા જીવંત; પ્રાણી, પ્રજાઓ સહુ એહ અંગ,
ને એક એને ધડકંત ઉર, વહાવતું નિર્મળ પ્રેમપૂર !'
સૌના હૈયાને ધબકારતાને, ગાજી રહેતું સુખશાંતિ ગાને,





છૂટાં નથી, એકશરીર આપણે, ખેલંત ભોળાં શિશુ એક આંગણે.
તમે એવી મહામોંઘી ઉચ્ચારી પ્રેમની ઋચા,
પસારી સર્વને ઉરે મધુરી જગબંધુતા,
બાંધીને સ્નેહનો સેતુ ભેદસાયર ઉપરે;
સાંધો સાંધો ! ઉરતંતુ વડે પશ્ચિમપૂર્વને !
તમે તો પૂર્વના છો ના, કે છો પશ્ચિમનાય ના;
અહિંસા, સત્ય ને પ્રેમ થોડાં છે કોઈ એકનાં ?
સત્ય ને શાંતિ ને પ્રેમ લહેરે છે વિશ્વમાત્રમાં,
ને પૃથ્વીને પડે કો'દી ઝમે છે યોગ્ય પાત્રમાં.
પૂંજી ન એ કેવલ વર્તમાનની ! ત્રિકાળની પાળ વિશાળ ભેદતી,
એ તો અનંતે દિનરાત ઉભરે, અખંડ વહેને અવકાશને ભરે,
આજે ધરાનાં સુખસિંચનાર્થે, એ પ્રેમધારા તમ અંતરે ફૂટી,
જીવો તણાં શાશ્વતમંગલાર્થે, વર્ષ્યાં કરો એ નિત શાંતિમૂર્તિ !
ભાવિએ મીટ માંડીને જોઈ'તી તમ વાટડી,
આજે એને મુખે કેવી રેખા આનંદની ઢળી ?
ને રક્તરંગ્યો અતિચંડકાય, સૈકાં થકી માનવભક્ષતો જે,
ફળેલ દેખી નિજ કર્મને, તે હસી રહ્યો હર્ષથી ભૂતકાળ,
હસાવ્યાં ભૂત ને ભાવિ, હસાવો વર્તમાનને !
પઢાવો પ્રેમના મંત્રો ઘેલી માનવજાતને !
વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી;
પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ !
વીંધાય છે પુષ્પ અનેક બાગનાં ! પીંખાય છે પાંખ સુરમ્ય પંખીની !
જીવો તણી કાય મૂંગી કપાય છે ! કલેવરો કાનનનાં ઘવાય છે !
રડે છે પ્રકૃતિમાતા, દૂઝે છે દિલદુઃખડાં;
અમી પી ન ધરાતાં, ને કપૂતો રક્ત રેલતા !
છે પત્ર ને પુષ્પની પાંખડીએ, પ્રભુ તણાં પ્રેમપરાગપોઢણાં,
કલ્લોલતાં પંખીની આંખડીએ, ગીતો અનેરાં ચમકે પ્રભુ તણાં !
પ્રકૃતિમાં રમંતા એ દુભાશે લેશ જો દિલે,
શાંતિની સ્વપ્નછાયાયે કદી માનવને મળે ?
સૌ જીવ આજે ઉરથી વહાવીએ, કારુણ્યની મંગલ પ્રેમધારા,

વસુંધરાનાં સહુ બાળકો મળી, બજાવીએ અંતરએકતારા
હૈયેહૈયાં પ્રેમગાને જગાવી, પ્રજાપ્રજા હાથમાં હાથ ગૂંથી,
ને સ્કંધે સ્કંધ સંપે મિલાવી, ગજાવીએ સૌ જગઉંબરે ઊભી :
'માનવી પ્રકૃતિ, સૌને वसुधैव कुटुम्बकम् !'
ને એ જશે શબ્દ અનંત વીંધી, જ્યાં ઘૂમતી કોટિક સૂર્યમાલા,
જ્યાં શાંતિના રાસ ચગે રસાળા, यत्रैव विश्वं भवत्येकनीडम्।

–વિશ્વશાંતિ



## માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કૃતિના અધ્યાપનની શરૂઆતમાં વિદ્યાર્થીઓને 'ખંડકાવ્ય' સાહિત્યપ્રકારથી પરિચિત કરાવી શકાય. વિશ્વયુદ્ધ ભલે પૂરાં થઈ ગયાં હોય તે છતાં પણ આજે વિશ્વના ઘણા દેશોમાં અરાજકતા ફેલાયેલી છે તેની વાત કરી શકાય. માનવ માનવનો શત્રુ બની બેઠો છે તે વાત સ્પષ્ટ કરવા તાલિબાન, સિરિયાના દષ્ટાંત આપી શકાય. દહેશતવાદ, નકસલવાદ વગેરેથી આજે ભારતભૂમિ પણ ત્રસ્ત છે. પોતાના સ્વાર્થમાં અંધ માનવી પ્રકૃતિનું, પર્યાવરણનું નિકંદન કાઢીને પોતાના જ પગ પર કુહાડી મારી રહ્યો છે તે સમજાવી શકાય. વસુંધરાનાં સૌ બાળકો પ્રેમથી, એક બની રહે, પ્રકૃતિના બીજા ઘટકો જેમ કે – વૃક્ષો, પશુ-પંખી વગેરેને સાચવે અને વિશ્વશાંતિની સ્થાપના કરે તેવી ભાવના દઢ કરાવી શકાય.

## સ્વાધ્યાય

**(અ) ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દ શોધો :**

(૧) ગુફા (૨) ભયાનક (૩) ખભો (૪) મૂડી
(૫) વન (૬) શોણિત (૭) કરોડ (૮) પુલ

**૨. નીચેના શબ્દો માટે કૃતિમાંથી યોગ્ય વિશેષણ શોધીને લખો :**

(૧) --------તાલ (૨) -------- ગીતો (૩) -------- સૂર્યમાલા
(૪) -------- શિશુ (૫) -------- પંખી (૬) -------- જગબંધુતા

**૩. કાવ્યમાંથી સમાન અર્થ ધરાવતા શબ્દોની જોડી શોધીને લખો :** દાત. શિશુ – બાળક

**૪. નમૂના મુજબ લખો :** દાત. દુર્ગંધ – સુગંધ

(૧) ઊંડો –------------ (૨) પ્રકાશ –----------- (૩) બેસૂરા –------------
(૪) કપૂત –------------ (૫) મોંઘા–------------ (૬) શાશ્વત –------------

**(આ) ૧. નીચેનો અર્થ દર્શાવતી પંક્તિ લખો :**

(૧) ભવિષ્યએ આતુરતાપૂર્વક તમારી રાહ જોઈ હતી. (૨) પૂર્વ અને પશ્ચિમને દિલના તારથી જોડો.
(૩) આ દુનિયામાં એકમાત્ર માનવ જ નથી. (૪) વિશ્વશાંતિ માટે બીજો કોઈ માર્ગ નથી.

૨. શું તે લખો :

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | કપાય છે | –------------ | (૨) | એક મહેકે મઘમઘે છે | –------------ |
| (૩) | પીંખાય છે | –------------ | (૪) | સર્વને ઉરે પસારી છે | –------------ |
| (૫) | ઘવાય છે | –------------ | (૬) | અમીથી ન ધરાયેલ કપૂતો રેડે છે | –------------ |
| (૭) | વીંધાય છે | –------------ | (૮) | સહુ બાળકો મળી બજાવીએ | –------------ |

૩. કાવ્યના આધારે લખો :

(૧) કવિએ બતાવેલો શાંતિનો માર્ગ –----------------------------------------

(૨) વિશ્વમાત્રમાં લહેરે છે –----------------------------------------

(૩) વિશાળ જગવિસ્તારે રહે છે –----------------------------------------

(ઇ) ૧. કૃતિમાં આવેલા તળપદાં શબ્દોની યાદી તૈયાર કરી તેમના માટે માન્યભાષાના શબ્દો લખો.

૨. કાવ્યમાં આવેલા અંત્યાનુપ્રાસ, વર્ણાનુપ્રાસ,શબ્દાનુપ્રાસ અલંકારનાં દષ્ટાંતો લખો.

૩. સમાસનો વિગ્રહ કરી પ્રકાર લખો :

| | | | |
|---|---|---|---|
| (૧) સુખશાંતિ | (૨) મહામંત્ર | (૩) ચંદનલેપ | (૪) દિનરાત |
| (૫) ત્રિકાળ | (૬) સત્યતેજ | (૭) પ્રેમઘોષણા | (૮) આત્મશુદ્ધિ |

૪. રૂઢિપ્રયોગના અર્થ લખો :

(૧) પીગળી જવી (૨) દિલ દુભાવું (૩) મઘમઘી ઊઠવું

૫. બહુવચનમાં રૂપાંતર કરો :

(૧) પત્ર અને પુષ્પની પાંખડી (૨) પીંખાય છે પાંખ સુરમ્ય પંખીની

(ઈ) ૧. કાવ્યપંક્તિ સમજાવો :

ક. વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી; પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ !

ખ. તમે તો પૂર્વના છો ના, કે છો પશ્ચિમનાય ના; અહિંસા, સત્ય ને પ્રેમ થોડાં છે કોઈ એકનાં ?

૨. કાવ્યનો સંદેશ સ્પષ્ટ કરો.


૩. 'વસુધૈવ કુટુમ્બકમ્' વિશે તમારો મત વ્યક્ત કરો.

(ઉ) 'વિશ્વશાંતિ : જોખમો અને ઉપાયો' વિશે વર્ગમાં ચર્ચાસત્ર યોજો.

(ઊ) વિશ્વશાંતિ માટે કાર્ય કરનારા મહાનુભાવો વિશે માહિતી મેળવી ભીંતપત્રક તૈયાર કરો.

જે સમજે જેવી રીતથી, તેને સમજાવીએ તેમ,
બહેરો જો સમજે સાનમાં, તો કરીએ લવારો કેમ ?

- 'Day Zero'ના સંદર્ભે ચર્ચા કરો.




# ૫. તમે જ તમારા ખુદા બનો

## અબ્બાસ અબ્દુલ અલી વાસી

'મરીઝ' તરીકે જાણીતા જનાબ અબ્બાસ અબ્દુલ અલી વાસીનો જન્મ ૨૨ ફેબ્રુઆરી, ૧૯૧૭ના રોજ સુરતમાં થયો હતો. વ્યવસાયે પત્રકાર તથા ગુજરાતના ગાલીબ અને ગઝલોના બેતાજ બાદશાહ ગણાતા મરીઝના લખાણોમાં સાહજિક સરળતા અને વેધકતા જોવા મળે છે. 'આગમન' અને 'નકશા' તેમની નોંધપાત્ર કૃતિ છે. ૧૯ ઓક્ટોબર, ૧૯૮૩ના રોજ તેમનું અવસાન થયું હતું.

## સૂર કૃતિનો

પ્રસ્તુત ગઝલમાં ગઝલકાર સંદેશ આપે છે કે આપણે પોતે જ પોતાના ભાગ્યવિધાતા બનવું જોઈએ. આપણે ગાડરિયા પ્રવાહમાં તણાવાને બદલે જુદો ચીલો ચાતરવો જોઈએ. આપણા સંતો, ઋષિ મુનિઓએ પણ એ જ તત્ત્વજ્ઞાન રજૂ કર્યું છે કે જે કંઈ પણ કરો તે કોઈ પણ આશા કે ભય વિના કરવું જોઈએ. દુનિયાના બંધનોથી છૂટીને પોતે જ પોતાનો પંથ નક્કી કરવો જોઈએ.



કોઈ કલા સ્વરૂપે જગતથી જુદા બનો,
નકશો બનો, કવિતા બનો, વારતા બનો.

અવગણના એક વાત અલગ છે, શરમ જુદી,
વિવશતા ત્રીજી વાત છે, બસ ત્યાં જ ના બનો.

ઋષિ, મુનિ, નબીની બીજી ફિલસૂફી છે શું ?
જે કંઈ બનો તે આશા તથા ભય વિના બનો.

પગભર તો છો તમે, હવે આગળ તમારું કામ,
રસ્તો બનો તમારો, તમારી દિશા બનો.

છે પ્રેમ એને યાદગીરીની જરૂર છે,
કંઈ પણ અગર બની ન શકો, બેવફા બનો.

મહેફિલ હો દોસ્તોની કે જાહેરસભાનો મંચ,
જ્યાં પણ જવાનું થાય, તમારી જગા બનો.

દુનિયાનું આખું ક્ષેત્ર એ સાહિત્ય ક્ષેત્ર છે,
એમાં કોઈ કવિતા બનો વારતા બનો.

હો ઉપકરણ અનેક, ના એની નથી જરૂર,
બે ત્રણ પ્રસંગ ગૂંથી સળંગ વારતા બનો.



કિશ્તી અમારી કોઈ રીતે ડૂબતી નથી.
એક જ ઈલાજ છે કે તમે નાખુદા બનો.

જોવું છે કેટલો છે, તમારા હૃદયમાં પ્રેમ.
મારા નહીં તો કોઈ બીજાના જરા બનો.

ચૈતન્ય હક છે પ્રેમનો, શોભા છે રૂપની,
એ વાજબી નથી કે તમે સ્થિરતા બનો.

દુનિયાનાં બંધનોથી જો હોય છૂટવું 'મરીઝ',
બસ આજથી તમે જ તમારા ખુદા બનો.

– નકશા

## માર્ગદર્શક સ્તંભ

આ કૃતિનું અધ્યાપન કરાવવાની શરૂઆત કરતાં પહેલાં ગઝલના સ્વરૂપનો સંક્ષિપ્ત પરિચય આપી શકાય. એકબીજાનું અનુકરણ કરતાં ટોળાનો ભાગ બનવાને બદલે નવી કેડી કંડારવા પ્રેરણા આપી શકાય. આપણા દેશની મહાન વિભૂતિઓનું ઉદાહરણ આપી વિદ્યાર્થીઓને પણ નિર્ભય બની સાહસ ખેડવા, પોતાના ભાવિના ઘડવૈયા પોતે જ બનવાની પ્રેરણા આપી શકાય. આ કાવ્યના વાચ્યાર્થ દ્વારા વ્યવહારિક જીવનનાં ઉદાહરણો આપીને કાવ્યના ગૂઢાર્થને સમજાવી શકાય. તેમ જ તેનો જીવનમાં યોગ્ય રીતે અમલ કરવાની પ્રેરણા આપી શકાય.

## સ્વાધ્યાય

(અ) ૧. **નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) સાધન (૨) પ્રતિબંધ (૩) પયગંબર (૪) કથા
(૫) કસબ (૬) ભિન્ન (૭) ઉપેક્ષા (૮) લજ્જા

૨. **નમૂના પ્રમાણે લખો :** દા.ત. : નિરાશા – આશા

(૧) જુદાં (૨) બંધન (૩) કનિષ્ઠ (૪) વામન
(૫) પ્રવૃત્તિ (૬) વફાદાર (૭) ઉન્નતિ (૮) ભય

૩. **શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :**

(૧) કહી ન શકાય તેવું – ---------- (૨) જાહેરમાં ભરાતી સભા – ---------
(૩) સ્થળ કે પ્રદેશનો માપસર આલેખ – ---------- (૪) અમૃત જેવી મીઠી નજર – ---------

૪. **વિસંગત શબ્દ ઓળખો :**

(૧) ઋષિ, મુનિ, નબી, સંત (૨) કવિતા, કાવ્ય, પદ્ય, કથા
(૩) રસ્તો, માર્ગ, વાટ, પથિક (૪) દુનિયા, જગત, વિશ્વ, ધરા

(આ) ૧. **કાવ્યના આધારે કોનો/કોની/કોનું તે લખો :**

(૧) દુનિયા ક્ષેત્ર છે – (૨) મંચ – (૩) મહેફિલ –
(૪) ચૈતન્ય હક છે – (૫) જેને પ્રેમ છે તેને જરૂર છે –

૨. આકૃતિબંધ પૂર્ણ કરો :

(૧) કવિ કલાસ્વરૂપે બનવાનું કહે છે
------ ------ ------

(૨) પદ્યમાં આવેલા સાહિત્ય સ્વરૂપો
------ ------

(૩) આશા અને નિર્ભયતા જેની ફિલસૂફી છે તે
------ ------ ------

(ઇ) ૧. સંધિ છોડો :

| | | | |
|---|---|---|---|
| (૧) સ્વાગત | (૨) નિષ્ફળ | (૩) પ્રત્યક્ષ | (૪) સંસાર |
| (૫) વ્યર્થ | (૬) પ્રશ્નોત્તર | (૭) નિર્ભય | (૮) તલ્લીન |

૨. સમાસનો વિગ્રહ કરી પ્રકાર લખો :

| | | | |
|---|---|---|---|
| (૧) વાતાવરણ | (૨) નવરંગ | (૩) રાહતકાર્ય | (૪) અનેકરંગી |
| (૫) બેત્રણ | (૬) બેવફા | (૭) જાહેરસભા | (૮) ઋષિમુનિ |

૩. (ક) શબ્દની આગળ 'ભર' લગાડી શબ્દ બનાવો. દા.ત. : ભરપેટ

(૧) ------------ (૨) ------------ (૩) ------------ (૪) -------

(ખ) શબ્દની પાછળ 'ભર' લગાડી શબ્દ બનાવો. દા.ત. : પગભર

(૧) ------------ (૨) ------------ (૩) ------------ (૪) -------

(ઈ) ૧. કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.

૨. પંક્તિ સમજાવો : દુનિયાનાં બંધનોથી જો હોય છૂટવું 'મરીઝ' બસ આજથી તમે જ તમારા ખુદા બનો.

(ઉ) ૧. 'આપણાં ઘડવૈયા બાંધવ આપણે' વિષય પર વર્ગમાં સમૂહચર્ચા કરો.

૨. મરીઝની બીજી ગઝલો મેળવી વાંચો.

(ઊ) વિષમ પરિસ્થિતિઓમાં પણ પોતે જ પોતાના જીવનના ઘડવૈયા બનનાર વ્યક્તિવિશેષ વિશે ઉપક્રમ તૈયાર કરો.

## વિશેષ વાંચન

### લઘુકાવ્યો

**જિંદગી ! ન્હોતી ખબર**

જિંદગી ! ન્હોતી ખબર કે માત્ર તું તો છે ગણિત !
એક પગલું ખોટું ને ખોટો જ આખો દાખલો !
ના, ગણિત શાની ?
ગણિતમાં આંકડા ભૂંસી રકમ પાછી ખરી માંડી શકાયે,
જિંદગીમાં એ કયહીં ?

– મનસુખલાલ ઝવેરી

**સુંદરતા**

હું ચાહું છું સુન્દર ચીજ સૃષ્ટિની
ને જે અસુન્દર રહી તેહ સર્વને
મૂકું કરી સુન્દર ચાહી ચાહી.

– સુંદરમ્

કરીએ દિવસે એવું કામ, રાતે રહીએ કરી વિરામ,
સાલે નહિ અંતરમાં સાલ, પાણી પહેલા ચણીએ પાળ !

# ૬. કવિતા મને ગમે છે

## દલપત પઢિયાર

સાંપ્રત યુગમાં કવિતા પ્રત્યે વર્તમાન પેઢીને આકર્ષનાર કવિ શ્રી દલપત પઢિયારનો જન્મ ૧૧ નવેમ્બર, ૧૯૫૦ના રોજ ગુજરાતમાં થયો હતો. તેઓશ્રી લોકસાહિત્ય, પ્રવાસ, ભજનવાણી, સંગીત, ચિત્રકામમાં રસ ધરાવે છે. તેમના 'ભોંય બદલો' તથા 'સામે કાંઠે તેડાં' કાવ્યસંગ્રહો નોંધપાત્ર છે. સાહિત્યક્ષેત્રે તેમના યોગદાન માટે તેમને નરસિંહ મહેતા એવૉર્ડ તથા રમેશ પારેખ એવૉર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.

## સૂર કૃતિનો

કાવ્યની શરૂઆતમાં જ કવિએ કવિતાને ગમાડી છે. આપણાં કવિરત્નો અને કવયિત્રીઓથી આપણને વાકેફ કરાવી કવિએ કવિતાને પોતાનું ઘર કહી પોતીકી દર્શાવી છે. કવિ કહે છે કે આ વાણીનું પાણી સૂર્ય, ચંદ્ર, તારા સુધી પ્રસર્યું છે. સ્વર-વ્યંજનના બાવન વર્ણાક્ષરોની અટારીએ કવિ અલખને સાદ દે છે. સ્થૂળ ક્રિયાઓ ન કરતાં અક્ષરને આરાધી મુક્તિ પામવાની વાત રજૂ થઈ છે. શબ્દરૂપી દીવો પ્રગટાવી અલૌકિક અનુભૂતિની વાત કરી છે.

કવિતા મને ગમે છે.
જાત જ્યાં મારી, મને નિતારી ઝીણું ઝીણું ઝમે છે !
કવિતા મારું ઘર ને શબ્દ મારો ઉતારો !
અક્ષર કેરી અટારીએથી ખેલું બાવન બા'રો!
પરા કશું ના પહેરેઓઢે, પશ્યન્તિ પદડે જઈ પોઢે,
ઘાટ મધ્યમા ઘડે, ચાકડે ચડે વૈખરી.
લાડેકોડે છાલકછોળે લાગટ ઊઠે - શમે છે !
ગોરખ, કબીર, નરસિંહ, મીરાં અને આપણો અખો,
લોયણ, તોરલ, દાળલ, રૂપાંદે, ડાલી, ગંગાસતી,
આગળ-રવિભાણ આદિ ને યાદી મારા સુધી લખો !
ઝળહળ વાણી ગગન ઝળૂંબે, નવલખ તારા લૂમેઝૂમે,
ચાંદોસૂરજ તેજ પીવે ને, આખેઆખી કોઢ શબ્દની કેવી ધમધમે છે !
શું કામ હું બીજે મંદિર જાઉં કે બીજે જળ ચડાવું ?
શાને પેટાવું બીજો દીવો ? શીદ બીજે શિશ નમાવું ?
શબ્દ દેવળ, શબ્દ દીવો, શબ્દ આરતી-સંધ્યા-ધૂપ,
ક્ષર-અક્ષર શું ? અજર અમર શું ? ચર-અચર કે અવર કશું શું ?
સાહેબ શબ્દસ્વરૂપ અરૂપી રીત રમે છે !



## માર્ગદર્શક સ્તંભ

આ કૃતિનું અધ્યાપન કરાવતાં પહેલાં અછાંદસ કાવ્યસ્વરૂપથી વિદ્યાર્થીઓને માહિતગાર કરી, સાહિત્યના પ્રાચીન વારસાથી વિદ્યાર્થીઓને અવગત કરાવી શકાય. 'જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ' એમ કહી કવિતા એ ભાષાની ગરિમા છે તે જણાવી શકાય. લૌકિકથી અલૌકિક સુધીની, સ્થૂળથી સૂક્ષ્મ તરફની યાત્રા 'શબ્દ' દ્વારા કરી શકાય છે, તે સમજાવી શકાય.

## સ્વાધ્યાય

**(અ) ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) સદન (૨) આકાશ (૩) શશી

(૪) દેવાલય (૫) મસ્તક (૬) બીજું

**૨. નીચેના શબ્દોના બે ભિન્ન અર્થ લખો :**

(૧) ઘાટ (૨) તેજ (૩) કોઢ (૪) ઉતારો

**૩. વિસંગત શબ્દ ઓળખો :**

(૧) સૂરજ, રવિ, ભાણ, નભ (૨) કાવ્ય, કવન, ગદ્ય, કવિતા

(૩) મયંક, સોમ, ચંદ્ર, ભાનુ (૪) દીપ, દીવો, દીવડો, જ્યોત

**(આ) ૧. આકૃતિબંધ પૂર્ણ કરો :**

(૧) કાવ્યમાં આવેલા કવિઓનાં નામ

(૨) કાવ્યમાં આવેલા કવયિત્રીના નામ

(૩) કાવ્યમાં વર્ણવેલી પૂજન પ્રક્રિયા

(૪) કવિએ શબ્દને આપેલી ઉપમા

**૨. કોણ તે કાવ્યના આધારે લખો :**

(૧) ધમધમે – ------------------ (૨) તેજ પીવે – ------------------

(૩) ગગન ઝળૂંબે – ------------------ (૪) લૂમેઝૂમે – ------------------

**(ઇ) ૧. સમાસ વિગ્રહ કરી પ્રકાર લખો :**

(૧) ચાંદોસૂરજ (૨) સંસારસાગર (૩) અરૂપી (૪) અજર

**૨. કાવ્યમાં આવેલા દ્વિરુક્ત શબ્દો લખો.**

**૩. સંધિ કરો :**

(૧) સુ + અચ્છ (૨) પ્રતિ + અક્ષ (૩) વિ +આખ્યાન (૪) પ્રતિ + એક

૪. કાવ્યમાં આવેલા અંત્યાનુપ્રાસની જોડીઓ લખો.

૫. કૌંસમાંના શબ્દો યોગ્ય જગ્યાએ મૂકો. (મને, મારું, હું, મારા, મારો, આપણો)

(૧) કવિતા ------- ગમે છે.
(૨) કવિતા ------ ઘર અને શબ્દ ------ ઉતારો.
(૩) શું કામ ------- બીજા મંદિરે જાઉં?
(૪) આગળ રવિભાણ આદિ ને યાદી ------ સુધી લખો !
(૫) ગોરખ, કબીર, નરસિંહ, મીરાં અને ------ અખો.

૬. વાક્યના પ્રકાર ઓળખો :

(૧) શું કામ હું બીજે મંદિર જાઉં?
(૨) આખેઆખી શબ્દોની કોઢ કેવી ધમધમે ?
(૩) ચાંદો સૂરજ તેજ પીવો.
(૪) કવિતા મને ગમે છે.

(ઈ) ૧. 'સાહેબ શબ્દસ્વરૂપ અરૂપી રીત રમે છે !' પંક્તિ સમજાવો.

૨. કાવ્યનો રસાસ્વાદ કરાવો.

(ઉ) વર્ગમાં તમને ગમતી કવિતાનું પઠન કરી તે કવિતા ગમવાનું કારણ જણાવો.

(ઊ) ૧. 'અછાંદસ કાવ્ય' સ્વરૂપ વિશે માહિતી મેળવો તથા સ્વરચિત અછાંદસ કાવ્યનો ઉપક્રમ તૈયાર કરો.

૨. ગ્રંથાલય / ઇન્ટરનેટ પરથી કાવ્યમાં ઉલ્લેખાયેલા સાહિત્યકારોની કૃતિઓ મેળવી વાંચો.

## વિશેષ વાંચન

### લિજ્જત છે

ગભરું આંખોમાં કાજળ થઈ, લહેરાય જવામાં લિજ્જત છે,
ચર્ચાનો વિષય એ હોય ભલે, ચર્ચાઈ જવામાં લિજ્જત છે !

વેચાઈ જવા કરતાંય વધુ, વહેંચાઈ જવામાં લિજ્જત છે,
હર ફૂલમહીં ખુશ્બો પેઠે ખોવાઈ જવામાં લિજ્જત છે !

પરવાના પોઢી જાયે છે ચિર મૌનની ચાદર ઓઢીને,
હે દોસ્ત, શમાની ચોખટ પર ઓલાઈ જવામાં લિજ્જત છે.

દુઃખ પ્રીતનું જ્યાં ત્યાં ગાવું શું? ડગલેપગલે પસ્તાવું શું?
એ જોકે વસમી ઠોકર છે પણ ખાઈ જવામાં લિજ્જત છે.

જે અંધ ગણે છે પ્રેમને તે આ વાત નહીં સમજી જ શકે :
એક સાવ અજાણી આંખથી પણ અથડાઈ જવામાં લિજ્જત છે !

બે વાત કરીને પારેવાં થઈ જાયે છે આડાંઅવળાં,
કૈં આમ પરસ્પર ગૂંથાઈ, વીખરાઈ જવામાં લિજ્જત છે !

સારાનરસાનું ભાન નથી પણ એટલું જાણું છું, 'ઘાયલ',
જે આવે ગળામાં ઊલટથી એ ગાઈ જવામાં લિજ્જત છે !

– અમૃત ઘાયલ

વેર, વ્યસન, વૈભવ અને વ્યાજ,
વહાલાં થઈ કરશે તારાજ

## ગદ્ય વિભાગ

# ૧. ગ્રામરક્ષા

**રમણલાલ વસંતલાલ દેસાઈ**

'યુગમૂર્તિ વાર્તાકાર' તરીકે જાણીતા નવલકથાકાર, નાટ્યકાર, કવિ રમણલાલ વસંતલાલ દેસાઈનો જન્મ ૧૨ મે, ૧૮૯૨ના રોજ સિનોરમાં થયો હતો. તેમણે ટૂંકીવાર્તા, નાટક, કવિતા, રેખાચિત્ર, પ્રવાસવર્ણન, ઐતિહાસિક નિબંધ, વિવેચન, જીવનવૃત્તાંત જેવાં વિવિધ સાહિત્ય ક્ષેત્રે ખેડાણ કર્યું છે. તેમને ઇ.સ.૧૯૩૨માં રણજિતરામ સુવર્ણચંદ્રક પારિતોષિકથી નવાજવામાં આવ્યા છે. તેમની જાણીતી કૃતિઓમાં 'દિવ્યચક્ષુ', 'ભારેલો અગ્નિ', 'કોકિલા' જેવી નવલકથાઓ, 'મહારાણા પ્રતાપ', 'નાના ફડણવીસ' જેવા ચરિત્રગ્રંથો તથા 'સંયુક્તા', 'અંજની' જેવાં દીર્ઘ નાટકો, 'તપ અને રૂપ', 'પરી અને રાજકુમાર' જેવી એકાંકીનો સમાવેશ થાય છે. ૨૦ સપ્ટેમ્બર, ૧૯૫૪ના રોજ તેમનું અવસાન થયું હતું.

**સૂર કૃતિનો**

સામાજિક નવલકથા ગ્રામલક્ષ્મી ભાગ ૧-૨-૩-૪માં લેખકે અસ્પૃશ્યતા, વિધવાવિવાહ, ગ્રામસફાઈ, હિંદુ-મુસ્લિમ ઐક્ય ઇત્યાદિ ગ્રામોન્નતિના પ્રશ્નોને વણી લીધાં છે. ભાગ-૧માંથી લેવાયેલ અંશ 'ગ્રામરક્ષા'માં અશ્વિનની આદર્શ ગામની કલ્પના વર્ણવી છે. સુશિક્ષિત અશ્વિન, ખરા અર્થમાં તેની સહધર્મચારિણી બનવા મથતી કુસુમ, સ્વમાની વીજળી, મહેરૂ, કરસન જેવા વિવિધ પાત્રો દ્વારા માનવજીવનની વિવિધ સંવેદનાઓ સચોટ રીતે રજૂ કરવામાં આવી છે. ગ્રામ્ય જીવનના નિષ્ફળ નમૂના, તેમના ઘડતરની વિશિષ્ટતા, સફળતાનાં શિખરો સર કરવાની ચાવીઓનું આબેહૂબ વર્ણન કર્યું છે.

મહેરૂને એક ચિંતા ગઈ અને બીજી ચિંતા ઊભી થઈ. તેને કોઈ ભોળવી જાય એના કરતાં તેના ઉપર ભોળવાયાનો સંશયમાત્ર આવ્યે વીજળીએ પ્રાણત્યાગ કરવાની ધમકી આપી હતી અને મહેરૂ વીજળીની ધમકીને બરાબર ઓળખતો હતો. વીજળી શંકા પણ સહન કરી શકતી નહોતી.

એટલે જોખમ વેઠીને પણ મહેરૂ દર રાત્રે ઝૂંપડીએ આવી પત્નીની ખબર લઈ જતો હતો; અને તેને કશી જ શંકા નથી એમ ખાતરી કરાવવા મથતો હતો.

પરંતુ બબ્બે રૂપિયા તો દરરોજ ઝૂંપડીમાં પડતા હતા. રોજ વીજળી મહેરૂને વાત કરતી હતી. રૂપિયા નાખનાર દેખાતો નહિ; એટલું જ નહિ. પણ તે શા માટે આ ભયાનક ચોરની ઝૂંપડી શોધી તેમાં રૂપિયા નાખતો હતો, તેનું કારણ પણ દર્શાવતો નહિ. મહેરૂએ અને વીજળીએ બહુ કલ્પના કરી, પરંતુ તેમના મનમાં ચોકસાઈ થઈ નહીં.

થોડે દિવસે વીજળીએ નિશ્ચય કર્યો. ઝૂંપડી બંધ કરી તે એક ઝાડની ઓથે લાંબા સમય સુધી સંતાઈ રહી. સંધ્યાકાળે સરળતાથી ફરવા નીકળેલો લાગતો એક યુવાન અચાનક તેની ઝૂંપડી તરફ ફર્યો અને ઝૂંપડીના બારણાના વચાળમાંથી કાંઈ નાખી, જાણે કશું બન્યું ન હોય તેમ, સહેલાણી ઢબે પાછો ફર્યો. વીજળી ઝાડ પાછળથી નીકળી આવી.

'કેમ, તમે મારી ઝૂંપડીએ ગયા હતા ?'

'અમસ્તો જ, બહેન !' સહજ સંકોચ પામી યુવાને જવાબ દીધો.

'રૂપિયા તમે જ નાખો છો ને ?'

'એનું શું છે ?'

'શા માટે તમે એમ કરો છો ? એમાં મારા અને તમારા જીવનું જોખમ છે તે જાણો છો ?'

'એમાં જોખમ શાનું ?'

'તમારા ઉપર કે મારા ઉપર વહેમ આવશે તો એ બંનેને મારી નાખશે.'

'મારા કે તમારા ઉપર વહેમ ?'

'હું એકલી, અને તમે પૈસા નાખી જાઓ એટલે કોઈ શું સમજે ?'

અશ્વિનને એકાએક જગત ઉપર તિરસ્કારની વૃત્તિ થઈ આવી. સ્ત્રી અને પુરુષના સંબંધમાં સર્વત્ર અશુદ્ધિની જ કલ્પના કરવાનું કારણ શું હશે ? અશુદ્ધિની કલ્પના પતિ અને પત્નીનો સંબંધ સ્વીકારતાં જ નષ્ટ થાય છે ! શા માટે ? જો પુરુષ અને સ્ત્રીનાં આકર્ષણ અકુદરતી અને અશુદ્ધ હોય તો પતિપત્નીના સંબંધને શુદ્ધ ગણવાનું કાંઈ કારણ ? જે વિકારને અશુદ્ધ માનીએ તે લગ્ન થતાં શુદ્ધ ગણાઈ જાય એવું તત્ત્વ લગ્નમાં શું છે ? અને સ્ત્રીપુરુષના આચરણમાં સર્વદા વિકાર જ હોય એમ કલ્પવાનું કારણ શું ? સ્વપત્નીમાં પણ વિકારવશતા એ ચોવીસે કલાક ચાલતી સ્થિતિ નથી ?

'પણ જુઓ ને, મહેરૂ તો મારો બાળપણનો મિત્ર છે. જતી વખતે એ મને તમારી સંભાળ લેવાનું કહેતો ગયો છે, એટલે હું બબ્બે રૂપિયા મૂકતો જાઉં છું.' વિચારને અંતે અશ્વિન બોલ્યો.

'હું એમને કહું ?'

'હું સહાય કરું છું એમ જણાવવાની મારી ઇચ્છા નહોતી. પણ તમને ઠીક લાગતું હોય તો કહેજો કે અશ્વિન રૂપિયા મૂકી ગયો છે.'

તે રાતે વીજળીએ મહેરૂને બધી વાત કરી. મહેરૂ અને વીજળી બંને આભારની સ્વચ્છ લાગણી અનુભવી રહ્યાં, અને મહેરૂનો અશ્વિન પ્રત્યેનો સદ્‌ભાવ હતો તેથી ઘણો વધી ગયો.

'આપણે રોજના બે રૂપિયા શું કરવા છે ? હવે ના પાડો.' વીજળીએ કહ્યું.

'ખરી વાત. ચાર આના મળે તો બે-ત્રણ જીવ પોષાય. એથી વધારે અશ્વિનભાઈ પાસેથી ન લેવાય. ઢગલો લાવવો હશે તો કોઈ શાહુકારનું ઘર કોચીશું.'

આમ રોજ બે રૂપિયા ન આપવાની વિનંતિ કરવા માટે મહેરૂ અશ્વિનને મળવા રાત્રિએ આવતો હતો. અશ્વિન અને કાનજી તેને સામા જ મળી ગયા; એટલું જ નહિ, મહેરૂને ગામ બાળતો અટકાવવા બીજા સાથીઓ પણ આવેલા મળી ગયા. મહેરૂએ કહેલી વાત સાંભળતાં સહુને તેના ઉપર વિશ્વાસ આવ્યો. મહેરૂએ એક કામ માથે લીધું.

'તમારી મરજી હોય તો હું બે દહાડામાં જાસાચિઠ્ઠી લખનારને પકડી આપું.'

આમ અકસ્માત મહેરૂ અશ્વિનની ટોળીમાં દાખલ થઈ ગયો. મહેરૂ ઉપર અવિશ્વાસ સહુને ઘટી ગયો હતો. એટલે અશ્વિને સહુને ઘેર મોકલી દીધા; તથાપિ જરા પણ છેતરાવાનો આરોપ ન આવે એ અર્થે અશ્વિન આખી રાત મહેરૂ સાથે ગામ બહાર ફર્યો; તેને વાતચીતમાં રોક્યો; તેનો કાર્યક્રમ તેણે સમજી લીધો; તેની સ્થિતિ માટે તેણે સહાનુભૂતિ બતાવી.

મહેરૂ પણ સમજી ગયો કે અશ્વિન તેના પ્રત્યે મમતા બતાવે છે; છતાં આખી રાત તેની સાથે ગાળવામાં અશ્વિનને ઉપજેલો અવિશ્વાસ પણ કારણભૂત હતો.

સવાર પડતાં અશ્વિનને મહેરૂએ કહ્યું :

'અશ્વિનભાઈ ! ચાલો ત્યારે હું હવે નાસું. તમારી ખાતરી તો થઈને કે મારે ગામ બાળવું નથી.'

'હા, જરૂર ખાતરી થઈ.'

'ઉજાગરો ન કર્યો હોત તો ચાલત. હજી તમને કહું છું કે મહેરૂ એના ગામનો દુશ્મન નથી.'

'હું આજથી એ કહેવું માનું છું. પણ તું અમને લાઠી શિખવાડી એ ખાતરી કરી આપ કે મહેરૂ ગામનો મિત્ર છે.'

'એ તો મેં કહ્યું જ છે. આજે સાંજે હું વડ નીચે આવવાનો.'

'કદાચ પકડાઈશ તો !'

'તમે નહિ પકડાવો એટલો મને વિશ્વાસ છે. પછી તો જે થાય તે ખરું. એ બીક રાખ્યે પાલવે નહિ.'

'આજે જરૂર આવજે.'

'જરૂર. અને બીજું એ કહેવાનું કે તમે હવે બે રૂપિયા ઝૂંપડીમાં નાખશો નહિ. ખપ પડશે ત્યારે માગી લઈશ.'

મહેરૂ અને અશ્વિન બંને સ્વમાનપ્રિય વ્યક્તિઓની આંખો પરસ્પર મળી. દૂરથી કોઈ માણસ આવતો દેખાયો. મહેરૂ અકસ્માત્ અદૃશ્ય થઈ ગયો. ક્યાં, કઈ બાજુએ, કેવી રીતે, એકાએક તે ક્યાં સંતાયો તેની અશ્વિનને પણ સમજ ન પડી. પાછા ફરતાં અશ્વિનને મહેરૂ માટે માન ઉત્પન્ન થયું.

'ગ્રામસેનાનો સેનાપતિ થવાને એ લાયક છે.' તેનું મન બોલી ઊઠ્યું.

દૂરથી દેખાતો માણસ તેની સામે જ આવતો હતો. તે ધીમે ધીમે પગ ઉપાડતો હતો. નીચું મુખ રાખી આગળ આવતાં એ મનુષ્યની પીઠ ઉપર આકાશનો ભાર પડ્યો હોય તેમ તે સહજ વળેલો દેખાતો હતો. તેની દૃષ્ટિ આસપાસ ફરતી નહોતી. જાણે પ્રભાતના શાંત અજવાળામાંથી અશાંતિ તો ફૂટી નહિ નીકળે, એવો તેના મુખ ઉપર ભાવ ફેલાયો હતો. અશ્વિનને જોતાં તેણે ઊંચું જોયું. અશ્વિનને આછો પરિચય લાગ્યો. એ મુખ તેણે ન ભૂલાય એવી રીતે જોયું હતું. પણ ક્યાં ? અને કોનું ? તે નિશ્ચિત કરી શક્યો નહિ. એ મુખ ઉપર દૈન્ય, અસહાયપણું, અવિશ્વાસ અને દુઃખની છાયાઓ ફર્યા કરતી હતી.

વગરઓળખ્યે કોઈને બોલાવવું એ શહેરી સભ્યતાથી વિરૂદ્ધ છે. અશ્વિન તેને બોલાવવા ચાહતો હતો. તેને સંકોચ થયો. છતાં સંકોચ બાજુએ મૂકી વગર-ઓળખીતાને પણ બોલાવવાની ગામડિયા ઢબનો તેણે આશ્રય લીધો :

'રામરામ, ભાઈ ! ક્યાં ચાલ્યા ?'

'રામરામ, બાપા ! સ્ટેશન જાઉં છું.' બોલવાની અનિચ્છા હોય તેમ જવાબ આપી તે માણસે પાછું નીચું જોયું.

'હજી ગાડીને વાર છે.'

'ચાલ્યો જઈશ.'

'ક્યાં જશો ?'

'શહેર ભણી.'

'કેમ ?'

'કોઈ મિલમાં મજૂરી કરી ખાઈશ.'

ગામને છોડી જનાર ભણેલાઓની માફક એક વર્ગ એવો પણ નીકળ્યો છે કે જે શહેરમાં મળતી મજૂરીમાંથી પોષણ મેળવવું ઠીક ગણે છે. અશ્વિનને એ જવાબ ગમ્યો નહિ.

'ગામમાં કેમ રહેતા નથી ?'

'ગામમાં ખાઉં શું ?'

'તમે અહીં મજૂરી કરી શકો છો.'

'જે ગામમાં જમીનદારી કરી તે ગામમાં હું મજૂરી કરું ? મારા જેવાને તો શહેરમાં જ હવે મરવાનું.'

'તમારૂં નામ ?'

'શું કામ છે ભાઈ, તમારે નામ જાણીને ?'

'મેં તમને ક્યાંક જોયા લાગે છે.'

'મારું નામ કરસન.'

'રામાપટેલની શેરીમાં રહો છો ને ?'

'હા, પણ હવે ત્યાં પગ નથી મૂકવો.'

'તમારા કુટુંબનું શું કરશો ?'

'મિલબિલમાં નોકરી મળશે એટલે બોલાવી લઈશ.'

અશ્વિને આગળ વાત ન કરી. ગામડાની વસ્તીને ખેંચી લેતાં શહેરોમાં જાદુ હોય છે. શહેરનાં રૂપરંગ ગામડાને આકર્ષે છે; એટલું જ નહિ, પરંતુ શહેરમાં પોષણનાં સાધનો પણ ગામડાંને વધારે દેખાય છે. અશ્વિન પોતે એ આકર્ષણ અને પોષણ બંને મોહિની છોડી ગામડામાં દટાયો; પરંતુ ગામડાએ કરસનને પોષણ ન આપ્યું, તે ક્યાં જાય ? શહેરમાં જ.

ગામડાનાં રૂપરંગ સુધારવા ઉપરાંત ગામડામાં પોષણનાં સાધનો પણ વિપુલ બનાવવાં જોઈએ. ગામની એકેએક વ્યક્તિ સુદૃઢ, સ્વચ્છ અને સંસ્કારી બને એ આદર્શ સ્થિતિ ખરી; પરંતુ ગામની એકે વ્યક્તિ ભૂખે મરતી ન હોવી જોઈએ એ આદર્શ પણ તેમાં ઉમેરવો જોઈએ. ભૂખે મરતો મહેરૂ ચોરી કરે ! ભૂખે મરતો કરસન ગામ છોડી જાય ! ગામડાની ગરીબી એ પણ ગામડાનો કૂટપ્રશ્ન છે. એ ગરીબી મટાડવા માટે ખેતી એ જ એક ઉદ્યોગ ગામડાને જડ્યો છે; પરંતુ એ ખેતી બધાયનું પોષણ પૂરતી રીતે કરે ખરી ? તેમ હોય તો કરસનને ગામ કેમ છોડવું પડે ? સિવાય કે ગામમાં બીજું કશું સાધન ઊભું થાય !


ઘણુંય; વરાળ, વીજળી, પાણી એ કુદરતી શક્તિઓનો ઉપયોગ ગામડાના સ્વરૂપને જ નહિ પણ તેમનાં સાધનોને પણ ફેરવી નાખે એમ છે. અશ્વિનનાં સ્થાપત્યસ્વપ્ન પ્રભાતના પ્રકાશમાં પાછાં ફૂટી નીકળ્યાં. તેણે કલ્પનામાં આદર્શ ગામ રચ્યું. ગામમાં અને ગામની આસપાસ પાકા રસ્તાઓ બની ગયા હતા. મોટરની વિસ્તૃત ગાડીઓમાં એ રસ્તે થઈને માલ અને માણસો અવરજવર કરતાં હતાં. લીલાંછમ ખેતરો ગામની આસપાસ બારમાસ બગીચો બનાવી રહ્યાં હતાં અને ગામમાં પણ એક વિશાળ બાગની અંદર આવેલી ફૂલવેલોના માંડવા નીચે શિક્ષકો અને શિક્ષિકાઓ ગ્રામબાળકોને રમાડતાં, ભણાવતાં, સંસ્કારભર્યું વાતાવરણ ફેલાવતાં હતાં. મેદાનમાં રમતગમત થતી હતી અને ગામનાં વડીલો બાળકોના કાર્યમાં રસ લેતાં, આનંદ અને સંતોષભરી મુખમુદ્રાથી, ગ્રામઉજ્જવલતામાં ઉમેરો કરતાં હતાં. પેલા અંત્યજ કાનજીને ખભે, તો સહુ કોઈ સંકોચ વગર હાથ મૂકતાં હતાં. અશ્વિન વિચારમાં પડ્યો.

'કાનજીનું અંત્યજપણું ક્યાં ગયું ?' તેના હૃદયે પૂછ્યું.

'ગ્રામશુદ્ધિના યજ્ઞમાં એ બળીને ભસ્મ થયું.' અંતરિક્ષથી કોઈએ જવાબ આપ્યો.

'અરે કશુંયે બળ્યું નથી ! અમસ્તા ભડકાવી માર્યા. કોઈ પુરુષનો સ્પષ્ટ અવાજ સંભળાયો અને અશ્વિનનું સ્વપ્ન સમેટાઈ ગયું. ગામના એક ઘરમાંથી નીકળી એક પુરુષે સામા ઘરને ઓટલે ઊભેલા ચિંતાગ્રસ્ત દેખાતા એક બીજા પુરુષને એ વાક્યો કહ્યાં. અશ્વિનને યાદ આવ્યું કે તેણે તો અગ્નિદાહથી ગામને બચાવવા આખી રાત ચોકી કરી છે. તેનું સ્વપ્ન હજી સ્વપ્ન જ હતું. એ સ્વપ્નરચનાનું પહેલું પગથિયું જ હજી તેણે દોર્યું હતું. ચાલુ ખેતીનો જાતે પરિચય કર્યા સિવાય ખેતીમાં સુધારો-વધારો કરવા ઇચ્છવું એ ઇન્દ્રજાળ રચવા સરખું છે એમ તેને તરત લાગ્યું. તેણે સ્વપ્ન બાજુએ મૂક્યું અને નિત્યક્રમ ચાલુ કર્યો. સવારમાં રામાપટેલનું ખેતર અને બપોરે વડ. ખેતરમાં સમજપૂર્વક મહેનત કરવી અને વડ નીચે ગ્રામ-યુવકોને શિક્ષણ આપવું.

મહેરૂ તાલીમ આપવા આવશે એમ અશ્વિનને તો ખાતરી જ હતી અને પહેલે દિવસે તે આવ્યો પણ ખરો. સહુએ અત્યંત આનંદથી લાઠીના દાવ શીખવા માંડ્યા. દરેક કાર્યમાં નિયમ રહેલો છે; દરેક કાર્યમાં કળા રહી છે. ગ્રામયુવકો તો એમ જ માનતા હતા કે લાકડીને બળપૂર્વક ગમે તેમ મારવી એ જ તેનો સફળ ઉપયોગ છે. પરંતુ મહેરૂના શિક્ષણમાં તેમને સમજાયું કે ગમે તેમ બળપૂર્વક મારવા ધારેલી લાકડી કળપૂર્વક ફેરવાતી લાકડી આગળ અસહાય થઈ પડે છે. એ લાકડીથી રક્ષણ પણ થઈ શકે છે અને પ્રહાર પણ થઈ શકે છે. તેનો ઉપયોગ એક પ્રકારનું ચાતુર્ય માગી લે છે. કળાપૂર્વક ફેરવાતી લાઠી



કલામય લાગે છે – અમસ્તી વીંઝાતી લાકડીમાં જરાય કલા હોતી નથી.

મહેરૂએ તે દિવસે લાઠી શીખવી રહ્યા પછી અશ્વિનને પૂછ્યું :

‘અશ્વિનભાઈ ! જાસાચિઠ્ઠી કોણે બાંધી તે જાણ્યું ?’

‘ના ભાઈ ! હજી પોલીસ તપાસ કર્યા કરે છે.’

‘કરી તપાસ પોલીસે ! એમ પત્તો લાગે નહિ.’

‘તને કાંઈ ખબર પડી ?’

‘હા. તેથી જ વાત કરું છું.’

‘કોણે બાંધી હશે ?’

‘પેલા કરસને !’

‘કરસન ? એ તે બાંધે ?’

‘કેમ ન બાંધે ?’

‘બિચારો ગરીબ ગાય જેવો ! ગામ છોડીને તો એને આજે જવું પડ્યું.’

‘ગામ છોડતાં એને શું થયું હશે તે જાણો છો ?’

‘દુઃખ થાય ખરું. પણ...’

‘અરે, દુઃખ તો એવું થાય કે ગામને બાળી મૂકવાનું મન થયા વગર રહે જ નહિ. જો કોઈ ગામ છોડાવે તો એમ જ થાય. પણ આ તો કરસન બિચારાથી કાંઈ થઈ શકે નહિ એટલે રીસના માર્યા એણે જાસાચિઠ્ઠી લખી કાઢી.’

અશ્વિન વિચારમાં પડ્યો. જગતથી રિસાયેલો મનુષ્ય કાં તો જાતે બળી મરે કે આખા જગતને બાળી મૂકે ! જાતે ડૂબી જવાની તૈયારી તો તેણે પણ કરી જ હતી ને ? કેટલાંક માનસ–મહેરૂ જેવાં – એવાં પણ હોય કે જે જગતભરને બાળી મૂકવા ઇચ્છે ! અને કરસન સરખા માનસબળથી રહિત મનુષ્યો ઇચ્છા ધરીને માત્ર બેસી જ રહે ! તેમનાથી જગતને બળાય નહિ. વધારેમાં વધારે તો એટલું જ કરી શકે કે બાળવાની ખાલી ધમકી આપે !

નિષ્ફળતા માણસને પોતાની જાત ઉપર અગર જગત ઉપર વેર લેતો બનાવે છે. ગ્રામજીવનના ત્રણ નિષ્ફળ નમૂના : એક ભણેલો, બીજો ચોર, ત્રીજો નાદાર

ખેડૂત. એકના ઘડતરમાં સંસ્કારઘમંડ અને આળસ; બીજાના ઘડતરમાં અસ્થિરતા અને અન્યાય સામે રોષ; ત્રીજાના ઘડતરમાં વ્યવહારશૂન્યતા, મોટાઈ અને અવિચાર.

'એ કેમ ટળે ?' અશ્વિન સંધ્યાકાળે ઘેર આવ્યો ત્યારે એ પ્રશ્ન તેના મનમાં ઘૂમતો હતો.

માનવી એક પર્વત નજીક ઊભો રહી વિચારે કે તેને શિખરે પહોંચવું છે. ગગનને અવરોધતા ઊંચા ઊંચા ટેકરા અને નાખી નજર ન પહોંચે એવી ઊંડી ખીણોમાંથી તેને સાંકડો માર્ગ મળી જાય છે. કરાડો અને ખીણોથી ભય પામનાર શિખરે પહોંચતો નથી. કાર્યસિદ્ધિનું શૃંગ પણ એવું જ છે. ભયસ્થાનોની વિરાટ ઊંચાઈ અને નિષ્ફળતાની ઊંડી ખીણ વચ્ચેથી માર્ગ ખોળવો રહ્યો. શિખરે પહોંચતાં સુધી એ જ નજરે ચડવાનું. જેને ભય ન હોય તે જ શિખરે પહોંચે. સૈન્યોની વ્યૂહરચના કરતાં પણ વધારે કૌશલ્ય, આંતરરાષ્ટ્રીય વિષ્ટિ કરતાં પણ વધારે મોટી મુત્સદ્દીગીરી અને પીઠ ન બતાવતી ક્ષત્રીવટ કરતાં પણ વધારે ચડિયાતું વીરત્વ ગ્રામપુનર્રચનામાં પડનાર વીરે બતાવવાનાં છે. તેનાથી નિરાશ થવાય જ નહિ.

નિષ્ફળતાનાં દશ્યો જોતા અશ્વિનને કુસુમે પાછો વીર બનાવી દીધો.

'કેમ થાક્યા લાગો છો ?' પૂછ્યું.

'કાલે આખી રાત જાગ્યો અને આજે આખો દ્વિવસ મહેનત કરી.'

'બપોર પછી આરામ હતો ને ?'

'ના રે.'

'પેલા પટેલિયાઓને ભણાવવા બેઠા હશો.'

'એટલું જ નહિ, મહેરૂ પાસેથી લાઠીની કવાયત પણ શીખવા માંડી.'

કુસુમ ગંભીર બની ગઈ. તે પતિ પાસે બેઠી હતી. પરંતુ થાકેલો પતિ તેને આજ લાડ કરતો નહોતો. અશ્વિનના દેહમાં થાક હતો એ ખરું, પરંતુ એવો થાક કુસુમને જોતાં ઓછો થઈ જતો. આજે અશ્વિનનું મન કેમ થાકેલું લાગ્યું ?

કાર્યસિદ્ધિ માટે તેના હૃદયમાં શંકા ઉત્પન્ન થઈ હતી માટે. વહાલસોયી પત્નીને વિચાર આવ્યો : એક ભાવના પાછળ પતિ તન અને મન વલોવી નાંખે છે. હું એમાં કાંઈ ભાગ ન લઈ શકું ? કુસુમના ગંભીર બનેલા મુખ ઉપર ચાંચલ્ય આવ્યું. પણ એ ભાવના ઘેલછા હશે તો ? પતિની ઘેલછા પત્નીને મનવાંક તરીકે વસતી નથી. એ તો હસતાં હસતાં વખોડવા સરખી વહાલી લાગતી ખામી હોય છે અગર અભિમાન લેવા સરખી વિચિત્રતા કે વિશિષ્ટતા ! 'છો બધાંને ઘેલછા લાગે ! હું જરૂર કાંઈ કરું. એકલો ચોક સમાર્યો એથી શું ?'

તેણે ધીમે રહીને અશ્વિનને કપાળે હાથ ફેરવ્યો; અશ્વિનના વાળને વિખેરી પાછા સમાર્યા; અશ્વિનની આંગળીઓ પોતાની આંગળીઓમાં ભેરવી છોડી દીધી અને અશ્વિનની ખુલ્લી આંખ સામે જોઈ રહી.

અશ્વિન એવો અરસિક નહોતો કે આ ઉપચાર તેનું ધ્યાન ન ખેંચે.

'તારે કાંઈ કહેવું છે, ખરું ?' અશ્વિને પૂછ્યું.

'હા.'

'શું ?'

'હું તમને કાંઈ કામમાં ન આવું ?'

'કોણે કહ્યું કે તું કામમાં આવતી નથી !'

'એમ નહિ. આ બધી મહેનત તમે કરો છો તેમાં મારાથી કશું ન બને ?'

'શું બને ?'

'અભણને ભણવાની શરૂઆત કરાવી શકું.'

અશ્વિનના દેહમાં વીજળી પ્રગટી. તે બેઠો થઈ ગયો. તેને કોઈ મહાદશ્ય દેખાયું.

'આખા ગામની સ્ત્રીઓ ભણે તો કેવું ?'

અશ્વિનના મુખ ઉપરથી વિષાદ ઊડી ગયો. તેણે

પૂછ્યું :

'કુસુમ ! તું ગામની સ્ત્રીઓને ભણાવે તો કેવું ?'

'ભણાવીશ, તે જ હું કહું છું ને ?'

'અને તું લાઠી શીખીશ ખરી ?'

કુસુમ હસી અને બોલી :

'તમને ગમશે તો તેય શીખીશ.'

અશ્વિને આગળ કાંઈ જ પૂછ્યું નહિ. પત્નીની અનુકૂળતા નહિ. પત્નીની સક્રિય સહાયતા પતિના કાર્યમાં સહસ્ત્રગણો વેગ પૂરે છે. લગ્ન એટલે માત્ર સહવાસ જ નહિ પણ સહચાર છે. માત્ર આનંદ જ નહિ પણ ધર્મ છે, એનો પ્રથમ ખ્યાલ આજે જ અશ્વિનને થયો. પતિ-પત્નીનો એક જ હૃદયધડકાર આખી સૃષ્ટિને સંવાદમય બનાવી દે છે.

– ગ્રામલક્ષ્મી ભાગ – ૧

### માર્ગદર્શક સ્તંભ

સ્વાતંત્ર્યપ્રાપ્તિના સાત દશક બાદ પણ પોતાનું વતન છોડી લોકોને મોટાં શહેરો તરફ ખેંચી જતાં કારણોની ચર્ચા કરી શકાય. સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ થયેલી હરિત ક્રાંતિ, ત્યારબાદ પણ ખેતી ક્ષેત્રે થયેલી આધુનિક શોધોનો ખ્યાલ આપી શકાય. સાથે જ પારંપારિક ખેતીનો ખ્યાલ આપી કૃષિ વિદ્યાપીઠો, ખેડૂતો માટેની સહકારી સંસ્થાઓ વિશે માહિતી આપી શકાય. અશ્વિનની જેમ જ જો સુશિક્ષિત યુવાનો ગ્રામસુધારણા માટે પ્રયત્ન કરે તો ગામડાં ચોક્કસ સમૃદ્ધ થાય તેની ચર્ચા કરી શકાય. પાઠમાં માનવ સંવેદનાનાં ઘણાં પાસાંઓ વર્ણવ્યાં છે, સ્ત્રી-પુરુષના સંબંધો, પતિ-પત્નીના સંબંધો, ગ્રામજનોના પરસ્પર સંબંધ વિશે પણ કહી શકાય.

## સ્વાધ્યાય

**(અ) ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) શિખર (૨) વ્યવહાર (૩) લાગણી (૪) આકાશ

(૫) ગાંડપણ (૬) જરૂર (૭) ચંચળતા (૮) હંમેશા

**૨. લખો :**

(૧) કૃતિમાં સંદેહ માટે વપરાયેલા શબ્દો – ------------------------------------

(૨) કૃતિમાં આવેલા શબ્દયુગ્મો – ------------------------------------

**૩. કૃતિમાં નીચેના શબ્દો માટે વપરાયેલા વિશેષણ શોધો :**

(૧) --------- ચોર (૨) --------- ગામ (૩) --------- ખેતરો

(૪) --------- શક્તિઓ (૫) --------- સ્થિતિ (૬) --------- વ્યક્તિ

(૭) --------- ઊંચાઈ (૮) --------- ઢબ (૯) --------- માર્ગ

**૪. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો :**

(૧) ધમકી આપવા વપરાતી ચિઠ્ઠી – ------------------

(૨) ખૂબ ગૂંચવણભર્યો અઘરો પ્રશ્ન – ------------------

(૩) કાર્ય સફળ થવું તે – ------------------

(૪) લશ્કરની લડવા માટેની યોજના – ------------------

(આ) ૧. કોણ તે કહો :

(૧) વીજળીની ઝૂંપડીમાં બે રૂપિયા નાખનાર – -------------------------

(૨) અશ્વિનનો બાળપણનો મિત્ર – -------------------------

(૩) રામા પટેલની શેરીમાં રહેનાર – -------------------------

(૪) જાસાચિઠ્ઠી બાંધનાર – -------------------------

(૫) ગામમાં રહેતો અંત્યજ – -------------------------

(૬) અશ્વિનને મદદ કરવાની ઇચ્છા વ્યક્ત કરનાર – -------------------------

૨. શું તે કહો :

(૧) શહેરી સભ્યતાથી વિરુદ્ધ – -------------------------

(૨) ગામડાનો કૂટપ્રશ્ન – -------------------------

(૩) લાકડીનો ઉપયોગ માંગી લે છે – -------------------------

(૪) પતિના કાર્યમાં વેગ પૂરનાર – -------------------------

(૫) નિષ્ફળતા માણસને બનાવે છે – -------------------------

૩. લખો :

(૧) અશ્વિનનો નિત્યક્રમ

(૨) અશ્વિને છોડેલી શહેરની મોહિની

(૩) દરેક કાર્યમાં રહેલા છે

(૪) લાકડીથી થઈ શકે

૪. કોષ્ટક પૂર્ણ કરો :

| ગ્રામ્યજીવનના નિષ્ફળ નમૂના | તેમના ઘડતરની વિશેષતા |
|---|---|
| | |
| | |
| | |

૫. સમજીને લખો :

(૧) અશ્વિનના મતે લગ્ન એટલે- ------------------------------------------

(૨) અશ્વિનનું મન થાકેલું હતું કારણ કે – ------------------------------------

(૩) અશ્વિનને પ્રસન્ન કરવા કુસુમે કરેલા ઉપચાર – --------------------------------

(૪) ગામડાના લોકો શહેર પ્રત્યે ખેંચાય છે કારણ કે – ------------------------------

(૫) મહેરૂના શિક્ષણ દ્વારા ગ્રામયુવકોને સમજાયું કે- ------------------------------

(૬) અશ્વિનના મતે આદર્શ ગ્રામની સ્થિતિ - ------------------------------------

(૭) અશ્વિને કરસનના મુખ પર જોયેલા ભાવો - ------------------------------------

(૮) ગ્રામ પુનર્રચના ઇચ્છનાર વીરે દાખવવાનાં લક્ષણો - ------------------------------------

(ઇ) ૧. **નીચેના રૂઢિપ્રયોગોના અર્થ લખો :**

(૧) ભોળવી જવું (૨) જોખમ વેઠવું (૩) ચોકસાઈ થવી (૪) આંખો મળવી

(૫) ઇન્દ્રજાળ રચવી (૬) ઘર કોચવું (૭) જીવ પોષવા (૮) ખબર લેવી

૨. **સમાસનો વિગ્રહ કરી પ્રકાર ઓળખો :**

(૧) ભયસ્થાનો (૨) રમતગમત (૩) પતિપત્ની

(૪) રૂપરંગ (૫) ગ્રામશુદ્ધિ (૬) સેનાપતિ

૩. **સંધિ છોડો :**

(૧) વાતાવરણ (૨) સહાનુભૂતિ (૩) અત્યંત

(૪) સ્વચ્છ (૫) અનિચ્છા (૬) તથાપિ

૪. **કૌંસમાંના શબ્દો યોગ્ય જગ્યાએ લખો :**

(તેની, તે, તેના, તેણે, તેનું)

-------- મન બોલી ઊઠ્યું, આ તો સેનાપતિ થવાને લાયક છે. દૂરથી દેખાતો માણસ -------- જ સામે આવતો હતો. -------- ધીમે ધીમે પગ ઉપાડતો હતો. અશ્વિનને જોતાં -------- ઊંચું જોયું. કોઈ નવીનભાવ -------- મુખ પર ફેલાયેલો હતો.

(ઈ) ૧. **અશ્વિનના આદર્શગ્રામની કલ્પના વર્ણવો.**

૨. **સ્ત્રી-પુરુષના સંબંધ વિશે સમાજની વિચારસરણી અંગે તમારા મનોભાવો જણાવો.**

૩. **આદર્શ ગ્રામ વિશેની તમારી કલ્પના જણાવો.**

૪. **આદર્શ દામ્પત્યજીવન વિશે તમારા મંતવ્ય વ્યક્ત કરો.**

૫. **અશ્વિનનું પાત્રાલેખન કરો.**

૬. **મહેરૂનું પાત્રાલેખન કરો.**

(ઉ) **ગ્રંથાલયમાંથી 'કોકિલા' અને 'દિવ્યચક્ષુ' નવલકથાઓ મેળવી વાંચો.**

(ઊ) **આમટે દંપતી / ડૉ. રાજેન્દ્રસિંહ રાણા વિશે ઉપક્રમ તૈયાર કરો.**

હીરા પહેલ પડે દીપે, ટીપે ઘાટ ઘડાય,
ધૂપ જલે, દીપક બળે, જીવન એમ જીવાય.

# સ્વસર્જન

★ નીચેનું ચિત્ર જોઈ સ્વરચિત કાવ્ય/વાર્તા/સંવાદ/પરિચ્છેદ લખો.



# ૨. પોસ્ટઑફિસ

## ગૌરીશંકર જોશી (ધૂમકેતુ)

૧૨ ડિસેમ્બર, ૧૮૯૨ના રોજ વીરપુરમાં તેમનો જન્મ થયો હતો. માનવીય આદર્શો અને ભાવનાઓને કેન્દ્રમાં રાખીને ટૂંકીવાર્તાના સ્વરૂપનું સર્જન કરનાર 'ધૂમકેતુ' રંગદર્શી તેમ જ વાસ્તવદર્શી લેખક તરીકે પ્રતિષ્ઠિત છે. તેમણે ટૂંકી વાર્તા ઉપરાંત નવલકથા, વિવેચન, નિબંધ, ચરિત્ર, નાટક જેવા વિવિધ સાહિત્ય સ્વરૂપોનું ખેડાણ કર્યું છે. ટૂંકીવાર્તાના સ્વરૂપ ઘડતરમાં તેમનો ફાળો મહત્ત્વનો છે. 'તણખામંડળ ભાગ-૧થી ૪', 'આકાશદીપ', 'આમ્રપાલી', 'જીવનપથ', 'વિદાય વેળાએ' તેમની નોંધપાત્ર કૃતિઓ છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક અને નર્મદચંદ્રક અર્પણ કરી બિરદાવવામાં આવ્યા છે. ૧૧ માર્ચ, ૧૯૬૫ના રોજ તેમનું અવસાન થયું હતું.

## સૂર કૃતિનો

પ્રસ્તુત કૃતિ પુત્રીના પત્રની પ્રતીક્ષામાં દરરોજ સવારે પોસ્ટઑફિસે જઈ બેસતા વૃદ્ધ અલી ડોસાના ઉત્કટ વાત્સલ્યને નિરૂપતી ધૂમકેતુની અત્યંત જાણીતી ટૂંકીવાર્તા છે. એક સમયે શિકારમાં તરફડતાં પ્રાણીઓને જોવામાં આનંદ માનનાર અલી ડોસો દીકરી મરિયમના લગ્ન બાદ તેના વિરહમાં ઝૂરી રહ્યો છે. મરિયમના પત્રની રાહ જોતો અલી ડોસો દરરોજ વહેલી સવારથી પોસ્ટઑફિસમાં જઈ બેસે છે. પોસ્ટઑફિસમાં કામ કરનારા લોકો તેનો ઉપહાસ કરે છે, ગાંડો ગણે છે. પરંતુ જ્યારે પોસ્ટ માસ્તર પોતે જ એવી પરિસ્થિતિમાં મૂકાય છે ત્યારે તેઓ અલીની વેદના સમજી શકે છે. મૃત્યુને સમીપ જાણીને પણ તે મરિયમના પત્રની ઝંખના છોડી શકતો નથી અને કારકુનને ગીની આપી મરિયમનો પત્ર પોતાની કબર પર મૂકવા કહે છે. આખરે અલી ડોસાના મૃત્યુ બાદ આવેલા મરિયમના પત્રને તેની કબર પર મૂકવામાં આવે છે. એક પિતાના અતૂટ પ્રેમનું સુંદર નિરૂપણ આ કૃતિમાં જોવા મળે છે.

પાછલી રાત્રિનું ભૂરું આકાશ, માનવજીવનમાં અનેક સુખદ યાદગીરી ચમકી રહે તેમ, નાનામોટા તારાઓથી ચમકી રહ્યું હતું. ઠંડા પવનના સુસવાટાથી બચવા પોતાના જૂના અને ફાટેલા ઝભ્ભાને શરીરે વધારે લપેટી લેતો એક વૃદ્ધ ડોસો શહેરના મધ્યભાગમાં થઈને જતો હતો. સ્વાધીન અવસ્થા ભોગવતાં કેટલાંક ઘરોમાંથી આ વખતે ઘંટીનો મધુર લાગતો અવાજ, સ્ત્રીઓના ઝીણા સ્વર સાથે આવતો હતો. એકાદ કૂતરાનો અવાજ, કોઈક વહેલા ઊઠનારનાં પગરખાંનો છેટેથી સંભળાતો અવાજ કે કોઈ અકાળે જાગેલા પક્ષીનો સ્વર : એ સિવાય શહેર તદ્દન શાંત હતું. લોકો મીઠી નિંદ્રામાં ઘોરતા હતા અને શિયાળાની ઠંડીથી રાત્રિ વધારે ગાઢ બનતી હતી. કહે નહિ છતાં કતલ કરી નાખે એવી મીઠા મનુષ્યના સ્વભાવ જેવી શિયાળાની ઠંડી કાતિલ હથિયારની માફક પોતાનો કાબૂ સર્વત્ર ફેલાવી રહી હતી. વૃદ્ધ ડોસો ધ્રૂજતો ને શાંત રીતે ડગમગ ચાલતો, શહેરના દરવાજા બહાર થઈ, એક સીધી સડક પર આવી પહોંચ્યો ને ધીમે ધીમે પોતાની જૂની ડાંગના ટેકાથી આગળ વધ્યો.

સડકની એક બાજુ ઝાડોની હાર હતી ને બીજી બાજુ શહેરનો બાગ હતો. અહીં ઠંડી વધારે હતી ને રાત્રિ વધારે 'શીમણી' બનતી હતી. પવન સોંસરવો નીકળી જતો હતો ને શુક્રના તારાનું મીઠું તેજ, બરફ પડે તેમ પૃથ્વી ઉપર ઠંડીના કટકા જેવું પડતું હતું. જ્યાં બાગનો છેડો હતો ત્યાં છેલ્લામાં છેલ્લી ઢબનું એક રોનકદાર મકાન હતું ને તેની બંધ બારી તથા બારણામાંથી દીવાનો ઉજાશ બહાર પડતો હતો.

ભાવિક મનુષ્ય દાતારનું શિખર જોઈ જેમ શ્રદ્ધાથી આનંદ પામે તેમ વૃદ્ધ ડોસો આ મકાનની લાકડાની કમાન જોઈ આનંદ પામ્યો. કમાન પર એક જરીપુરાણા પાટિયામાં નવા અક્ષર લખ્યા હતા : 'પોસ્ટઑફિસ.'

ડોસો ઑફિસની બહાર પડથાર પર બેઠો. અંદરથી કંઈ ચોક્કસ અવાજ આવતો ન હતો, પણ બેચાર જણા કામમાં હોય તેમ વ્યાવહારિક 'ગુસપુસ' થતી હતી.

'પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ !' અંદરથી અવાજ આવ્યો. ડોસો ચમક્યો પણ પાછો શાંત બનીને બેઠો. શ્રદ્ધા અને સ્નેહ આટલી ઠંડીમાં એને ઉષ્મા આપી રહ્યાં હતાં.

અંદરથી અવાજ પર અવાજ આવવા લાગ્યા. કારકુન અંગ્રેજી કાગળનાં સરનામાં બોલી બોલી પોસ્ટમૅન તરફ નાખતો જતો હતો. કમિશનર, સુપરિન્ટેન્ડેન્ટ, દીવાનસાહેબ, લાઈબ્રેરિયન એમ એક પછી એક અનેક નામ બોલવાનો અભ્યાસી કારકુન ઝપાટાબંધ કાગળો ફેંક્યે જતો હતો.

એવામાં અંદરથી એક મશ્કરીભર્યો અવાજ આવ્યો : 'કોચમૅન અલી ડોસા !'

વૃદ્ધ ડોસો હતો – ત્યાંથી બેઠો થયો, શ્રદ્ધાથી આકાશ સામે જોયું ને આગળ વધ્યો અને બારણા પર હાથ મૂક્યો.

'ગોકળભાઈ !'

'કોણ?'

'કોચમૅન અલી ડોસાનો કાગળ કીધો ના ?... હું આવ્યો છું.'

જવાબમાં નિષ્ઠુર હાસ્ય આવ્યું.


'સાહેબ ! આ એક ગાંડો ડોસો છે. એ હંમેશાં પોતાનો કાગળ લેવા પોસ્ટઑફિસે ધક્કો ખાય છે.'

કારકુને આ શબ્દો પોસ્ટમાસ્તરને કહ્યા, ત્યાં તો ડોસો પોતાના સ્થાન પર બેસી ગયો હતો. પાંચ વર્ષ થયાં એ જગ્યાએ બેસવાનો તેને અભ્યાસ હતો.

અલી મૂળ હોશિયાર શિકારી હતો. પછી ધીમેધીમે એ અભ્યાસમાં એવો કુશળ બન્યો હતો કે હંમેશાં જેમ અફીણીને અફીણ લેવું પડે તેમ અલીને શિકાર કરવો પડે. ધૂળની સાથે ધૂળ જેવા બની જતા કાબરચીતરા તેતર પર અલીની દષ્ટિ પડે કે તરત તેના હાથમાં તેતર આવી જ પડ્યું હોય ! એની તીક્ષ્ણ દષ્ટિ સસલાની ખોમાં જઈ પહોંચતી. આસપાસના સૂકા, પીળા 'કાસડા'ના કે રાંપડાના ઘાસમાં સંતાઈને સ્થિર કાન કરી બેઠેલા ચતુર સસલાના ભૂરા મેલા રંગને ક્યારેક ખુદ શિકારી કૂતરા જુદો ન પાડી શકતા, આગળ વધી જતા ને સસલું બચી જતું, પરંતુ ઈટાલીના ગરુડ જેવી અલીની દષ્ટિ બરાબર સસલાના કાન પર ચોંટતી અને બીજી જ પળે તે રહેતું નહિ. વળી, ક્યારેક અલી મચ્છીમારનો મિત્ર બની જતો.

પણ જ્યારે જીવનસંધ્યા પહોંચતી લાગી ત્યારે આ શિકારી અચાનક બીજી દિશામાં વળી ગયો. એની એકની એક દીકરી મરિયમ પરણીને સાસરે ગઈ. એના જમાઈને લશ્કરમાં નોકરી હતી તેથી તે પંજાબ તરફ તેની સાથે ગઈ હતી અને જેને માટે તે જીવન નિભાવતો હતો તે મરિયમના છેલ્લાં પાંચ વર્ષ થયાં કાંઈ સમાચાર હતા નહિ. હવે અલીએ જાણ્યું કે સ્નેહ અને વિરહ શું છે? પહેલાં તો એ તેતરનાં બચ્ચાંને આકુળવ્યાકુળ દોડતાં જોઈ હસતો. આ એનો – શિકારનો આનંદ હતો.

શિકારનો રસ એની નસેનસમાં ઊતરી ગયો હતો. પરંતુ જે દિવસે મરિયમ ગઈ ને તેને જિંદગીમાં એકલતા લાગી તે દહાડાથી અલી શિકારે જતાં શિકાર ભૂલી, સ્થિર દષ્ટિથી અનાજનાં ભરચક લીલાં ખેતર જોઈ રહેતો ! એને જિંદગીમાં પહેલી વખત સમજાયું કે કુદરતમાં સ્નેહની સૃષ્ટિ અને વિરહનાં આંસુ છે ! પછી તો એક દિવસ અલી એક ખાખરાના ઝાડ નીચે બેસીને હૈયાફાટ રોયો. ત્યાર પછી હંમેશાં સવારમાં ચાર બજે ઊઠીને એ પોસ્ટઑફિસે આવતો. એનો કાગળ તો કોઈ દિવસ હોય નહિ, પણ મરિયમનો કાગળ એક દિવસ આવશે એવી ભક્તના જેવી શ્રદ્ધામાં ને આશાભર્યા ઉલ્લાસમાં તે હંમેશાં સૌથી પહેલો પોસ્ટઑફિસે આવીને બેસતો.




પોસ્ટઑફિસ - કદાચ જગતમાં સૌથી રસહીન મકાન - એનું ધર્મક્ષેત્ર-તીર્થસ્થાન બન્યું. એક જ જગ્યાએ ને એક જ ખૂણે તે હંમેશાં બેસતો. એને એવો જાણ્યા પછી સૌ હસતાં. પોસ્ટમૅન મશ્કરી કરતા ને ક્યારેક મજાકમાં એનું નામ દઈ એને જગ્યા પરથી પોસ્ટઑફિસના બારણાં સુધી, કાગળ ન હોય છતાં, ધક્કો ખવરાવતા. અખૂટ શ્રદ્ધા ને ધૈર્ય હોય તેમ એ હંમેશાં આવતો ને દરરોજ ઠાલે હાથે પાછો જતો.

અલી બેઠો હતો એટલામાં એક પછી એક પટાવાળાઓ પોતપોતાની ઑફિસના કાગળો લેવા આવવા લાગ્યા. ઘણું કરીને પટાવાળા એ વીસમી સદીમાં અધિકારીઓની સ્ત્રીઓના ખાનગી કારભારી જેવા છે, એટલે આખા શહેરના દરેકેદરેક ઑફિસરનો ખાનગી ઇતિહાસ અત્યારે વંચાતો.

કોઈના માથા પર સાફો તો કોઈના પગમાં ચમચમાટી કરે તેવા બૂટ-એમ સૌ પોતપોતાનો વિશિષ્ટ ભાવ દર્શાવતા હતા. એટલામાં બારણું ખૂલ્યું, દીવાના અજવાળામાં સામેની ખુરશી પર તૂંબડા જેવું માથું ને હંમેશનો દિલગીરીભર્યો ઉદાસીન જેવો ચહેરો લઈ પોસ્ટમાસ્તર બેઠા હતા. કપાળ પર, મોં પર કે આંખમાં ક્યાંય તેજ ન હોય ત્યારે માણસ ઘણું કરીને ગોલ્ડસ્મિથનો 'વિલેજ સ્કૂલમાસ્તર', આ સદીનો કારકુન કે પોસ્ટમાસ્તર હોય છે !

અલી પોતાની જગ્યાએથી ખસ્યો નહિ.

'પોલીસ કમિશનર !' કારકુને બૂમ પાડી ને એક થનથનાટ કરતા જુવાને પોલીસ કમિશનરના કાગળ લેવા હાથ આગળ ધર્યો.

'સુપરિન્ટેન્ડેન્ટ !'

બીજો એક પટાવાળો આગળ આવ્યો - અને આમ ને આમ એ સહસ્ત્રનામાવલિ વિષ્ણુભક્તની જેમ કારકુન હંમેશાં પઢી જતો.

અંતે સૌ ચાલ્યા ગયા. અલી ઊઠ્યો. પોસ્ટઑફિસમાં ચમત્કાર હોય તેમ તેને પ્રણામ કરી ચાલ્યો ગયો ! અરે ! સૈકાઓ પહેલાંનો ગામડિયો !

'આ માણસ ગાંડો છે?' પોસ્ટમાસ્તરે પૂછ્યું.

'હા, કોણ ? અલી ના ? હા સાહેબ; પાંચ વરસ થયાં, ગમે તેવી ઋતુ હોય છતાં કાગળ લેવા આવે છે ! એનો કાગળ ભાગ્યે જ હોય છે !' કારકુને જવાબ આપ્યો.

'કોણ નવરું બેઠું છે ? હંમેશ તે કાગળ ક્યાંથી હોય?'

'અરે ! સાહેબ, પણ એનું મગજ જ ચસકી ગયું છે ! તે પહેલાં બહુ પાપ કરતો, એમાં કોઈ થાનકમાં દોષ કર્યો ! ભાઈ કર્યાં ભોગવવાં છે !' પોસ્ટમૅને ટેકો આપ્યો.

'ગાંડા બહુ વિચિત્ર હોય છે.'

'હા, અમદાવાદમાં મેં એક વખત એક ગાંડો જોયો હતો. તે આખો દિવસ ધૂળના ઢગલા જ કરતો ; બસ, બીજું કાંઈ નહિ. બીજા એક ગાંડાને હંમેશાં નદીને કાંઠે જઈ સાંજે એક પથ્થર પર પાણી રેડવાની ટેવ હતી !'

'અરે, એક ગાંડાને એવી ટેવ હતી કે આખો દિવસ આગળ ને પાછળ ચાલ્યા જ કરે ! બીજો એક કવિતા ગાયા કરતો ! એક જણ પોતાને ગાલે લપાટો જ માર્યા કરતો ને પછી કોઈક મારે છે એમ માનીને રોયા કરતો !'

આજે પોસ્ટઑફિસમાં ગાંડાનું પુરાણ નીકળ્યું હતું. હંમેશાં આવું એકાદ પ્રકરણ છેડીને એના પર બે-ચાર મિનિટ વાત કરી આરામ લેવાની ટેવ લગભગ બધા જ નોકરવર્ગમાં ગલત ટેવની જેમ પેસી ગઈ છે. પોસ્ટમાસ્તર છેવટે ઊઠ્યા અને જતાં જતાં કહ્યું :

'માળું, ગાંડાની પણ દુનિયા લાગે છે ! ગાંડા આપણને ગાંડા માનતા હશે અને ગાંડાની સૃષ્ટિ કવિની સૃષ્ટિ જેવી હશે !'

છેલ્લા શબ્દ બોલતા પોસ્ટમાસ્તર હસીને ચાલ્યા ગયા. એક કારકુન વખત મળ્યે જરા ગાંડાઘેલા જોડી કાઢતો ને એને સૌ ખીજવતા. પોસ્ટમાસ્તરે છેલ્લું વાક્ય એટલા જ માટે હસતાં હસતાં એના તરફ ફરીને કહ્યું હતું. પોસ્ટઑફિસ હતી તેવી શાંત બની રહી.

એક દિવસ અલી બે-ત્રણ દિવસ સુધી આવ્યો નહિ. પોસ્ટઑફિસમાં અલીનું મન સમજી જાય એવી સહાનુભૂતિ કે વિશાળ દૃષ્ટિ કોઈનામાં ન હતી, પણ એ કેમ ન આવ્યો, એવી કુતૂહલબુદ્ધિ સૌને થઈ. પછી અલી આવ્યો પણ તે દિવસે એ હાંફતો હતો ને એના ચહેરા પર જીવનસંધ્યાનાં સ્પષ્ટ ચિહ્ન હતાં.

આજે તો અલીએ અધીરા બનીને પોસ્ટમાસ્તરને પૂછ્યું : ''માસ્તરસાહેબ, મારી મરિયમનો કાગળ છે ?''

પોસ્ટમાસ્તર તે દિવસે ગામ જવાની ઉતાવળમાં હતા ને તેમનું મગજ સવાલ ઝીલી શકે એટલું શાંત ન હતું.

''ભાઈ તમે કેવા છો ?''

''મારું નામ અલી !'' અલીનો અસંબદ્ધ જવાબ મળ્યો.

''હા, પણ અહીં કાંઈ તમારી મરિયમનું નામ નોંધી રાખ્યું છે ?''

''નોંધી રાખોને, ભાઈ ! વખત છે ને કાગળ આવે, ને હું ન હોઉં તો તમને ખપ આવે !' પોણી જિંદગી શિકારમાં ગાળી હોય એને શી ખબર કે મરિયમનું નામ એના પિતા સિવાય બીજાને મન બે પૈસા જેટલી કિંમતનું છે ?

પોસ્ટમાસ્તર તપી ગયા : 'ગાંડો છે કે શું ? જા જા, તારો કાગળ આવશે તો કોઈ ખાઈ નહિ જાય ! '

પોસ્ટમાસ્તર ઉતાવળમાં ચાલ્યા ગયા અને અલી ધીમે પગલે બહાર નીકળ્યો. નીકળતાં નીકળતાં એક વખત ફરીને પોસ્ટઑફિસ તરફ જોઈ લીધું ! આજે એની આંખમાં અનાથનાં આંસુની છાલક હતી : અશ્રદ્ધા ન હતી પણ ધૈર્યનો અંત આવ્યો હતો ! અરે ! હવે મરિયમનો કાગળ ક્યાંથી પહોંચે ?

એક કારકુન એની પાછળ આવતો લાગ્યો. અલી તેના તરફ ફર્યો : 'ભાઈ !'

કારકુન ચમક્યો ; પણ તે સારો હતો.

'કેમ ?'

'જુઓ, આ મારી પાસે છે' એમ કહી પોતાની એક જૂની પતરાની દાબડી હતી તેમાંથી અલીએ પાંચ ગીની કાઢી.

જોઈ કારકુન ભડક્યો.

'ભડકશો નહિ, તમારે આ ઉપયોગી ચીજ છે.

મારે હવે તેનો ઉપયોગ નથી, પણ એક કામ કરશો ?'

'શું ?'

'આ ઉપર શું દેખાય છે ?' અલીએ શૂન્ય આકાશ સામે આંગળી ચીંધી.

'આકાશ.'

'ઉપર અલ્લા છે તેની સાક્ષીમાં તમને પૈસા આપું છું. તમારે મારી મરિયમનો કાગળ આવે તો પહોંચાડવો.'

કારકુન આશ્ચર્યમાં સ્થિર ઊભો : 'ક્યાંથી ક્યાં પહોંચાડવો ?'

'મારી કબર ઉપર !'

'હેં ?'

'સાચું કહું છું. આજ હવે છેલ્લો દિવસ છે ! અરેરે છેલ્લો ! મરિયમ ન મળી-કાગળે ન મળ્યો.' અલીની આંખમાં ઘેન હતું. કારકુન ધીમેધીમે તેનાથી છૂટો પડી ચાલ્યો ગયો. તેના ખીસામાં ત્રણ તોલા સોનું પડ્યું હતું.

પછી અલી કોઈ દિવસ દેખાયો નહિ અને એની ખબર કાઢવાની ચિંતા તો કોઈને હતી જ નહિ. એક દિવસ પોસ્ટમાસ્તર જરાક અફસોસમાં હતા. એમની દીકરી દૂર દેશાવરમાં માંદી હતી અને તેના સમાચારની રાહ જોતા એ શોકમાં બેઠા હતા.

ટપાલ આવી ને કાગળનો થોક પકડ્યો. રંગ ઉપરથી પોતાનું કવર છે એમ ધારી પોસ્ટમાસ્તરે ઝપાટાબંધ એક કવર ઊંચકી લીધું પણ એના ઉપર સરનામું હતું. 'કોચમૅન અલી ડોસા !'

વીજળીનો આંચકો લાગ્યો હોય તેમ એમણે તે નીચે નાખી દીધું ! દિલગીરી અને ચિંતાથી થોડી ક્ષણમાં એમનો અધિકારીનો કડક સ્વભાવ જતો રહી માનવ-સ્વભાવ બહાર આવ્યો હતો. એમને એકદમ સાંભર્યું કે આ પેલા ડોસાનું કવર-અને કદાચ એની દીકરી મરિયમનું.

'લક્ષ્મીદાસ !' એમણે એકદમ બૂમ પાડી.

લક્ષ્મીદાસ તે જ માણસ હતો કે જેને અલીએ છેલ્લી ઘડીએ ગીની આપી હતી.

'કેમ સાહેબ ?'

'આ તમારા કોચમૅન અલી ડોસા... આજે હવે ક્યાં છે એ ?'

'તપાસ કરશું.'

તે દિવસે પોસ્ટમાસ્તરના સમાચાર ન આવ્યા. આખી રાત્રિ શંકામાં વિતાવી. બીજે દિવસે સવારે ત્રણ વાગ્યામાં તે ઑફિસમાં બેઠા હતા. ચાર વાગે ને અલી ડોસા આવે કે હું પોતે જ તેને કવર આપું, એવી આજ એમની ઇચ્છા હતી.

વૃદ્ધ ડોસાની સ્થિતિ પોસ્ટમાસ્તર હવે સમજી ગયા હતા. આજ આખી રાત તેમણે સવારે આવનાર કાગળના ધ્યાનમાં ગાળી હતી. પાંચપાંચ વર્ષ સુધી આવી અખંડ રાત્રિઓ ગાળનાર તરફ એમનું હૃદય આજે પહેલવહેલું લાગણીથી ઊછળી રહ્યું હતું. બરાબર પાંચ વાગ્યે બારણા પર ટકોરો પડ્યો. પોસ્ટમૅન હજી આવ્યા ન હતા, પણ આ ટકોરો અલીનો હતો, એમ લાગ્યું. પોસ્ટમાસ્તર ઊઠ્યા. પિતાનું હૃદય પિતાના હૃદયને પિછાને તેમ આજે એ દોડ્યા, બારણું ખોલ્યું.

'આવો અલીભાઈ ! આ તમારો કાગળ !' બારણામાં એક વૃદ્ધ દીન ડોસો લાકડીના ટેકાથી નમી ગયેલો ઊભો હતો. છેલ્લા આંસુની ધાર હજી તેના ગાલ પર તાજી હતી, ને ચહેરાની કરચલીમાં કરડાઈના રંગ પર ભલમનસાઈની પીંછી ફરેલી હતી.

તેણે પોસ્ટમાસ્તર સામે જોયું ને પોસ્ટમાસ્તર જરાક ભડક્યા. ડોસાની આંખમાં મનુષ્યનું તેજ ન હતું !

'કોણ સાહેબ ? અલી ડોસા...!' લક્ષ્મીદાસ એક બાજુ સરીને બોલતો બારણા પાસે આવ્યો.

પણ પોસ્ટમાસ્તરે તે તરફ હવે લક્ષ ન આપતાં બારણા તરફ જ જોયા કર્યું - પણ ત્યાં કોઈ ન લાગ્યું. પોસ્ટમાસ્તરની આંખ ફાટી ગઈ ! બારણામાં હવે કોઈ જ હતું નહિ, એ શું ? તે લક્ષ્મીદાસ તરફ ફર્યા.

એના સવાલનો જવાબ વાળ્યો :

'હા, અલી ડોસા કોણ ? તમે છો ના ?'

'જી, અલી ડોસો તો મરી ગયેલ છે ! પણ એનો કાગળ લાવો મારી પાસે !'

'હેં ? કે દી ? લક્ષ્મીદાસ !'

'જી, એને તો ત્રણેક મહિના થઈ ગયા ! ' સામેથી એક પોસ્ટમૅન આવતો હતો. તેણે બીજો અરધો જવાબ વાળ્યો હતો.

પોસ્ટમાસ્તર દિઙ્મૂઢ બની ગયા. હજી મરિયમનો કાગળ ત્યાં બારણામાં પડ્યો હતો ! અલીની મૂર્તિ એની નજર સમક્ષ તરી રહી. લક્ષ્મીદાસે, અલી છેલ્લે કેમ મળ્યો હતો તે પણ કહ્યું. પોસ્ટમાસ્તરના કાનમાં પેલો ટકોરો ને નજર સમક્ષ અલીની મૂર્તિ બંને ખડાં થયાં ! એમનું મન ભ્રમમાં પડ્યું :

'મેં અલીને જોયો કે માત્ર શંકા હતી – કે એ લક્ષ્મીદાસ હતો ?'

પાછી રોજનીશી ચાલી : 'પોલીસ કમિશનર, સુપરિન્ટેન્ડેન્ટ, લાઈબ્રેરિયન'– કારકુન ઝપાટાબંધ કાગળ ફેંક્યે જતો હતો.

પણ દરેક કાગળમાં ધડકતું હૃદય હોય તેમ પોસ્ટમાસ્તર આજે એકીનજરે એ તરફ જોઈ રહ્યા છે ! કવર એટલે એક આનો ને પોસ્ટકાર્ડ એટલે બે પૈસા એ દૃષ્ટિ ચાલી ગઈ છે. ઠેઠ આફ્રિકાથી કોઈ વિધવાના એકના એક છોકરાનો કાગળ એટલે શું ? પોસ્ટમાસ્તર વધારે ને વધારે ઊંડા ઊતરે છે.

મનુષ્ય પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી જુએ તો અરધું જગત શાંત થઈ જાય.

તે સાંજે લક્ષ્મીદાસ ને પોસ્ટમાસ્તર ધીમે પગલે અલીની કબર તરફ જતા હતા. મરિયમનો કાગળ સાથે જ હતો. કબર પર કાગળ મૂકી પોસ્ટમાસ્તર ને લક્ષ્મીદાસ પાછા વળ્યા.

'લક્ષ્મીદાસ ! આજે સવારે તમે વહેલા આવ્યા કાં ?'

'જી, હા.'

'– અને તમે કીધું, અલી ડોસા...'

'જી, હા.'

'પણ – ત્યારે... ત્યારે, સમજાયું નહિ કે...'

'શું ?'

'હાં ઠીક કાંઈ નહિ !' પોસ્ટમાસ્તરે ઉતાવળે વાત વાળી લીધી. પોસ્ટઑફિસનું આંગણું આવતાં પોસ્ટમાસ્તર લક્ષ્મીદાસથી જુદા પડી વિચાર કરતા અંદર ચાલ્યા ગયા. એમનું પિતા તરીકેનું હૃદય અલીને ન સમજવા માટે ડંખતું હતું ને આજે હજી પોતાની દીકરીના સમાચાર ન હતા, માટે પાછા સમાચારની ચિંતામાં તે રાત્રિ ગાળવાના હતા. આશ્ચર્ય, શંકા અને પશ્ચાત્તાપના ત્રિવિધ તાપથી તપતા એ પોતાના દીવાનખંડમાં બેઠા ને પાસેની કોલસાની સગડીમાંથી મધુર તાપ આવવા લાગ્યો.

### માર્ગદર્શક સ્તંભ

આ કૃતિના અધ્યાપનની શરૂઆત કરતાં પહેલાં વિદ્યાર્થીઓને જ્યારે સંદેશ વ્યવહારના આટલાં સરળ માધ્યમો ઉપલબ્ધ ન હતાં ત્યારે પત્ર જ એક માત્ર માધ્યમ હતું તે વાત કરી શકાય. આતુરતાથી ટપાલીની રાહ જોતાં લોકો વિશે વાત કરી શકાય. એક જ થેલામાં હર્ષ, શોક, સુખ, દુઃખના સમાચાર એક સાથે લાવનાર ટપાલી માટે લખાયેલા 'ડાકિયા ડાક લાયા...' ગીતની વાત કરી શકાય. પિતા એક એવું પાત્ર જે બહારથી ગમે તેટલા કડક દેખાય પણ પુત્રીની વાત આવે ત્યારે મીણની જેમ પીગળી જાય. ગમે એવો બાપ હોય પણ દીકરીને વિદાય કરે ત્યારે તેની આંખ કોરી રહી શકતી નથી. પુત્રીપ્રેમ શિકારી માનસને પણ સંવેદનશીલ બનાવી શકે છે તેની વાત કરી શકાય.

## સ્વાધ્યાય

(અ) ૧. **નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) સ્થાન (૨) પદ્ધતિ (૩) નિર્દય (૪) નાની ડબી
(૫) બખોલ (૬) દિલગીરી (૭) આસ્થા (૮) ચકિત

૨. **કૃતિમાં નીચેના શબ્દો માટે વપરાયેલા વિશેષણ લખો :**

(૧) --------- આકાશ (૨) --------- હાસ્ય (૩) --------- અવાજ
(૪) --------- પવન (૫) --------- તેજ (૬) --------- યાદગીરી
(૭) --------- ભાવ (૮) --------- મનુષ્ય (૯) --------- શિકારી


૩. **ગદ્યમાં આવેલ અંગ્રેજી શબ્દોની નોંધ તૈયાર કરી તેના માટે વપરાતા ગુજરાતી ભાષાના શબ્દો લખો.**

૪. **નીચેના શબ્દસમૂહો માટે એક શબ્દ આપો :**


(૧) દાન આપે તે - -------------------- (૨) જીવનની પાછલી અવસ્થા - -------------
(૩) ધનુષ આકારની રચના - ------------- (૪) હજાર નામનો સમૂહ - ----------------
(૫) સો વર્ષનો સમૂહ - ------------------ (૬) પર્વતની ટોચનો ભાગ - ----------------

(આ) ૧. **શબ્દજાળ પૂર્ણ કરો :**


(૧)





(૨)




(૩)




(૪)



૨. પાઠના આધારે લખો :

(૧) ખૂબ હોંશિયાર શિકારી - ---------------------------
(૨) જેના વિરહમાં અલી ડોસો તડપતો હતો તે - ---------------------------
(૩) અલીએ છેલ્લી ઘડીએ જેને ગીની આપી હતી તે - ---------------------------
(૪) અલીની કબર પર કાગળ મૂકવા જનાર - ---------------------------
(૫) અલી ડોસાનું ધર્મક્ષેત્ર- તીર્થસ્થાન - ---------------------------

(ઇ) ૧. સમાસનો વિગ્રહ કરી પ્રકાર લખો :

(૧) બેચાર (૨) જરીપુરાણા (૩) ધર્મક્ષેત્ર
(૪) વિષ્ણુભક્ત (૫) લક્ષ્મીદાસ (૬) દીવાનખંડ

૨. સંધિ છોડો :

(૧) સ્વાધીન (૨) અભ્યાસ (૩) ઉલ્લાસ (૪) વ્યાકુળ

૩. રૂઢિપ્રયોગનો અર્થ લખી વાક્યમાં ઉપયોગ કરો :

(૧) મગજ ચસકી જવું (૨) આંખ ફાટી જવી
(૩) આકુળવ્યાકુળ થવું (૪) કર્યા ભોગવવા

૪. કૃતિમાં આવેલ શબ્દયુગ્મોની યાદી તૈયાર કરો.

૫. યોગ્ય વિરામચિહ્ન મૂકો.

(૧) અરે સાહેબ પણ એનું મગજ જ ચસકી ગયું છે (૨) આ માણસ ગાંડો છે પોસ્ટમાસ્તરે પૂછ્યું
(૩) લક્ષ્મીદાસ આજે સવારે તમે વહેલા આવ્યા કાં (૪) હા અલી ડોસા કોણ તમે છો ના

(ઈ) ૧. અલી ડોસાનું પાત્રાલેખન કરો.

૨. 'પોસ્ટઑફિસ અલી ડોસા માટે ધર્મક્ષેત્ર-તીર્થસ્થાન બન્યું' - ચર્ચા કરો.

૩. પોસ્ટમાસ્તરના અલી ડોસા પ્રત્યેના બદલાયેલ દષ્ટિકોણ વિશે તમારા શબ્દમાં લખો.

(ઉ) 'મનુષ્ય પોતાની દષ્ટિ છોડી બીજાની દષ્ટિથી જુએ તો અરધું જગત શાંત થઈ જાય' - આ વિધાન અંગે વર્ગમાં સમૂહચર્ચા કરો.

(ઊ) ૧. ચુનીલાલ મડિયા રચિત 'શરણાઈના સૂર' વાર્તા મેળવી વાંચો.

૨. સંદેશવ્યવહારના પ્રાચીનથી અર્વાચીન માધ્યમોનો ઉપક્રમ તૈયાર કરો.

કલા કારીગરીને શિક્ષણમાં, સદા રાખજો ધ્યાન;
પ્રેમ-પ્રસિદ્ધિ મળે જીવનમાં, અર્જુન-એકલવ્ય સમાન !

## ઉપક્રમ

❁ શું કહેવાય? છેલ્લે 'રૂ' અથવા 'રું' આવે તેવા શબ્દમાં જવાબ નક્કી કરો.

(૧) પાયલ – 

(૨) છોકરીઓ પરણીને જાય તે – 

(૩) ઓસ્ટ્રેલિયાનું પ્રાણી – 

(૪) ઘણા વખતથી બંધ પડેલું – 

(૫) જેમાંથી માથાનું તેલ બને – 

(૬) ભાઈબંધ, મિત્ર – 

(૭) સાપનું બીજું નામ – 

(૮) પ્રત્યક્ષ મળવું તે – 

(૯) પાલતું વફાદાર પ્રાણી – 

(૧૦) લોકોને લૂંટે તે – 

(૧૧) કીડીઓથી ઉભરાતું – 

(૧૨) લોકોના ગજવા કાપે તે – 

(૧૩) ભીનું ન હોય તેવું – 

(૧૪) દીવો કરવાની જગ્યા – 

(૧૫) બાંધકામના મજૂરનું સાધન – 

❁ શું જોઈએ તે કહો : (વિવેક, ભાવ, હામ, નીતિ, સૂર, ધગશ, મેળ, પવિત્રતા, ઉષ્મા, સમજણ)

૧. ધંધામાં --------- જોઈએ. ૨. વાણીમાં --------- જોઈએ.

૩. સંગીતમાં --------- જોઈએ. ૪. મિત્રતામાં --------- જોઈએ.

૫. ભક્તિમાં --------- જોઈએ. ૬. પ્રેમમાં --------- જોઈએ.

૭. હૈયામાં --------- જોઈએ. ૮. આવકારમાં --------- જોઈએ.

૯. સંબંધમાં --------- જોઈએ. ૧૦. નેતામાં --------- જોઈએ.

# ૩. સ્વલક્ષણ મીમાંસા

## બકુલ ત્રિપાઠી

બકુલ પદ્મમણિશંકર ત્રિપાઠીનો જન્મ ૨૭ નવેમ્બર, ૧૯૨૮ના રોજ નડિયાદમાં થયો હતો. તેઓ 'ઠોઠ નિશાળિયા' તરીકે પણ જાણીતા છે. તેઓ જાણીતા હાસ્યલેખક, નિબંધકાર, નાટ્યલેખક તેમ જ કટારલેખક હતા. ગુજરાતી સાહિત્યમાં તેમના અમૂલ્ય યોગદાન બદલ તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક, કુમાર સુવર્ણચંદ્રક, જ્યોતીન્દ્ર દવે પારિતોષિકથી સન્માનવામાં આવ્યા છે.

'સચરાચરમાં', 'સોમવારની સવારે', 'હિંડોળો ઝાકમઝોળ', 'પ્રિય સખી અને ભજિયાં' વગેરે તેમની વખણાયેલી કૃતિઓ છે. ૩૧ ઑગસ્ટ, ૨૦૦૬ના રોજ અમદાવાદમાં તેમનું અવસાન થયું.

## સૂર કૃતિનો

પ્રસ્તુત હાસ્યનિબંધમાં પોતાના લક્ષણોના આકલન અને સ્વીકાર દ્વારા લેખકે હળવું હાસ્ય નીપજાવ્યું છે. બાળપણમાં પોતાને મળેલા ભણેશરી, વાંદરો જેવા ઉપનામો, મોટાભાઈની પ્રામાણિકતાનો લાભ લઈ લેખકની છટકી જવાની કળાનો લેખકે પ્રામાણિક એકરાર કર્યો છે. પેરાશુટમાંથી પ્રેરણા લઈ લેખકે કરેલો છત્રી પ્રયોગ, લેખકનો ભૂલકણો સ્વભાવ, બીજું તો ઠીક પરંતુ પત્નીને ભૂલી જવાના પ્રસંગનું રમૂજી નિરૂપણ લેખકે કર્યું છે. કેટલાંક એવા લક્ષણો પણ વર્ણવ્યા છે જે બીજાને ભલે સ્વીકાર્ય ન હોય પરંતુ લેખક માટે વરદાનરૂપ રહ્યાં છે. ખૂબ મથામણ પછી પણ પોતાનામાં રહેલા બત્રીસ લક્ષણો શોધવામાં નિષ્ફળ રહેલા લેખકને સંપાદક બત્રીસ લક્ષણનું રહસ્ય સમજાવે છે, તે આ લેખની ખરી ગમ્મત છે.

('બત્રીસલક્ષણા બકુલ ત્રિપાઠી' એ નામનું મારું પુસ્તક હમણાં પ્રગટ થયું. હાસ્યરસના મારા લેખોનું આ સંપાદિત પુસ્તક છે. પુસ્તકના સંપાદકશ્રીને મેં પૂછ્યું, 'તમે મને પૂછયા વિના જ આવું શીર્ષક શા આધારે બાંધી દીધું ? મારાં બત્રીસ લક્ષણો કયાં ?' સંપાદકશ્રી વદ્યા 'એ તો તમારે શોધી કાઢવાનાં. મેં તો શીર્ષક આકર્ષક લાગ્યું એટલે રાખી દીધું' કયાં હશે મારાં બત્રીસ લક્ષણો ?' – શોધવાના નમ્ર પ્રયાસ રૂપે આ લેખ... બ. ત્રિ.)

નાનપણમાં મારા પિતાજીએ મારું મુખ્ય લક્ષણ ગણાવેલું – ભણેશરી હોવાનું ! મારા મોટાભાઈ જોડે સરખામણી કરતાં એ કહેતા. ''આ મોટો તોફાની છે. ભણવાની દાનત જ નથી. હા આ બકુલના લક્ષણ ખરાં, ભણવાના !'' જોકે ખાનગી હકીકત એટલી જ કે મારા મોટાભાઈ પ્રામાણિક હતા અને હું જન્મથી જ ''એક્ટર'' હતો ! માર ખાવાનો એમનો જ વારો આવતો, કારણ એ બહાદુરીથી પ્રામાણિકપણે ગુનો કબૂલ કરી લેતા, જ્યારે હું આંખમાં, વગર ગ્લિસરીને ઝળઝળિયાં લાવી શકતો. અને એવા તો નિર્દોષ ચહેરે કહેતો કે ''વાંક ગમે તેનો હોય, પણ એમને નહીં મને વઢો કારણ ગમે તેમ તોય એ મારા મોટાભાઈ છે.'' અને અમારા વડીલ મારી ખાનદાની–શહીદીથી એવા તો પ્રભાવિત થઈ જતા કે... માર મોટાભાઈને જ પડતો !

આ બધું ભવિષ્યમાં મારે મારી આત્મકથામાં લખવું જ છે. આત્મકથાનું નામ હશે ''પાપ તારાં પરકાશ !''

એક્ટિંગ કરવી, વાનરવેડા કરવા છતાં નિર્દોષ મોં રાખી શકવાની શક્તિ એ મારું પ્રથમ લક્ષણ આજેય !

એકવાર મને એરોપ્લેનમાંથી નીચે પડતી પેરેશુટ વિશે વૈજ્ઞાનિક પ્રયોગ કરવાનું મન થયું, એટલે ઘરને માળિયેથી છત્રી ઉતારીને એ છત્રી પકડીને હું બાલ્કની-માંથી બહાદુર સૈનિક તરીકે નીચે કૂદી પડેલો ! એ પ્રયોગથી જગતના વિજ્ઞાનનો ખાસ વિકાસ ન થયો પણ ત્રણ પરિણામ આવ્યા : (૧) છત્રીને ઘણી ઈજા થઈ. છત્રી કાગડો બની ગઈ. (૨) નીચેના રેતીના ઢગલાને થોડીક ઈજા થઈ- એમાં મારા પડવાને કારણે ખાડો થયો. (૩) મને સહેજ પણ ઈજા ન થઈ, કારણકે નીચે રેતીનો ઢગલો હતો !

આ જાણીને મારા દાદાજીએ કહેવું જોઈતું હતું કે ''આનામાં મહાન વૈજ્ઞાનિક થવાના લક્ષણ છે !'' પણ એમણે મારી હિંમતની કદર કરવાને બદલે જાહેર કર્યું કે ''ઢીંચણ ન છોલાયાં કે ટાંટિયો ન ભાંગી ગયો એ કહોને ! હાવ વાંદરા જેવો છે... એના લખ્ખણ જ એવા છે...''

મને લાગે છે કે વાનરવેડા એ મારું લક્ષણ નથી, ભલે મારા દાદાજી એમ માનતા હોય અને જે શિક્ષક શ્રી લલ્લુભાઈ સાહેબના વર્ગમાં ટેબલના બંધ ખાનામાં મેં દેડકો મૂકેલો અને ચોકસ્ટિક લેવા એમણે ખાનું ખોલેલું ત્યારે દેડકો ઉછળેલો એ લલ્લુભાઈ સાહેબ પણ ભલે એમ માનતા હોય કે વાનરવેડા એ મારા ચરિત્રનું એક નોંધપાત્ર લક્ષણ છે - પણ એમ નથી, નથી અને નથી જ.

તો પછી મારાં બત્રીસ લક્ષણો ક્યાં ?

''ભૂલકણાપણું !''

હા, હું કૉલેજમાં પ્રોફેસર હતો ત્યારે મારા વર્ગના ટેબલ પર હું ઘડિયાળ ભૂલી ગયેલો - અસંખ્ય વાર ! કારણ ટાઈમ જોવા વારંવાર કાંડાં પરનું ઘડિયાળ જોવું એના કરતા પટો છોડીને ઘડિયાળ ટેબલ પર મૂકીને જોવું મને ફાવતું, પણ આ ક્રિયામાં વિસરચૂક થઈ પણ જાય ! ને ઘડિયાળ ટેબલ પર રહી પણ જાય ! પણ વિદ્યાર્થીઓ ખૂબ પ્રેમાળ, ''સાહેબ, તમારું ઘડિયાળ'' કહીને રિસેસમાં પાછું આપી જાય. એવું આઠ વાર, રહી ગયેલાં ઘડિયાળો પાછા આપી ગયેલાં !

પણ પછી કૉલેજમાંથી પાંત્રીસ વર્ષે રિટાયર થયો અને કૉમનરૂમનું ખાનું સાફ કર્યું ત્યારે એમાં વળી એક ઘડિયાળ નીકળ્યું ! જે મારા ભૂતકાળના વિવિધ ઘડિયાળો જેવું લાગતું હતું પણ કદાચ મારું નહીં હોય કારણ એનો પટ્ટો ખૂબ લાંબો - મારે કાંડે બાંધુ તો નાની કન્યાએ મોટી મહિલાની બંગડી પહેરી હોય એવું લાગે ! એટલે એ ઘડિયાળ મારું નહીં હોય ! પણ શું થયું હશે કે મારું ઘડિયાળ ખોવાયું હશે આઠ વાર અને છોકરા મને આપી ગયા હશે નવ વાર ! - એમ કલ્પી લઈને કે ટેબલ પર રહી ગયેલ ઘડિયાળ તો ચીજવસ્તુઓ ખોઈ નાખ-વાના લક્ષણધારી, પ્રો. બકુલ ત્રિપાઠીનું જ હોય ને !

પણ કયા વર્ષના, કયા દિવસે, કયા વિદ્યાર્થીઓ આ નવ ઘડિયાળો આપી ગયેલાં એ કેમ ખબર પડે ? કોઈ બીજા પ્રોફેસર સાહેબનું હશે? પણ એ ભૂલી જવાની ટેવવાળા નહીં હોય એટલે વિદ્યાર્થીઓને એ પ્રોફેસર યાદ નહીં આવ્યા હોય ! એમને મારું જ નામ યાદ આવ્યું હશે, સ્વાભાવિક રીતે. આ મારું બોનસ ઘડિયાળ ઊંચું કરીને બધા પ્રોફેસરોને બતાવ્યું કે આ કોનું છે ? કોનું છે ? ... પણ વર્ષોના ગાળામાં ડઝન પ્રોફેસરો ગયેલા ને દોઢ ડઝન આવેલા... કયા પ્રોફેસર સદ્‌ગતનું આ ઘડિયાળ હશે એ કોને ખબર પડે ?

તો આમ મારું ભૂલકણાપણું એ મારા બત્રીસ લક્ષણોમાંનું એક એ હું કબૂલ કરું છું. પણ આ ભૂલકણાપણાને પ્રભુના આશીર્વાદ ગણું છું. કારણ ઘડિયાળ આઠ વાર ખોવાયું, અને વિદ્યાર્થીઓ નવ વાર પાછું આપી ગયા !

''પણ પછી તારા મિસિસવાળી વાત કરને !...'' મારા ક્રૂર હૃદયના મિત્રોની ચઢવણીથી મારો અંતરાત્મા મને પજવે છે.

બન્યું એવું કે આપણે તે દિવસોમાં સ્કૂટર ચલાવતા હતા. સ્કૂટર ચલાવતાં ચલાવતાં આપણને વાતો કરવાની ટેવ ! આપણે બોલતા જઈએ અને જીવનસખી પાછલી

સીટે બેઠે બેઠે સાંભળતી જાય... પાનકોર નાકે લાલબત્તી આગળ સ્કૂટર ઊભું રાખીને હું કંઈ બોલબોલ કર્યા કરતો હતો - કંઈક - કશુંક -

- અને લોકો મારી સામે વિચિત્ર નજરે જોયાં કરે... હું લીલી લાઈટ થવાની રાહ જોતો હતો...

ત્યાં અચાનક પાછળથી બે છોકરાઓ મારતે સ્કૂટરે હાંફળાફાંફળા આવી પહોંચ્યા.

''સાહેબ...''

''યસ...'' આપણે ગૌરવથી જવાબ આપ્યો.

''સાહેબ, સાહેબ, આપના વાઈફ પાછલી સીટે નથી !'' મેં પાછળ જોયું, પાછલી સીટ ખાલી !

''હતાં !'' મેં ગભરાઈને કહ્યું.

''કોણ ?''

''જીવનસખી ! ઘરેથી નીકળ્યો ત્યારે હતાં !''

''સાહેબ, ઘરે હતાં કે પાછલી સીટે હતાં ?''

''પાછલી સીટે હતાં'', મેં કહ્યું.

ત્યાં બીજા બે જણ પ્રેમપૂર્વક રોકાઈને પૂછવા લાગ્યા, ''શું થયું ? શું થયું ?''

''સાહેબનાં મિસિસ ખોવાઈ ગયાં !''

''ક્યાંથી ખોવાઈ ગયાં !''

મેં કહ્યું, ''મને ખબર નથી. ઘરેથી નીકળ્યા ત્યારે પાછલી સીટ પર હતાં અત્યારે નથી !''

વળી બીજા બેત્રણ જણ ભેગા થઈ ગયા.

''પોલીસને ખબર કરો...''

''કારંજ પોલીસ જવું પડશે...'' સાહેબ, સ્કૂટર અહીં બાજુએ પાર્ક કરી દો. મારી કાર છે.... તમને કારંજ ઉતારી દઉં ?''

ત્યાં વળી એક સ્કૂટરવાળો વિદ્યાર્થી ધડધડાટ આવ્યો. ''સાહેબ, તમારાં વાઈફ ચાલતાં ચાલતાં આવે છે !''

''ક્યાં ?... ક્યાંથી ?...''

''સાંકડી શેરીના નાકા આગળ ! માણેકચોકમાં ! ત્યાં બહેને અમને કહ્યું કે જરા સ્કૂટર દોડાવીને તમારા સાહેબને પકડો ! એ મને ભૂલી ગયા છે !''

આમ તો પાછા જવાનો વન વે એટલે ચક્કર મારીને હું અને સ્કૂટર પર મારા ત્રણ વિદ્યાર્થી અમે માણેકચોક પહોંચ્યા. ત્યારે જીવનસખીએ હસીને કહ્યું, ''તમે મને ભૂલી ગયા છો !''

પછી ખબર પડી કે સાંકડી શેરી આગળના એક લાલ લાઈટ આગળ મેં સ્કૂટર ઊભું રાખ્યું ત્યારે જીવન-સખી જરા સાડી સરખી કરવા અને પછી ફરીથી સરખા બેસી જવા નીચે ઉતરેલા... ત્યાં લીલી લાઈટ થઈ... અને આપણે મારી મૂક્યું સ્કૂટર સડસડાટ !

એ પછી પાનકોર નાકે પાછળની સીટ ખાલી અને આપણે આનંદપૂર્વક બબડતા, બોલતા, વાતો કરતા દેખાયા એટલે આસપાસનાને ખ્યાલ આવ્યો કે પાછલી સીટે કોઈ બેઠું છે એમ માનીને આ પ્રોફેસરશ્રી બોલ્યા કરે છે પણ પાછલી સીટે તો કોઈ છે જ નહીં !

પણ સૌ સારું જેનું છેવટ સારું, અમારું મિલન (સુખરૂપ) થઈ ગયું.

ઠીક, પણ વાતનો સાર એ કે મારા બત્રીસલક્ષણોમાં એક લક્ષણ તો સ્પષ્ટ જડી ગયું છે - ભૂલકણાપણું !

બીજાં ૩૧ ક્યાં ?

ખૂબ દિલગીરી સાથે જાહેર કરવું પડે છે કે મારા અટકચાળાપણાના લક્ષણને પણ આપણે સ્વીકારવું પડે. મારા પૂજ્ય દાદાજીના શબ્દો સુધારીનેય આપણે સ્વીકારવા જ રહ્યા. એમણે ''સાવ વાંદરા જેવો છે'' એ કહ્યું તે હું પ્રાણાંતે પણ મંજૂર નહીં રાખું ! પણ હકીકતમાં... શબ્દો સુધારીને કહીએ તો... તદ્દન નહીં તો થોડો છું તો ખરો જ એ વિશેષણને લાયક ! નહીં તો રોજ સવારે કાગળનું પેડ અને બોલપેન લઈને હું હાસ્યલેખો લખું છું તે... અટકચાળાપણું નહીં તો બીજું શું છે?

મારું ત્રીજું એક લક્ષણ, તે જોકે સુલક્ષણ છે. મને

એ ઘણું ઉપયોગી છે. આજેય સાહિત્ય પરિષદના (કે બીજા કોઈ પરિષદના) અધિવેશનોમાં એ મને ખૂબ કામ આવે છે. જિંદગીમાં જો કદી મોટો માણસ થઈશ તો આનંદ આનંદ વ્યાપી જશે આ લક્ષણને લીધે. આ સુલક્ષણ તે ભાષણ સાંભળતા સાંભળતા ઊંઘી જવાની ટેવ ! આ સામાન્ય લક્ષણ નથી. આ એક વિશિષ્ટ શક્તિ છે. મને એ કહેતાં ખૂબ દિલગીરી થાય છે કે સમાજ મારી આ શક્તિની પૂરતી કદર કરી શકતો નથી ! ઘણાઓ અદેખાઈથી મારી સામે જુએ છે અને એમના ત્રાટકથી હું ચમકીને જાગી જઉં છું પણ પછી એય હસી પડે છે ! અને હું ય હસી પડું છું !

પણ મંચ પર બેઠેલાઓ આટલા ઉદાર નથી હોતા. મેં એવા વક્તાઓ જોયા છે કે જેમણે મારી સામે જોઈને આંખો કાઢ્યા કરી છે – જો કે મને ખબર નથી પડતી ! આ તો પછીથી જોડે બેઠેલા મિત્રે કહ્યું છે ! અને મનેય કશો વાંધો નથી... એ આંખો કાઢે તો આપણે ક્યાં જોવાનું છે ? આપણે તો ઊંઘતા હોઈએ !...

''તને ફેકતા સારું આવડે છે ! એને પણ તું તારું એક લક્ષણ ગણાવી શકે.'' મારા એક વડીલ મને યાદ કરવા કહે છે.

''એટલે ?''

''તને ઓલિમ્પિકમાં મોકલવો જોઈએ.'' એમણે હસી પડતાં કહ્યું.

''મને ભાલાફેંક, ગોળાફેંક, જેવેલીયન ફેંક એકે નથી આવડતું. ઓલિમ્પિકમાં તો આ ત્રણ સિવાય એકે ફેંક આઈટમ નથી.'' મેં કહ્યું.

''તારું સુખ શું છે કે તું ગોળા, ભાલા, જવેલીન – કે વેલણ, ચોપડી કે ફ્લાવરવાઝ – જે મહિલાઓ માટેની અનામત ગેમ્સ છે – એ એકેય ફેંકવામાં તું ચેમ્પિયન બની શકે એમ નથી.'' એમણે સમજાવ્યું. ''તને વિશુદ્ધ રીતે ફેંકતા આવડે છે ?''

''એટલે ?''

''બસ કશું જ ન હોય, કંઈ જ ન હોય, કોઈ કારણ ન હોય, કોઈ બહાનું ન હોય, કોઈ નિયમ ન હોય તો પણ તું ફેંકી શકે છે ! યુ આર એ ગ્રેટ ફેંકુ !'' એટલુંક કહેતાંક એ ખડખડાટ હસી પડ્યો. હું સ્વભાવે નમ્ર છું. હું ગ્રેટ ફેંકુ નથી. પણ નમ્રતાપૂર્વક કબૂલ કરું છું કે મને... એમ કે... ફેંકવાની ટેવ સારી !

ચાલો. ચોથું લક્ષણ પત્યું. મને ફેંકતા આવડે છે ! હું સ્વભાવે નમ્ર છું. નમ્રતા એ મારું એક ઉત્તમ સુલક્ષણ છે. નમ્રતા ન હોય તે માણસ, આગળ કબૂલ કર્યાં તે ચાર લક્ષણ કબૂલ કરે ખરો ?

એટલે નમ્રતા એ મારું પાંચમું ઉત્તમ લક્ષણ.

હું શૂરવીર છું. શૂરવીરતા એ અગત્યનું લક્ષણ ગણાય. મારામાં શૂરવીરતા છે, હું શૂરવીર છું...

સાબિત કરવાનું ?

જવા દોને દોસ્ત ! હું શૂરવીર છું, બહાદુર છું, હિમ્મતવાન છું એ સાબિત કરવાની શી જરૂર છે ? મારું શૌર્ય દેખીતું જ છે. હું ત્રીસ વર્ષથી આપણા શહેરના ટ્રાફિક વચ્ચે સ્કૂટર ચલાવું છું !

બહાદુરીની આનાથી વધારે મોટી સાબિતી શી જોઈએ છે ? રાણાપ્રતાપ કે શૂરવીર શિવાજી મહારાજનીય તાકાત નથી કે આપણાં શહેરમાં ગાંધી રોડ, રીલીફ રોડ પર ઘોડો દોડાવી શકે !

... પણ આ તો છ જ લક્ષણ થયાં !

''તને વગર કારણે હસતાં આવડે છે.'' મારા એક મિત્રે કહ્યું.

''હાં... જોકે...''


''હસવા જેવું કંઈ ન હોય તો પણ...''

''એ ખરું, પણ...''

''તદ્દન અક્કલ વિનાની વાત હોય તો પણ...'' એમણે ચલાવ્યું.

''એમાં એવું છે કે...'' હું તતપપ કરતો રહ્યો.

''ધૂળ જેવી વાત હોય કે હીરા મોતી માણેક જેવી વાત હોય... બધામાં તને હસવું આવે છે – મૂરખની



જેમ !''

''પણ...''

''આને તું તારું એક અગત્યનું લક્ષણ ગણી શકે !'' એ મિત્રે પૂરું કર્યું.

હવે હું ગણાવી ગણાવીને થાકી ગયો છું. માંડ માંડ મને મારાં સાત લક્ષણો મળે છે. મેં સંપાદકશ્રીને કહ્યું, ''બત્રીસલક્ષણા બકુલ ત્રિપાઠી'' ટાઈટલ કાઢી નાખો.

''કેમ ?''

''મારે લોકોને મારાં બત્રીસ લક્ષણો ગણાવવાં પડે... પણ મને સાત જ જડે છે.''

''વાંધો નહીં !''

હું રાજી થઈ ગયો, હાશ !

''બીજાં ૨૫ નથી જડતાં...''

''નો પ્રોબલેમ, આપણે તમારી ચોપડીનું નામ સપ્તલક્ષણા... સાત લક્ષણવાળા બકુલ ત્રિપાઠી રાખીશું.'' મને થયું આ તો સાત પૂંછડિયાં ઉંદર જેવું થયું. મેં સાત લક્ષણા થવાનો ઈન્કાર કર્યો અને બત્રીસ લક્ષણો મને જડતાં નથી.

''જો ટાઈટલ આ રીતનું જ જોઈતું હોય તો... તો... પુસ્તક બહાર પાડવાનું માંડી વાળીએ.'' મેં હારી થાકીને કહ્યું.

''અરે ! અરે ! નિરાશ શું થઈ ગયા બકુલ-ભાઈ ?'' અમારા સંપાદકશ્રી વદ્યા ! બકુલભાઈ, તમે બત્રીસ લક્ષણા છો જ મૂળભૂત !

''એટલે'' હું ચમક્યો.

''તમે બકુલ ત્રિપાઠી એટલે બ. ત્રિ. ખરા કે નહીં ?''

''હા...?''

''તો બકુલ ત્રિપાઠી એટલે કે ''બ.ત્રિ.'' – એ બત્રીનાં લક્ષણોવાળા જ હોય ને ? બત્રી – લક્ષણા !''

''ઓહ !'' મેં વિસ્મયથી કહ્યું.

''બકુલભાઈ તમે બકુલભાઈ છો જ... તમે બત્રી લક્ષણા છો જ... અને જેવા કે તેવા પણ એ લક્ષણો છે – બત્રીના જ લક્ષણો''

''અહા, મેં નિરાંતનો શ્વાસ મૂક્યો.''

પેલા સંપાદકશ્રીએ મારા બત્રીસ લક્ષણો શોધવાને મારી ગમ્મત કરી. પરમેશ્વર પણ મારી પાસે હું ખરેખર શું છું તે શોધાવવા આજે દાયકાઓથી આ બધી – વિચારવાની, બોલવાની, લખવાની ગમ્મત કરાવી રહ્યો છે ! ને તોય કંઈ પૂરાં લક્ષણો જડવાનાં નથી ! પણ મજા આવે છે...

### માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવતાં પહેલા જીવનમાં હાસ્યરસનું સ્થાન સમજાવી શકાય. 'Laughter is the best medicine' ની વાત કરી 'હસે તેનું ઘર વસે' જેવી કહેવતો દ્વારા હાસ્યનું મહત્ત્વ સમજાવી શકાય. ગુજરાતી સાહિત્યના અન્ય હાસ્યલેખકો તથા તેમના સર્જન વિશે વાત કરી શકાય. માનવી આખી દુનિયાને જાણવા મથે છે, પરંતુ પોતાને જ જાણી શકતો નથી. પોતાના ગુણદોષનો સ્વીકાર જ પ્રગતિનું પ્રથમ સોપાન છે, કારણ કે સ્વીકાર જ સુધારની શરૂઆત છે તે સમજાવી શકાય.

## સ્વાધ્યાય

**(અ) ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) તુલના (૨) પુરાવો (૩) ફુરસદ (૪) આશ્ચર્ય

(૫) પાત્ર (૬) નિરપરાધી (૭) અફસોસ (૮) બુદ્ધિ

**૨. પાઠમાં નીચેના શબ્દો માટે વપરાયેલા વિશેષણ શોધો :**

(૧) --------- લક્ષણ (૨) --------- વૈજ્ઞાનિક (૩) --------- બત્તી

(૪) --------- કન્યા (૫) --------- સીટ (૬) --------- ઘડિયાળ

**૩. પાઠમાં વપરાયેલા અંગ્રેજી શબ્દ શોધી તેના માટે વપરાતા ગુજરાતી શબ્દો લખો.**

**૪. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો :**

(૧) સંપાદન કરનાર – ------------------

(૨) ભૂલી જવાની ટેવવાળું – ------------------

(૩) નોંધવા લાયક – ------------------

(૪) દોષ વિનાનું – ------------------

**(આ) ૧. પાઠના આધારે લખો :**

(૧) લેખક જન્મથી જ હતા – ------------------------

(૨) લેખકની ભાવિ આત્મકથાનું નામ હશે – ------------------------

(૩) લેખકનું આજની તારીખે પણ પહેલું લક્ષણ – ------------------------

(૪) સ્કૂટર ચલાવતા ચલાવતા લેખક કરતા – ------------------------

(૫) લેખકને ઉપયોગી સુલક્ષણ – ------------------------

(૬) લેખકને પોતાનામાં મળેલા લક્ષણો – ------------------------

**૨. કારણ લખો :**

(૧) માર ખાવાનો વારો મોટાભાઈનો આવતો કારણ કે ----------------------------------

(૨) ભૂલકણાપણાને લેખક પ્રભુના આશીર્વાદ ગણે છે કારણ કે -----------------------------

(૩) સંપાદકે પુસ્તકનું શીર્ષક બત્રીસ લક્ષણા બકુલ ત્રિપાઠી રાખ્યું કારણ કે ------------------------

(૪) નવમું ઘડિયાળ લેખકનું નહોતું કારણ કે ----------------------------------------

(૫) લેખક પોતાને શૂરવીર માને છે કારણ કે ----------------------------------------

૩. કોષ્ટક પૂર્ણ કરો :

| | | | |
|---|---|---|---|
| (૧) પાઠમાં આવેલા કિંમતી રત્નો | | | |
| (૨) લેખકના છત્રી પકડી કૂદવાના પરિણામ | | | |
| (૩) ઓલિમ્પિકમાં રમાતી ફેંકવાની રમતો | | | |

(ઇ) ૧. સંધિ વિગ્રહ કરો :

(૧) વિદ્યાર્થી (૨) નિર્દોષ (૩) અંતરાત્મા (૪) પરમેશ્વર

૨. સમાસનો વિગ્રહ કરી પ્રકાર ઓળખો :

(૧) નિર્દોષ (૨) નોંધપાત્ર (૩) ચીજવસ્તુ (૪) સપ્તલક્ષણ

૩. નામ શોધી પ્રકાર લખો :

(૧) નીચે રેતીનો ઢગલો હતો.

(૨) હા, આ બકુલના લક્ષણ ખરાં.

(૩) વિદ્યાર્થીઓ ખૂબ પ્રેમાળ હતા.

(૪) નમ્રતા મારું ઉત્તમ સુલક્ષણ છે.

૪. યોગ્ય વિરામચિહ્નો મૂકો :

(૧) તમે બકુલ ત્રિપાઠી એટલે બત્રિ ખરા કે નહીં

(૨) જીવનસખી ઘરેથી નીકળ્યો ત્યારે હતાં

(૨) મને ભાલફેંક ગોળાફેંક જેવેલીયન ફેંક એકે નથી આવડતું

(ઈ) ૧. તમારા જીવનની કોઈ હાસ્ય રેલાવતી ઘટના વર્ણવો.

૨. લેખક પત્નીને ભૂલી ગયા તે પ્રસંગ વર્ણવો.

૩. પિતાશ્રીની લેખક તથા તેમના મોટાભાઈ વિશેની માન્યતા તથા હકીકત વર્ણવો.

(ઉ) તમારામાં રહેલ લક્ષણો શોધી વર્ગમાં વર્ણવો.

(ઊ) ગુજરાતી સાહિત્યના હાસ્યલેખકો/હાસ્યકલાકારો તથા તેમના સર્જનની યાદી તૈયાર કરી ચાર્ટ બનાવો.

રૂઝવે જગના જખ્મો, આદર્યાંને પૂરાં કરે,
ચલાવે સૃષ્ટિનો તંતુ ધન્ય તે નવયૌવન.

## વિશેષ વાંચન

### હાસ્યમેવ જયતે !

સાધારણ સાદી સમજ તો બધામાં હોય એવું આપણે માનીએ છીએ: પણ એવી સમજણ સૌમાં જોવા મળતી નથી. 'કોમનસેન્સ' 'કોમન' નથી, તેવી જ રીતે વિનોદવૃત્તિ પણ વિરલ છે. અહીં જાણીતી વ્યક્તિઓના જીવનમાંના હાસ્ય પ્રસંગો આપવામાં આવ્યા છે. તેમાં બુદ્ધિચાતુર્યના ચમકારા ને માણસોની મોટપના દર્શન થાય છે.

**મોહનદાસ ક. ગાંધી**

કૉંગ્રેસ અધિવેશનમાં ભાગ લેવા માટે ગાંધીજી મુંબઈ ગયા હતા, ત્યારે એક સાંજે જૂહુના દરિયાકિનારે ફરવા ગયા. 'બાલકન-જી-બારી' સંસ્થાનાં બાળકો ત્યાં રમતાં હતાં. ગાંધીજી એમની સાથે રમવા લાગ્યા. એક વૃદ્ધ વ્યક્તિને ઊછળકૂદ કરતા જોઈ, બાળકોને ખૂબ ગમ્મત પડી. એક તોફાની બાળક, જે રેતીમાં ગુલાંટ મારી રહ્યો હતો, ગાંધીજી પાસે આવ્યો ને બોલ્યો : 'બાપા ! તમે મારી જેમ ગુલાંટ મારી શકો ?' 'હા, હા, હું તારી જેમ ગુલાંટ મારી બતાવું', ગાંધીજીએ હસતાં હસતાં કહ્યું, 'જો તું મારી જેમ તારા દાંત, આ રીતે બહાર કાઢીને બતાવે !' ને એ સાથે એમણે પોતાની બત્રીશી મોંમાંથી બહાર કાઢીને બતાવી !

**પિકાસો**

વિશ્વપ્રસિદ્ધ ચિત્રકાર પિકાસોએ એક વાર મિત્રોને પોતાના ઘેર જમવા માટે બોલાવ્યા હતા. વાતવાતમાં એક મિત્રે ટીખળ કરતાં કહ્યું, 'પિકાસો ! તારા ઘરની દીવાલો પર તારું એક પણ ચિત્ર નથી. તો શું એ તને ગમતાં નથી ?' પિકાસોએ હાસ્ય વિખેરતાં જવાબ આપ્યો, 'એવું નથી મિત્ર ! મારાં ચિત્રો મને ગમે છે ખરાં, પણ તે એટલાં મોંઘાં હોય છે કે, મને પોસાતાં નથી !'

– પ્રકાશ વેગડ

---

## પુસ્તકો આપણા શ્રેષ્ઠ મિત્ર

| | |
|---|---|
| ● જે પુસ્તક તમને સૌથી વધુ વિચારવા માટે વિવશ કરે છે, તે પુસ્તક તમારા માટે સૌથી વધુ સહાયક નીવડે છે. | – થિયોડૉર પાર્કર |
| ● હું નરકમાં પણ સારાં પુસ્તકોનું સ્વાગત કરીશ, કારણ કે તેમનામાં એટલી શક્તિ છે કે તે જ્યાં હશે ત્યાં આપોઆપ સ્વર્ગ બની જશે. | – લોકમાન્ય ટિળક |
| ● પુસ્તકો મન માટે સાબુનું કાર્ય કરે છે. | – મહાત્મા ગાંધીજી |
| ● પુસ્તક એ ખિસ્સામાં રાખેલો બગીચો છે. | – અરબી કહેવત |
| ● ધનબળ, શક્તિબળ, આયુષ્યબળ કરતા પણ ચડિયાતું બળ પુસ્તક બળ છે. | – રવીન્દ્રનાથ ટાગોર |
| ● સારાં પુસ્તકો વિનાનું ઘર સ્મશાન જેવું છે. | – સ્વામી વિવેકાનંદ |
| ● જ્યારે તમે કંટાળી જાવ ત્યારે જો તમે પુસ્તક હાથમાં લેશો તો તમને જીવનમાં રસ, કુતૂહલ અને નવજીવન પ્રાપ્ત થશે. | – મોન્ટેગ્યૂ |
| ● પુસ્તક વાંચવાનો જેને શોખ છે, તે કોઈપણ પરિસ્થિતિમાં સુખી રહી શકે છે. | – મહાત્મા ગાંધીજી |

# ૪. એક દિવસ મોટો

## રઘુવીર ચૌધરી

૫ ડિસેમ્બર, ૧૯૩૮ના રોજ બાપુપુરા, ગુજરાતમાં જન્મેલા રઘુવીર ચૌધરી 'લોકાયત સૂરિ' અને 'વૈશાખનંદન'ના નામે જાણીતા છે. તેમણે નવલકથા, વાર્તા, કાવ્ય, નાટક, એકાંકી, વિવેચન, રેખાચિત્ર, પ્રવાસવર્ણન જેવા વિવિધ સાહિત્યક્ષેત્રે સર્જન કર્યુ છે. તેમના આ યોગદાનને બિરદાવવા તેમને અનેક પારિતોષિકોની સાથે જ્ઞાનપીઠ પુરસ્કારથી નવાજવામાં આવ્યા છે. 'તમસા' કાવ્યસંગ્રહ, 'સોમનાથ', 'પ્રેમઅંશ', 'અમૃતા' નવલકથાઓ, 'અતિથિગૃહ', 'બહાર કોઈ છે' વાર્તાસંગ્રહો, 'ઝુલતા મિનારા' નાટક જેવી અનેક નોંધપાત્ર કૃતિઓ આપણા સાહિત્યનો અમૂલ્ય વારસો છે.

## સૂર કૃતિનો

ગ્રામ્યજીવનની મહેક પ્રસરાવતી પ્રસ્તુત કૃતિમાં રક્તદાનનો મહિમા, માનવજીવનની સંવેદના, સુરસંગના બદલાતા મનોભાવનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. સાથે જ આપણી લોકસંસ્કૃતિના અભિન્ન અંગ એવા મેળાની, આતુરતાથી રાહ જોતાં લોકો તથા મેળાની પૂર્વતૈયારીમાં મગ્ન સુરસંગની વાતો પણ રસપ્રદ રીતે કરવામાં આવી છે. જન્માષ્ટમીના મેળામાં સોનાને મળવા માટે અને વીંટી પહેરાવવા ઇચ્છતો સુરસંગ પોતાની બચત ભાભીની સારવાર માટે વાપરે છે. બીજા પૈસાની સગવડ કેવી રીતે કરવી તેની મૂંઝવણ અનુભવતો સુરસંગ સો રૂપિયાને બદલે મૅનેજરના પુત્રને લોહી આપવા તૈયાર થાય છે. બ્લડબૅંકમાં રક્તદાનના મહિમા વર્ણવતાં સૂત્રોને વાંચીને સુરસંગની વિચારધારા બદલાય છે અને રક્તદાન દ્વારા બીજી વ્યક્તિના પ્રાણ બચાવ્યાના સાત્વિક આનંદને અકબંધ રાખવા સો રૂપિયા સ્વીકારવાની ના પાડે છે અને તે એક દિવસ મોટો બને છે. એટલે કે તેની વિચારધારા એક દિવસ પહેલાં હતી તે કરતાં વધુ પુખ્ત બને છે. વ્યક્તિ ઉંમરથી નહીં પણ પરિપક્વ વિચારધારાથી, ગુણોથી મોટો બને છે તે અહીં અભિપ્રેત છે.

સુરસંગ એકે મેળામાં જવાનું ચૂક્યો નથી. મહિના પહેલાંથી તૈયારી શરૂ, મા કહેતી, ''મારો દીકરો ખાવાનું ચૂકે, પણ મેળો નઈ.''

ગયે મહિને ખરીદેલો ફેંટો બાંધી જોવાનું મન થતાં સુરસંગ ઊભો થયો અને પતરાની પેટી ખોલી. વાળીને મૂકેલો ફેંટો બહાર કાઢ્યો અને એક છેડો પકડીને આખો એક સામટો ઉકેલી નાંખ્યો.

ક્ષણવાર એનું પોત જોયું અને રંગબેરંગી ભાત આંખમાં ભરી દઈ દર્પણ સામે જઈને એ ઊભો રહ્યો. એક આંટો, બીજો આંટો અને એમ આંટા પર આંટો ચડતો ગયો અને સુરસંગના ભરાવદાર ચહેરાને અનુરૂપ ઊપસેલો ફેંટાનો આકાર દર્પણમાં પ્રતિબિંબિત થઈ ઊઠ્યો. સુંવાળા કપાળ પર વાળનું એક ઝૂલફું નમેલું રહે એ રીતે બેઉ હાથે ફેંટાને દબાવીને આગળ તરફ સહેજ નમાવ્યો. છોગલું કંઈક ઊંચું કર્યું અને ખીંટીએ લટકતું લાકડાની ફ્રેમવાળું દર્પણ મોંની નજીક લીધું. જમણા હાથની અનામિકા પર પહેરેલી વીંટીના ગુલાબી નંગ તરફ નજર કરી ને પછી પાતળી મૂછના છેડાને વળ દીધો. ઘઉંવર્ણા ચહેરા પર મૂછનો કાળોભમ્મર અંકોડો મોહક લાગતો હતો.

સુરસંગે દર્પણ ખીંટી પર ભરાવ્યું અને માથેથી ફેંટો ઉતારી લેતાં પહેલાં એક વાર દર્પણમાં બરાબર જોઈ લીધું.

હવે છ દિવસ પછી જન્માષ્ટમીનો મેળો ! મેળામાં સોના જરૂર આવે. આણે નહોતી મોકલી ત્યારે તો મોટેભાગે એ મેળામાં જ જોવા મળતી. છ દિવસ પછી એને જોઈશું. છ દિવસમાંથી કાલે એક દિવસ ઓછો. આજે કોટનું કાપડ લઈ આવું અને દરજીને આપી આવું. ત્રણ-ચાર દિવસમાં સીવી દે તો બસ પછી. જરૂર સીવી આપશે, બે રૂપિયા વધારે લેશે, બીજું શું ? હા વળી, માથે ફેંટો, બદન પર કોટ અને કોટના ઉપલા ખિસ્સામાંથી બહાર વરતાતી રેશમી રૂમાલની કોર.....

''કાકા ! મારી મા.....'' વીરસંગનો મોટો છોકરો બારણાં બહાર ઊભો રહીને બોલ્યો. ઘણો ગભરાઈ ગયેલો લાગ્યો.

સુરસંગ તરત ઊઠ્યો અને કમાડ આડું કરીને છોકરાની સાથે ગયો. જોયું - ''અરે ભાભી ! આ શું કરો છો ? આમ દીવાલ સાથે માથું કૂટાતું હશે ?''

''નથી રહેવાતું, સુરસંગભાઈ ! પેટમાં સોયો ભોંકાય છે. આનાથી તો બળ્યું મોત આવે તોય સારું ! ઓહ !... નથી રહેવાતું.''

સુરસંગ ઊભો થયો અને એણે દોટ મૂકી. જોત-જોતાંમાં ડૉક્ટરને લઈને આવી પહોંચ્યો. ડૉક્ટરને બધું સ્વાભાવિક લાગ્યું. એમણે એક ઇન્જેક્શન આપ્યું. ખારું-તીખું બહુ ન ખાવા કહ્યું. ''બીજું કંઈ નથી, અશક્તિ છે. આ ગોળીઓ લખી આપું છું અને આ ઇન્જેક્શન..... તબિયત સાચવવી પડશે.''

સુરસંગે ગજવામાંથી દસની નોટ કાઢીને વિઝિટ-ફી આપી. પાંચ ફીના અને ત્રણ ઇન્જેક્શનના લઈને ડૉક્ટરે બે પાછા આપ્યા. વીરસંગ બીજી પાળીમાં જાય છે, હજી તો એને આવતાં કેટલી વાર થાત ?

ઇન્જેક્શનની અસરથી ભાભીને કળ વળી અને થોડી વાર પછી સુરસંગ ના-ના કરતો રહ્યો તોપણ એણે છોકરાને દૂધ લેવા મોકલ્યો. ચા બનાવી અને છલકાતાં કપ-રકાબી સુરસંગ સામે ધર્યાં.

ચા પીને સુરસંગ ઓરડી પર પાછો આવ્યો. બજારમાં જવા વિચાર કર્યો હતો તે યાદ આવ્યું. ગજવામાં જે સાઠ રૂપિયા હમણાં મૂક્યા હતા તે બાવન બની ગયા. ડૉક્ટરે પેલા કાગળિયામાં જે લખી આપ્યું છે તે બધું મળીને કેટલાનું થતું હશે ! વીરસંગ પાસે કેટલી બચત હશે ? માગવા આવશે તો ? માગવા તો નહિ આવે, કારણ કે ભાભી ના પાડશે. એ તો કહેવાની કે દવા કરાવવાની કંઈ જરૂર નથી.

બીજે દિવસે સવારે સાત વાગ્યે નોકરી પર નીકળવા તૈયાર થયો. સાઈકલની ઘંટડી રણકી ઊઠી. મુખ્ય રસ્તે વળેલી સાઈકલને પાછી વાળીને ભાભીની ખબર પૂછવા વળ્યો. એનો અવાજ સાંભળીને વીરસંગ આંખો ચોળતો ઊભો થયો. એણે લીલા રંગના દોરાની બીડી સળગાવી અને પત્નીનો સંકેત સમજીને ગોખલામાંથી દસની નોટ લઈ આવ્યો. સુરસંગે કહ્યું, ''હમણાં રહેવા દો. પેલા કાગળિયામાં ડૉક્ટરે દવા અને ઇન્જેક્શન લખી આપ્યાં છે તેનાય પૈસા થશે.'' સાંભળીને વીરસંગની ચિંતા વધી. દવાવાળો ઉધાર આપશે ? કેટલા થશે ? સુરસંગે એનો મનોભાવ સમજતાં એને સાથે આવવા કહ્યું, દવાવાળાએ કાગળિયું હાથમાં લઈને પહેલાં રકમ કહી : ''બધી દવા એકીસાથે લઈ જવી હોય તો અડતાળીસ રૂપિયા થશે.'' 'ઉધાર બંધ છે' એવું પાટિયું વાંચીને સુરસંગે રસ્તા પર જોયું અને પછી ગજવામાંથી દસ-દસની ચાર નોટો કાઢીને વીરસંગના હાથમાં મૂકી. 'મારે વખત થયો' એમ કહીને એ ઊપડ્યો.

વીરસંગ કંઈ બોલે તે પહેલાં તો એની સાઈકલની ઘંટડી રણકી ઊઠી.

સાંજના સાડાચાર વાગ્યે એ ઓરડી પર પાછો આવ્યો ત્યારે કોટનું કાપડ ખરીદવા અંગે એને ફરી વિચાર આવ્યો. હજી સાઠ તો પડ્યા છે. પણ પછી સોના માટે કંઈ નહિ લઈ જઈ શકાય. એને માટે એક વીંટી લઈ જવી હતી. કાં તો કોટ કરાવું, કાં તો વીંટી લઈ જાઉં..... ફેંટો ખરીદ્યો છે અને હવે કોટ વિના અધૂરું અધૂરું લાગશે.

એનું ધ્યાન બહાર તરફ ખેંચાયું. રસ્તા પર ઉતાવળે અવાજે થતી વાતોએ એને બહાર જવા પ્રેર્યો. ''શું થયું ? હેં ? મૅનેજરના છોકરાને 'ઍક્સિડન્ટ' થયો ? ક્યાં ? કેવી રીતે ?''

''સ્કૂટર પર પાછળ એક છોકરીને બેસાડીને એ જતો હતો. ઢોળાવ આગળ વટમાં ને વટમાં વેગ ઓછો કર્યા વિના સ્કૂટરને વાળવા ગયો. વ્હિલ 'સ્લિપ' થઈ ગયું. છોકરીને તો ખાસ વાગ્યું નથી, પણ પેલાની જાંઘમાંથી ઘણું લોહી વહી ગયું. બહુ વાગ્યું છે.''

''હવે કેટલું લોહી આપવું પડશે ?''

''બચશે તો ખરો ને ?''

''બચશે બચવાનો હશે તો. છોકરો પણ એના બાપ જેવો જ હશે ને ? આપણે શું ?''

સુરસંગને વાતમાં રસ ન પડ્યો. ઓરડીમાં આવીને ખાટલા પર બેઠો. થોડી વાર સુધી કંઈ સૂઝ્યું નહિ. મેળો યાદ આવ્યો અને યાદ આવ્યો એવો જ ભૂંસાઈ ગયો. એણે અકસ્માત્‌નું સ્થળ કલ્પ્યું. મૅનેજર ભલે ખરાબ હોય. તેથી એના છોકરાને 'ઍક્સિડન્ટ' થાય તો એ ઉપર આમ નફ્ફટ થઈને હસાતું હશે ? પેલા બહાર વાતો કરનારાઓની કરડાકી સુરસંગને ખૂંચતી રહી. એમને કંઈક સંભળાવવાનું મન થયું, પણ એ ખાટલામાં જ બેસી રહ્યો, એકવાર પારકી વાતમાં એ પડ્યો હતો અને મામલો બાથંબાથી સુધી પહોંચી ગયો હતો. આ લોકોનું ભલું પૂછવું. કંઈક કહેવા જઈએ તો લડવા ધસી આવે.

એટલામાં બહારથી આવતા અવાજમાં ફેર પડ્યો. એમાં એક નવો ઠાવકો અવાજ ભળતો જણાયો. કોણ હશે ? ઓળખીતા માણસનો અવાજ લાગે છે. એ બહાર આવ્યો : ''અરે ! મહેતાજી !''

મહેતાજી પેલા આયાસપૂર્વક ગંભીર થઈ ગયેલા મિલમજૂરોને પૂછતા હતા. એક દરખાસ્ત વારંવાર મૂકતા હતા : ''તમારામાંથી કોઈ લોહી આપવા તૈયાર થાય તો મૅનેજરસાહેબ સો રૂપિયા આપશે, સો રૂપિયા ! વિચાર કરી જુઓ.'' બીજા કોઈને ક્ષણવાર સાંભળી લઈને પાછા આગળ બોલતા હતા : ''તબિયત સારી હોત તો મૅનેજરસાહેબ ખુદ્દ લોહી આપવાના હતા. જવાન માણસ માટે તો રમત વાત છે. ત્રણસો-ચારસો સી. સી. લોહી આપવાથી કંઈ ન થાય. જરાક અડધો કલાક આરામ કરવો પડે. પછી તો ખબર પણ ન પડે અને આ સુરસંગ જેવો જવાનિયો તો પાંચસો સી. સી. પણ હસતાં-હસતાં આપી શકે. સો રૂપિયા કંઈ ઓછી રકમ નથી. એટલી રકમથી તો આપ્યું હોય તેના કરતાં ચાર ગણું લોહી શરીરમાં વધારી શકાય. લ્યા સુરસંગ ! બોલતો કેમ નથી? દૂર કેમ ઊભો છે? સાંભળ્યું કે નહિ? તારા જેવા મજબૂત બાંધાના માણસને તો કંઈ ન થાય. હસતો હસતો સો રૂપિયા લઈ આવીશ. બોલ, તૈયારી હોય તો પાંચ વધારે અપાવીશ.''

સો રૂપિયા... જન્માષ્ટમીનો મેળો, કંથેરના ઝાંખરાની આડશે પોતે ઊભો હોય, માથે ફેંટો, ફેંટા પરથી સહુનું ધ્યાન ખેંચતું છોગલું, બદન પર ફિટ કોટનું ચમકતું કાપડ, કોટના ઉપરના ખિસ્સામાં રેશમી રૂમાલ... સામે ઊભેલી સોના, એના માટે વીંટી ખરીદવાની ઇચ્છા... હા, આ જો સો રૂપિયા –

''કેમ બોલ્યો નહિ ?''

''આવું છું. બૂટ પહેરી લઉં અને તૈયાર થઈ જાઉં.''

''તો તું સડક સુધી આવ. હું રિક્ષા રોકું.''

મહેતાજી સુરસંગને સીધો 'બ્લડબૅન્ક'માં લઈ ગયા. એ સ્વસ્થ ચિત્તે સૂત્રો વાંચવા લાગ્યો. એ બધાં સૂત્રોને ભેગાં કરીને એકસાથે એમનો અર્થ તારવવા લાગ્યો. રક્તદાનથી ચડિયાતું બીજું કોઈ દાન નથી. તમારું થોડુંક લોહી એક માણસની જિંદગી બચાવી શકે છે. આનાથી મોટો લહાવો જીવનમાં બીજો શો હોઈ શકે ? એને થયું કે આ સૂત્રો અહીં લખાયેલાં ન હોત તો સારું થાત, સો રૂપિયા મળવાનો જે આનંદ છે તેમાં આ સૂત્રોનો અર્થ ખલેલ પાડવા લાગી જાય છે.



વળી પાછું એક સૂત્ર એનું ધ્યાન ખેંચી રહ્યું. અજાણ્યા માણસની જિંદગી બચાવવી એ જ સાચું દાન છે.... ''હા, ઓળખીતા માટે સહુ કોઈ તૈયાર થાય, ફરજનો ભાવ પણ પ્રેરે, પરંતુ અજાણ્યા માણસની જિંદગી બચાવવી... પણ આ સો રૂપિયા... ... કોઈ ગરીબ માણસ હોત તો હું પૈસા ન લેત, પણ આ તો મોટો મૅનેજર છે, પણ... ના, ના, સો રૂપિયા...''

ડૉક્ટરે સુરસંગના જમણા હાથની પહેલી આંગળીના ટેરવા પર ઇન્જેક્શનની સોય મૂકીને થોડુંક લોહી લીધું – વર્ગીકરણ કરવા માટે.

તો મારું લોહી મૅનેજરના છોકરાને જ આપશે એવું નહિ... મેળ હોય તો જ અપાય. ડૉક્ટર શું કહેતા હતા ? 'મૅચિંગ' ? હા, તો કોઈ અજાણ્યા માણસની જિંદગી...

બ્લડ ટ્રાન્સફ્યૂઝન સેટ ગોઠવાઈ ગયો.

સુરસંગ સૂઈ ગયો. મહેતાજી ખુશખુશ બની સામે ઊભા હતા. ક્ષણવાર વીંછીના ડંખને મળતી આવતી બળતરા થઈ; પછી જાણે કે કશુંય થયું ન હોય એમ લાગ્યું. સભાન બનીને એ પોતાના શરીરમાંથી બહાર જઈ રહેલા લોહીનો સંચાર અનુભવવા મથી રહ્યો. એને નવાઈ લાગી. કેમ કશી ખબર પડતી નથી ? એને આનંદ થયો. આમાં કઈ તકલીફ તો પડતી નથી, છતાં આ વસ્તુનો મહિમા કેટલો બધો છે ! મારે પૈસાની જરૂર ન હોત તો હું દાન આપી શકત... સો રૂપિયા, મેળો, વીંટી..., કોટ... મૅનેજર પાસેથી પચાસ રૂપિયા લઉં તોય ચાલે... પણ તોય લઉં ? અને સો રૂપિયા...

ડૉક્ટરે ધીમે રહીને સોય ખેંચી લીધી અને પટ્ટી લગાવી. બ્લડ ટ્રાન્સફ્યૂઝન સેટ પડી રહ્યો. બાટલી લઈ લેવામાં આવી. સુરસંગે જોયું – પોતાનું લોહી !

ડૉક્ટરે જતાં પહેલાં એક વાર આવીને સુરસંગને શાબાસી આપી અને કહ્યું, ''આ લોહી દર્દીના લોહી સાથે 'મૅચ' થાય છે. એક જ 'ગ્રૂપ' છે. તમે અડધો કલાક આરામ કરો.''

નર્સ પાટો બાંધી ચૂકી હતી. એનું કામ પૂરું થઈ ગયું હતું. છતાં એ હજી સુરસંગના ચહેરા સામે જોતી, ત્યાંથી ખસતાં પહેલાં એ બોલી, ''દરબાર લાગો છો ! દરબાર લોકો ઉદાર હોય છે ! '' પ્રશંસા સાંભળીને સુરસંગને આનંદ થયો, જે આનંદ સો રૂપિયા મળવાના

છે તેના આનંદ સાથે ટકરાયો, અને નાશ પામ્યો. એણે આરામ કરવામાં અકળામણ અનુભવી. મહેતાજીએ ઊભા થવાની ના પાડી, છતાં એ વીસ મિનિટથી વધુ સમય પડી ન રહ્યો.

મહેતાજીએ સુરસંગને સાથે લીધો : ''ચાલ, સ્પેશિયલ વૉર્ડમાં મૅનેજરસાહેબને મળતાં જઈએ. આવા માણસો સાથેની ઓળખાણ કોઈક દિવસ ખપમાં લાગે. આ 'બ્લડબૅન્ક'વાળા તો ત્રીસ-ચાલીસ રૂપિયાથી વધારે આપતા નહિ હોય, પણ મેં મૅનેજરસાહેબને કહ્યું કે આપણે સો રૂપિયા આપીએ. તો તને અત્યારે જ પૈસા અપાવી દઉં, ચાલ.''

સુરસંગે બૂટની દોરી ખેંચીને બાંધી, ખમીસના કૉલર સરખા કર્યા અને ધોતિયાના છેડા સરખા છે તેની નોંધ લઈને પગ ઊપાડ્યા. મહેતાજીની પાછળ-પાછળ સંકોચ સાથે એણે દર્દીના રૂમમાં પ્રવેશ કર્યો. પોતાના આવવાની કાંઈક વધારે પડતી નોંધ લીધી હોય એવું એને લાગ્યું. મહેતાજીએ મૅનેજર સાથે એનો પરિચય કરાવ્યો.

બ્લડ ટ્રાન્સફ્યૂઝન સેટની બાટલી બદલાઈ. આ નવી બાટલીમાં જે લોહી છે તે સુરસંગે જોયું. દર્દીની સામે જોયું. વીસ-બાવીસ વર્ષનો હશે. પોતાની ચોવીસ વર્ષની કમાણીમાંથી થોડીક આજે આવા સારા કામમાં ખર્ચાઈ તે અનુભવવાનો, નજરોનજર જોવાનો લહાવો મળ્યો. એણે નિશ્ચય કર્યો કે...

મૅનેજર ભાવપૂર્વક સુરસંગને બહાર બોલાવી ગયા. ઘેરા અવાજે આભાર માન્યો અને પાકીટ કાઢ્યું.

સુરસંગના હાથ જાણે કે એના શરીર સાથે ચીપકાઈ જવા જતા હતા. એ પાછો પડી રહ્યો હતો અને સામેથી મેળો ધસી આવતો હતો. એકાએક એની શક્તિ વધી ગઈ. એણે નિશ્ચય કર્યો કે તુરંત પરિસ્થિતિ બદલાઈ ગઈ. એના પગમાં સ્થિરતા આવી ગઈ અને એની આંખોમાં અપૂર્વ સંતોષ પ્રગટ્યો. મેળો, ગરબીઓની રમઝટ, ગીતોના અવાજ - બધું જ એક નવા ભાવજગતમાં રૂપાંતર પામવા લાગ્યું. કોટ વિના શોભતા પોતાના શરીરને એણે મેળા વચ્ચે સોનાની આંખોથી જોયું. હવે એ માત્ર વીંટી જ ખરીદશે. કંથેરના ઝાંખરાંને ઓથે બોલાવી ગયા વિના જ માનવમહેરામણની વચ્ચે સોનાને રોકીને એ એક ડગલું દૂર ઊભો રહેશે, એની મેંદી મૂકેલી હથેળીમાં એ વીંટી મૂકશે. આશ્ચર્યથી સોનાની પાંપણો ઊંચકાશે અને તે જોતાં પોતે ગુલાલ ઉડાડતી મંડળી બાજુમાં થઈને પસાર થઈ જશે. પછી તો એ પણ મંડળીમાં ભળી જશે. સોના ઊભી ઊભી જોઈ રહેશે.

મૅનેજર સો રૂપિયાની નોટ સુરસંગની સામે ધરી રહ્યા હતા. સુરસંગ નીચું જોઈને ઊભો હતો. એણે હસતે મોંએ ઊંચું જોયું.

''શો વિચાર કરો છો, ભાઈ ? વધારે આપું ?''

''ના સાહેબ ! મારું લોહી આમ ઉપયોગી થાય છે તે જોઈને મને જે આનંદ થયો છે તેની તમને શી વાત કરું ! તમે જ કહો, હું પૈસા લઉં તો મારો આ આનંદ અકબંધ રહે ખરો ?''

મૅનેજર જોઈ જ રહ્યા અને સુરસંગ પ્રણામ કરીને ગઈ કાલે હતો તેનાથી એક દિવસ મોટો થઈને ચાલ્યો.

– આકસ્મિક સ્પર્શ

**માર્ગદર્શક સ્તંભ**

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવતાં પહેલાં વિદ્યાર્થીઓએ માણેલા મેળા વિશે પૂછી શકાય. રક્તના અભાવે મૃત્યુને ભેટતા માનવોની વાત કરી, રક્તદાન કરવા પ્રેરિત કરી શકાય. રક્તદાનનું મહત્ત્વ સમજાવતાં સૂત્રો બોલાવી શકાય. સુરસંગના પાત્ર દ્વારા યુવાનીમાં સ્વપ્નસૃષ્ટિના રોમાંચની સાથે સાથે કર્તવ્યનું ભાન અને અન્યને ઉપયોગી થવાની ભાવના હોવી જોઈએ તે વાત સમજાવી શકાય.

## સ્વાધ્યાય

**(અ) ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધીને લખો :**

| | | | |
|---|---|---|---|
| (૧) અરીસો | (૨) દરવાજો | (૩) ખીસું | (૪) પ્રસ્તાવ |
| (૫) પ્રયત્ન | (૬) જેમનો તેમ | (૭) ઈશારો | (૮) કઠોરતા |

**૨. નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :**

(૧) રોકડ રકમ આપ્યા વિના લીધેલું કે આપેલું - ---------------------------

(૨) હાથ વગેરે લૂછવા માટેનો કાપડનો ટુકડો - ---------------------------

(૩) માનવોનો સાગર જેવો વિશાળ સમુદાય - ---------------------------

(૪) શ્રાવણ વદ આઠમે ઉજવાતો તહેવાર - ---------------------------

**૩. કૃતિમાંથી નીચેના શબ્દો માટે આવેલ વિશેષણ શોધીને લખો :**

| | | |
|---|---|---|
| (૧) --------- ચહેરો | (૨) --------- રૂમાલ | (૩) --------- સંતોષ |
| (૪) --------- કાપડ | (૫) --------- અવાજ | (૬) --------- રસ્તો |

**૪. નમૂના પ્રમાણે ‘દાર’ પ્રત્યય લગાવી શબ્દ બનાવો : દા.ત. –** ભરાવદાર

**(આ) ૧. કેટલાં તે લખો :**

(૧) દવાવાળાએ કહેલી દવાની કુલ કિંમત - -------------------------

(૨) ડૉક્ટરે લીધેલી કુલ ફી - -------------------------

(૩) રક્તદાન માટે મહેતાજીએ જાહેર કરેલા રૂપિયા - -------------------------

(૪) ડૉક્ટરની ફી આપ્યા પછી સુરસંગ પાસે વધેલા રૂપિયા - -------------------------

(૫) બ્લડ-બેન્ક વાળા રક્તદાન માટે રૂપિયા આપે - -------------------------


**૨. નીચેના વાક્યોને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો :**

**(ક)** (૧) ડૉક્ટરે ભાભીને ઇન્જેક્શન આપ્યું.
(૨) વીરસંગનો મોટો દીકરો સુરસંગને બોલાવવા આવ્યો.
(૩) સુરસંગની ભાભીએ ચા બનાવી પીવા આપી.
(૪) સુરસંગની ભાભીને પેટમાં સોયો ભોકાવા લાગી.

**(ખ)** (૧) નર્સે સુરસંગની પ્રશંસા કરી.
(૨) મહેતાજીએ રક્તદાનની દરખાસ્ત મૂકી.
(૩) મેનેજરના દીકરાનું સ્કૂટર સ્લિપ થઈ ગયું.
(૪) ડૉક્ટરે વર્ગીકરણ માટે સુરસંગનું લોહી લીધું.

(ગ) (૧) મેનેજર સુરસંગને બહાર લઈ ગયા.
(૨) સુરસંગ પ્રણામ કરીને ચાલ્યો ગયો.
(૩) મહેતાજીએ મેનેજર સાથે સુરસંગનો પરિચય કરાવ્યો.
(૪) સુરસંગની સામે સો રૂપિયાની નોટ ધરી.

૩. આકૃતિબંધ પૂર્ણ કરો :




(ઇ) ૧. કૃતિમાં આવેલા દ્વિરુક્ત શબ્દો લખો :

૨. નીચેના તળપદા શબ્દો માટે માન્યભાષાના શબ્દો લખો :

(૧) ઓથે (૨) ઠાવકો (૩) કોર (૪) ખીંટી

૩. સમાસનો વિગ્રહ કરી પ્રકાર લખો :

(૧) ખારું- તીખું (૨) રક્તદાન (૩) ત્રણસો-ચારસો (૪) મિલમજૂર

૪. સંધિ જોડો :

(૧) પ્ર + નામ (૨) જન્મ + અષ્ટમી (૩) સમ્ + તોષ (૪) સમ્ + ચાર

૫. નીચેના રૂઢિપ્રયોગોના અર્થ લખો :

(૧) ઉકેલી નાંખવું (૨) આંખમાં ભરી લેવું (૩) રમત વાત હોવી (૪) ખપ લાગવું

(ઈ) ૧. 'રક્તદાન - મહાદાન' - તમારો મત વ્યક્ત કરો.

૨. 'સુરસંગ ગઈકાલે હતો તેનાથી એક દિવસ મોટો થઈને ચાલ્યો' - વિધાન સમજાવો.

૩. સુરસંગનું પાત્રાલેખન કરો.

૪. ઘોષવાક્યોથી બદલાયેલ સુરસંગની વિચારધારા વર્ણવો.

(ઉ) ૧. રક્તદાન શિબિર સંબંધી માહિતી એકઠી કરી વર્ગમાં પ્રસ્તુત કરો.

૨. અવયવદાન, દેહદાન, ત્વચાદાન સંબંધી માહિતી એકઠી કરો.

(ઊ) રક્તદાન સંબંધી સૂત્રો લખી ભીંતપત્રક તૈયાર કરો.

જેને આપ્યું હોય ઈશ્વરે, સારું તન, મન ને ધન;
દેશ કાજે કરે સમર્પણ, એનું જીવન બને ધન !

## ઉપક્રમ

❁ નીચેના શબ્દચોરસમાં આપણા દેશનાં રમતવીરોનાં નામ આડાં, ઊભાં, ત્રાંસાં છુપાયેલાં છે તે શોધો. નામ શોધવા માટે ચાવીનો ઉપયોગ કરો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કે | સા | નિ | યા | મિ | ર્ઝા | સ | હા | ક | ક્ષ |
| ખો | નિ | ઈ | જ | મે | ની | ધ | લિ | મા | ણ |
| ગ | યા | ઉ | રા | પા | સિં | મ | ર | પ્ર | બા |
| મ | ને | યુ | ક | ન્દ્ર | ક્ષી | વ | દ્રા | કા | ર |
| ની | હ | દી | રે | સા | રા | ક | બિં | શ | લી |
| પે | વા | વિ | મે | રી | કો | મ | વ | પ | ક |
| જી | લ | ગુ | છ | ખા | વ | નો | ન | દુ | કો |
| પિ | મિ | લ્ખા | સિં | ઘ | ચી | ન | ભિ | કો | ટ |
| ચી | ત | મા | સૌ | કી | લા | પી | અ | ણ | રા |
| વિ | શ્વ | ના | થ | આ | નં | દ | ટી | ઉ | વિ |

**ચાવી :**
(૧) એક મહિલા ટેનિસ ખેલાડી
(૨) બેડમિન્ટન ખેલાડી
(૩) એક પુરુષ બોક્સર
(૪) ફ્લાઈંગ શીખ
(૫) શતરંજનો વિજેતા
(૬) કાંસ્ય ચંદ્રક જીતનારી મહિલા કુસ્તીબાજ
(૭) એક મહિલા બોક્સર
(૮) રાઈફલ શૂટર
(૯) ભૂતપૂર્વ બેડમિન્ટન ચેમ્પિયન
(૧૦) ભારતનો લોકપ્રિય ક્રિકેટર

❁ નમૂના મુજબ શબ્દો લખો. ઉદા. જતન = સંભાળ

(૧) ---------તન = મૂળ ગામ કે શહેર જ્યાં તમારું નિવાસસ્થાન હોય
(૨) ---------તન = પગાર
(૩) ---------તન = કિંમતી પથ્થર, આંખની કીકી
(૪) ---------તન = પડતી, હાર
(૫) ---------તન = હંમેશને માટે ચાલ્યું આવતું
(૬) ---------તન = બહાદુરી
(૭) ---------તન = પ્રાચીન સમયનું, જૂનું
(૮) ---------તન = આધુનિક, આજનું
(૯) ---------તન = નવું, નવીન

# ૫. ભારતની મહાન વિભૂતિઓ

**જે. જે. રાવલ**


ડૉ. જિતેન્દ્ર જટાશંકર રાવલનો જન્મ ૩૦ માર્ચ, ૧૯૪૩ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ ગામમાં થયો હતો. તેમણે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં ખગોળશાસ્ત્ર વિષયક અનેક પુસ્તકો તથા કટારો લખ્યાં છે. તેઓ અનેક પ્લેનેટેરીયમ, વિજ્ઞાન કેન્દ્ર તથા ભારતની 'કાઉન્સિલ ઑફ સાયન્સ ટેક્નોલોજી એન્ડ એન્વાયરન્મેન્ટ'ની સલાહકાર સમિતિના સભ્ય છે. તેમને મનુભાઈ મહેતા મેડલ, શ્રી રમાબાઈ આપ્ટે પુરસ્કાર, હળવદરત્ન પુરસ્કાર, ગુજરાત રત્ન પુરસ્કાર જેવા વિવિધ પુરસ્કારોથી નવાજવામાં આવ્યા છે.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત કૃતિમાં ભારતના અણુવિજ્ઞાની, ગણિતજ્ઞ અને ખગોળવિદ સુશ્રુત, આર્યભટ્ટ, વરાહમિહિર અને ભાસ્કરાચાર્યનો ટૂંકમાં પરિચય આપવામાં આવ્યો છે. આજે થઈ રહેલા વિજ્ઞાનના અવનવા પ્રયોગોના પાયામાં ભારતીય ઋષિમુનિઓ, દાર્શનિકો, ગણિતજ્ઞો અને ખગોળવિદોનું અનન્ય યોગદાન રહેલું છે. સુશ્રુત પ્લાસ્ટિક સર્જરીના જનક હતા, તો વરાહમિહિરે ધૂમકેતુના માર્ગનું સંશોધન કર્યું છે. મહાન ગણિતજ્ઞો ભાસ્કરાચાર્ય અને આર્યભટ્ટે શોધેલા ગાણિતિક સિદ્ધાંતો વિશે વાત કરવામાં આવી છે.

## સુશ્રુત

સુશ્રુત પ્રાચીન ભારતના મહાન તબીબ હતા. તેઓ ઈસુ પહેલાની છઠ્ઠી સદીમાં થયા. તેઓને દુનિયા સર્જરીના જનક તરીકે ઓળખે છે. નાક, કાન અને હોઠને સુડોળ કરવા તેઓ ગાલ પરની ચામડીનો ઉપયોગ કરતા. દુનિયામાં પ્લાસ્ટિક સર્જરીના તે જનક હતા. ભારતીયો સર્જરીમાં એટલા નિપુણ હતા કે તેઓના સર્જરીનાં ઉપકરણો માથાના વાળના બે ફાડિયા કરી શકતા. સુશ્રુતે ૧૨૫ જાતનાં સર્જિકલ ઉપકરણો વિકસાવ્યાં હતાં અને તેની મદદથી તે સર્જરી કરતા હતા. તેમાં સૂઈ, ખોતરવાનાં ઉપકરણો, દાંત વગેરે પકડી ઉખેડવાનાં ઉપકરણો વગેરે હતાં. તે હકીકતમાં પશુ-પંખીના દાંત, જડબાં, નખ વગેરેની કામગીરી જોઈને બનાવેલાં હતાં. ઑપરેશન પછી શરીરનાં અવયવો અને ચામડીને સાંધવાની રીતોનું પણ તેમણે વર્ણન કર્યું છે અને વ્યાખ્યા આપી છે. સંધિવા માટે તેઓ ઘોડાના વાળ કે વૃક્ષની છાલના ઝીણા રેશાનો ઉપયોગ કરતા. તેમણે સુશ્રુત સંહિતામાં ૩૦૦ જાતનાં ઓપરેશનો અને ૪૨ જાતની સર્જરી કરવાની રીતોનું વર્ણન કર્યું છે. સુશ્રુતે તેમના ગ્રંથમાં આઠ જાતની સર્જરી વિશે લખ્યું છે. આહાર્યમ (વસ્તુને શરીરમાંથી ખેંચી કાઢવી),



ભેદ્યમ (કાપકૂપ કરવી), છેદ્યમ (ચીરો કરવો), એષ્યમ (શારીરિક ઊંડી તપાસ, ઘા પડ્યો હોય તો તેની પણ તપાસ), લેખ્યમ (ચામડીમાં છેદ કરવા) વેદ્યમ (સૂઈથી કાણું પાડવું), વિશ્રાવ્યમ (પસને સાફ કરવું) સીવ્યમ (સાંધવું) સર્જરીની જગ્યાએ રુઝ લાવવા તે દવા ભરેલા રૂનાં પેડ વાપરતા.

## વરાહમિહીર

વરાહમિહીર માળવાની રાજધાનીના શહેર ઉજ્જૈન રાજદરબારના ખગોળશાસ્ત્રી હતા. તેઓ આર્યભટ્ટના સમકાલીન ખગોળવિદ હતા. ઉજ્જૈન ભારતનું બહુ પુરાણું શહેર છે. તે પૌરાણિક નદી ક્ષિપ્રાના કિનારે આવેલું છે. ઉજ્જૈનમાં વિશ્વવિખ્યાત મહાકાલેશ્વરનું મંદિર આવેલું છે. તે દ્વાદશ જ્યોતિર્લિંગમાંનું એક છે.



ઉજ્જૈનમાંથી કર્કવૃત્ત પસાર થાય છે. ઉજ્જૈન ભારતના લગભગ મધ્ય ભાગમાં હોવાથી ભૂતકાળમાં ઉજ્જૈનનો સ્થાનિક સમય તે ભારતનો પ્રામાણિત સમય હતો. ઉજ્જૈનમાં સાંદિપની ઋષિનો આશ્રમ હતો, જ્યાં શ્રીકૃષ્ણ, બળભદ્ર અને સુદામા ગુરૂ પાસે શિક્ષણ લેવા આવ્યા હતા.


વરાહમિહીરે પોતાના સમય સુધીનાં બધાં જ ખગોળજ્ઞાનને એકઠું કરી સંપાદિત કર્યું. જો તેમણે તે ન કર્યું હોત તો કદાચ આપણું પ્રાચીન ખગોળજ્ઞાન આપણને અજાણ રહ્યું હોત. વરાહમિહીરે પંચસિદ્ધાંતિકા અને બૃહત્સંહિતા નામના બે મોટા ગ્રંથો લખ્યા છે. બૃહત્સંહિતા નામનો ગ્રંથ જ્ઞાનનો એન્સાયક્લોપીડિયા છે. તેઓ સૂર્યસિદ્ધાંતમાં રહેલા જ્ઞાનને પ્રકાશમાં લાવ્યા. વરાહમિહીરે અશ્વિનીયુગ શરૂ કર્યો. આ બાબત તેમના પ્રખર જ્ઞાનની સાક્ષી પૂરે છે. વરાહમિહીરે તેમના સમકાલીન પ્રખર ખગોળશાસ્ત્રી આર્યભટ્ટની બહુ પ્રશંસા કરી છે, કારણ કે તેઓ આર્યભટ્ટના કાર્યને સમજી શકવાની વિદ્વત્તા અને વિશાળ હૃદય ધરાવતા હતા. વરાહમિહીરે તેમની બૃહત્સંહિતામાં ૧૦૦૦ ધૂમકેતુની જગ્યા, માર્ગ, તેમનું વર્ણન અને તેમના આકારોનું વર્ણન કર્યું છે. એ ધૂમકેતુઓની શોધ આપણા અતિપ્રાચીન ઋષિ-મુનિ ખગોળવિદો જેવા કે નારદ, ગર્ગ, પરાશરે કરી હતી અને તેથી તેનાં નામો એ ઋષિ-મુનિઓનાં નામ પરથી પાડવામાં આવ્યાં હતાં. હાલમાં પણ ધૂમકેતુઓનાં નામો તેમના શોધકોનાં નામો પરથી પાડવાની પ્રથા છે.

## આર્યભટ્ટ

આર્યભટ્ટ પાંચમી અને છઠ્ઠી સદીના ભારતના પ્રખર ગણિતવિદ અને ખગોળવિદ હતા. આર્યભટ્ટનો જન્મ કેરળમાં થયો હતો અને પછી તેઓ પટણા, કુસુમપુરામાં સ્થળાંતર થયા હતા. તેઓ નાલંદા વિશ્વવિદ્યાપીઠના આચાર્ય હતા. તેમણે આર્યભટ્ટીય અને આર્યભટ્ટ સિદ્ધાંત નામે બે મહાન ગ્રંથો લખ્યા હતા. સૂર્ય, ચંદ્ર, ગ્રહો અને તારા પૂર્વમાં કેમ ઉદય પામે છે અને પશ્ચિમમાં શા માટે અસ્ત પામે છે તેનું કારણ સમજાવતાં તેમણે કહ્યું કે પૃથ્વી તેની ધરી પર પશ્ચિમથી પૂર્વ તરફ ગોળ, ગોળ ફરે છે તેથી આકાશ દિવસ દરમિયાન પૂર્વથી પશ્ચિમ તરફ

ગોળગોળ ફરતું જણાય છે. હકીકતમાં આકાશ પૂર્વથી પશ્ચિમ તરફ ફરતું નથી. આ ક્રિયાને સમજાવતાં તેમણે કહ્યું કે નદીમાં પશ્ચિમથી પૂર્વમાં ચાલતી નાવમાંથી જોતા કિનારાનાં મકાનો અને વૃક્ષો આપણને પૂર્વથી પશ્ચિમ તરફ જતાં દેખાય છે. વાસ્તવમાં એ બધાં તો સ્થિર છે. તેવું જ આપણને આકાશમાં દેખાય છે.

પૃથ્વીના પશ્ચિમથી પૂર્વના દૈનિક ધરીભ્રમણને કારણે આકાશ સ્થિત સૂર્ય, ચંદ્ર, ગ્રહો અને તારા પૂર્વથી પશ્ચિમ દૈનિકગતિ કરતા દેખાય છે. આ સત્ય તેમણે ઈસુની પાંચમી સદીમાં સ્વતંત્રપણે શોધી કાઢ્યું હતું. આર્યભટ્ટે સ્વતંત્રપણે શોધી કાઢ્યું હતું કે આપણી પૃથ્વી દડા જેવી ગોળ છે તથા સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણને છાયાની લીલા દર્શાવી હતી. અપારદર્શક ચંદ્ર સૂર્યની આડે આવે છે માટે સૂર્યગ્રહણ થાય છે અને અપારદર્શક પૃથ્વીના પડછાયામાં ચંદ્ર આવે છે, તેથી ચંદ્રગ્રહણ થાય છે. પૃથ્વી ગોળ છે તે ચંદ્રગ્રહણ સમયે જોઈ શકાય છે, તેનો ગોળ પડછાયો ચંદ્રની ગોળ તકતીને ઢાંકતો જાય છે. તેવું જ સૂર્યગ્રહણ સમયે થાય છે. સૂર્યમાળામાં માત્ર સૂર્ય જ સ્વયંપ્રકાશિત છે. આર્યભટ્ટે ખગોળીયમાપનમાં પ્રથમ વાર ત્રિકોણમિતીનો ઉપયોગ કર્યો અને વધારે



સારી રીતે પાઈ ($\pi$) સંખ્યાનું મૂલ્ય શોધ્યું. આર્કિમિડીઝે પાઈનું મૂલ્ય શોધ્યું હતું. પણ તે માત્ર અંદાજ જ હતો. તેમણે બીજગણિતના રૈખિક સમીકરણોની પણ શોધ કરી હતી.

## ભાસ્કરાચાર્ય

ભાસ્કરાચાર્ય ઈસુની બારમી સદીના ભારતના પ્રખર ગણિતવિદ અને ખગોળવિદ હતા. તે મહારાષ્ટ્રના વિજ્જલવીડના હતા. તેઓ જાણતા હતા કે પૃથ્વીમાં આકર્ષણની શક્તિ છે. તેથી જ બધી વસ્તુઓ પૃથ્વી પર આવીને પડે છે. સત્તરમી સદીમાં પછી ન્યૂટને ગુરૂત્વાકર્ષણ વિશે વિસ્તૃત સંશોધન કર્યું. તેણે ગુરુત્વાકર્ષણ અને ગતિના નિયમો પ્રસ્થાપિત કર્યા. ભાસ્કરાચાર્ય પ્રથમ ખગોળવિદ હતા, જેણે ગ્રહોની ગતિના સંદર્ભે કેલ્ક્યુલસની પ્રાથમિક સ્વરૂપે શોધ કરી. સત્તરમી સદીમાં ન્યૂટને તેને વધારે સારી રીતે પ્રસ્થાપિત કર્યું, પણ છેવટે લાયબનીઝે કેલ્ક્યુલસને તેના વિસ્તૃત અને અંતિમ સ્વરૂપે પ્રસ્થાપિત કર્યું, ભાસ્કરાચાર્યે $ax^2 + bx + c = 0$ જેવા બીજગણિતના દ્વિઘાત સમીકરણનો તેના વિસ્તૃત રૂપમાં ઉકેલ શોધ્યો. ભાસ્કરાચાર્યે પ્રારંભિક રૂપે પરમ્યુટેશન અને કોમ્બિનેશનની શોધ કરી.



### માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કૃતિની શરૂઆતમાં જાગતિક સ્તરે ભારતના યોગદાન વિશે પ્રશ્નોત્તરી દ્વારા વિદ્યાર્થીઓનું પૂર્વજ્ઞાન ચકાસી શકાય. તેમને ભારતની મહાન વિભૂતિઓના અનન્ય યોગદાનથી પરિચિત કરાવી શકાય. ભારત પરાપૂર્વથી જ વિશ્વગુરુ રહ્યું છે તે ભાવ દૃઢ કરાવી વિદ્યાર્થીઓમાં દેશ પ્રત્યેના ગૌરવની લાગણીને ઉત્તેજન આપી શકાય. 'મેરા ભારત મહાન'ના ભાવો વિદ્યાર્થીઓમાં દૃઢ કરાવી શકાય.

## સ્વાધ્યાય

**(અ) ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) પિતા (૨) ડૉક્ટર (૩) કુશળ

(૪) સાધનો (૫) હકીકત (૬) કિંમત

**૨. નમૂના મુજબ શબ્દો બનાવો :** દા.ત. અર્વાચીન – પ્રાચીન

(૧) બેડોળ (૨) જાણીતું (૩) આકર્ષણ

(૪) અસ્ત (૫) પારદર્શક (૬) નિંદા

**૩. શબ્દસાંકળ પૂર્ણ કરો :**

(૧) સરગમ → ----------- → ----------- → ----------- → -----------

(૨) ધૂમકેતુ → ----------- → ----------- → ----------- → -----------

(૩) રવિ → ----------- → ----------- → ----------- → -----------

**(આ) ૧. લખો :**

(૧) સુશ્રુતે વિકસાવેલા કુલ ઉપકરણો – ----------------------------

(૨) પ્લાસ્ટિક સર્જરીના જનક – ----------------------------

(૩) પ્રાચીન ખગોળજ્ઞાન સંકલિત કરનાર – ----------------------------

(૪) જ્ઞાનનો એન્સાયક્લોપીડિયા – ----------------------------

**૨. ગદ્યના આધારે લખો :**

(૧) વસ્તુને શરીરમાંથી ખેંચી કાઢવી તે – ---------- (૨) ચીરો કરવો તે – ---------

(૩) ઘા પડ્યો હોય તો તેની તપાસ કરવી તે – ---------- (૪) સાંધવું તે – ---------

(૫) ચામડીમાં છેદ કરવા તે – ---------- (૬) પસને સાફ કરવું તે – ---------

(૭) સૂઈથી કાણું પાડવું તે – ---------- (૮) કાપકૂપ કરવી તે – ---------

**૩. આકૃતિબંધ પૂર્ણ કરો :**

ઉજ્જૈનની વિશેષતા

-------- -------- -------- --------

૪. કોષ્ટક પૂર્ણ કરો :

| ક્ર. | નામ | જન્મ | ગ્રંથ |
|---|---|---|---|
| (૧) | વરાહમિહીર | | |
| (૨) | આર્યભટ્ટ | | |
| (૩) | સુશ્રુત | | |

૫. સમજીને લખો :

(૧) ભાસ્કરાચાર્યે કરેલી શોધ – --------------------------

(૨) π નું મૂલ્ય શોધનાર – --------------------------

(૩) અશ્વિનીયુગ શરૂ કરનાર – --------------------------

(૪) ગુરૂત્વાકર્ષણ વિશે વિસ્તૃત સંશોધન કરનાર – --------------------------

(ઇ) ૧. ‘આડું’ સાથે જતા ક્રિયાપદ મૂકી રૂઢિપ્રયોગ બનાવો અને તેનો અર્થ લખો :

આડું →

| | | |
|---|---|---|
| આવવું | – | વચ્ચે પડવું |
| | – | |
| | – | |
| | – | |
| | – | |

૨. સંધિ છોડો :

(૧) સ્થળાંતર (૨) સિદ્ધાંત (૩) રૈખિક (૪) પૃથ્વી

(૫) સંહિતા (૬) મહાકાલેશ્વર (૭) ભાસ્કરાચાર્ય (૮) સંશોધન

૩. સમાસનો વિગ્રહ કરી પ્રકાર લખો :

(૧) નાક – કાન (૨) પશુપંખી (૩) દ્વિઘાત

(૪) ગણિતવિદ (૫) વિશ્વવિદ્યાપીઠ (૬) અપારદર્શક

(ઈ) ૧. ‘ભારતની મહાન વિભૂતિઓની અનન્ય શોધો વર્તમાનની તમામ શોધોની જનની છે’. તમારો મત સ્પષ્ટ કરો.

૨. આર્યભટ્ટે સૂર્યગ્રહણ – ચંદ્રગ્રહણ વિશે કરેલી સ્પષ્ટતા તમારા શબ્દોમાં લખો.

(ઉ) ‘ભારત ખરા અર્થમાં વિશ્વગુરુ છે.’ – વર્ગમાં સમૂહચર્ચા કરો.

(ઊ) ‘શૂન્યની શોધ – ભારતનું અમૂલ્ય યોગદાન’ વિશે PPT તૈયાર કરો.

બીજાના માર્ગમાં વેરશો કાંટા તો, વહેલા મોડા નડે છે,
જગતના જ્ઞાનીજનો સાચું કહે, જે ખોદે ખાડો તે જ પડે છે.

# પ્રેરણાગાથા

મનમાં જો સાચી લગન હોય, ધ્યેય પ્રાપ્ત કરવાની તીવ્ર ઇચ્છા હોય તો કોઈપણ વ્યક્તિ ઉત્સાહભેર આગળ વધી શકે છે. દૃઢ નિશ્ચય કરીને પોતાના લક્ષ્યને પામવા માટે માનવી મન મક્કમ કરે તો તેના માટે કંઈજ અશક્ય રહેતું નથી.

અહીં આપણે એવા નવયુવાનો વિશે વાત કરીશું, જેમણે પોતાના જીવન દ્વારા એ સિદ્ધ કરી આપ્યું છે કે –

**અમને નાખો જિંદગીની આગમાં,**
**આગને પણ ફેરવીશું અમે બાગમાં.**

સૌ પ્રથમ આપણે વાત કરીશું વિશ્વની સૌથી વધુ પ્રસિદ્ધ શાલેય વિદ્યાર્થીનીની, જેણે એકાએક જ પોતે મેળવેલી પ્રસિદ્ધિથી પાકિસ્તાનને પ્રખ્યાત દેશોની સૂચિમાં લાવી દીધું. તેણે સ્કાઈપના માધ્યમથી સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ સાથે વાર્તાલાપ કર્યો છે. એંજલિના જોલીના ઘરે ચાનું નિમંત્રણ સ્વીકાર્યું છે. મેડોનાએ પોતાનું એક ગીત તેને સમર્પિત કર્યું છે. જેના સોળમા જન્મદિવસે ન્યૂયોર્કના બ્રુકલિન પુલ પર તેની છબી દર્શાવાઈ હતી. સંયુક્ત રાષ્ટ્રસંઘમાં બધાંએ ઊભાં થઈને એનું અભિવાદન કર્યુ હતું. નૅશનલ પોટ્રેટ ગેલેરીમાં તેનું પોટ્રેટ મૂકાયું અને તે નોબેલ પુરસ્કાર પ્રાપ્ત કરનાર સૌથી ઓછી વયની વ્યક્તિ તથા પ્રથમ પાકિસ્તાની બની.

મિત્રો, આપણે વાત કરી રહ્યા છીએ ૧૨ જુલાઈ, ૧૯૯૭ના રોજ પાકિસ્તાનની સ્વાત ઘાટીના મિંગોરા પ્રાંતમાં પિતા ઝિયાઉદ્દીન યૂસુફ્જાઈ અને માતા તોર પેકઈ યૂસુફ્જાઈના ઘરે જન્મેલી મલાલા યુસુફ્જાઈની. પોતાના પિતાની લાડકી મલાલાનું નામ તેના પિતાએ મઈવાડની મલાલઈના નામે રાખ્યું છે. જેણે અંગ્રેજો સાથેના યુદ્ધ દરમ્યાન દાખવેલી અનન્ય સાહસ અને દેશભક્તિની યાદમાં કાબુલમાં મઈવાડ વિજય સ્મારક બનાવવામાં આવ્યું છે.

કુદરતી સૌંદર્યથી ભરપૂર સ્વાત ઘાટીમાં સામાન્ય બાલિકાની જેમ જીવતી, સ્વપ્નાઓથી ભરપૂર મલાલા ડૉક્ટર બનવા ઇચ્છતી હતી. ભણવામાં પણ તે ખૂબ હોંશિયાર હતી. તેનું જીવન એકાએક બદલાઈ ગયું, જ્યારે ઇ.સ. ૨૦૦૭માં તાલિબાની આંતકવાદીઓએ સ્વાત ઘાટી પર પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરી દીધું. તાલિબાનીઓએ સ્ત્રી શિક્ષણ વિરુદ્ધ ફતવો જાહેર કર્યો. તેમના દમનથી ત્રસ્ત સ્વાતની જનતા અસહાય હતી. ૧૧ વર્ષની મલાલાએ ડર્યા વિના સ્ત્રી શિક્ષણના પક્ષમાં તાલિબાનીઓ વિરુદ્ધ લોકોને જાગૃત કર્યા. તે એક ડાયરી લખતી, જેને આગળ જતાં બીબીસી ઊર્દૂએ પ્રકાશિત કરી. તેણે ગુલમકઈના નામે બ્લૉગ લખીને દુનિયા સમક્ષ તાલિબાનોના અત્યાચાર અને સ્વાતના લોકોની બેહાલીનું વર્ણન કર્યું, સ્ત્રીશિક્ષણની હિમાયત કરી. તેના પિતા પણ એક સામાજિક કાર્યકર્તા હોવાથી તેના પિતાને અને મલાલાને પણ તાલિબાન તરફથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવતી.

તે છતાં મલાલાએ સ્ત્રીઓના શિક્ષણપ્રાપ્તિના હક્ક માટે લડત ચાલુ રાખી. પરિણામે ઑક્ટોબર ૨૦૧૨માં શાળાએથી ઘરે પરત ફરતી ૧૪ વર્ષીય મલાલાને શાળાની બસમાં તાલિબાની આતંકવાદીએ ગોળી મારી દીધી. ગંભીર રીતે ઘવાયેલી મલાલાને

પેશાવરની મિલિટરી હોસ્પિટલ લઈ જવામાં આવી. જ્યાં પાંચ કલાક ચાલેલા ઓપરેશન બાદ તેની સ્થિતિ નાજુક હતી અને તે કોમામાં સરી પડી હતી. તેને આગળની સારવાર માટે યુ.કે.ના બર્મિંગહમ લઈ જવામાં આવી. જ્યાં તેના પર વધુ ઓપરેશન કરાયા અને વિશ્વભરના લોકોએ તેની સલામતી માટે કરેલી પ્રાર્થના અને ડૉક્ટરોના અથાગ પ્રયત્નોના ફળસ્વરૂપે તે ધીમે ધીમે સાજી થઈ ગઈ.

અત્યંત પ્રતિકૂળ પરિસ્થિતિમાં શાંતિના પ્રસાર અને સાહસને લક્ષમાં લઈને મલાલાને ૨૦૧૧માં પાકિસ્તાનનો 'રાષ્ટ્રીય શાંતિ પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યો. ૨૦૧૩માં આંતરરાષ્ટ્રીય બાલ શાંતિ પુરસ્કાર, યુરો સંસદ દ્વારા સખારોવ પુરસ્કાર, મેક્સિકોનો સમાનતા પુરસ્કાર, સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા માનવાધિકાર પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી. સાથે જ ૧૦ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ વિશ્વનો પ્રસિદ્ધ શાંતિ માટેનો નોબેલ પુરસ્કાર આપવામાં આવ્યો. આ પુરસ્કાર તેમને ભારતીય સમાજસેવક કૈલાસ સત્યાર્થી સાથે સંયુક્ત રૂપમાં એનાયત કરાયો છે.

ઇ.સ. ૨૦૧૩, ૨૦૧૪ અને ૨૦૧૫માં ટાઈમ મેગેઝીને તેને વિશ્વની ૧૦૦ સૌથી વધુ પ્રભાવશાળી વ્યક્તિઓની સૂચિમાં સ્થાન આપ્યું. તાલિબાનીઓના દમનથી ડર્યા વિના છોકરીઓના શિક્ષણ મેળવવાના હક્ક માટે નિર્ભયતાથી લડનારી મલાલા આજે વિશ્વના કરોડો લોકો માટે પ્રેરણાસ્રોત છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘે તેના સન્માનમાં ૧૨ જુલાઈને 'મલાલા દિન' ઘોષિત કર્યો છે.

મલાલા ફાઉન્ડેશનના માધ્યમે મલાલા વિશ્વભરના શિક્ષણથી વંચિત બાળકો માટે કાર્ય કરી રહી છે.

વિદ્યાર્થી મિત્રો, એક અગિયાર વર્ષીય બાળકીની વિશ્વના ખૂંખાર આતંકવાદી જૂથ તાલિબાન સાથેની લડત, પોતાના શિક્ષાપ્રાપ્તિના હક્ક માટેની લડત, વિશ્વ સમક્ષ તાલિબાનના દમનને લાવવાની તેની હિંમત આપણને એ સંદેશ આપે છે કે, પરિસ્થિતિ ચાહે ગમે તેટલી વિષમ હોય, સંજોગો સામે ઝૂક્યા વિના તેમાંથી પાર ઉતરવાનો પ્રયાસ કરવો જોઈએ. કહેવાય છે ને કે

**કદમ અસ્થિર હોય તેને રસ્તો કદી જડતો નથી,**
**અડગ મનના મુસાફરને હિમાલય પણ નડતો નથી.**

આવી જ બીજી એક પ્રેરણા ગાથા છે ગુજરાતના ડાંગ જિલ્લાના શ્રમિક પરિવારની પુત્રી સરિતા ગાયકવાડની, જેણે ૨૦૧૮ એશિયન ગેમ્સમાં ભારતને ૪ બાય ૪૦૦ મીટરની રિલેમાં ગોલ્ડ મેડલ જીતાડવામાં પાયાની ભૂમિકા ભજવી હતી. આ સાથે તેણે એશિયાડમાં ગોલ્ડ મેડલ જીતનારી ગુજરાતી એથ્લીટ તરીકેની અનોખી અને અદ્વિતિય સિદ્ધિ હાંસલ કરી લીધી. આ સિદ્ધિ તેણે અનેક સંઘર્ષોનો સામનો કરીને મેળવી છે. કાચા ઘરમાં રહેતા સરિતાના પરિવારમાં પિતા લક્ષ્મણભાઈ, માતા રમુબેન, બે બહેનો અને એક ભાઈ છે. સરિતાના ગામમાં રસ્તાની સુવિધા નહીં-વત્ છે, વીજળી અનિયમિત છે, અત્યારે પાણીની સુવિધા થઈ રહી છે, પણ હમણાં સુધી તેને અને ગામની અન્ય મહિલાઓને પાણી માટે ડુંગર ચડીને જવું પડતું. ખેતમજૂરી કરતાં માતા-પિતા પોતાના ચાર સંતાનોના ભરણપોષણ માટે ચાહે ગમે તેટલો પ્રયત્ન કરે તોયે એક સાંધે ને તેર તૂટે એવી પરિસ્થિતિ હતી. પણ સરિતાનું માનવું છે કે આ બધાં સંઘર્ષોએ જ એના શરીરને ખડતલ અને મનને મજબૂત બનાવ્યું છે. માટે જ કોઈ સ્વપ્ને પણ ન વિચારી શકે કે ગુજરાતના એક આંતરિયાળ આદિવાસી ગામની, પાયાભૂત સુવિધાઓના અભાવમાં જીવતી એક છોકરી રમતગમત ક્ષેત્રે આટલી આગળ વધી શકશે. પોતાની કારકિર્દીની શરૂઆત તેણે ખો-ખોથી કરી હતી અને રાષ્ટ્રીય સ્તરે પોતાના રાજ્યનું

પ્રતિનિધિત્વ કરી પ્રભાવશાળી દેખાવ કર્યો હતો. ત્યાર બાદ એક કોચની સલાહથી તેણે એથ્લેટિક્સ પર ધ્યાન આપવાનું શરૂ કર્યું હતું. તેણે ઇન્ટર-યુનિવર્સિટી નેશનલ લેવલની ઈવેન્ટમાં ગોલ્ડ સહિત ત્રણ મેડલ્સ જીત્યા હતા. એશિયાડની ટ્રાયલ ઈવેન્ટમાં ડબલ ગોલ્ડ જીતનારી સરિતાએ ઓસ્ટ્રેલિયાના ગોલ્ડ કોસ્ટમાં યોજાયેલ કોમનવેલ્થ ગેમ્સમાં પણ ભાગ લીધો હતો. એથ્લેટિક્સમાં તેના શાનદાર દેખાવને કારણે તે હાલમાં ઇન્કમટેક્ષમાં ઑફિસર તરીકેની જવાબદારી સંભાળી રહી છે.

આજે યુવાનો કોઈપણ પરિસ્થિતિથી ગભરાતા નથી. પાણીના પ્રવાહ સામે અવરોધ આવે અને પાણી નવો રસ્તો શોધી લે એ રીતે જીવનમાં ઊભા થ તાં નાના-મોટાં પ્રશ્નોના ઉકેલમાં યુવાનો મોટાં મોટાં સર્જન કરી શકે છે. જેનું ઉદાહરણ છે પટણા, બિહારની શાલિની કુમારી.

ધોરણ આઠમામાં અભ્યાસ કરતી બાર વર્ષની શાલિનીના દાદાને ફૂલ-છોડ ખૂબ પ્રિય હતા. તેમના ઘરની છત પર તેમણે એક સુંદર બગીચો તૈયાર કર્યો હતો, જ્યાં તે દરરોજ ચાલતા. એક વાર તેમને અકસ્માત થતા, ચાલવા માટે વોકરનો ઉપયોગ કરવાની ફરજ પડી. વોકર ચાલવા માટે તો મદદરૂપ હતું પરંતુ વોકરની મદદથી દાદરા ચઢવા શક્ય નહોતા. માટે તેના દાદા છત પર ચાલવા, પોતાના બગીચાના ફૂલ-છોડને માણવા જઈ શકતા નહોતા. પોતાના દાદાની આ પરિસ્થિતિથી દુઃખી થયેલી શાલિનીને વિચાર આવ્યો કે એવું વોકર બનાવવું જોઈએ જે ઍડજેસ્ટેબલ (Adjustable) - સમાયોજનીય હોય, જેની મદદથી દાદરાની ચડ-ઉતર કરી શકાય. એની આ કલ્પનાને એણે મૂર્ત સ્વરૂપ આપ્યું. તેની આ શોધને રાષ્ટ્રપતિ ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામના હસ્તે વર્ષ ૨૦૧૧માં આય.જી.એન. આય.ઈ. (IGNIE) પુરસ્કારથી સન્માનવામાં આવી.

આવું જ એક બીજું ઉદાહરણ છે, એમ. તેનિથ આદિત્ય. ૧૧ ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ જન્મેલા આદિત્યએ યુવા વયમાં ૧૩ આંતરરાષ્ટ્રીય, ૯ રાષ્ટ્રીય અને ૯ રાજ્યસ્તરીય પુરસ્કારો જીત્યા છે. એક સંશોધક, સિક્કા સંગ્રાહક, સોફ્ટવેર ડેવલપર, વક્તા એવો આદિત્ય એક વિદ્યાર્થી પણ છે. નાની ઉંમરથી જ કૉમ્પ્યૂટરમાં રસ ધરાવનાર આદિત્ય ૩૮ સોફ્ટવેર બનાવી ચૂક્યો છે. તેણે કરેલા ૧૯ સંશોધનો પૈકી એક છે કેળના પાનમાંથી થાળી, વાટકા જેવી જુદી જુદી ૧૮ વસ્તુઓ બનાવવી. સામાન્યપણે કેળના પાન ત્રણ દિવસ પછી કરમાઈ જતાં હોય છે. તેણે શોધેલી ટેક્નોલોજીને કારણે કોઈપણ રસાયણના ઉપયોગ વિના તે પાનને ૧ વર્ષ સુધી સાચવી શકાય છે.

આ શોધને કારણે પ્લાસ્ટિકના અતિ વપરાશને કારણે થતી પર્યાવરણની હાનિને અટકાવી શકાય. તેમજ કાગળ બનાવવા માટે કપાતા વૃક્ષોને બચાવી શકાય. તે રાષ્ટ્રપતિ ભવનમાં એક મહિનાના રોકાણનું આમંત્રણ સ્વીકારી ચૂક્યો છે. વિશ્વભરમાં અનેક વાર ભારતનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યો છે.

મિત્રો, મલાલા, સરિતા, શાલિની અને આદિત્ય જેવા તો કેટકેટલા યુવાનો વિભિન્ન ક્ષેત્રે સફળતા પ્રાપ્ત કરી ચૂક્યા છે. પણ એ સફળતા મેળવવા માટે તેમણે પણ અનેક સંઘર્ષોનો સામનો કર્યો છે. તેઓ બધાં પોતાના અનુભવો પરથી જાણે કે કહી રહ્યા છે કે -

**જીવન એક પડકાર છે ઝીલી લો;**
**જીવન એક તક છે ઝડપી લો,**
**જીવન એક સંઘર્ષ છે તેનો સામનો કરો;**
**જીવન એક સાહસ છે ઝંપલાવી દો.**

# ૬. અનોખું મૈત્રીપર્વ

**હિમાંશી શેલત**

૮ જાન્યુઆરી, ૧૯૪૭ના સુરતમાં જન્મેલા હિમાંશીબહેન એમ.એ., પીએચ.ડી. કર્યા બાદ સુરતની એમ.ટી.બી. આર્ટ્સ કોલેજમાં અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે કાર્યરત રહ્યાં. સાહિત્યના વિવિધ ક્ષેત્રે ખેડાણ કરનાર લેખિકાએ 'આઠમો રંગ', 'સપ્તધારા' જેવી નવલકથાઓ, 'અંતરાલ', 'અંધારી ગલીમાં સફેદ ટપકાં', 'એ લોકો' જેવા ટૂંકીવાર્તાસંગ્રહ, 'મુક્તિવૃતાંત' આત્મકથા તથા 'એકડાની ચકલીઓ' જેવા નિબંધસંગ્રહો આપ્યા છે. એ માટે તેમને ગુજરાતી સાહિત્ય અકાદમી, ગુજરાતી સાહિત્ય પરિષદ, ધૂમકેતુ પારિતોષિકથી સન્માનવામાં આવ્યાં છે.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત કૃતિમાં લેખિકાના પશુપ્રેમને મૈત્રીપર્વ રૂપે વર્ણવવામાં આવ્યો છે. કોઈ કુટુંબીજનનું વર્ણન કરતાં હોય એવી આત્મીયતાથી તેમણે બિલાડીનાં બચ્ચાંઓનું મોહક વર્ણન કર્યું છે. ઝીણી ઝીણી વિગતો આપીને દરેક બિલાડીઓની ખૂબીઓ સચોટ રીતે રજૂ કરી છે. સિયામીઝ બિલ્લીઓ અને દેશી બિલાડીઓના પરિચયવિધિના પ્રસંગનું આબેહૂબ વર્ણન કર્યું છે. ઝઘડતા માણસો માટે કૂતરાં-બિલાડીની અપાતી ઉપમાથી લેખિકાને માઠું લાગે છે, જે તેમની પશુઓ સાથેની મધુર અને નિકટ મૈત્રીનો ચિતાર આપે છે.

બારણું ધકેલીને અંદર દાખલ થઈ. ઉત્તેજના, ઉત્કંઠા સમાય નહિ એવી. ઓરડામાં તો અંધારું ઘોર. ભીંતે હાથ ફેરવી સ્વિચ દાબી. આમતેમ નજર દોડાવી.

ત્યાં તો નજર પડી, પડી તેવી જ જકડાઈ ગઈ, જડાઈ ગઈ. જે મોટા ટોપલામાં એમના શયનાર્થે રજવાડી સગવડ કરી આપી હતી એમાંથી જ ટપોટપ એ ત્રણેય ટબૂકલાં બહાર આવ્યાં. મારી ગેરહાજરીમાં બાએ એમને સાચવવા ઠીકઠીક શ્રમ લીધો હતો એમ જણાતું હતું. બહાર નીકળ્યાં તેવાં એ ત્રણેય પકડદાવ રમવા લાગ્યાં, મારી હાજરીની જાણે એમણે નોંધ સુધ્ધાં લીધી નહોતી. કાળા રેશમનાં બન્યાં હોય તેવાં હતાં ત્રણેય. રંગ એકદમ સરખો, જરીકે ફેર નહિ. દેશી બિલાડીઓને હોય તેવું એકાદ સફેદ કે કેસરી ધાબું-ટપકુંયે નહિ. કાળો એટલે કાળો, અમાસની રાતના પોલમાંથી તારતાર કાઢી ઝળહળ તડકે ઝબકોળી તૈયાર કરી હોય એવી રુંવાટી. એક જરા મોટું લાગ્યું. બીજું નાનું ને નબળું ને ત્રીજું પાતળિયું પણ મજબૂત. રમતાંરમતાં એમની નજર મારા પર પડી અને તરત એમણે રમત અટકાવી દીધી, મને ટગરટગર જોવામાં એ પરોવાયાં ત્યારે એમની રૂપાળી આંખોના રંગ મેં જોયા, મોટાની આંખ સોનેરી, નાના-નમણાની ભૂરાશ પડતી અને પાતાળિયાની લીલી ઝાંયવાળી બદામી.

મને તો એમ કે બિલ્લીનાં બચ્ચાં પહેલાં તો સંતાઈ જશે, દોસ્તી બાંધતાં દિવસો જશે. આવો જૂનો અનુભવ. આ તો ભાગ્યાં નહિ એટલે જરા આત્મવિશ્વાસથી મેં એમને પુચકાર્યાં. એમની ભોળી, ફૂટડી આંખોમાં નર્યું વિસ્મય છલકાયું. ભાગવું કે ઊભા રહેવું એ નક્કી ન થતાં એ વચ્ચેની સ્થિતિમાં દેખાયાં. હું હળવેથી નીચે બેસી પડી. ત્રણમાંનું સહુથી મોટું મારી નજીક આવ્યું. ત્રાંસુંત્રાંસું ચાલતું. એનો કોઈ પેંતરો હોય એ ઢબે, મેં જરાક હાથ લંબાવ્યો, શ્વાસ રોકીને, પછી એને ગાલે, દાઢીએ, ગરદન પર, મારી આંગળીઓ ફેરવી. મોટે ભાગે

બિલાડીઓ આ ભાષા જાણે જ. એ તરત રાજીરાજી થઈ વહાલભરી ઘુરઘુરાટી બોલાવતું સાવ પાસે આવી ગયું. (આ Purring માટે આપણી પાસે કોઈ સરસ શબ્દ કેમ નહિ હોય ? ) ખોળામાં બેઠું તેવું જ એ તો ગેલ કરવા લાગ્યું. એને આમ મઝા કરતું જોઈ પેલાં બે પણ પાસે ખેંચાઈ આવ્યાં અને આમ એ સિયામીઝ માર્જાર-ત્રિપુટી સાથેની મારી સરસ મઝાની દોસ્તીનો રોમહર્ષક આરંભ થયો.

બિલ્લીઓ માટેનું મારું ગાંડપણ મારી દોસ્ત બરાબર જાણે, એટલે એણે તો બચ્ચાં મેળવી જ લીધાં અને મોટી બાસ્કેટમાં સારો સંગાથ મેળવી સુરત મોકલી આપ્યાં. આ મહામૂલાં મિત્રો અમારે ત્યાં આવ્યાં તે વેળા ઘરમાં પાંચ દેશી બિલાડીઓ હાજર. તેમાં આ નવાં ત્રણ, ને તે પાછાં ઊંચાં કુળના માનવંતા નબીરા. પરિવારના સભ્યોને ઉત્સાહ અને ટેન્શન એક સાથે. યોગાનુયોગ હું એમના આગમન ટાણે બહારગામ, એટલે એમની ખાતરબરદાસ્ત કરવાનું બાને ભાગે. મને તો સ્ટેશને જ ખબર પડી કે ઘેર મારે માટે નવાં દોસ્ત આવ્યાં છે. એવી અધીરાઈ વ્યાપી કે પૂછવું નહિ. રણઝણ રોમાંચમાં બારણું હડસેલ્યું અને પછી તો...

આ ક્યારની શું કરે છે ? બિલાડીનાં બચ્ચાં જોઈને ગાંડી થઈ જાય છે ! ખાવુંપીવું નથી ?

બાએ બબડતાં ડોકિયું કર્યું અને ખુશ થઈ ગઈ. હું પગ લંબાવી આરામથી બેઠી હતી અને ત્રણેય ઝીણકાં હરખઘેલાં થઈ રમતાં હતાં. ગેલગમ્મતના અજબગજબ ખેલ ચાલતા હોય ત્યાં ખાવાનું કોને યાદ આવે ? આમેય બિલાડી એક અત્યંત આકર્ષક છટાવાળું પ્રાણી છે. એના ઠાઠની તો શી વાત કરવી ! જેણે પાળ્યું હોય કે નજીકથી જોયું હોય એ જ જાણે. ટટ્ટાર ડોક રાખી, લાંબા પગ કરી નિરાંતે બેઠી હોય ત્યારે વાઘની નાની આવૃત્તિ લાગે, એકાગ્ર ચિત્તે પંજો ભીનો કરીકરીને મોં સાફ કરતી હોય ત્યારે અરીસો ધરવાનું મન થઈ આવે, કોઈ પણ ચીજને અપાર કુતૂહલથી, બારીક નજરે એવું જુએ કે દુનિયાનો શ્રેષ્ઠ જાસૂસ પણ બાજુ પર ને સાવ અમસ્તી મજાકમાં પોતાની જ પૂંછડી પકડવા જે રીતે ગોળગોળ ફરે તે જોઈને તો હસીહસીને બેવડ થઈ જવાય. મને તો કદી સમજાયું નથી કે આવા રૂપાળા પ્રાણીને જોઈને કોઈને હડહડ કરી ભગાડવાનું મન જ શી રીતે થાય.

અમારાં વીઆઈપી-નિવાસીઓને એમને શોભે એવાં નામ અમે આપ્યાં, બિલાડીઓ મેબલ અને રાશેલ, બિલાડો થિયોડોર. એવું ઠર્યું કે જ્યાં લગી આ ત્રિપુટી બરાબર ગોઠવાય નહિ ત્યાં લગી ઉપર મારા ઓરડામાં રહે અને ત્યાંથી અગાશીમાં જઈ શકે જેથી એમને પૂરી મોકળાશ રહે અને અમને નિરાંત.

ઘરનું દેશી બિલાડીઓનું વૃંદ તો ખાઈપીને માતેલું થયેલું, ઘરનો અને આસપાસનો ખૂણેખૂણો જાણે, એમની તો દાદાગીરી ચાલે. આ ત્રણ તો મુંબઈગરાં સોફિસ્ટિકેટેડ. દૂધ, બિસ્કિટ અને ઈંડાં ખાય. ખાવાનું ઘડિયાળને કાંટે, ને કુદરતી હાજત માટે માટીવાળો ટોપલો. એમાંયે કોઈ વાર ન ફાવે તો બાથરૂમમાં ભરાઈ ખાળ પર બેસી આવે એવાં સાફસૂથરાં ! ખાટલા પર આપણી આસપાસ પથરાઈ ઊંઘવા જોઈએ. ખાવાની રકાબીમાં વાસ ન આવવી જોઈએ. ભારે નખરાં એમનાં તો. અમેય ક્યાં આજ દિન સુધી આવી બિલાડી જોઈ હતી !

આ પછી તો રોજ સાંજે ઘેર આવતાં મને પાંખો ફૂટતી. ઓરડામાં પેસી બારણું બંધ કરી પહેલાં ખાણીપીણી ચાલે, પછી અગાશીમાં સીધી પહોંચે અમારી મંડળી, નારંગી ઉજાસમાં કાળા રેશમી આકાર ઊછળતા, કૂદતા મસ્તીએ ચડે. અગાશીમાં એક તરફ નાળિયેરીનાં પાન ઝળૂંબે. થિયોડોર એ પાનને વળગી સમતુલાના ભાતભાતના ખેલ દેખાડી ચકિત કરી દેતો અમને. મેબલ અને રાશેલ બનાવટી શિકારીની રમતો રમે, નાનાં અમથાં પાન કે ઠળિયા પાછળ દોડીદોડીને ગાંડાં થાય. અંધારાથી આખી અગાશી ચસોચસ ભરાઈ જાય તો યે હું નીચે જવાનું નામ લેતી નહિ. ક્યા ખૂણામાં કોની આંખોનાં રત્ન એનું અનુમાન બાંધતી બેસી રહેતી. કોઈ ખૂણે સ્થિર ઝળહળતી કે ક્યારેક તીરઝડપે ભાગતી તણખા શી આંખો જ સાહેદી પૂરે એ ત્રણની હાજરીની,

બાકી તો કાળામાં કાળું.


એમને ખવડાવવાનું કામ સહેલું નહોતું. કેટલાં લાડ અને માનપાન મળે પછી ખાવા બેસે. ખાવામાં કશી ઉતાવળ નહિ, આરામથી જમે. મોટી રકાબીની આસપાસ, લીલોતરીની વચ્ચે એ શ્યામ એવી તો ખૂબસૂરત દેખાય કે નજર હટે નહિ. આમેય મેબલનો વિકાસ સહુથી સરસ રહ્યો હતો. ઝડપથી વજન વધતું હતું. પાછલા પગ લગીર ઊંચા, લચકદાર, મોહક ચાલ, અણિયાળા કાનની ટોચ લાલાશ પડતી બદામી, લાંબી છેડેથી વળાંકવાળી પૂંછડી અને પેટ આગળ રુંવાટી એવી ભરપૂર કે બેસે ત્યારે જમીનને અડતી લાગે. એનું કદ જ પ્રભાવક, બે હાથે ઉપાડીએ ત્યારે માંડ સરખી ઊપડે, ખભા પર પગ ટેકવી છોકરાં પેઠે તેડવી પડે. કાળા દીપડા જેવી એ બારી નજીક બેસી તડકો ખાતી હોય.

આ ત્રણેય ચતુર ચોપગાં એમનાં નામ સાંભળી કૂતરાની જેમ જ દોડતાં આવતાં. અમારા એક મિત્ર આ સાંભળી ખડખડ હસ્યા. – જુઓ ભાઈ, કેટ ઈઝ એ કેટ. નામથી દોડતું આવે એવું પ્રાણી બિલાડી હોઈ જ ન શકે.

મને ખબર તો ખરી જ કે બિલાડી એક મનસ્વી પ્રાણી છે. એને ખવડાવીને કે કાળજીથી રાખીને પણ એની સ્વતંત્રતા ખરીદી શકાતી નથી. મૂળ તો એની પ્રકૃતિ જ મને પસંદ પડી ગઈ છે. આવી સ્વતંત્રતાથી પ્રેરાયેલી આ ત્રિપુટી મારી બૂમે ન આવે તો ભોંઠા પડવાનો વારો અવશ્ય આવે છતાં મેં હિંમતથી થિયોડોરને બોલાવ્યો. બીજી જ બૂમે એ દોડતો ને ધસમસતો અમે જે ઓરડામાં હતાં ત્યાં આવી ઊભો ! અમારા મિત્ર સ્તબ્ધ અને અમે ખુશખુશાલ.

એક ઘટના અવિસ્મરણીય છે અને તે આ સિયામિઝ બિલ્લીઓ અને અમારી દેશી બિલાડીઓનો પરિચયવિધિ. અમને ચિંતા તો હતી જ કે આ બધાં એકસાથે કેવી રીતે રહેશે અને બધું શી રીતે સચવાશે. વળી, ત્રણેય એવાં તોફાની હતાં કે એમને સતત ઉપર રાખવાનું અશક્ય બનતું જતું હતું અને બિલાડી જેવા ચંચળ પ્રાણીને એ રીતે રાખી પણ ન શકાય. શી તરકીબ અજમાવવી એ સૂઝતું નહોતું. એવામાં એક દિવસ આ અકસ્માત સરજાઈ ગયો. કશાક તાકીદના કામ નિમિત્તે મારે ધડધડાટ દાદર ઊતરી નીચે આવવાનું થયું અને મારી પાછળપાછળ જ આ ત્રણેય બહાદુરો ઝડપભેર નીચે આવી લાગ્યાં ! મારા જેટલી જ નહિ, મારા-થીયે વધુ ઝડપે. સવારનો સમય, અમારી રફ-ટફ દેશી બિલાડીઓ શિરામણ પતાવી રાતની રખડપટ્ટીનો થાક ખંખેરવા આગલા ઓરડામાં મન ફાવે ત્યાં ઊંઘ તાણતી હતી. અમારા ઘરમાં એક બાબતનું સુખ. ઊંઘતી બિલાડીઓને કોઈ જગાડે નહિ. સોફા પર, ખાટલા પર, ખુરશીમાં, ગાલીચા પર કે પગલૂછણિયાં પર- જ્યાં ગમે ત્યાં ઘોરણ બોલાવી શકાય. અમારા શ્વાસ તો અધ્ધર થઈ ગયા, હૃદય ધબકતું બંધ થઈ ગયું હોય તેવો સન્નાટો. હમણાં કોઈ જાગશે, અબઘડી મહાયુદ્ધ આરંભશે. બીકમાં વ્યાકુળ અમે તો ત્રિપુટીને ગમે તે રીતે ઝડપીને ઉપર લઈ જવાની પેરવીમાં હતાં, પણ થિયોડોર ક્યાં ? મેબલ-રાશેલ તો રસોડામાં દેખાયાં પણ આવો આ ક્યાં ગયો ? બેબાકળાં અમે આગલા ઓરડામાં પહોંચ્યાં. ભલા ભગવાન ! એ તો આગળ જ, પેલી ઢગલો બિલાડીઓ જોઈને ત્યાં જ, એમની ઠેઠ પાસે પહોંચેલો. એને ગંધ આવી જ ગઈ કે અહીં તો 'અપનેવાલા' છે. ભય અને આશંકામાં અમે ફફડી રહ્યાં.

અને અમે જોયું એક આહ્‌લાદક, રોમાંચક દૃશ્ય, જેની સ્મૃતિમાત્રથી આજેય પ્રસન્નતાની એક લહેર ઊઠે છે. થિયોડોર ખુરશી પર બે પગ રાખી, ધીમા અવાજે, એની ખાસ ભાષામાં ટીકાને કંઈક કહી રહ્યો છે. ટીકો એની નાની ઊંઘરેટી આંખે, બગાસું ખાતાંખાતાં એની વાત સમજવા મથી રહ્યો છે. ટીકો અમારો જરા ગામડિયો, એટલે થિયોડોરની બમ્બૈયા ઢબછબવાળી અભિવ્યક્તિથી થોડો ડઘાયેલો લાગે છે. કદાચ ભાષાની થોડી મુશ્કેલી પડી હોય, પણ ફિકરનું કોઈ કારણ નથી. કોઈના ચહેરા તંગ નથી, કોઈ મૂછોને વળ નથી ચડાવતું, કોઈ પૂંછડી પટકીને યુદ્ધની ઘોષણા કરવાના 'મૂડ'માં નથી. ટીકો એનું લાંબું કદ સંકોરતો આળસ મરડીને ઊભો થાય છે અને અમારા પરમ આશ્ચર્ય વચ્ચે થિયોડોર કૂદીને



ગાદી પર ટીકા અને નાનીની વચ્ચે બેસી જાય છે ! પળ બે પળમાં તો મેબલ અને રાશેલ ત્યાં આવી પહોંચે છે. મેબલ પારકાને જોઈને રાજી થઈ ગયેલી દેખાય છે, એને હળુહળુ અવાજે બોલાવે છે. લઘુતાગ્રંથિથી પીડાતો પારકો આવી જાજરમાન મેબલને જોઈ જરા સંકોચાય છે, પણ પછી મેબલનું મળતાવડું વલણ જોઈ હિંમત ભેગી કરે છે. રાશેલ શરમાળ છે એટલે આટલી બધી માર્જાર વસ્તી જોઈ થોડી ડરે છે, પછી તો એનો ખચકાટ પણ જતો રહે છે.

ઘડી પછી તો આગલા ઓરડામાં જ પકડદાવની ધમાચકડીમાં બધાં પરોવાય છે. પડદા પર નખ ભેરવી સડસડાટ ઉપર પહોંચવાની સ્પર્ધા ચાલે છે, ટેબલ પરથી ટેબલ નીચે સંતાકૂકડીની મોજ માણે છે આઠેઆઠ. અમને હાશ થાય છે, આટલા સહજ-સરળ ભાવે આ બધાં પરસ્પરને સ્વીકારી લેશે એવું જાણતાં હોત તો... તો... પણ અમે એવું ક્યાંથી જાણીએ ? અમારો અનુભવ મનુષ્યજાતિનોયે ખરો ને પાછો !

અમારા આંગણામાં આવાં દૃશ્યો રોજરોજ સર્જાવાં લાગ્યાં. કૂંડાંઓની અડખેપડખે કે ક્યારામાં આ સ્ફૂર્તિલાં મિત્રો એમની આગવી રમતો શોધી નિજાનંદમાં રમમાણ હોય. સવારનો મનભાવન તડકો એમની સાફ, ચમકતી રુંવાટીને સ્પર્શતો હોય અને પ્રકૃતિ કે જીવન પરત્વેનો વિસ્મયભાવ કે મુગ્ધતા જળવાઈ રહ્યાં હોય એવા કોઈ રાહદારીની નજર અમારા તરફ પડી જાય કે બસ. કુતૂહલ અને પ્રશંસાથી એ જરૂર પૂછી લે, ‘‘આ બધી બિલાડીઓ તમારી ?’’ અને પૂરા સંતોષથી આનંદ કંપતા અવાજમાં જવાબ અપાય, ‘‘બધીયે અમારી...’’

અને મને તો એવુંયે થાય કે માત્ર આટલી જ શા સારુ, હું પ્રત્યેક બિલાડીને ચાહું છું, એટલી ચાહું છું કે મને તો બધી જ મારી લાગે છે. આટલું ઓછું હોય તેમ અમારો દોસ્ત લાલિયો પણ આ રમત સમયે પૂરી અદબ જાળવી બેઠો હોય. ત્યાં એના મોટા કદને લીધે રમતમાં સીધો ભાગ લેવાનું એને માટે શક્ય નથી છતાં, કપાળે કરચલી ધારણ કરી, થોડી રમૂજ સાથે અને પૂરા ગૌરવથી બે બિલાડીઓની ધમાલ જોતો રહે છે. હા, આ છત્ર હેઠળ કૂતરા અને બિલાડીઓ સાથે રહી શકે છે, પ્રેમથી સદ્ભાવથી. હવે કોઈ માણસો માટે એવો શબ્દપ્રયોગ કરે કે ‘‘આ લોકો તો કૂતરાં-બિલાડાં જેવું લડે છે. ’’ તો હું મારી જીભ કચરી બેસું છું. એમાં મારો કોઈ દોષ ખરો ?

– વિક્ટર

## માર્ગદર્શક સ્તંભ

આ કૃતિનું અધ્યાપન કરાવવાની શરૂઆત કરતાં પહેલાં પ્રાણીઓ પ્રત્યેની વિદ્યાર્થીઓના મનમાં રહેલી ભાવનાને ઝંકૃત કરવા વિવિધ પ્રશ્નો પૂછી શકાય. નાનાં-મોટાં પાલતુ પ્રાણીઓ વિશે, તેમની બોલી, રહેઠાણ ખોરાક, વિશિષ્ટતા, બચ્ચાં વગેરે વિશે પૂર્વજ્ઞાનના આધારે ચર્ચા કરી શકાય. પ્રાણીઓ આપણાં વફાદાર સાથી છે તે વિશે વાત કરી વિદ્યાર્થીઓમાં પ્રાણીપ્રેમ પ્રગટાવવાનો પ્રયત્ન કરી શકાય.

## સ્વાધ્યાય

(અ) ૧. **નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) બિલાડો (૨) તજવીજ (૩) શાહી (૪) ગુપ્તચર

(૫) સાક્ષી (૬) યુક્તિ (૭) સ્વચ્છંદી (૮) મર્યાદા


૨. **કૃતિમાં વપરાયેલા અંગ્રેજી શબ્દ શોધી તેના માટે ગુજરાતી શબ્દો લખો.**

૩. **શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :**

(૧) ત્રણનો સમૂહ - ----------------- (૨) મનને ગમે તેવું - -----------------


(૩) મત્ત બનેલું - ----------------- (૪) મોટા ઘરનો દીકરો - -----------------

૪. **નમૂના પ્રમાણે આકૃતિ પૂર્ણ કરો :**





(આ) ૧. **આકૃતિબંધ પૂર્ણ કરો :**


(૧)





(૨)




(૩)





(૪)




(૫)




(૬)




**૨. બિલાડી નીચેની ક્રિયા કઈ રીતે કરે છે તે લખો :**

(૧) યુદ્ધની ઘોષણા – ------------------------------------------------

(૨) મોં સાફ કરવું – ------------------------------------------------

(૩) કોઈ પણ ચીજ જોવી – ------------------------------------------------

(૪) ખાવું – ------------------------------------------------

**૩. ક્યારે તે લખો :**

(૧) બિલાડી વાઘની નાની આવૃત્તિ લાગે – -----

(૨) અરીસો ધરવાનું મન થઈ આવે – -----

(૩) હસીહસીને બેવડ વળી જવાય – -----

(૪) લેખિકા જીભ કચરી બેસે છે – -----

**૪. નીચેના વાક્યોને ઘટનાક્રમ અનુસાર ગોઠવો :**

(૧) મંડળી અગાશીમાં પહોંચે.

(૨) રેશમી આકાર મસ્તીએ ચડે.

(૩) ખાણીપીણી ચાલે.

(૪) અંધારાંથી અગાશી ચસોચસ ભરાઈ જાય.

**૫. ગદ્યને આધારે કોણ તે લખો :**

(૧) જાજરમાન – ----------

(૨) ગામડિયો – ----------

(૩) શરમાળ – ----------

(૪) લઘુતાગ્રંથિથી પીડાતો – ----------

**૬. મને ઓળખો :**

(૧) બિલાડીઓને જોઈને કુતૂહલ અનુભવનાર – 

(૨) લેખિકાનો દોસ્ત – 

(૩) ખાઈ-પીને માતેલાં થયેલાં -

(૪) બનાવટી શિકારીની રમત રમનાર -

(૫) ભાતભાતના ખેલ દેખાડનાર -

(૬) બિલાડીઓ માટે ગાંડપણ ધરાવનાર -

(ઇ) ૧. **નીચેના રૂઢિપ્રયોગોના અર્થ લખો :**

(૧) જીભ કચરવી - ---------------------------------------------

(૨) શ્વાસ અધ્ધર થઈ જવો - ---------------------------------------------

(૩) ભોંઠા પડવું - ---------------------------------------------

(૪) તરકીબ અજમાવવી - ---------------------------------------------

૨. **સમાસનો વિગ્રહ કરી પ્રકાર લખો :**

(૧) કૂતરાંબિલાડાં (૨) ખાણીપીણી (૩) ત્રિપુટી (૪) અશક્ય

૩. **સંધિ છોડો :**

(૧) પ્રત્યેક (૨) અત્યંત (૩) નિજાનંદ (૪) એકાગ્ર

૪. **પાઠમાં આવેલા શબ્દયુગ્મ શોધો.**

૫. **અલંકાર ઓળખો.**

(૧) આ લોકો કૂતરા - બિલાડાં જેવું લડે છે.

(૨) એ નિરાંતે બેઠી હોય ત્યારે વાઘની જાણે નાની આવૃત્તિ લાગે.

(૩) કાળા દીપડા જેવી એ બારી પાસે તડકો ખાય.

(ઈ) ૧. **તમને ક્યા પશુઓ પાળવા ગમે અને શા માટે તે કહો.**

૨. **ઝઘડતાં માણસોને અપાતી કૂતરા-બિલાડાંની ઉપમા સાથે તમે સહમત છો કે નહીં તે જણાવો.**

(ઉ) **પશુઓ અને માનવમાં કોણ કોના માટે હાનિકારક કે ઉપયોગી છે તે વિશે વર્ગમાં સમૂહચર્ચા કરો.**


(ઊ) ૧. **પાળેલાં પ્રાણીઓની સારસંભાળ કઈ રીતે લેવી જોઈએ તે વિશે માહિતી ભેગી કરો.**

૨. **ઝવેરચંદ મેઘાણી રચિત કાવ્ય 'હાલો ગલુડિયાં રમાડવાં...' મેળવીને વાંચો.**

૩. **તમારા પરિસરમાંના નિરાધાર પશુ-પંખી માટે શું શું કરી શકાય તથા નિરાધાર પશુ-પંખી માટે કાર્ય કરતી સંસ્થાઓ વિશે માહિતી મેળવી ઉપક્રમ તૈયાર કરો.**

સરવાળો સત્કર્મનો, ગુણનો ગુણાકાર;
બાદબાકી બૂરાઈની, ભ્રમનો ભાગાકાર.

● ચર્ચા કરો : ★ જીવદયા ★ પ્રાણીઓના હક્ક
★ મૂંગા પ્રાણીઓની માનવે કરેલી દુર્દશા



# ગુજરાતી લોકસાહિત્ય

**રતિલાલ સાં. નાયક**

૧ ઑગસ્ટ, ૧૯૨૨ના રોજ મહેસાણા, ગુજરાતમાં જન્મેલા શ્રી રતિલાલ નાયકે બાળસાહિત્ય અને કોશસાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપ્યું છે. તેમણે ૨૦૦થી વધુ પુસ્તકો લખ્યાં છે. 'આપણો અમર વારસો', 'પરીકથામાળા', 'આનંદકથામાળા', 'અંડેરી ગંડેરી', 'કરંડીયો', 'જોડણીપ્રવેશ' તેમની પ્રચલિત રચના છે. તેમણે 'મોટો કોશ' અને 'નાનોકોશ' જેવા કોશ પણ આપ્યા છે. ૨૮ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ તેમનું મૃત્યુ થયું હતું.

લોકોનું, લોકો માટેનું અને લોકો મારફતે રચાયેલું સાહિત્ય તે લોકસાહિત્ય, લોકસાહિત્ય ધરતીનું ધાવણ છે. આપણું તળપદું સંસ્કાર ધન છે. એ કોઈ ચોપડે ઊતરેલું નહિ પણ કંઠોપકંઠ ઊતરી આવેલું સાહિત્ય છે. એ લોકસમસ્તની સહિયારી મૂડી છે; એનું કર્તૃત્વ સંવેદનશીલ અને ઊર્મિસભર નરનારનું છે. એના વિષયો છે ગૃહસંસાર અને કુટુંબજીવનનાં વિષઅમૃત, સામાજિક, ઐતિહાસિક કિસ્સા અને પૌરાણિક કથા-પ્રસંગો, લોકમાનસ, લોકાચાર અને લોકમાન્યતાનું એ દર્પણ છે. સમાજ જીવનની એ આરસી છે. લોકજીવન રહેણીકરણી, આચારવિચાર સર્વનાં એમાં દર્શન થાય છે. ધર્મ, ઇતિહાસ, સંસ્કૃતિની એ ત્રિવેણી છે. લોકહૈયાનો સ્વાભાવિક છતાં ભાવપૂર્ણ લલકાર એ એની વિશિષ્ટતા છે. કંઠોપકંઠ અને કંઠોપકર્ણ સવારી કરીને લલિત, મધુર, ધારદાર ને અસરકારક બનેલી અકૃત્રિમ વાણી એ એની આગવી વિશેષતા છે. બોલચાલની વાણીની અજબ મીઠાશથી એ મહેકે છે. સૌંદર્યની મર્માળી, લાવણ્યયુક્ત, ચોટદાર, વેધક અને લોકકલ્પનાને જ સૂઝે એવી મૌલિક અલંકારોથી ઓપતી વાણી અને વીર, શૃંગાર, કરુણ, અદ્ભુત, હાસ્ય આદિ રસોની એમાં થતી નિષ્પત્તિ એને સૌંદર્યલક્ષી, ભાવનાલક્ષી અને આનંદવર્ધક બનાવે છે. રાગ અને ઢાળોનું એમાં ભારોભાર વૈવિધ્ય છે.

ચારણ, ભાટ, મીર, મોતીસળ, રાવળ વગેરે જાતિઓએ એના પ્રચાર અને પ્રસારણમાં કિંમતી ભાગ ભજવ્યો છે. ભ્રમણ કરતા ભિખારીઓ, એકતારા, મંજીરા અને ઝાંઝ, પખવાજ સાથે ગાતાં ભજનિકો, સાજ સાથે કે સાજ વિના ફરતાં ભરથરીઓ અને રાવણહથ્થા-વાળાઓનો પણ એમાં ઓછો હિસ્સો નથી. હાલરડાં ગાતી, દળતી, ખાંડતી, વલોણાં વલોવતી, પાણીડાં સીંચતી અને ગરબે ઘૂમતી નારીઓનો પણ એમાં હિસ્સો છે. શેરીઓમાં રમત રમતાં બાળકો, લગ્નપ્રસંગે હોંશ પૂરી કરતી જાનડીઓ, છાણાં વીણવા જતી વયોવૃદ્ધ ડોસીઓ, કોસ હાંકતા ખેડૂતો, લણણી કરનારાંઓ અને કાલાં વીણનારાંઓ પણ એના ધરખમ પ્રચારકો છે. અભણ, અજ્ઞાની અને નિરક્ષર વર્ગના અંતઃકરણના ભાવોદ્ગારને વાચા આપતાં આ સાહિત્યનાં મહત્ત્વનાં લક્ષણો છે સરળતા, અકૃત્રિમતા આપણી પ્રાણધબકતી જનતાનું એ સંવેદનયુક્ત ઊર્મિ ઉચ્ચારણ વાસ્તવમાં તો સંસ્કારોચ્ચારણ જ છે, એમાં રસ છે, રસિકતા છે, માર્મિકતા છે અને એટલું ઊણું લાગતું હોય તો પ્રગટ રીતે આવતો એવો નહિ પણ રસાઈને આત્મસાત્ બનતો સુબોધ છે. સુબોધ અને સદાચાર સાહિત્યમાં ફોરમરૂપે રહે એમાં ઔચિત્ય નથી શું ?

કહેવત, ભડલીવાક્ય, ઉખાણાં, હાલરડાં, બાળજોડકણાં, વ્રતકથાઓ, લગ્નગીતો, પ્રણયગીતો, વિલાપગીતો, વીરપ્રશસ્તિ ગીતો, શ્રમિકોનાં ગીતો, ભજનો, ગરબા ને રાસદુહા એના લાક્ષણિક સર્જન વ્યાપારો છે. લોકસાહિત્યમાં જોવા મળતો દુહો છે

તો ચારણીસાહિત્યનું એક અંગ અને એનો પ્રાદુર્ભાવ લોકસાહિત્ય અર્થાત્ લોકગીતની પહેલાં થયેલો પણ એય તે લોકસાહિત્યમાં ભળી ગયો છે. દેવીપુત્ર ચારણોએ ડિંગળ ભાષા અને દુહા બંનેને લોકસાહિત્યની પહેલાં સમાજમાં લોકપ્રિય કર્યાં હતાં; દુહામાં રહેલ વેધકતા, વિનોદ અને વ્યંગની સમૃદ્ધિને કારણે લોકમાનસ એના તરફ વધુ ઢળ્યું હોય એ બનવાજોગ છે. અનેક રાજા, બહારવાટિયા, પરાક્રમી અને પ્રણયીઓનાં પ્રેમશૌર્યની કથાઓ આ દુહાઓનો આશરો લઈને રચાયેલાં લયવાહી ગદ્યની તાજી અને ચિરંજીવ કૃતિઓ રહી છે. પ્રેમશૌર્યને બહેલાવતી ઇતિહાસ કથાઓ કે દંતકથાઓ, સંતકથાઓ, પરીકથાઓ, રૂપકથાઓ, વ્રતકથાઓ, બાળવાર્તાઓ, ટૂચકાઓ વગેરેમાં જોવા મળતું લોકસાહિત્યનું ગદ્ય પ્રાસ, તળપદા રૂઢિપ્રયોગો અને ચિત્રાત્મક વર્ણનોથી જુદી જ ભાત પાડી ગયું છે. ઢાળ અથવા ગીત માનવ-વાણીનું સાહજિક સ્વરૂપ છે. જ્યારે દુહાદિ છંદ તો એ પછી અવતરેલું સ્વરૂપ છે. એક પ્રાકૃતિક અને બીજું કૃત્રિમ તોય બંને એકમેકમાં ભળી જલદી લોકચાહનાનાં નિમિત્ત બન્યાં છે. એમાં પછી તો વિવિધ અલંકારો પણ ગૂંથાવા પામ્યાં છે. જુઓ :

'તારા માથાનો અંબોડો રે, જાણે છૂટ્યો તેજી ઘોડો ;
તારી આંખનો ઉલાળો રે, જાણે દરિયાનો હિલોળો;
તારા નાકડિયાની દાંડી રે, જાણે દીવડીએ રાગ માંડી;
તારા વાંસાના વળાંકો રે, જાણે સરપનો સબાકો.'

લોકસાહિત્યના ઘડતર અને સંવર્ધનમાં પુરુષોની જોડાજોડ સ્ત્રીસમુદાયનો પણ એટલો જ ફાળો છે, સ્ત્રીઓએ જન્મથી મૃત્યુ સુધીના વિવિધ પ્રસંગો ઊલટભેર એમાં સરળ અને પ્રાસાદિક વાણીમાં રજૂ કર્યા છે. જુઓ :

કિશોરાવસ્થા પ્રાપ્ત થતાં જ એ દાદાને કહે છે :

'અમે તે લીલા વનની ચરકલડી,
ઊડી જાશું પરદેશ જો,'

વ્રતો કરતાં એ માંગે છે :

'ગોરમા ! ગોરમા રે ! કંથ દેજો કહ્યાગરો.'

દાદા આગળ પણ રજૂઆત કરતાં કહે છે :

'એક ઊંચો તે વર ના જોજો રે દાદા !
ઊંચો તે નિત નેવાં ભાંગશે !

પરણીને સાસરે ગયા પછી એ રન્નાદે પાસે યાચે છે :

લીંપ્યું ને ગૂંપ્યું મારું આંગણું,
પગલીનો પાડનાર દો ને રન્નાદે !

પુત્ર પામીને એ પોતાની પ્રસન્નતા આ રીતે રજૂ કરે છે :

તમે મારા દેવના દીધેલ છો !
તમે મારા માંગી લીધેલ છો ;
આવ્યા ત્યારે અમર થઈને રહો.

વળી બાળ-જોડકણાં જોડી એ બોલે છે ;

આજ મારો નાનકો નાચ્યો નથી, કૂદ્યો નથી ;
કેડની ઘૂઘરી વાગી નથી.

સાથે હાલરડાં ગાતી એ અંતરનો રાજીપો આ રીતે મૂકે છે :

હાલ્ય વાલ્યને હાંસીનો,
રાતો ચૂડો ભાઈની માસીનો.

રોજીંદા જીવનમાં એ આવો વિનોદ પણ માણે છે,

નણંદ મારી વાડીમાંની વેલ જો,
નણંદોઈ મારો વાડીમાંનો વાંદરો.

તો એનો વિરહ વળી આમ વ્યક્ત થાય છે, એણે કહ્યું હશે :

'ગુલાબી ! નહીં જાવા દઉં ચાકરી રે.'

પણ એનો પિયુ તો રોક્યો ન રોકાતાં ચાલતાં ચાલતાં એ બોલી ઊઠે છે :

'ગણજો ગોરી ! પીપરડીનાં પાન,
એટલે રે દહાડે અમે આવશું.

અને એનાં જીવનનો ક્યારેક કરુણ અંત પણ આમ રજૂ થાય છે :

'વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ,
સોનાવરણી એની ચેહ બળે રે,
રૂપલવરણી એની રાખ જો.'

સ્ત્રીનો આખો જીવનક્રમ એના હર્ષ - ઉલ્લાસ અને વેદનાવિયોગ સાથે આમ જોવા મળે છે.

લોકસાહિત્યમાં આબાલવૃદ્ધ સૌના યત્કિંચિત્ હિસ્સાથી ઘણાં સ્વરૂપો પાંગર્યા છે. ઉખાણાં, રાસ, શૃંગારગીત, રાજીયા, મરસિયા, પરજિયા, બલિદાન ગીતો, શૌર્યગીતો અને ભજનવાણી. આ દરેક વિશે ટૂંકમાં જોઈએ.

### ❁ ઉખાણા :

લોકસાહિત્યમાં જીવનમાં વિધવિધ પાસાંરૂપ કહેવતો, સમસ્યાઓ અને ઉખાણાં સચોટ કવિત્વ શક્તિથી સર્જાયાં છે. જુઓ :

'ભીંતમાં ભીંત, પછીતમાં પાણી'
(જવાબ : શ્રીફળ)

### ❁ રાસ :

ગરબા, રાસ અને રાસડા એ લોકસાહિત્યની અમૂલી દેણ છે. એમાં લય, સંગીત અને કાવ્યત્વનો ત્રિવેણી સંગમ થયેલો જોવા મળે છે.

'મેંદી રંગ લાગ્યો રે',
'રાધાજીના ઊંચા મંદિર નીચા મહેલ,
ઝરૂખડે દીવા બળે રે લોલ'

જેવાં તો અનેક રાસગીતો એમાં છે.

### ❁ શૃંગારગીતો :

લોકસાહિત્યમાં અલંકાર અને ધ્વનિભરપૂર વિપુલ શૃંગારગીત પણ જોવા મળે છે. જેમકે :

'કાઠિયાણી કેડ પાતળી, હલકતી માથે હેલ,
બરડા કેરા બજારમાં ઢળકતી આવે ઢેલ.' અથવા
'મારુ સૂની અટારીએ, રતડો પલંગ બિછાવ,
તારા તરવરિયું કરે, ચંદરિયો લલચાય.' અથવા
'નવા મોલ ને ઘેણ નથી, નથી જવાની નેહ,
ઠાકર ઘેર પધારિયા, મોતી વરસ્યા મેહ.'

### ❁ રાજીયા, મરસિયા, પરજિયા :

શોકના પ્રસંગોએ જામતા દુ:ખભારને આ પ્રકારનાં વિલાપગીતો દ્વારા હળવો કરવામાં આવે છે.

'બહેનને જાવાં તે નગર સાસરે'

જેવાં રાજીયા,

'દાદાનાં આવ્યાં તેડાં,
અમને છેલ્લી વેળાના વીરા રામરામરામ,

જેવાં મરસિયા અથવા

'ઓય રે બાવા શરદપૂનમ કેરી રાત
સમણાં લાયાં રે રાણી ઓતરા'

જેવા પરજિયા એજ ઉદાહરણ છે.

### ❁ બલિદાનગીતો :

જનકલ્યાણ માટે થયેલાં બલિદાનો લોકસાહિત્યમાં આમ અમર થયાં છે :

'એક હોકારો દોને વશરામવીર,
ગોઝારાં નીર કોણ પીશે જીરે?'

### ❁ શૌર્યગીતો :

સૌરાષ્ટ્રી જાતિઓનાં શૂરાતન અને સાહસ લોકસાહિત્યમાં સુપેરે ઝીલાયાં છે. જુઓ :

મૂળુ મૂછે હાથ, તલવારે તવાં,
હોત જો ત્રીજો હાથ;
તો નર અંગ્રેજ આગળ નમત.

### ❁ ભજનવાણી :

ભક્તિ અને વૈરાગ્યનાં તલસાટ, મસ્તી અને તલ્લીનતા લોકસાહિત્યમાં વિપુલ પ્રમાણમાં છે.

'ધણી તારો પાર ન પાયો,
ન પાયો રે પ્રથમીના માલિક,
તારો પાર ન પાયો રે'.

જેવાં તો અનેક ભજનો લોકસાહિત્યની મંજૂષામાં છે,

લોકસાહિત્ય જેમ પદ્યમાં તેમ ગદ્યમાં પણ જોવા મળે છે, એનું એ ગદ્ય પણ એવું જ બલિષ્ઠ અને વરિષ્ઠ છે. જુઓ આ નમૂનો :

બરાબર મધરાતનો ગજર ભાંગ્યો ત્યાં વિધાત્રી પધાર્યાં : હાથમાં કંકુનો ખડિયો, કાને મોતીની લેખણ, ને કાખમાં આંકડા ગણવાનો કોઠો.

હળવે હળવે દેવી તો દાખલ થયાં. છોકરાની ખાટલી આગળ જઈ બેઠાં. ઘીનો દીવો બળે છે, વાટ સંકોરીને દેવીએ અજવાળું વધાર્યું. છોકરાની હથેળીમાં ને કપાળમાં માંડ્યાં રેખાઓ કાઢવા.

રોજની પાંચશેર લોટની તાંબડી લખી. દાન-દક્ષિણાના દોકડા લખ્યા, ગોરપદાનાં ધોતિયાં લખ્યાં, એક સોળ વરસની ગોરાણી લખી. પણ જ્યાં આવરદાની રેખા તાણવા જાય છે. ત્યાં તો અરર ! વિધાત્રીના હાથ માંથી લેખણ પડી ગઈ, પટ દઈને દેવી ઊભાં થઈ ગયાં. દીવડો ઝાંખો પડ્યો અને કપાળ ફૂટીને પાછું હાલવા માંડ્યું. કહે કે, 'વિક્રમ ! બીજા તો લેખ રૂડા પણ આયખું જ અઢાર વરસનું ; ચોરીએ ચડીને ચાર મંગલ વરતતા હશે ત્યારે ચોથે ફેરે એને સાવજ ફાડી ખાશે.'

ટૂંકમાં લોકસાહિત્ય વિપુલ અને પ્રસન્નતા પ્રેરક છે. મબલખ અને મર્મભેદક છે. શક્તિમાતાની ગરબીઓ, પીરનાં સ્તવનો, વીર નરનારીઓનાં આચરણો, ડૂબતાં વહાણનાં જળસંકટના સામનાનાં વર્ણનો, નાવિકોની મર્દાનગીઓ, લંપટતાના સામના ને એને થયેલી આકરી શિક્ષાઓ, લશ્કરી નોકરીના ત્રાસ, રાજશાસકોના જુલમો અને એમની દાનાઈઓ ભડલી વાક્યો એમ યાદી લાંબી થતી જાય છે.

લોકસાહિત્ય ગુજરાતની મોંઘી સંસ્કાર મૂડી છે. એને જાળવીને એનો લેવાય તેટલો લાભ લેવાની આપણી ફરજ છે.

આપણા આવા સમૃદ્ધ સાહિત્યિક વારસાને જાળવી રાખવા તથા નવી પેઢીને તેનાથી પરિચિત કરવાના – હેતુથી પાઠ્યપુસ્તકમાં તેનો સમાવેશ કરવો જરૂરી છે. આ વિશાળ વટવૃક્ષની અનેક શાખાઓ છે. અહીં લોકકથા અને લોકગીતનો પ્રારંભિક પરિચય આપવામાં આવ્યો છે.

### ● લોકસાહિત્ય અને શિષ્ટ સાહિત્ય વચ્ચેનો તફાવત ●

| લોકસાહિત્ય | શિષ્ટ સાહિત્ય |
|---|---|
| ૧. લોકસાહિત્યની પરંપરા મૌખિક છે. | ૧. શિષ્ટ સાહિત્યની પરંપરા લિખિત છે. |
| ૨. લિપિ શોધાયા પહેલાં પણ લોકવાઙ્મય અસ્તિત્વમાં હતું. | ૨. લિપિની શરૂઆત પછી લાંબા સમયે શિષ્ટ સાહિત્યનું સર્જન થવા લાગ્યું. |
| ૩. લોકસાહિત્યની કોઈપણ કૃતિના સર્જકને આપણે જાણતા નથી. સર્જક અજ્ઞાત હોય છે. | ૩. શિષ્ટ સાહિત્ય કૃતિના સર્જકનું નામ આપણે જાણીએ છીએ. સર્જક જ્ઞાત હોય છે. |
| ૪. લોકસાહિત્યની કૃતિમાં અસંખ્ય પાઠાંતરો મળે છે. | ૪. શિષ્ટ સાહિત્યની કૃતિમાં પાઠાંતરો મળતા નથી. |
| ૫. લોકસાહિત્યની કૃતિ રીત-રિવાજોને કારણે છે. વિધિવિધાનને કારણે છે. | ૫. શિષ્ટ સાહિત્ય કૃતિ રચનાનો ઉદ્દેશ કલાનું સર્જન છે. |
| ૬. લોકસાહિત્યની કૃતિ સાંઘિક સર્જન છે તેથી તે આખા સમાજ કે સંઘની સંપત્તિ છે. | ૬. શિષ્ટ સાહિત્યની કૃતિ વ્યક્તિગત સર્જન છે. તેથી તે જે તે વ્યક્તિની સંપત્તિ છે. |
| ૭. લોકસાહિત્યની કૃતિનો વાહક એકની એક કૃતિને જુદા-જુદા સ્થળે અને સમયે જુદી જુદી રીતે રજૂ કરતો હોય છે. | ૭. શિષ્ટ સાહિત્યકૃતિનો સર્જક પોતાની એક જ કૃતિને જુદી જુદી રીતે રજૂ કરી શકતો નથી. |

## સ્વાધ્યાય

**(અ)** ૧. લોકસાહિત્યનું સ્વરૂપ વર્ણવો.

૨. લોકસાહિત્યના વિવિધ પ્રકાર વર્ણવો.

૩. લોકસાહિત્યના સંવર્ધનમાં સ્ત્રીઓનું યોગદાન સ્પષ્ટ કરો.

૪. લોકસાહિત્ય અને શિષ્ટ સાહિત્યના તફાવતના પાંચ મુદ્દા લખો.

**(આ) લખો :**

૧. ભજનિકોના વાજિંત્રો – -------------

૨. માનવવાણીનું સાહજિક સ્વરૂપ – -----------

૩. દેવીપુત્ર ચારણોએ લોકપ્રિય કરેલું સાહિત્ય – -------------

૪. લય, સંગીત અને કાવ્યત્વનો જેમાં ત્રિવેણી સંગમ છે તે – -------------

૫. લોકસાહિત્યના પ્રસારમાં ભાગ ભજવનાર – -------------



# લોકકથાની દુનિયામાં ડોકિયું

પ્રકૃતિની ગોદમાં પાંગરેલા લોકજીવનને મહામૂલું મનોરંજન પૂરું પાડી, સંસ્કારઘડતર કરી એને સોળે કળાએ સોહામણું બનાવનાર લોકકથાઓની પરંપરા લોકસંસ્કૃતિના પરોઢ જેટલી પુરાણી છે. પ્રાચીનકાળથી ભારતની ધરતી પાણીદાર મોતી જેવી લોકકથાઓનો મબલખ પાક આપતી રહી છે. આ કથાઓ ભારતીય સીમાડાની અંદર પૂરાઈ ન રહેતાં પવનની પાંખે ચડીને વિશ્વના પરિભ્રમણે નીકળેલી જોઈ શકાય છે. મૂરખની, ચતુરાઈની, રાજકુમાર અને પરીઓની ભારતીય લોકકથાઓ અરબસ્તાનના તંબુઓમાં, સહરાના રણમાં, નાઈલ નદીના ખોળે રમતા ઈજિપ્ત, સુમેરિયા કે મધ્ય એશિયાના જુગજૂનાં શહેરોમાં ઇરાન, ચીન, બ્રહ્મદેશ કે રશિયામાં રમતી મળી આવી છે. અલબત્ત, એમાં પાઠાંતરો અને દેશકાળને અનુરૂપ ફેરફારો અવશ્ય થયા છે.

લોકકથાઓમાં જીવાતા લોકજીવનનું ભાતીગળ લોકસંસ્કૃતિનું સ્પષ્ટ પ્રતિબિંબ જોવા મળે છે. લોકજાતિઓના પહેરવેશ, અલંકારો, ઉત્સવો, રીતરિવાજો, લોકબોલીની લઢણો, લહેકા, મનોરંજન, લોકકળા, એમના ઓજારો, વાહનો, હથિયારો, યુદ્ધ-ધીંગાણાં, આદર્શો, નીતિમત્તા, ખાનદાની, ત્યાગ, ટેક, બલિદાન, વીરતા, જન્મ, લગ્ન, મરણના રીતરિવાજો, લોકમાન્યતાઓ વગેરે સંસ્કૃતિના સર્વ અંશો લોકકથા-ઓમાં લહેરાતા જોવા મળે છે. તેથી જ કાકાસાહેબ કાલેલકરે કહ્યું છે કે, ''કોઈપણ જાતિની સંસ્કૃતિની ઉન્નતિ કે અવનતિ જાણવી હોય તો એ ધર્મશાસ્ત્ર ઉપરથી નહીં જણાય, સ્મૃતિઓ કે શિષ્ટ ગ્રંથોમાંથી એ નહીં સાંપડે. ઇતિહાસમાંથી એને ખોળી કાઢવું કઠિન છે. ત્યારે સમાજની મૌલિક કથાઓમાંથી એનો સાચો ખ્યાલ આવી શકે છે.''

લોકસાહિત્યના સંશોધકો માટે લોકકથાઓના સંગ્રહનું કાર્ય જેટલું અગત્યનું છે તેટલું જ તેના અભ્યાસ માટે એ કથાઓના વર્ગીકરણનું કાર્ય પણ મહત્ત્વનું છે. ગુજરાતના લોકસંસ્કૃતિ બાગમાં ખીલેલી અને તળધરતીનું ધાવણ ધાવીને ઉછરેલી આ કથાઓએ લોકજીવનના ધબકારાને ઝીલ્યા છે. તેથી તેનું વર્ગીકરણ લોકજીવને આ કથાઓનો ઉપયોગ કયા અવસરે અને કેવા પ્રકારે કર્યો છે તેના આધારે કરી શકાય. ગુજરાતી લોકકથાઓને સામાન્ય રીતે નીચેના વર્ગીકરણમાં મૂકી શકાય.

(૧) સામાજિક અને કૌટુંબિક પ્રકારની લોકકથાઓ
(૨) ઐતિહાસિક, અર્ધઐતિહાસિક અને દંતકથાઓ
(૩) પશુપક્ષીની કથાઓ
(૪) સ્થાનિક વીર-વીરાંગનાની કથાઓ
(૫) રામાયણ, મહાભારત અને પુરાણની કથાઓ
(૬) નદી અને સરોવરની કથાઓ
(૭) વનસ્પતિજીવનની કથાઓ
(૮) કુદરતના બનાવો સંબંધની કથાઓ
(૯) વારતહેવાર અને વ્રતની કથાઓ
(૧૦) ધર્મકથાઓ-દેવદેવીઓની કથાઓ, સાધુસંતો ને ભક્તોની કથાઓ.
(૧૧) ઉપદેશ અને મનોરંજન કથાઓ
(૧૨) કહેવતકથાઓ
(૧૩) વિનોદ અને ચતુરાઈની કથાઓ
(૧૪) બાળકથાઓ-પરીકથાઓ
(૧૫) ભૂતપ્રેતની કથાઓ
(૧૬) જાતિ ઉત્પત્તિની કથાઓ
(૧૭) ધંધાનું રહસ્ય અને કસબ દર્શાવતી કથાઓ
(૧૮) પ્રકીર્ણ કથાઓ

ચાલો, એક લોકકથાનો આનંદ માણીએ.

# કોઠાસૂઝની કૂંચી

ભાલપંથકની માંહ્યલી પા નાનું એવું એક ગામ રહી ગયું છે. એમાં ચાર સરખેસરખા, લંગોટિયા ભેરુબંધ રહે. ચારેયના નામ : વશરામ, નત્થુ, ભવાન અને અરજણ. એમના જબરા જીવ મળી ગયેલા. તન નોખાં પણ મન એક. ચારેય ભેળા થઈને ઝાડ પર ચઢી આંબળી-પીંપળીની રમત ના રમે, ગામના ગોંદરે આવેલા રાણેસર તળાવની પાળે ચઢી પાણીમાં ધૂબકા ના મારે કે મોઈ-દાંડિયા લઈ વખત, રેંટ, મૂઠ, નાર્ય, અંકો, બંકો ને ઝકુની રમત ના રમે ત્યાં સુધી એકબીજાને ચેન ના પડે.

વખતને જતાં વાર લાગે છે ? ચારેય ભાઈબંધ જોતજોતામાં તો સારું એવું કાઠું કરી ગયા ને પાણામાં પાટું મારીને પાણી કાઢે એવા પાણીયાટા થઈ ગયા.

એક દિવસની વાત છે. ગામને ચૉરે બેઠા બેઠા ચારેય ભાઈબંધુ વાતુના તડાકા મારે છે. એ વખતે વશરામે કહ્યું : '' દોસ્તો ! હવે આપણે ભડભાદર જવાન થિયા. જાત રોળીને પૈસો પેદા કરીએ એવા થિયા. આપણી પાસે બે ચાહડા ભોં નથી તે ખેડી ખાઈએ કે કાંઈ વેપાર-વણજ નથી તે પેટનો ખાડો પૂરાય. આપણે તો બાવડાના બળે રળી ખાવાનું. એટલે હાલો બા'રગામ જઈએ ને કોકના સાથી રહી પૈસા કમાઈને ગઢ જૂનાણાની જાતરાએ જઈએ.''

બાકી રહેલા ત્રણે ભેરુબંધ એકી અવાજે બોલી ઊઠ્યા કે : ''ભાઈલા ! તારી વાત ગોળથી ય ગળી સે. ઈ બા'ને મલક જોવાનો તો મળશે. એકથી ભલા બે, બેથી ભલા ત્રણ ને ત્રણથી ભલા ચાર. હાલો, કાલે સવારે મોંસૂઝણામાં નીકળી પડીએ.''

હાથમાં દોરી લોટો લઈ, કપાળ પર આંગળી મૂકી ચારેય ભાઈબંધ ચાલી નીકળ્યા. એમણે નોંખા પડતાં પહેલાં નક્કી કર્યું. કે બાર મહિના પૂરા થાય ને અખાત્રીજનો દિ' આવે ત્યારે ચારેયને આ ગામના કૂવાકાંઠે ભેળા થવું. આ પ્રમાણ વાત બાંધીને ચારેય નોંખા નોંખા ફંટાઈ ગયા.

ખેતીના ધંધામાં જેને સારો સાથી મળ્યો એના બારેય પાધરા ! ઝાઝું ચિતરામણ કરીને બેઠેલા ખેડૂતનું સારા સાથી વગર ગાડું સરાડે ના ચડે. મહેનતની મોસમ મંડાયેલી એટલે ચારે ય જણાનો સમાસ થઈ ગયો. ખાવું પીવું, લૂગડાંલત્તાં ને બાર મહિને સો રૂપિયા રોકડા. આ પ્રમાણે ચારેય ભાઈબંધ સાથી રહી ગયા.

આંખમીંચ્યામાં બાર મહિના પૂરા થઈ ગયા ને અખાત્રીજનો દિ' આવીને ઊભો રહી ગયો, એટલે ચારેય ભેરુબંધ કૂવાકાંઠે ભેળા થયા. બત્થોબત્થ ભેટયા. બાર બાર મહિનાનાં વા'ણાં વાયે ચારેય ભેળા થયા હોવાથી પેટ ભરીને વાતું કરી. પછી એમણે વિચાર કર્યો કે :

''આટલા પૈસામાં જૂનાણાની જાતરાએ જવાશે નહિ. સુખેદુઃખે સાથી રહીને બીજા બાર મહિના ખેંચી કાઢીએ.'' વશરામે કહ્યું.

''ઈ વાત ખરી પણ આપણી પાંહે આ માયા રહી ઈની થાપણ ક્યાં મેલવી ?'' નત્થુએ કીધું.

''ઈનો ય મારગ કાઢીએ છીએ, બેસો.'' ભવાને કીધું.

ચારેય દોસ્તદારોના મોં પર ચિંતાની રીંછડિયું રમવા મંડાણી. ''હવે આ થાપણ કોને ત્યાં મૂકવી ?''

એવામાં કૂવાકાંઠે ચાર પનિહારી બાઈયું પાણી ભરવા આવી. ચારેય બાઈયું સારા ઘરની વહુવારુઓ છે, જણસ દાગીનાથી એમનાં અંગ અરધી રહ્યાં છે. એમણે પહેરેલાં હિંગળોકવર્ણા ઘરચોળાં હાર્યે વાયરો ગેલ કરી રહ્યો છે. ત્રાંબા-પિત્તળની હેલ્યું માથે સૂરજનાં કિરણું નોખી ભાત પાડી રહ્યાં છે. મોતીડે ગૂંથી ભાતીગળ ઈંઢોણિયુંમાં તેમને આવડતો કલાકસબનો અસબાબ ઠાંસી ઠાંસીને ભરેલો છે.

કૂવાકાંઠો એટલે પનિહારીનું પિયર, ચારે યે પનિહારીયું મોકળા મને અલક-મલકની વાતુંમાં ગૂંથાઈ ગઈ છે. એવે મોકે આ ચારેય ભાઈબંધ કૂવાકાંઠે ગયા. એમણે વાત મેલી કે : ''બાઈયું, બે'નું ! અમે પરદેશી મનખ સીએ, વખાના માર્યા વૈતરું કરવા આ'યા સીએ, અમારી પાંહે થોડીક થાપણ સે. ઈ તમે બાર મહિના સુધી ના સાચવો ?... તો અમે હેઠાં હૈયે કામ ધંધો કરી શકીએ.''

એક બાઈએ કીધું : ''ભઈલા ! પારકી થાપણ સાચવવી બહુ વસમી સે. કશી વેળાએ કાંઈ આઘુંપાછું થયું તો ?''

''બહેન, અમારા પરસેવાની સાચી કમાણી હશે તો ઉની આંચ નહિ આવે, અમે ચ્યાં કોઈના ઝૂંટવી લીધા સે ?''

''સારું ભાઈ ! લાવો. બિલાડીનાં બચ્ચાં જેમ સાચવીને રાખીશું.''

ચારેય ભાઈબંધુએ ચારેય પનિહારીયુંને સો સો રૂપિયાની થાપણ સાચવવા સોંપી દીધી.

''બે'ન ! અમે થાપણ તો તમારે ત્યાં મૂકી, પણ તમારું નામ-ઠામ કાંઈ એંધાણી ?''

એક બાઈએ કહ્યું કે : જીના પેટમાં પાણી, ઈના ઘેર થાપણ લેવા આવવું.''

બીજી બાઈએ કીધું કે : ''જીના પેટમાં મોવાળા હોય, ઈના ઘેર થાપણ લેવા આવવું.''

ત્રીજીએ કીધું કે : ''જીના પેટમાં દાંત હોય, ઈના ઘેર થાપણ લેવા આવવું.''

ચોથીએ કીધું કે : ''જીના પેટમાં ગર્ભ હોય ઈના ઘેર થાપણ લેવા આવવું.''

ચારેય ભાઈબંધુના સો સો રૂપિયા થાપણ લઈને ચારેય પનિહારીયું માથે છલકતી હેલ્યું લઈને મારગે પડી.

ચારેય ભાઈબંધ બાર મહિનાનો વાયદો કરીને નોખા પડ્યા. આ તો જેનામાં સાથી રહેતા હતા એનામાં જઈને જોડાઈ ગયા.

એમ કરતાં બાર મહિના પૂરા થયા ને અખાત્રીજનો દિ' આવીને ઊભો રહ્યો. સંતલસ કર્યા પ્રમાણે ચારેય ભાઈબંધ કૂવાંકાઠે ભેળા ગયા. હળ્યામળ્યા. બેઠા, સુખ-દુઃખની વાતું કરી. પછી થાપણ મૂકેલી એ ઊપાડવાનો વિચાર કર્યો.

ઓલ્યા તાકે પેલા સામું ને પેલા તાકે ઓલ્યા સામું ! પનિહારીયું બધી પાણીડાં ભરીને હાલતી થાય. પૂછે કોને ? બાર બાર મહિનાનાં વા'ણા વાઈ ચૂકેલા એટલે ઘાટ-વળોટ કે ચહેરા-મહોરાંય શેનાં યાદ હોય ? ભારે થઈ !

હવે કુંવરા મેવાડા જેવો એક ભરવાડ ગામનું ખાડું ચારે. એના ડોબા તળાવમાં પડેલાં એટલે એ તો ફરતો ફરતો ભેરુબંધ બેઠેલા ત્યાં આવ્યો.

કુંવરો મેવાડો એટલે ભડવીર ભરવાડ. પૂરો પાંચ હાથ ઊંચો. બેવડબંધુ તન-બદન, ઘામાં આવ્યો હોય એને એકી લાકડીએ આડો પાડી દે એવો. એણે પાકા લાલ છેડાવાળી, ભેખડ જેવી, પાણી બાંધવું હોય તો બંધાય એવી ભાતીગળ ખંભાતી પછેડી પહેરી છે. પગમાં ચૈડ... ચૈડ... ચૈડકારો બોલાવતા નાનાજી મોચીના સીવેલા દેશી જોડા પહેર્યા છે. મોરલા ચિતરાવેલી બંડી પહેરી છે. માથે કત્થઈ રંગનું શેલું શોભી રહ્યું છે. અવસ્થા આંટો લઈ ગઈ છે, પણ તાજાં ઘી-દૂધના ખોરાકથી એની નળિયું નવી નક્કોર છે. કંઈક કૂવાના પાણી પીધેલા ને કંઈક ઘંટીના આટા ખાધેલા એટલે એની પાસે આગવી કોઠાસૂઝ છે.

એણે તો પૂછ્યું કે : ''ભાઈ ? બે-ચાર દિ'થી હું તમને આંય કને નિત બેઠેલા ભાળું સું, શું કાંઈ ચંત્યાફકર જેવું સે ?''

''અરે ભાઈ ! ઈની તો કાંઈ વાત જ થાય એવી નથી. હવે કોની છાતી લાવીને કૂટવી ?'' ધૂંધવાઈને ભઠી ઊઠેલા અરજણે કીધું.

''માંડીને વાત કરો તો કાંક ઈનો ઉકેલ આવે. આમ અકળાઈ ગયે મેળ ખાય ભઈલા !''

ભવાને માંડીને વાત કરી કે : ''અમે પરદેશી મનખ સીએ. બાર બાર મહિના ઉપર અમે ચાર બાયુંને ત્યાં સો સો રૂપિયા થાપણ મેલી સે. પણ અટાણે અમે ઈ બાયું-બેનુંને ઓળખતા નથી.''

''...પણ ઈમણે કાંઈ ઠામ-ઠેકાણું કે એંધાણી આપી સે ?''

તો નત્થુ કહે કે : ''એક બાઈએ એવી એંધાણી આપી સે કે જીના પેટમાં પાણી ઈના ઘેર થાપણ લેવા આવજો.''

''હંઅઅઅ.. બીજી એંધાણી આપી સે ?''

''બીજીએ એવું કીધું સે કે જીના પેટમાં મોવાળા હોય ઈના ઘેર પૈસા લેવા આવજો.''

ત્યારે કુંવરો મેવાડો કહે કે : ''ત્રીજીએ ? ત્રીજી બાઈએ શું એંધાણી આપી સે ?''

''ત્રીજીએ એવું કીધું સે જીના પેટમાં દાંત હોય ઈના ઘેર થાપણ લેવા આવજો.''

''...ને ચોથીએ ?''

''ચોથીએ એવું કીધું સે કે જીના પેટમાં ગર્ભ હોય ઈના ઘેર આવજો.''

''અરે ભલા આદમી ! આમાં આટલા બધાં શીદ અકળાઈ ગ્યા સો ? આતો મને આવડે સે ! હાંભળો : જીના પેટમાં પાણી એટલે જીના ઘેર નાળિયેરીનો છોડવો હોય ત્યાં જજો. જીના પેટમાં મોવાળા એટલે જીના ઘેર આંબો હોય ત્યાં જજો, જીના પેટમાં દાંત એટલે જીના ઘેર દાડમડીનો છોડવો હોય ઈના ઘેર જજો અને જીના પેટમાં ગર્ભ એટલે જીના ઘેર કેળનો રોપો હોય ઈના ઘેર જજો.''

પાકાં પારસ જાંબુ જેવા આભલામાં વીજળી ઝબૂકે ને જેવું અજવાળું થાય એવું અજવાળું ચારેયના અંતરમાં થયું ! ચારેય ભેરુબંધ રાજી રાજી થઈ ગયા ને કુંવરા મેવાડાને કહેવા માંડ્યા કે : ''ભાઈ, ભલું થજો તારું, તે' તો અમને આંધળાને દેખતા કરીને મારગ ચીંધ્યો.''

ચારેય ભાઈબંધ ગામમાં ગયા. ઝાઝી રળપાટ વેઠીને આપેલી એંધાણી પ્રમાણે ઘર ગોતી કાઢ્યાં. નાળિયેરવાળા ઘેર જેઈને એમણે તો અડ્ડો જમાવ્યો, કીધું કે ''બે'ન ! ઓલી અમારી થાપણ લાવો ને !''

''થાપણ તમારી સાચી.''

''લાવો ત્યારે, દઈ દ્યો.''

''લાકડાનો ઘોડો લગામ લે ત્યારે આવજો.''

ચારેય જણા વિચારમાં પડી ગયા કે : ''મારું બેટું' ! લાકડાનો ઘોડો કેવી રીતે લગામ લેતો હશે ?''

પછી એ તો ગયા આંબાવાળા ઘેર, જઈને બાઈને કીધું કે : ''બે'ન ! અમારી થાપણ આપો.''

''ભાઈ ! તમારા પૈસા શાહજોગ દઈ દેવાના.''

''લાવો ત્યારે, દઈ દ્યો.''

''જ્યારે ઠી'કરીએ ફૂલ સડે ત્યારે આવજો.''

ચારેય જણ વિચાર- ઝોલે ચઢી ગયા કે : ''વળી પાછું આ નવું ગતક !''

ફરતા ફરતા એ દાડમડીવાળા ઘેર ગયા. જઈને કીધું કે : ''બેન ! અમારા રૂપિયા ?''

''હા, ભાઈ ! દૂધે ધોઈને દઈ દેવાના.''

''લાવો ત્યારે, લેવા જ આવ્યા છીએ.''

''જૂનો રાજા મરે ને નવો રાજા ગાદીએ બેસે ત્યારે આવજો.''

આ તો સલવાણા !

પછી એ તો ગયા કેળવાળા ઘેર. જઈને કીધું કે : ''બે'ન ! પેલા અમારા પૈસા ?''

''ભાઈ પૈસા તમારા ખરા. ખોટું ચ્યમ બોલાય !''

''લાવો ત્યારે.''

''જીવ પૂરો જાય નહિ, મરેય નહિ ને અડધો સાજો ય નહિ ત્યારે આવજો.''

ભાલના કળણમાં સલવાયેલ જેમ હવાતિયાં મારે એમ આમણે તો હવાતિયાં મારવા માંડ્યા. પણ

જેમ બા'રા નીકળવા મથે ઈમ માંહ્યલી પા ઊંડા ને ઊંડા ખૂંપતા જાય, ચાર તસું ધરતી ના ઉકલી એટલે પરબારા કુંવરા મેવાડા પાસે જઈને કીધું કે : ''એ… ઈ કુંવરાભાઈ ? આંયાં સૂતા સો ?''

કુંવરો મેવાડો તો પગની આંટી પાડી લાંબી લાકડીના ગોદે બંકી અંગભંગીથી ઊભો ઊભો લહેરથી ઢોરાં ચારે.

ચારે જણનાં અફળાયેલા જામફળ જેવા મોઢાં ભાળીને એમણે કીધું કે : ''કાં ભઈલા ? શું થયું ?''

''મૂઆ નહિ ને પાછા થિયા. સલવાણા છીએ બરાબરના ! બા'રની પા કાઢો તો તમારા જેવો ભગવાને ય નહિ. તો અડધોઅડધ પૈસા તમને દઈ દેવા.''

''મારે તો ધિંગા ધણીની દયા સે. મારે કોઈનો હરામનો પૈસો નો ખપે… પણ થયું સે શું ? જરા માંડીને વાત તો કરો ?''

કુંવરા મેવાડાએ થડથી માંડીને ડાળાં-પાંખડાં સુધી વાત સાંભળી પછી કહ્યું કે : ''સાંભળો, લાકડાનો ઘોડો લગામ લ્યે, એટલે કે, બાઈ જ્યારે કમાડ વાસી સાંકળી સડાવે ત્યારે તમારે પૈસા લેવા જવાનું. ઠીંકરીએ ફૂલ સડે એટલે સંધ્યાટાણે બાઈ દીવાબત્તી કરે ત્યારે જવાનું. જૂનો રાજા મરે ને નવો રાજા ગાદીએ બેસે એટલે દિ' ઊગીને ચમકી વા ચઢે ત્યારે જવાનું અને જીવ પૂરો જાય નહિ, મરેય નહિ ને અડધો સાજોય નહિ એટલે કે જ્યારે શેરીએ ગંગાજળ પરવરે ત્યારે જવાનું.''

કોયડાનો ઉકેલ સાંભળીને ચારેય ભેરુબંધને અચરજની અવધિ ના રહી.

કુંવરા મેવાડાના કીધા પ્રમાણે ચારેય જણ ગામમાં ગયા ને એમની મૂકેલી થાપણ ઉપાડી આવ્યા. પૈસા હાથમાં આવ્યા એટલે એમના જીવમાં જીવ આવ્યો.

''મારા સમ, તમારા સમ'', ''હા'', ''હા. ના.'' એ ઝાઝી તાણ કરીને એમણે કુંવરા મેવાડાને રૂપિયા પચ્ચીસની પાઘડી બંધાવી. કુંવરાનો પાડ માનતા એમણે કીધું કે : ''ભાઈ ! ભલું થજો તારું તે તો અમને મારગ ચીંધ્યો, નહિ તો અમે અટવાઈ અટવાઈને અધમૂવા થઈ ગયા હોત.''

પછી એ ચારેય ભેરુબંધ જૂનાણાની જાત્રાએ ઊપડી ગયા. ખાધુંપીધું ને મજા કરી.

**નોંધ : શ્રી જોરાવરસિંહ જાદવે આ લોકકથાને શબ્દરૂપ આપ્યું છે.**

## સ્વાધ્યાય

**(અ)** ૧. ગુજરાતી લોકકથા વિશે માહિતી આપો.

૨. ગુજરાતી લોકકથાના કોઈપણ દસ પ્રકાર લખો.

**(આ) કથાને આધારે લખો.**

૧. ચાર મિત્રોના નામ - ------------------------------------
૨. ચાર મિત્રો રમતાં તે રમતો - ------------------------------------
૩. ચારેય મિત્રોને સાથી રહેવાથી મળતું વળતર - ------------------------------------
૪. કૂવાકાંઠો એટલે - ------------------------------------

**(ઇ) કોષ્ટક પૂર્ણ કરો :**

| પનિહારી | આપેલી ઍંધાણી | અર્થ | કહેલો નવો કોયડો | અર્થ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

## ચતુર ગોપકન્યા રૂપલ

પંજાબના એક નાના એવા ગામડામાં મોહન સિંહ કરીને એક ખેડૂત રહે. આ ખેડૂત ખાધેપીધે સુખી હતો પણ ગામ આખામાં ખૂબ જ માથાભારે ગણાતો. પોતાના ગરીબ પડોશીઓનું શોષણ કરવું એ એને મન રમત વાત હતી, પૈસા માટે એની પાસે હાથ લાંબો કરવો પડતો હોવાથી ગરીબ પડોશીઓ બિચારા મૂંગે મોઢે એનો જુલમ-ત્રાસ સહન કરી લેતા.

એક વખતની વાત છે. ઘઉં વાઢવાનો વખત થતાં મોહનસિંહે ગામના એક ભરવાડને બોલાવીને કહ્યું:

''અમરા ! તું મારા ખેતરના બધા ઘઉં વાઢી આપે તો વઢામણમાં હું તને મારી ઘરની ગાયનો આ વાછડો આપીશ.''

ગરીબ અમરો ભરવાડ કેડ બાંધીને થયો તૈયાર. બીજે દિવસે એના કુટુંબના પંદર-વીસ માણસો દાતરડાં ને પછેડીઓ લઈને મોહનસિંહના ખેતરે ઉપડ્યાં. દિ' આથમે તે પહેલાં તો ચાર ખેતરના ઘઉં વાઢી નાખ્યા. પછી જ્યારે હિસાબ કરવાનો વખત આવ્યો ત્યારે મોહનસિંહ ફરી બેઠો અને જેમ ચોર કોટવાળને દંડે એમ રોષભર્યા અવાજે ગરીબ ભરવાડને કહ્યું :

''તેં ઘઉં બરોબર વાઢ્યા નથી. એટલે હવે વાછડો તો શું પણ વાછડાનું બચ્ચું સરખુંયે નહીં મળે. જા, તારાથી થાય ઈ કરી લેજે.''

લાચાર ગરીબ ભરવાડે ગામના મુખી પાસે જઈને સઘળી હકીકત કહી. ગામના મુખી માધુસિંહને મોઢે મૂછનો દોરો જ માંડ ફૂટ્યો હતો. પણ બુદ્ધિચતુરાઈમાં એ સોમાં સોંસરો નીકળે એવો હતો. મુખીએ મોહન-સિંહને બોલાવ્યો. પછી ભરવાડ અને ખેડૂત બંનેની વાત સાંભળીને કહ્યું :

''હું તમને બંનેને ત્રણ સવાલ પૂછીશ. તમારા બેમાંથી જે સૌથી ઉત્તમ ઉત્તર આપશે, એને આ વાછડો આપવામાં આવશે. તમને બંનેને મારી વાત મંજૂર છે ? બોલો જલ્દી.'' એમ કહેતાં માધુસિંહ મુખીએ ચપટી વગાડી.

ખેડૂત મોહનસિંહ અને ભરવાડ એકી સાથે બોલ્યા :

''તમે જે ન્યાય કરો ઈ અમને મંજૂર છે.'' આ સાંભળી મુખીએ કહ્યું :

''સંસારમાં સૌથી વધુ ઝડપથી ચાલવાવાળી વસ્તુ કઈ છે ? આ મારો પ્રથમ સવાલ છે. જગતમાં સૌથી મીઠી ચીજ શું છે ? આ બીજો સવાલ છે. દુનિયામાં સૌથી વધુ ધનવાન કોણ છે ? આ છેલ્લો અને ત્રીજો સવાલ છે. કાલે આ જ વખતે આવીને મારી આ સમસ્યાઓનો તમારે બંનેએ જવાબ આપવાનો છે.''

પછી મોહનસિંહ અને ભરવાડ પોતપોતાના ઘેર ગયા. પણ પ્રશ્નોના ઉત્તરો આપવાનો વિચાર બંનેના મગજમાં પવનના વંટોળિયાની જેમ ઘૂમરી લેતો હતો. ખેડૂતને ઊંડી ચિંતામાં ડૂબેલો જોઈને એની પત્નીએ પૂછ્યું:

''તમે આજ બપોરના શું વિચારમાં પડી ગયા છો ? કેમ કંઈ હાલતા નથી, ચાલતા નથી, બોલતા નથી, ડોલતા નથી ? તમે કાંઈક કહો તો ખબર પડે ને ? આમ સૂનમૂન થઈને મિયાંની મીંદડી ઘોડચે શું લેવા બેઠા છો ?''

ખેડૂતે એની પત્નીને અથથી ઇતિ સુધી બનેલી સઘળી હકીકત કહી સંભળાવી. ત્યારે એ હસીને બોલી :

''બસ, આટલી એવી વાત માટે તમે બપોરના તુંબડા જેવું મોઢું કરીને બેઠા છો ? આના ઉત્તરો હું તમને બતાવું.''

એમ કહીને એણે ખેડૂતના કાનમાં કંઈક કહ્યું.

આ સાંભળતાં જ ખેડૂતની ઉદાસીનતા ઊડી

ગઈ. એણે મનોમન વિચાર્યું કે હવે તો આ ભાયડો જ જીતવાનો.

હવે અહીં ભરવાડ પણ બાઘો બનીને ઘરમાં ટલ્લા મારતો હતો. પડી ગયેલો ચહેરો જોઈને એની દીકરી રૂપલે પૂછ્યું :

''બાપુ ! આજ શરીરને સુવાણ્ય નથી કે શું ? કેમ સાવ ઢીલા ઢફ દેખાવ છો ?''

ભરવાડે સોળ વરસની દીકરી રૂપલને માંડીને બધી વાત કરી. રૂપલ આભના ચંદ્ર જેવી રૂપાળી હતી એવી જ ભલાભલાને ભૂ પાઈ દે એવી ચતુર હતી. એણે પોતાના પિતાની બધી મૂંઝવણનો માર્ગ કાઢી આપ્યો.

બીજે દિવસે ખેડૂત અને ભરવાડ બંને મુખીને ઘેર ગયા અને રામ રામ કરીને ઊભા રહ્યા. મુખીએ બેયને ખાટલે બેસાડ્યાને પહેલાં ખેડૂતને કહ્યુ :

''સૌ પ્રથમ તમે મારા પ્રશ્નોના ઉત્તરો આપો.''

ખેડૂતે ખોંખારો ખાઈને કહ્યું :

''આ સંસારમાં સૌથી વધુ ઝડપે ચાલનારો મારો ઘોડો છે. દોડવામાં એને કોઈ પહોંચી શકે તેમ નથી. મારા વાડાના લીમડે એક મોટો મધપૂડો છે. મારા વાડાના મધ સિવાય આ દુનિયામાં બીજી કોઈ મીઠી ચીજ નથી. અને ધનની બાબતમાં તો મારા જેવો ધનવાન આપણા ગામમાં ને આજુબાજુના ગામમાં બીજો કોઈ હું જોતો નથી.''

પછી મુખીએ ભરવાડને સવાલના જવાબો પૂછ્યા. ગરીબ ભરવાડ બે હાથ જોડીને થોથવાતી જીભે બોલ્યો :

''આ જગતમાં માનવીની કલ્પના સિવાય બીજું કોઈ વધુ ઝડપે ચાલી શકતું નથી. આંખનું મટકું મારો ત્યાં કલ્પના દેશનાં બધાં તીર્થધામોમાં ફરી આવે છે. સ્વર્ગ અને નરકમાં પણ આંટો દઈ આવે છે. તમે કોઈ બ્રાહ્મણને પૂછો કે ભાઈ, તને વહાલું શું ? તો એ કહેશે કે લાડવા. તમે કોઈ વાંઢા (કુંવારા) માણસને પૂછો કે ભાઈ તને વહાલું શું ? તો એ તરત કહેશે કે કન્યાદાન પણ તમે જો કોઈ થાકેલા માનવીને પૂછો કે સંસારમાં સૌથી મીઠી ચીજ કઈ ? તો એ તરત કહેશે કે ઊંઘ જેવી મીઠી ચીજ આ દુનિયામાં બીજી એકે નથી. ઊંઘ તો મધ કરતાંયે વધુ મીઠી ચીજ છે અને ધનવાનની જો વાત કરીએ તો આ દુનિયામાં ધરતીમાતા જેવું કોઈ ધનવાન નથી. ધરતી માતા કણમાંથી મણ અનાજ આપે છે જેમાંથી ખેડૂતો લાખો કરોડો રૂપિયા કમાય છે. અરે સોના જેવી કિંમતી ચીજ પણ ધરતીમાંથી જ મળે છે ને ? પૂછો આ લખપતિ ખેડૂતને. એની પાસે જે ધન અને સોનું છે તે ધરતી માતા સિવાય બીજા કોણે આપ્યું છે ?''

અભણ ભરવાડની વાત મુખીને શીરાના કોળિયાની જેમ સીધી જ ગળે ઊતરી ગઈ. મુખીએ ચુકાદો આપ્યો કે આ વાછડાનો અધિકારી ખેડૂત નહિ પણ ભરવાડ જ છે. આ સાંભળીને ખેડૂતનું મોં કઢીના પાટીયા જેવું થઈ ગયું.''

પછી મુખીએ ભરવાડને પૂછ્યું :

''તું સાચું ન કહે તો તને કાળિયા ઠાકરના સમ છે આ સવાલના જવાબ તને કોણે શીખવ્યા ? તને આવા ઉત્તરો સૂઝે નહીં. એ સૂઝાડનાર બીજું જ કોઈ છે.''

ત્યારે ભરવાડે ઘડીક તો ગોળ ગોળ વાત કરી ને મુખીની વાતને ટાળી દીધી. પણ મુખીએ જ્યારે હઠ પકડી ત્યારે ભરવાડે કહ્યું :

''તમારા સવાલના જવાબ મને મારી દીકરી રૂપલે શીખવ્યા છે.'' આ સાંભળીને મુખીના મોં પર હાસ્યની રેખાઓ ઊપસી આવી. એણે કહ્યું :

''મને લાગે છે કે તારી દીકરી ખૂબ જ ચતુર છે અને જો એ જેટલી ચતુર છે એટલી જ સુંદર હશે તો હું જરૂરથી એની સાથે લગ્ન કરીશ. એટલે મારે હવે એને લગ્ન પહેલાં જોવી છે. એને મારી પાસે લઈ આવો.''

ભરવાડ ઘેર ગયો અને પોતાની દીકરી રૂપલને લઈ પાછો આવ્યો. રૂપલનું રૂપ જોઇને મુખીના આનંદનો પાર રહ્યો નહીં. રૂપલના રૂપ અને ચતુરાઈ પર મુગ્ધ બની ગયેલા મુખીએ એની સાથે ધામધૂમથી લગ્ન કરી લીધાં

પણ લગ્ન કરતાં પહેલાં મુખીએ રૂપલ આગળ એક શરત મૂકી કે તારે મારા કામમાં કોઈ દિવસ માથું મારવું નહીં અને જો ભૂલેચૂકે ય એમ કરીશ તો કાયમ માટે પિયર મોકલી દઈશ.''

રૂપલે તો હસીને શરતને સ્વીકારી લીધી. પછી બંને મોજથી જીવન વિતાવવા લાગ્યાં. રૂપલ હરહંમેશ ઘરકામમાં મશગૂલ રહેતી અને મુખીને પ્રસન્ન રાખતી, એવામાં એક દિવસ બે ખેડૂતો એમના ઝઘડાનો ફેંસલો કરાવવા મુખી પાસે આવ્યા. વાત એમ હતી કે એક ખેડૂતની ગાયને બજાર વચ્ચે વાછડો જન્મ્યો. જન્મતાની સાથે કૂદવા લાગ્યો અને કૂદતો કૂદતો બીજા ખેડૂતના ગાડા નીચે પેસી ગયો. ત્યારે આ ગાડાવાળા ખેડૂતની દાનત બગડી, એ પેલા ખેડૂતને કહેવા લાગ્યો કે, ''આ વાછડો તો મારો છે.'' ત્યારે મુખીએ ગાડાવાળા ખેડૂતને પૂછ્યું :

''ભૈ, તારી પાસે ગાય તો છે નહીં પછી આ વાછડો ક્યાંથી થયો ?''

ત્યારે ગાડાવાળો ખેડૂત ખંધું હસીને બોલ્યો :

''આ મારા બળદગાડામાંથી વાછડો જન્મ્યો છે. હું એને શા માટે આપું ?''

આનો ન્યાય કરતી વખતે મુખીનું ધ્યાન કંઇક બીજે હતું એટલે ધૂનમાં ને ધૂનમાં એણે કહ્યું :

''આ ગાડાવાળો ખેડૂત વાછડાનો સાચો માલિક ગણાય, કારણ કે વાછડો એના ગાડા નીચેથી મળ્યો છે.''

રસોડામાં બેઠી બેઠી રાંધણું કરી રહેલી રૂપલ, મુખીનો આ ફેંસલો સાંભળીને છક થઈ ગઈ. ખોટા ચુકાદાથી ગરીબ માણસને અન્યાય થયો તે જોઈને એની આંતરડી કકળી ઊઠી. એણે વાછડાના માલિકને બોલાવી સાંત્વના આપી અને સમજાવીને વિદાય કરતાં કહ્યું :

''તું બજારમાં જઈને માછલીઓ પકડવાની જાળ લઈ આવ.''

સાંજે જ્યારે મુખી ગામની પટલાઈ કરીને ઘેર પાછો આવ્યો ત્યારે પેલા ખેડૂતને પોતાના ઘરના રસ્તા પર માછલી પકડવાની જાળ પાથરીને બેઠેલો જોયો એટલે એણે એની પાસે જઈને પૂછ્યું :

''અરે ભાઈ, આ શું કરો છો ?''

ખેડૂત બોલ્યો : ''મુખી સાહેબ, માછલીઓ પકડું છું.''

ત્યારે મુખી ખડખડાટ હસી પડ્યો અને બોલ્યો :

''તારી ડાગળી તો નથી ચસકી ગઈને ? માછલીઓ તો પાણીમાં મળે. અહીં ધૂળમાં માછલીઓ થોડી જ હોય ? મૂરખ કંઈનો.''

ત્યારે ખેડૂતે હસીને જવાબ આપ્યો : ''મુખીજી, જો બળદગાડું વાછડાને જન્મ આપી શકતું હોય તો આ ધરતીની માટી શું લેવા માછલીઓ ન આપે ?''

ખેડૂતની વાત સાંભળીને મુખી ઘડીભર તો વિચારમાં પડી ગયા. પછી પોતાનો ચુકાદો ફેરવી નાખ્યો અને વાછડો તેના મૂળ માલિકને સોંપતાં મુખીએ પૂછ્યું :

''સાચું કહેજે હો. આ યુક્તિ તને કોણે બતાવી ?''

શરૂઆતમાં ખેડૂતે ગલ્લાંતલ્લાં કર્યાં પણ છેવટે માની ગયો કે આ યુક્તિ એને રૂપલે શીખવી હતી.

આ વાત સાંભળીને મુખી ક્રોધથી રાતોપીળો થઈ ગયો. એણે ઘેર જઈને રૂપલની ધૂળ કાઢી નાખી :

તને આપણી લગ્ન વખતની શરત યાદ છે ને ? કાલે સવારે જ તું તારા પિયરના મારગે વહેતી થઈ જાજે, નહીંતર મારા જેવો ખરાબ માણસ બીજો કોઈ નહીં ભાળ્ય. જતાં જતાં જો તારી ઇચ્છા હોય તો યાદગીરીરૂપે તને સૌથી સારી લાગે તે ચીજ પણ સાથે લેતી જજે.

તે દિવસે રાતના રૂપલે એના પતિને પ્રિય હતાં એવાં જાતજાતનાં પકવાન અને ભાતભાતનાં ભોજન

બનાવ્યાં. થાકેલો પાકેલો મુખી જમવા બેઠો. જમતાં જમતાં મુખીની આંખમાં નિંદર આવી ને સંતાકૂકડી રમવા માંડી. મુખી તો પાટલા ઉપર જ જમતાં જમતાં ઘસઘસાટ ઊંઘવા લાગ્યો. સૂતેલા પતિને ગાડામાં નાખીને રૂપલે ગાડું પિયરના મારગે હાંકી મુકાવ્યું.

બીજે દિવસે સવારના મુખીની આંખ ઊઘડી. મુખીએ પોતાની જાતને ભરવાડની છાપરીમાં જોઈ.એ તો બે ઘડી મૂંઝાઈ જ પડ્યો. એને થયું કે આ તે સ્વપ્ન છે કે સાચી બીના છે ?

પછી એણે રોષભર્યા અવાજે રૂપલને કહ્યું :

‘‘આ શું મજાક કરવા માંડી છે ?’’

‘‘કંઈ નહીં સ્વામીનાથ ! તમે મને એક મનગમતી વસ્તુ સાથે લઈ જવાનું કહ્યું હતું ને ? તમે જ મને અતિ પ્રિય છો. બસ, હું મારી વસ્તુ લાવી છું.’’

ઘડીભર તો મુખી પણ વિમાસણમાં પડી ગયો. પછી એ પરાણે હસી પડ્યો :

‘‘રૂપલ, તું તો મારા કરતાં યે વધુ હોંશિયાર ને ચાલાક નીકળી. ચાલ, આપણે આપણા ઘેર જઈએ.’’

પછી પતિ ને પત્ની બંને ગાડું જોડીને પોતાને ઘરે ગયાં ખાધું પીધું ને મોજ કરી.


**નોંધ : શ્રી ધનેશ મલહોત્રાએ આ લોકકથાને શબ્દસ્થ કરી છે.**

## સ્વાધ્યાય

**(અ) કોષ્ટક પૂર્ણ કરો :**

| મુખીએ પૂછેલા પ્રશ્નો | ખેડૂતે આપેલ ઉત્તર | ભરવાડે આપેલ ઉત્તર |
|---|---|---|
| | | |
| | | |
| | | |

**(આ) આકૃતિબંધ પૂર્ણ કરો :**




**(ઇ) કથામાં આવેલા રૂઢિપ્રયોગ લખી તેના અર્થ લખો.**

**(ઈ) ભરવાડના મતે નીચેની વ્યક્તિને શું વહાલું હોય તે લખો.**

(૧) બ્રાહ્મણ -

(૨) વાંઢી વ્યક્તિ -

(૩) થાકેલી વ્યક્તિ -

**(ઉ) રૂપલનું પાત્રાલેખન કરો.**

**(ઊ) ‘બુદ્ધિધન સૌથી શ્રેષ્ઠ, વિકટ પ્રશ્નોનો આપે ઉકેલ’ – તમારો મત વ્યક્ત કરો.**

# લોકગીત

આદિમાનવ પ્રકૃતિને ખોળે જીવતો હતો ત્યારે અનેક વિસ્મયકારક ઘટનાઓ તેની સામે બનતી હતી. ફૂલનું ખીલવું , સૂર્યનું ઊગવું ને આથમવું, નવલખ તારલિયા ને ચાંદની, વહેતાં ઝરણાંનો નાદ, પશુ-પક્ષીઓના અવાજો, કલરવ-ટહુકો વગેરે. તેવા સમયે લોકહૃદયમાંથી સહજભાવે ઉદ્‌ભવેલું, સ્ફુરિત થયેલું ગેયગીત એટલે લોકગીત.

લોકગીતને સાહિત્યની જનની કહે છે. જીવનના સર્વ તબક્કાઓને સ્પર્શતું આ સાહિત્ય માનવ-જીવનની ગાથા પ્રગટ કરે છે. ગુજરાતી લોકગીતોમાં સમાજજીવન, રીતરિવાજ, માન્યતાઓ, જન્મથી મૃત્યુ સુધીના વિવિધ વિધાનોમાંથી પ્રગટતું માનસ, સંસ્કાર, પ્રેમ, પ્રકૃતિ, ધાર્મિક સંસ્કારો, ઋતુચક્ર, વગેરે વિષયોને આવરી લેતો વૈભવ આંખે ઊડીને વળગે છે. લોકગીતો એ લોકસંસ્કૃતિનું દર્પણ છે.

## લોકગીતોના પ્રકારો

(૧) **સીમંત-અઘરણીનાં ગીતો :-** સ્ત્રી સગર્ભા બને અને તેનો ગર્ભ સાત માસનો થાય ત્યારે સીમંત-અઘરણીનો પ્રસંગ ઉજવવામાં આવે છે, જેને 'ખોળો ભરવો' એમ પણ કહે છે. આ પ્રસંગે રાંદલ માતાનાં ગીતો ગવાય છે.

(૨) **હાલરડાં અને બાળજોડકણાંનાં ગીતો :-** બાળજન્મના છઠ્ઠા દિવસે 'છઠ્ઠીનો' પ્રસંગ ઉજવાય છે. આ એક સંસ્કાર વિધિ છે. તેનાં ગીતો સચવાયાં નથી. પણ બાળકને પારણિયે પોઢાડવામાં આવે ત્યારે હાલરડાં ગવાય છે. બાળક રમે ત્યારે બાળજોડકણાંનાં ગીતો ગવાય છે.

(૩) **ગોરમાનાં ગીતો :-** સારો પતિ મેળવવા કન્યા ગૌરી પાર્વતીનું વ્રત કરે છે. કુંવારી કન્યા આ વ્રતને 'મોળાકત' કે 'અલૂણા વ્રત' નામે ઓળખાવે છે. વ્રતના દિવસે કન્યા નદીએ, તળાવે જઈ સ્નાન કરે અને ત્યાં ગોરમા બનાવી તેની પૂજા કરે છે. 'જુવારા' ઉગાડે, સૂરજ, ઘરનો ઉંબરો ને ગાયનો ખીલો પૂજે છે. પાંચ દિવસ મીઠા વગરનું જમે ને છેલ્લી રાત્રે જાગરણ કરે છે.

(૪) **લગ્નગીતો :-** ભારતીય સંસ્કૃતિમાં લગ્ન એક સંસ્કાર છે. આ પ્રસંગે વર-કન્યા બંને પક્ષે ગીતો ગવાય. પ્રદેશ-જ્ઞાતિભેદે આ ગીતો ઘણી વિવિધતા ધરાવે છે. ગણેશ સ્થાપન, કંકોત્રી-સાંજીનાં ગીતો, માંડવાનાં ગીતો, પીઠી ચોળવાનાં ગીતો, ચોરી-ચાક ગોઠવવાનાં ગીતો, ફૂલેકાંનાં ગીતો, જાન ઉઘલવાનાં ગીતો, વરપોંખણાંનાં ગીતો, હસ્તમેળાપનાં-મંગળફેરાનાં ગીતો, ફટાણાં, કન્યાવિદાયનાં ગીતો, વર-વધૂનાં પોંખણાનાં ગીતો- ઇત્યાદિ પ્રકાર લગ્નપ્રસંગે ગવાય છે.

(૫) **ખાયણાં :-** શ્રમજીવી સમાજમાં સ્ત્રીઓ ખાંડવા-દળવાની ક્રિયાઓ સમયે લયમાં ગીતો ગાય તે ખાયણાં. ધાન્ય ખાંડતાં સ્ત્રીઓનું સાંબેલું તાલમાં પડે.

(૬) **રાંદલનાં ગીતો :-** રાંદલમાતા સૂર્યદેવની પત્ની છે. સંતતિ દેનારી છે. વાંઝિયા મેણું ટાળવા રાંદલમાતા તેડાય છે, કુંવારિકાઓની પૂજા થાય છે અને માને પ્રસન્ન કરી સંતાનની યાચના કરવામાં આવે છે.

(૭) **તુલસી વિવાહનાં ગીતો :-** કારતક માસમાં દેવદિવાળીએ તુલસી વિવાહનો પ્રસંગ ઉજવાય

છે. શાલીગ્રામ અને તુલસી વિવાહનો આ પ્રસંગ અધ્યાત્મ સાથે જોડાયેલ છે.

**(૮) મેળા, મંડપ ઉત્સવનાં ગીતો :-** ભારતીય જનજીવનની ભાતીગળ સંસ્કૃતિનું ખરું દર્શન મેળામાં જોવા મળે છે. જ્ઞાતિના, ઊંચ-નીચના ભેદ છોડીને સહુ હિલોળે ચડે છે. યુવાન નર-નારીઓ અનેક ગીતો, રાસ, ગરબા, દુહાની નવ્યરચનાઓ ગાતાં મેળાનો આનંદ માણે છે.

**(૯) રાસ-રાસડા :-** રાસનૃત્યમાં જે ગીતો ગવાય છે, તેમાં તાલ, લય, કથન ને પરંપરાગત ગાયકી પણ મહત્ત્વની છે. રાસમાં સ્ત્રીની સંવેદનાઓ મુખ્ય છે. વાર-તહેવાર અને જ્ઞાતિપ્રદેશ પ્રમાણે રાસ રમતાં નરનારીઓના પહેરવેશ, ઘરેણાં નૃત્યની રીત પણ ભિન્ન હોય છે. રાસનૃત્ય આજે દેશના પ્રત્યેક ખૂણે અત્યંત આનંદથી રમાય છે.

**(૧૦) ગરબા-ગરબી :-** આદ્યાશક્તિ, નવદુર્ગા, મા દેવી ભવાનીની શક્તિ આરાધના નવરાત્રિના ઉત્સવમાં થાય છે. તેમાં ગરબા-ગરબી ગાવામાં/રમવામાં આવે છે. આ શક્તિ પ્રાર્થના-આરાધના છે. ગુજરાતમાં માતાજીની માંડવડી બનાવી ગરબામાં દીવો મૂકી સાથે લઈને સ્ત્રીઓ ગરબા રમે છે. પુરુષો રમે તેને ગરબી કહેવામાં આવે છે.

**(૧૧) મરસિયા :-** મૃત્યુ પછી ગવાતાં ગીતો હકીકતમાં કરુણ કાવ્યાંજલિ છે. મૃત વ્યક્તિના સદ્‌ગુણો, કાર્યો યાદ કરી તેનાં ગુણગાન આ કાવ્યમાં ગવાય છે. તેમાં રાજિયા, છાજિયા, તાજિયા એવા પ્રકાર પણ હોય છે.

## સ્વાધ્યાય

**(અ)** ૧. લોકગીત વિશે માહિતી આપો.
૨. લોકગીતના કોઈ પણ પાંચ પ્રકાર સમજાવો.
૩. લગ્નગીતોના વિવિધ પ્રકાર વર્ણવો.

**(આ) નીચેના લોકગીતો ક્યારે ગવાય છે તે લખો :**

(૧) અઘરણીના ગીતો - ---------------
(૨) ખાયણા - ---------------
(૩) મરશિયા - ---------------
(૪) ગોરમાનાં ગીતો - ---------------


**(ઇ) લખો :**

(૧) ગર્ભાધાનના સાતમા મહિને ઉજવાતો પ્રસંગ - ------------
(૨) બાળજન્મના છઠ્ઠા દિવસે ઉજવાતો પ્રસંગ - ------------
(૩) કારતક માસમાં દેવદિવાળીએ ઉજવાતો પ્રસંગ - ------------
(૪) સારો પતિ મેળવવા કરાતું વ્રત - ------------
(૫) ગૌરી પાર્વતી વ્રતના અન્ય નામ - ------------
(૬) ભારતીય જનજીવનની ભાતીગળ સંસ્કૃતિ જ્યાં જોવા મળે છે તે - ------------
(૭) મરશિયાના પ્રકાર - ------------
(૮) સૂર્યદેવની પત્ની - ------------

**(ઈ) ગૌરી પાર્વતી વ્રતની વિધિ લખો.**

## ખાયણાં

દેરાણી જેઠાણી ખાંડે ધાન, મેં સાંભળ્યું' તું કાનોકાન ... (ટેક)
મેં ચૂંટી ચંપાની કળી, તો દસ મહિના પેચૂટી ટળી,
મારી પિયુજીને પૂછું એમ, કે ખડ વાઢે ઈ જીવે કેમ ?
દેરાણી-જેઠાણી... (૧)
મારા માથે ફૂલનો દડો, મેં જાણ્યું પાણીનો ઘડો,
મારા પિયુજીને પૂછું એમ, કે પાણી ભરે ઈ જીવે કેમ ?
દેરાણી-જેઠાણી... (૨)
મેં પહેર્યાં'તાં હીરનાં હીર, ને તોય છોલાણાં મારા ડીલ,
મારા પિયુજીને પૂછું એમ, કે જાડાં પહેરે ઈ જીવે કેમ ?
દેરાણી-જેઠાણી... (૩)
મેં તો ખડી સાકરનો શીરો કર્યો, તોયે ન મારે ગળે ઊતર્યો,
મારા પિયુજીને પૂછું એમ, કે ખીચડી ખાય ઈ જીવે કેમ ?
દેરાણી-જેઠાણી... (૪)
મારી પાડોશણ દાળ છડે, ને મારા હાથમાં ભંભોલા પડે,
મારા પિયુજીને પૂછું એમ, કે દરણાં દળે ઈ જીવે કેમ ?
દેરાણી-જેઠાણી... (૫)




## સ્વાધ્યાય

**(અ) નીચેની ક્રિયાઓની નાયિકાને થયેલી પ્રતિક્રિયા લખો :**

(૧) ચંપાની કળી ચૂંટી – ----------------
(૨) હીર પહેર્યા – ----------------
(૩) ખડી સાકરનો શીરો કર્યો – ----------------
(૪) માથામાં ફૂલ નાંખ્યું – ----------------
(૫) નાયિકાની પાડોશણે દાળ છડી – ----------------

**(આ) ફ્લો ચાર્ટ પૂર્ણ કરો :** નાયિકાએ પતિને પૂછેલ પ્રશ્નો

**(ઇ) ગ્રામ્યજીવનમાં રહેલું શ્રમનું મહત્ત્વ તમારા શબ્દોમાં લખો.**



## સૈયર મેંદી લેશું રે !

મેંદી લેશું, મેંદી લેશું, મેંદી મોટાં ઝાડ,
એક હલાવું ડાળ ત્યારે ડાળાં હલે ચાર
સૈયર ! મેંદી લેશું રે.
મારી સાસુએ એમ કહ્યું કે વાસીદાં વાળી મેલ્ય,
મેં ભોળીએ એમ જાણ્યું કે સાવરણી બાળી મેલ્ય,
સૈયર ! મેંદી લેશું રે.
મારી સાસુએ એમ કહ્યું કે પાણીડાં ભરી મેલ્ય,
મેં ભોળીએ એમ માન્યું કે બેડલાં ફોડી મેલ્ય,
સૈયર ! મેંદી લેશું રે.
મારી સાસુએ એમ કહ્યું કે રોટલા ઘડી મેલ્ય,
મેં ભોળીએ એમ માન્યું કે ચૂલા ખોદી મેલ્ય,
સૈયર ! મેંદી લેશું રે.
મારી સાસુએ એમ કહ્યું કે કોડમાં દીવો મેલ્ય,
મેં ભોળીએ એમ માન્યું કે સોડમાં દીવો મેલ્ય,
સૈયર ! મેંદી લેશું રે.

## સ્વાધ્યાય

**(અ) સાસુએ નીચે મુજબનું કામ કરવાનું કહેતાં વહુએ શું કર્યું?**

(૧) વાસીદાં વાળ – ----------------  (૨) પાણીડાં ભર – ----------------

(૩) રોટલા ઘડ – ----------------  (૪) કોડમાં દીવો મૂક – ----------------

**(આ) લખો :**

સાસુએ વહુને ચીંધેલા કાર્ય → ------------ → ------------ → ------------ → ------------

**(ઇ) નીચેના સાધનો કયા કાર્ય માટે વપરાય છે, તે લખો :**

(૧) સાવરણી  (૨) બેડું  (૩) ચૂલો  (૪) દીવો

**(ઈ)** **૧. વર્તમાન સમયમાં સાસુ-વહુના સંબંધોનું ચિત્રણ તમારા શબ્દોમાં કરો.**

**૨. સાસુના પ્રત્યેક ચીંધેલા કાર્યને વહુએ ઊલટું જ સમજ્યું – એ અંગેના કારણો લખો.**


**૩. ‘સાસુના સ્વરૂપે માતા હોઈ શકે’ – આ વિધાનને સમર્થન આપતા વિચાર લખો.**

ગુજરાતના ઇતિહાસ અને ગુજરાતી લોકસાહિત્યમાં ન ભૂલી શકાય એવું લોકગીત એટલે, ''હાજી કાસમ તારી વીજળી...'' અહીં કુદરતની વિવિધતા અને ક્રૂરતા બન્ને છે. ''જે પોષે તે મારતું એ ક્રમ દિસે કુદરત તણો'' કલાપીની આ પંક્તિ સાર્થક થાય છે. 'વીજળી' નામની આગબોટ અને એની અગિયારમી મુસાફરી... એ યાદગાર ઘટના કરૂણાન્તિકા તરીકે ઓળખાઈ. એ દરિયાઈ જહાજમાં પહેલી વાર વીજળીના દિવા લાગ્યા હતા એટલે એને 'વીજળી' નામ આપ્યું. એ હાજી કાસમની વીજળી તરીકે જાણીતું હતું. આ જહાજ ૮ ડિસેમ્બર, ૧૮૮૮ના રોજ ગુજરાત-સૌરાષ્ટ્ર નજીકના વાવાઝોડામાં માંડવીથી મુંબઈ જતી વખતે અદ્રશ્ય થઈ ગયું. આ જહાજમાં ૧૩ જાનના જાનૈયાઓ અને મુંબઈ યુનિવર્સીટીની પરીક્ષા આપવા જતા વિદ્યાર્થીઓ સામેલ હતા. ઇ.સ. ૧૯૧૨માં ટાઈટેનિક એટલાંટિક મહાસાગરમાં ડૂબી હતી અને ફિલ્મ દ્વારા વિશ્વમાં પ્રસિદ્ધ બની હતી. પણ ગુજરાતના વહાણવટુમાં આ ટાઈટેનિકને પણ ટક્કર આપે એવી ઘટના છે. જે આંખો ભીની કરી દે છે. લેખક શ્રી ગુણવંતરાય આચાર્ય એ ૧૯૫૪માં આ ઘટના પરથી નવલકથા લખી હતી.

## વેરણ વીજળી

(ગુજરાતમાં બનેલી 'ટાઈટેનિક' જેવી સત્ય ઘટના પર રચાયેલું લોકગીત)

હાજી કાસમ તારી વીજળી રે સમદરિયે વેરણ થઈ !
શેઠ કાસમ તારી વીજળી રે મધદરિયે વેરણ થઈ ! – કાસમ.
ભુજ અંજારની જાનું રે જૂતી જાય રે મુંબઈ શે'ર,
દેશ પરદેશી માનવી આવ્યાં, જાય છે મુંબઈ શે'ર. – કાસમ.
દસ બજે તો, ટિકટું લીધી જાય છે મુંબઈ શે'ર,
તેર તેર જાનું સામટી જૂતી બેઠા કેસરિયા વર. – કાસમ.
ચૌદ-વીશું માંય શેઠિયા બેઠા, છોકરાંનો નૈ પાર,
અગિયાર બજે આગબોટ હાંકી જાય છે મુંબઈ શે'ર. – કાસમ.
ઓતર દખણના વાયરા વાયા, વાયરે ડોલયાં વા'ણ,
મોટા સાહેબની આગબોટું મળિયું : 'વીજને પાછી વાળ્ય' – કાસમ.
જહાજ હું મારું પાછું વાળ્યે રોગ તડાકો થાય,
પાછી વાળું મારી ભોમકા લાજે ! અલ્લા માથે એમાન – કાસમ.
આગ ઓલાણી ને કોયલા ખૂટ્યા, વીજને પાછી વાળ્ય,
મધદરિયામાં મામલા મધ્યે વીજળી વેરણ થાય. – કાસમ.
ચહમાં માંડીને માલમી જોવે પાણીનો ના'વે પાર,
કાચને કુંપે કાગદ લખે મોકલે મુંબઈ શે'ર.
હિન્દુ, મુસલમિન માનતા માને : પાંચમે ભાગે રાજ,
પાંચ લેતાં તું પાંચસે લેજે, સારું જમાડું શે'ર.
ફટ ભૂંડી તું વીજળી ! મારા તેરસો માણસ જાય,
વીજળી કે', મારો વાંક નૈ વીરા લખિયલ છઠ્ઠીના લેખ – કાસમ.





તેરસો માણસ સામટાં બૂડ્યાં, બૂડ્યા કેસરિયા વર,
ચૂડીએ કોઠે દીવા જલે ને જુએ જાનું કેરી વાટ. – કાસમ.
મુંબઈ શે'રમાં માંડવા નાખેલ, ખોબલે વેં'ચાય ખાંડ,
ઢોલ ત્રંબાળું ધ્રુસકે વાગે, જુએ જાનુંની વાટ. – કાસમ.
સોળસેં કન્યા ડુંગરે ચઢી જુએ જાનુંની વાટ,
દેશ દેશેથી તાર વછૂટ્યા વીજળી બૂડી જાય. – કાસમ.
વાણિયા વાંચે ને ભાટિયા વાંચે, ઘરઘર રોણાં થાય,
પીઠી ભરી તો લાડકી રુએ, માંડવે ઊઠી આગ. – કાસમ.
સગું રુએ એનું સાગવી રુએ, બેની રુએ બાર માસ,
મોટા સાહેબે તાગ જ લીધા, પાણીનો ના'વે પાર. – કાસમ.

## સ્વાધ્યાય

**(અ) નીચેની ઘટનાને યોગ્ય ક્રમમાં લખો.**

(૧) આગબોટ અગિયાર વાગે ચાલી.
(૨) તેર તેર જાન કેસરિયા વર સાથે બેઠી.
(૩) જાનની વાટ જોતી સોળસો કન્યા ડુંગરે ચડી.
(૪) ઉત્તરદક્ષિણના વાયરા વાતા જ વહાણ ડોલવા લાગ્યું.

**(આ) નીચેના શબ્દો માટે તળપદા શબ્દ લખો :**

(૧) શહેર – ------------ (૨) ચલાવી – ------------ (૩) વહેંચાય – ------------
(૪) સાથે – ------------ (૫) રડે – ------------ (૬) ભાઈ – ------------
(૭) ન આવે – ------------ (૮) એકસાથે – ------------ (૯) ચશમા – ------------

**(ઇ) નીચેની શબ્દજાળ પૂર્ણ કરો.**

(૧) પદ્યમાં આવતાં વાજીંત્ર
(૨) પદ્યમાં આવતી દિશાનાં નામ
(૩) પદ્યમાં આવતા સ્થળનાં નામ

**(ઈ)** (૧) કુદરતના પ્રકોપ સામે માનવનું કશું ચાલતું નથી– તમારો મત વ્યક્ત કરો.
(૨) તમે જોયેલી દુર્ઘટનાનું વર્ણન કરો.
(૩) 'ટાઈટેનિક' અને 'વીજળી' બન્ને વહાણ દુર્ઘટનાની તુલના કરો.

# હો... રંગરસિયા

હો રંગરસિયા ! ક્યાં રમી આવ્યા રાસ જો ?
આંખલડી રાતી ને ઉજાગરો ક્યાં રે કીધો.
આજ અમે ગ્યા'તા સોનીડાને હાટ જો, (૨)
આ ઝાલ ઝૂમણાં વહોરતાં ને,
વહાણલાં વાહી ગયાં... હો રંગ...
આજ અમે ગ્યા'તા મણિયારાને હાટ જો,
આ ચૂડલડો ઉતરાવતાં,
વહાણલાં વાહી ગયાં... હો રંગ...
આજ અમે ગ્યા'તા કસુંબીને હાટ જો,
આ ચૂંદલડી વહોરતાં ને,
વહાણલાં વાહી ગયાં... હો રંગ...
આજ અમે ગ્યા'તા મોચીડાને હાટ જો,
આ મોજડિયું મૂલવતાં ને
વહાણલાં વાહી ગયાં.
હો રંગરસિયા ! ક્યાં રમી આવ્યા રાસ જો ?
આંખલડી રાતી ને ઉજાગરો ભારે કીધો.



## સ્વાધ્યાય

**(અ) લખો :**

(૧) આંખ રાતી હોવાનું કારણ - ----------------

(૨) ઝૂમણાં વહોરનાર - ----------------

(૩) મોજડી મૂલવનાર - ----------------

(૪) ચૂડલો ઉતરાવનાર - ----------------

(૫) પદ્યમાં આવતા કારીગરોના નામ - ----------------

**(આ) નીચેની વસ્તુ ખરીદવા માટે ક્યાં જશો તે કહો :**

(૧) ઝૂમણાં - ---------------- (૨) ચૂડલો - ----------------

(૩) ચૂંદડી - ---------------- (૪) મોજડી - ----------------

**(ઇ) ૧. મેળામાં કે અન્ય સ્થળે તમે જોયેલા રાસનું વર્ણન કરો.**

**૨. 'રાસ'નું ભારતીય સંસ્કૃતિમાં મહત્ત્વ સમજાવો.**

# સાહિત્ય ઝરુખો

## સાહિત્યકાર – પ્રખ્યાત પંક્તિઓ

| | | | |
|---|---|---|---|
| (૧) | વીજળીના ચમકારે મોતીડાં પરોવો રે પાનબાઈ. | – | ગંગાસતી |
| (૨) | હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને. | – | કવિ પ્રીતમ |
| (૩) | જ્યાં-જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની. | – | કવિ કલાપી |
| (૪) | ખોબો ભરીને અમે એટલું હસ્યા કે કૂવો ભરીને અમે રોઈ પડ્યા. | – | જગદીશ જોશી |
| (૫) | મને જોઈને હસવું હજારો વાર આવે છે,<br>પ્રભુ તારા બનાવેલા તને આજે બનાવે છે. | – | હરજી લવજી દામાણી<br>'શયદા' |
| (૬) | છે ગરીબોના કૂબામાં તેલ ટીપુંયે દોહ્યલું ને,<br>શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે. | – | કરસનદાસ માણેક |
| (૭) | જનનીના હૈયામાં પોઢંતા પોઢંતા પીધો કસુંબીનો રંગ. | – | ઝવેરચંદ મેઘાણી |
| (૮) | જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં સદાકાળ ગુજરાત. | – | અરદેશર ખબરદાર |
| (૯) | જનનીની જોડ સખી નહિ જડે રે લોલ. | – | કવિ બોટાદકર |
| (૧૦) | એક ક્ષણ જો યુદ્ધ અટકાવી શકો, ટેન્ક પર માથું મૂકી ઊંઘી લઉં. | – | માધવ રામાનુજ |
| (૧૧) | નિશાન ચૂક માફ, નહીં માફ નીચું નિશાન. | – | બ. ક. ઠાકોર |
| (૧૨) | સદા સૌમ્ય શી વૈભવે ઉભરાતી, મળી માતૃભાષા મને ગુજરાતી. | – | ઉમાશંકર જોશી |
| (૧૩) | અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા. | – | કવિ ન્હાનાલાલ |
| (૧૪) | આપણા સામટા શબ્દ ઓછા પડે, એમના મૌનને એટલા રંગ છે. | – | રાજેન્દ્ર શુક્લ |
| (૧૫) | ખુદા તારી કસોટીની પ્રથા સારી નથી હોતી,<br>જે સારા હોય છે, એની દશા સારી નથી હોતી. | – | બરકત વિરાણી<br>'બેફામ' |
| (૧૬) | જગની સહુ કડીઓમાં સ્નેહની સર્વથી વડી. | – | સુન્દરમ્ |
| (૧૭) | રસમ અહીં નોખી, નિયમ સાવ નોખા,<br>અમારે તો શબ્દો જ કંકુને ચોખા. | – | મનોજ ખંડેરિયા |
| (૧૮) | સહુ ચલો જીતવા જંગ બ્યુગલો વાગે<br>યાહોમ કરીને પડો ફતેહ છે આગે. | – | નર્મદ |
| (૧૯) | પ્રવાસ એટલે હાલતી ચાલતી વિદ્યાપીઠ. | – | કાકાસાહેબ કાલેલકર |
| (૨૦) | મને એક એક ઝાડની છે માયા,<br>એ લાગે ન કદી મને પરાયા. | – | સુરેશ દલાલ |

## ચાલો જાણીએ

| | | | |
|---|---|---|---|
| (૧) | ગુજરાતી વ્યાકરણના પ્રણેતા | – | હેમચંદ્રાચાર્ય |
| (૨) | ગુજરાતી ભાષાના આદિ કવિ | – | નરસિંહ મહેતા |
| (૩) | ગુજરાતી સાહિત્યના માણભટ્ટ તરીકે જાણીતા | – | પ્રેમાનંદ |
| (૪) | ગુજરાતી સાહિત્યમાં ખંડકાવ્યોના સર્જક | – | મણિશંકર રત્નજી ભટ્ટ 'કાન્ત' |
| (૫) | ગુજરાતી સાહિત્યમાં ઉત્તમ સોનેટ રચયિતા | – | બળવંતરાય ક. ઠાકોર |
| (૬) | ગુજરાતી સાહિત્યમાં ઉત્તમ યોગદાન આપનાર રાજા | – | સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ 'કલાપી' |
| (૭) | ગુજરાતી સાહિત્યમાં પ્રજ્ઞાચક્ષુ સાહિત્યકાર | – | પંડિત સુખલાલજી |
| (૮) | સવાયા ગુજરાતી તરીકે જાણીતા | – | દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર |
| (૯) | કાકા કાલેલકર ને સવાઈ ગુજરાતીનું બિરૂદ આપનાર | – | ગાંધીજી |
| (૧૦) | ભારતીય બંધારણની રચનામાં મુસદ્દા સમિતિમાં એક સભ્ય તરીકે કાર્ય કરનાર ગુજરાતી સાહિત્યકાર | – | કનૈયાલાલ મુનશી |
| (૧૧) | ધંધે – પ્રસિદ્ધ વકીલ, કર્મે રાજનેતા, સાહિત્યકાર અને હૈદરાબાદ રાજ્યને ભારતમાં જોડવા માટે સક્રિય કામગીરી બજાવનાર | – | કનૈયાલાલ મુનશી |
| (૧૨) | રાષ્ટ્રીય શાયર તરીકે જાણીતા | – | ઝવેરચંદ મેઘાણી |
| (૧૩) | જ્ઞાનપીઠ વિજેતા ગુજરાતી સાહિત્યકારો | – | ઉમાશંકર જોશી, રઘુવીર ચૌધરી, પન્નાલાલ પટેલ, રાજેન્દ્ર શાહ |
| (૧૪) | અર્વાચીનોમાં આદ્ય | – | નર્મદ |
| (૧૫) | ભગવદ્‌ગોમંડળની પ્રેરણા કરનાર | – | ગોંડલના રાજવી ભગવતસિંહજી |
| (૧૬) | ગુજરાતી ભાષામાં લખાયેલી પહેલી આત્મકથા | – | મારી હકીકત (લેખક : નર્મદ) |
| (૧૭) | ગુજરાતી ભાષામાં લખાયેલું પહેલું નાટક | – | લક્ષ્મી (લેખક : દલપતરામ) |
| (૧૮) | ગુજરાતી ભાષામાં લખાયેલી પ્રથમ મહાનવલકથા | – | સરસ્વતીચંદ્ર (લેખક : ગોવર્ધનરામ ત્રિપાઠી) |

**નીચે કેટલાક સાહિત્યકારોનાં નામ તથા તેમના તખલ્લુસ (ઉપનામ) આપ્યા છે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઝીણાભાઈ રતનજી દેસાઈ | – | સ્નેહરશ્મિ | કનૈયાલાલ મુનશી | – | ઘનશ્યામ |
| રા.વિ. પાઠક | – | દ્વિરેફ, શેષ, સ્વૈર વિહારી | મણિશંકર રત્નજી ભટ્ટ | – | કાન્ત |
| | | | ગૌરીશંકર જોશી | – | ધૂમકેતુ |

| | | | |
|---|---|---|---|
| ઉમાશંકર જોશી | – વાસુકી | બકુલ ત્રિપાઠી | – ઠોઠ નિશાળિયો |
| કિસનસિંહ ચાવડા | – જિપ્સી | ત્રિભુવનદાસ લુહાર | – સુન્દરમ્ |
| કરસનદાસ માણેક | – વૈશંપાયન | ભાનુશંકર વ્યાસ | – બાદરાયણ |
| મનુભાઈ પંચોળી | – દર્શક | ચિનુ મોદી | – ઈર્શાદ |
| ચંદ્રવદન મહેતા | – ચાંદામામા | મધુસૂદન પારેખ | – પ્રિયદર્શી |
| ગિજુભાઈ બધેકા | – મૂછાળી મા | ભગવતીકુમાર શર્મા | – ભગીરથ, નિર્લેપ |

## પ્રચલિત ગીતમુખડાં

(૧) માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઉગ્યો – અવિનાશ વ્યાસ
(૨) ઈંધણા વીણવા ગઈ'તી મોરી સૈયર – રાજેન્દ્ર શાહ
(૩) પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા – હરીન્દ્ર દવે
(૪) તારી આંખનો અફીણી તારા બોલનો બંધાણી – વેણીભાઈ પુરોહિત
(૫) મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ... – દામોદર બોટાદકર
(૬) નજરના જામ છલકાવીને ચાલ્યા ક્યાં તમે? – બરકત વિરાણી 'બેફામ'
(૭) કેવા રે મળેલા મનના મેળ, રુદિયાના રાજા – બાલમુકુંદ દવે
(૮) ઊંબરે ઊભી સાંભળું રે બોલ વ્હાલમના – મણિલાલ પટેલ
(૯) સાંવરિયો રે મારો સાંવરિયો, હું તો ખોબો માગું ને દઈ દે દરિયો – રમેશ પારેખ
(૧૦) સમી સાંજનો ઢોલ ઢબુક્યો – અનિલ જોશી
(૧૧) આપી આપીને તમે પીંછું આપો, સજન... – વિનોદ જોશી
(૧૨) રાધાનું નામ તમે વાંસળીના સૂરમાંહી... – સુરેશ દલાલ

## ગુજરાતી સાહિત્યના કેટલાંક અમરપાત્રો

| પાત્રો | કૃતિ | સર્જક |
|---|---|---|
| જીવરામ ભટ્ટ | મિથ્યાભિમાન | દલપતરામ |
| મુંજાલ, મીનળદેવી, ત્રિભુવન | પાટણની પ્રભુતા | ક.મા.મુનશી |
| સરસ્વતીચંદ્ર, ગુણસુંદરી | સરસ્વતી ચંદ્ર | ગોવર્ધનરામ ત્રિપાઠી |
| મુંજ, તૈલપ, મૃણાલવતી | પૃથિવીવલ્લભ | ક.મા.મુનશી |
| સંતુ, ગોબર, માંડણ | લીલુડી ધરતી | ચુનીલાલ મડિયા |
| ગંગાગોરાણી, પરભુગોર | બારણે ટકોરા | ઉમાશંકર જોશી |
| લઘરો | કાવ્યપાત્ર | લાલશંકર ઠાકર |

## ગુજરાતી સાહિત્યના કેટલાંક અમરપાત્રો

| પાત્રો | કૃતિ | સર્જક |
|---|---|---|
| સુખલાલ, સુશીલા | વેવિશાળ | ઝવેરચંદ મેઘાણી |
| નીલકંઠ, નીરા, શિવશંકર | સમયદ્વીપ | ભગવતીકુમાર શર્મા |
| સોનલ, અલો, ખાચર | કાવ્યપાત્રો | રમેશ પારેખ |
| ડૉ. કામદાર | કલ્પતરુ | મધુરાય |
| અમરતકાકી, મંગુ | લોહીની સગાઈ | ઈશ્વર પેટલીકર |
| રુદ્રદત્ત, કલ્યાણી | ભારેલો અગ્નિ | રમણલાલ વ. દેસાઈ |
| જયા, જયંત | જયાજયંત | ન્હાનાલાલ |
| અમૃતા, અનિકેત, ઉદયન | અમૃતા | રઘુવીર ચૌધરી |

## જ્ઞાનખજાનો

| કવિનાં નામ | કાવ્યના પ્રકાર |
|---|---|
| સ્નેહરશ્મિ | હાઈકુ |
| નરસિંહ મહેતા | પ્રભાતિયાં |
| મીરાંબાઈ | પદ |
| વલ્લભમેવાડો | માતાજીના ગરબા |
| પ્રેમાનંદ | આખ્યાન |
| અખો | છપ્પા |
| શામળ | પદ્યવાર્તા |
| ભોજો ભગત | ચાબખા |
| શૂન્ય પાલનપુરી | ગઝલ |
| બ.ક. ઠાકોર | સોનેટ |
| દયારામ | ગરબી |
| ઉમાશંકર જોશી | પદ્યનાટક |
| કાન્ત | ખંડકાવ્ય |
| રત્નો | બારમાસી કાવ્યો |

| સર્જક | સર્જન |
|---|---|
| જ્યોતીન્દ્ર હ. દવે | રંગતરંગ |
| ઝવેરચંદ મેઘાણી | સૌરાષ્ટ્રની રસધાર |
| રમણભાઈ નીલકંઠ | ભદ્રંભદ્ર |
| કનૈયાલાલ મુનશી | પાટણની પ્રભુતા |
| કુન્દનિકા કાપડિયા | સાત પગલાં આકાશમાં |
| ઇલા આરબ મહેતા | બત્રીસ પુતળીની વેદના |
| ધીરૂબહેન પટેલ | વડવાનલ |
| કાકા કાલેલકર | સ્મરણયાત્રા |
| ઈશ્વર પેટલીકર | જનમટીપ |
| પન્નાલાલ પટેલ | માનવીની ભવાઈ |
| મોહનદાસ ગાંધી | સત્યના પ્રયોગો |
| ચુનીલાલ મડિયા | ગામડું બોલે છે |

## વ્યાકરણ

### શબ્દયુગ્મ

❁ પોતાના ભાવોને વધુ અસરકારક રીતે રજૂ કરવા શબ્દોનો પ્રયોગ જોડશબ્દ તરીકે થાય છે ગુજરાતી ભાષામાં આવા શબ્દયુગ્મ નીચે પ્રમાણે જુદાં જુદાં સ્વરૂપમાં મળી આવે છે.

(૧) એક જ શબ્દની પુનરુક્તિથી બનેલા. દા.ત. રાહુલ વાતવાતમાં રિસાઈ જાય છે.

(૨) મળતા આવતા અર્થવાળા શબ્દોના મેળથી બનેલા. દા.ત. એણે આખું ઘર ઊથલપાથલ કરી નાખ્યું.

(૩) વિરુદ્ધાર્થી શબ્દોથી બનેલા. દા.ત. વત્તીઓછી મુશ્કેલીઓ તો દરેકના જીવનમાં આવવાની.

(૪) સાર્થક તેમ જ નિરર્થક શબ્દોના મેળથી બનેલા. દા.ત. સૂરસંગ મેળામાં જવા ફટાફટ તૈયાર થયો.

(૫) શબ્દોની વચમાં વિભક્તિના પ્રત્યય અથવા સંયોજક વડે બનેલા. દા.ત. તું વાતને ક્યાંથી કયાં લઈ ગયો ? ક્યારેક ને ક્યારેક તો સફળતા મળશે જ.

❁ નીચે કેટલાક શબ્દયુગ્મો આપ્યા છે તે ધ્યાનમાં રાખો.

| ક્રમ | શબ્દયુગ્મો | ક્રમ | શબ્દયુગ્મો | ક્રમ | શબ્દયુગ્મો | ક્રમ | શબ્દયુગ્મો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | અગડંબગડં | ૬. | આડોશપાડોશ | ૧૧. | ખાણીપીણી | ૧૬. | તરેહતરેહ |
| ૨. | ખેતીવાડી | ૭. | કેટકેટલા | ૧૨. | નખશિખ | ૧૭. | પાઈપાઈ |
| ૩. | આગતાસ્વાગતા | ૮. | જીવનમરણ | ૧૩. | છળકપટ | ૧૮. | ઠેરઠેર |
| ૪. | આદાનપ્રદાન | ૯. | કાચુંપાકું | ૧૪. | વાજતેગાજતે | ૧૯. | મોજમજા |
| ૫. | ઊંચનીચ | ૧૦. | ધક્કામુક્કી | ૧૫. | ચહેરોમહોરો | ૨૦. | થરથર |

❁ નીચે આપેલા શબ્દયુગ્મોને યોગ્ય જગ્યાએ ગોઠવો. (લગોલગ, ચઢઉતર, હાલતા ને ચાલતા, ઉપરાઉપરી)

(૧) શીલાનો તાવ -------------- થાય છે.

(૨) હમણાં શાળામાં ----------- રજા આવી.

(૩) તેઓ -------------- હોટલમાં જમવા જાય છે.

(૪) મારું ઘર બગીચાની ----------- છે.

❁ નીચેના શબ્દયુગ્મ પૂરા કરો :

(૧) આગળ------------- (૨) ખોડ------------- (૩) રીત-----------

(૪) હાલક------------- (૫) બાગ------------- (૬) રૂપ-----------

# સમાસ

બે કે તેથી વધુ શબ્દોને જોડતાં બનતાં શબ્દને સમાસ કહેવામાં આવે છે.

- **તત્પુરુષ સમાસ**

આ સમાસમાં પદો કોઈને કોઈ વિભક્તિના સંબંધથી જોડાયેલાં હોય છે. આ સમાસના નીચે મુજબ છ પ્રકાર છે.

(૧) **દ્વિતીયા તત્પુરુષ સમાસ –** બંને પદો દ્વિતીયાના પ્રત્યય 'ને' થી જોડાયેલાં હોય છે.

ઉદા. : ૧. રાજાશ્રિત – રાજાને આશ્રિત    ૨. દૈવાધીન – દૈવને આધીન

(૨) **તૃતીયા તત્પુરુષ –** બંને પદો તૃતીયાના પ્રત્યયો 'થી', 'થકી', 'વડે' થી જોડાયેલા હોય છે.

ઉદા. : ૧. હેતભર્યા – હેતથી ભર્યા    ૨. શોકગ્રસ્ત – શોક વડે ગ્રસ્ત

(૩) **ચતુર્થી તત્પુરુષ –** બંને પદો ચતુર્થીના પ્રત્યયો 'માટે'થી જોડાયેલાં હોય છે.

ઉદા. : ૧. યજ્ઞવેદી – યજ્ઞ માટે વેદી    ૨. કુમારશાળા – કુમાર માટે શાળા

(૪) **પંચમી તત્પુરુષ –** બંને પદો પંચમીના પ્રત્યયો 'થી', 'થકી' થી જોડાયેલાં હોય છે.

ઉદા. : ૧. પ્રાણપ્યારું – પ્રાણથી પ્યારું    ૨. સ્થાનભ્રષ્ટ – સ્થાનથી ભ્રષ્ટ

(૫) **ષષ્ઠી તત્પુરુષ –** બંને પદો ષષ્ઠીના પ્રત્યયો 'નો', 'ની','નું', 'ના' થી જોડાયેલાં હોય છે.

ઉદા. : ૧. દેવાલય – દેવનું આલય    ૨. નગરપતિ – નગરનો પતિ

(૬) **સપ્તમી તત્પુરુષ –** બંને પદો સપ્તમીના પ્રત્યયો 'માં', 'એ' થી જોડાયેલા હોય છે.

ઉદા. : ૧. કલાનિપુણ – કલામાં નિપુણ    ૨. વ્યવહારકુશળ – વ્યવહારમાં કુશળ

- **કર્મધારય સમાસ**

જે સમાસના પદો વચ્ચે વિશેષણ-વિશેષ્યનો સંબંધ હોય તેને કર્મધારય સમાસ કહે છે.

ઉદા. : ૧. મહાદેવ – મહાન દેવ    ૨. વડસાસુ – વડી સાસુ
૩. મિષ્ટાન્ન – મિષ્ટ એવું અન્ન    ૪. કાગળકાયા – કાગળ જેવી કાયા
૫. ગુરુદેવ – ગુરુ એજ દેવ    ૬. નવયુગ – નવો યુગ

- **બહુવ્રીહિ સમાસ**

અહીં પણ કર્મધારય સમાસની જેમ જ પહેલું પદ વિશેષણ અને બીજું પદ વિશેષ્ય છે. કર્મધારય સમાસ વાક્યમાં સ્વતંત્ર સ્થાન ધરાવે છે, જ્યારે બહુવ્રીહિ સમાસ વિશેષણ તરીકે વપરાય છે, એટલે કે આખો સમાસ બીજા કોઈ નામનો ગુણ બતાવે છે.

ઉદા. : ૧. તપોધન – તપ છે ધન જેનું તે

૨. ત્રિનેત્ર – ત્રણ છે નેત્રો જેને તે

૩. ધર્મનિષ્ઠ – ધર્મમાં જેની નિષ્ઠા છે તે

૪. ક્ષણભંગુર – જેનો ક્ષણમાં નાશ થાય છે તે

- **નઞ બહુવ્રીહિ સમાસ**

જે બહુવ્રીહિ સમાસમાં નકારાત્મક પ્રયોગ હોય તેને નઞ બહુવ્રીહિ સમાસ કહેવાય છે.

ઉદા. : ૧. અપાર – જેનો પાર નથી તે      ૨. અનંત – જેનો અંત નથી તે

### નીચેની કૃતિ કરો :

| ક્ર. | શબ્દ | સમાસ વિગ્રહ | સમાસ પ્રકાર |
|---|---|---|---|
| ૧. | | મહાનઋષિ | |
| ૨. | દેવાલય | | |
| ૩. | | ચાર છે ભુજા જેનાં તે | |
| ૪. | | વાટ માટે ખર્ચી | ચતુર્થી તત્પુરુષ |
| ૫. | પુરુષોત્તમ | | સપ્તમી તત્પુરુષ |
| ૬. | પરવશ | | |
| ૭. | અબળા | | |
| ૮. | | નીલ છે કંઠ જેનો તે | |
| ૯. | | મંત્ર વડે મુગ્ધ | |
| ૧૦. | અભય | | |

### ધોરણ ૧૦ સુધી તમે શીખી ગયા છો તે સમાસનું પુનરાવર્તન :

| ક્ર. | શબ્દ | સમાસ વિગ્રહ | સમાસ પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ઘરબાર | | |
| ૨. | રામલક્ષ્મણ | | |
| ૩. | રાતદિવસ | | |
| ૪. | રેખાચિત્ર | | |
| ૫. | દહીંવડા | | |
| ૬. | ખટરસ | | |

# સંધિ

| | | |
|---|---|---|
| સ્વર | : | અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, એ, ઐ, ઓ, ઔ |
| સજાતીય સ્વર | : | અ ને આ |
| | | ઇ અને ઈ |
| | | ઉ અને ઊ |
| વિજાતીય સ્વર | : | 'અ' અને 'આ' ના વિજાતીય સ્વર ઇ, ઈ, ઉ, ઊ |
| | | 'ઇ' અને 'ઈ' ના વિજાતીય સ્વર અ, આ, ઉ, ઊ |
| | | 'ઉ' અને 'ઊ' ના વિજાતીય સ્વર અ, આ, ઇ, ઈ |

**વ્યંજન**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્ | ખ્ | ગ્ | ઘ્ | ઙ્ | ક વર્ગ | વર્ગીય વ્યંજનો |
| ચ્ | છ્ | જ્ | ઝ્ | ઞ્ | ચ વર્ગ | |
| ટ્ | ઠ્ | ડ્ | ઢ્ | ણ્ | ટ વર્ગ | |
| ત્ | થ્ | દ્ | ધ્ | ન્ | ત વર્ગ | |
| પ્ | ફ્ | બ્ | ભ્ | મ્ | પ વર્ગ | |
| ય્ | ર્ | લ્ | વ્ | શ્ | | અવર્ગીય વ્યંજનો |
| ષ્ | સ્ | હ્ | ળ્ | (:) વિસર્ગ | | |

❋ **અનુનાસિક વ્યંજનો** : નાકમાંથી બોલાય તે ઙ્, ઞ્, ણ્, ન્, મ્

❋ **મૃદુ કે ઘોષ વ્યંજન** : મધુર રણકારવાળા વ્યંજનોને મૃદુ કે ઘોષ વ્યંજન કહેવાય છે.
ઉપર લીલા રંગથી લખેલા વ્યંજનો મૃદુ કે ઘોષ વ્યંજન છે.

❋ **કઠોર કે અઘોષ વ્યંજન** : મધુર રણકાર વિનાના વ્યંજનને કઠોર કે અઘોષ વ્યંજન કહે છે.
ઉપર ગુલાબી રંગથી લખેલા વ્યંજનો કઠોર કે અઘોષ વ્યંજન છે.

## સંધિ

(૧) સ્વર સંધિ | (૨) વ્યંજન સંધિ | (૩) વિસર્ગ સંધિ

સંધિના ત્રણ પ્રકાર છે.

**(૧) સ્વર સંધિ** : બે સ્વરોના જોડાણને સ્વર સંધિ કહે છે.

**(૨) વ્યંજન સંધિ** : બે વ્યંજનોનું કે વ્યંજન અને સ્વરનું જોડાણ થાય એને વ્યંજન સંધિ કહે છે.

**(૩) વિસર્ગ સંધિ** : વિસર્ગ સાથે સ્વર કે વ્યંજનના જોડાણને વિસર્ગ સંધિ કહે છે.

### સ્વર સંધિ

બે સજાતીય સ્વરો સાથે આવે તો તેનો દીર્ઘ સ્વર થાય છે.

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઉદા.: | (૧) | અ | + | અ | = | આ | | દેશ | + | અભિમાન | = | દેશાભિમાન |
| | (૨) | અ | + | આ | = | આ | | દેવ | + | આલય | = | દેવાલય |
| | (૩) | આ | + | અ | = | આ | | વિદ્યા | + | અભ્યાસ | = | વિદ્યાભ્યાસ |
| | (૪) | આ | + | આ | = | આ | | દયા | + | આનંદ | = | દયાનંદ |
| | (૫) | ઇ | + | ઇ | = | ઈ | | હરિ | + | ઇચ્છા | = | હરીચ્છા |
| | (૬) | ઇ | + | ઈ | = | ઈ | | પરિ | + | ઈક્ષા | = | પરીક્ષા |
| | (૭) | ઈ | + | ઇ | = | ઈ | | યોગી | + | ઇન્દ્ર | = | યોગીન્દ્ર |
| | (૮) | ઈ | + | ઈ | = | ઈ | | નારી | + | ઈશ્વર | = | નારીશ્વર |
| | (૯) | ઉ | + | ઉ | = | ઊ | | ગુરુ | + | ઉત્તમ | = | ગુરૂત્તમ |
| | (૧૦) | ઉ | + | ઊ | = | ઊ | | સિંધુ | + | ઊર્મિ | = | સિંધૂર્મિ |
| | (૧૧) | ઊ | + | ઉ | = | ઊ | | વધૂ | + | ઉલ્લાસ | = | વધૂલ્લાસ |
| | (૧૨) | ઊ | + | ઊ | = | ઊ | | વધૂ | + | ઊર્મિ | = | વધૂર્મિ |

❁ **'અ' કે 'આ' પછી 'ઇ' કે 'ઈ' આવે તો 'એ' થાય છે.**

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઉદા.: | (૧) | અ | + | ઇ | = | એ | માનવ | + | ઇન્દુ | = | માનવેન્દુ |
| | (૨) | અ | + | ઈ | = | એ | પરમ | + | ઈશ્વર | = | પરમેશ્વર |
| | (૩) | આ | + | ઇ | = | એ | મહા | + | ઇચ્છા | = | મહેચ્છા |
| | (૪) | આ | + | ઈ | = | એ | મહા | + | ઈશ | = | મહેશ |

### ❁ 'અ' કે 'આ' પછી 'ઉ' કે 'ઊ' આવે તો 'ઓ' થાય છે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઉદા.: | (૧) | અ | + | ઉ | = | ઓ | લોક | + | ઉક્તિ | = | લોકોક્તિ |
| | (૨) | અ | + | ઊ | = | ઓ | નવ | + | ઊઢા | = | નવોઢા |
| | (૩) | આ | + | ઉ | = | ઓ | ગંગા | + | ઉદક | = | ગંગોદક |
| | (૪) | આ | + | ઊ | = | ઓ | મહા | + | ઊર્મિ | = | મહોર્મિ |

### ❁ 'અ' કે 'આ' પછી 'એ' કે 'ઐ' આવે તો 'ઐ' થાય છે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઉદા.: | (૧) | અ | + | એ | = | ઐ | વિશ્વ | + | એકતા | = | વિશ્વૈકતા |
| | (૨) | અ | + | ઐ | = | ઐ | પરમ | + | ઐશ્વર્ય | = | પરમૈશ્વર્ય |
| | (૩) | આ | + | એ | = | ઐ | સદા | + | એવ | = | સદૈવ |
| | (૪) | આ | + | ઐ | = | ઐ | મહા | + | ઐશ્વર્ય | = | મહૈશ્વર્ય |

### ❁ 'અ' કે 'આ' પછી 'ઓ' કે 'ઔ' આવે તો 'ઔ' થાય છે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઉદા. : | (૧) | અ | + | ઓ | = | ઔ | જલ | + | ઓઘ | = | જલૌઘ |
| | (૨) | અ | + | ઔ | = | ઔ | વન | + | ઔષધિ | = | વનૌષધિ |
| | (૩) | આ | + | ઓ | = | ઔ | મહા | + | ઓજસ્વી | = | મહૌજસ્વી |
| | (૪) | આ | + | ઔ | = | ઔ | મહા | + | ઔષધિ | = | મહૌષધિ |

### ❁ 'અ' કે 'આ' પછી 'ઋ' આવે તો 'અર્' થાય છે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | અ | + | ઋ | = | અર્ | સપ્ત | + | ઋષિ | = | સપ્તર્ષિ |
| (૨) | આ | + | ઋ | = | અર્ | મહા | + | ઋષિ | = | મહર્ષિ |

### ❁ 'ઇ' કે 'ઈ' પછી વિજાતીય સ્વર આવે તો 'ય્' થાય.

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | ઇ | + | અ | = | ય્ | + | અ | પ્રતિ | + | અક્ષ | = | પ્રત્યક્ષ |
| (૨) | ઇ | + | એ | = | ય્ | + | એ | પ્રતિ | + | એક | = | પ્રત્યેક |
| (૩) | ઇ | + | આ | = | ય્ | + | આ | ઇતિ | + | આદિ | = | ઇત્યાદિ |
| (૪) | ઇ | + | ઉ | = | ય્ | + | ઉ | વિ | + | ઉત્પન્ન | = | વ્યુત્પન્ન |

### ❁ 'ઉ' કે 'ઊ' પછી વિજાતીય સ્વર આવે તો 'વ્' થાય.

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | ઉ | + | અ | = | વ્ | + | અ | સુ | + | અચ્છ | = | સ્વચ્છ |
| (૨) | ઉ | + | આ | = | વ્ | + | આ | સુ | + | આગત | = | સ્વાગત |

## વ્યંજન સંધિ

પદને અંતે 'મ્' પછી કોઈ વ્યંજન આવે તો 'મ્' નો અનુસ્વાર થાય છે.

ઉદા. : (૧) સમ્ + કલ્પ = સંકલ્પ (૨) કિમ્ + ચિત = કિંચિત
(૩) સમ્ + ગીત = સંગીત (૪) સમ્ + સાર = સંસાર
(૫) સમ્ + યોગ = સંયોગ

પદને અંતે 'મ્' પછી સ્વર આવે તો તે 'મ્' ની સાથે જોડાઈ જાય છે.

ઉદા. : (૧) સમ્ + આગમ = સમાગમ (૨) સમ્ + ઈક્ષા = સમીક્ષા
(૩) સમ્ + ઋદ્ધિ = સમૃદ્ધિ (૪) સમ્ + ઉત્પન્ન = સમુત્પન્ન

'ત્' વર્ગના વ્યંજન પછી 'લ' આવે તો 'ત્' વર્ગના વ્યંજન બદલે 'લ્' થાય છે.

ઉદા. : (૧) ઉત્ + લાસ = ઉલ્લાસ (૨) તત્ + લીન = તલ્લીન
(૩) ઉદ્ + લેખ = ઉલ્લેખ

'સ' ની પહેલાં 'અ' કે 'આ' સિવાયનો કોઈપણ સ્વર આવે તો 'સ્' નો 'ષ્' થાય છે.

ઉદા.: (૧) વિ + સમ = વિષમ (૨) સુ + સુપ્ત = સુષુપ્ત
(૩) અભિ + સેક = અભિષેક (૪) સુ + સમા = સુષમા

- **સંધિ કરો :**

(૧) જીવ + આત્મા (૨) તથા + અપિ (૩) બાલ્ય + અવસ્થા
(૪) પરિ + ઈક્ષણ (૫) સ્વાદ + ઇન્દ્રિય (૬) ગ્રામ + ઉદ્ધાર
(૭) હિત + ઉપદેશ (૮) તથા + એવ (૯) બ્રહ્મ + ઋષિ
(૧૦) અતિ + આચાર (૧૧) પ્રતિ + ઉત્તર (૧૨) વિ + આકુળ
(૧૩) સમ્ + તુષ્ટ (૧૪) સમ્ + સ્મરણ (૧૫) સમ્ + યુક્ત
(૧૬) સમ્ + રક્ષિત (૧૭) સમ્ + વાદ (૧૮) સમ્ + આચાર

- **સંધિ છોડો :**

(૧) પુસ્તકાલય (૨) મહાશય (૩) હરીશ
(૪) સ્વેચ્છા (૫) ઉત્તરોત્તર (૬) ભાગ્યોદય

(૭) રસૈક્ય (૮) વ્યવસ્થા (૯) વ્યર્થ

(૧૦) અભ્યાસ (૧૧) સ્વલ્પ (૧૨) સંગઠન

(૧૩) સંતાપ (૧૪) સંયોજન

- **આપેલા ચોરસમાં સંધિ શોધીને યોગ્ય જવાબ લખો :**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| સ | ત્યા | ગ્ર | હ | પ | રી | ક્ષા | ગ | શિ |
| મ | હે | શ્વ | ર | દ | ષ્ટાં | ત | ણે | ષ્ટા |
| હિ | મા | લ | ય | ર | ત | પ | શ | ચા |
| પ | સે | વા | શ્ર | મ | ન | રે | ન્દ્ર | ર |
| રો | ગ્રા | મ | વા | તા | વ | ર | ણ | સ |
| પ | મો | એ | પ | રા | ધી | ન | પ્ર | દ |
| કા | દ્ધા | કાં | સૂ | ર્યો | દ | ય | તી | ગુ |
| ર | ર | ત | આ | જ્ઞાં | કિ | ત | ક્ષા | ણ |

(૧) સત્ય + આગ્રહ = સત્યાગ્રહ (૨) -------+-------=-----------

(૩) -------+-------=----------- (૪) -------+-------=-----------

(૫) -------+-------=----------- (૬) -------+-------=-----------

(૭) -------+-------=----------- (૮) -------+-------=-----------

(૯) -------+-------=----------- (૧૦) -------+-------=-----------

(૧૧) -------+-------=----------- (૧૨) -------+-------=-----------

(૧૩) -------+-------=----------- (૧૪) -------+-------=-----------

(૧૫) -------+-------=----------- (૧૬) -------+-------=-----------

# રૂઢિપ્રયોગો

રૂઢિપ્રયોગો ભાષાનું એક મહત્ત્વનું અંગ ગણાય છે. જ્યારે કોઈ શબ્દસમૂહ દેખીતો અર્થ છોડી, ખાસ અર્થમાં વપરાય ત્યારે તે રૂઢિપ્રયોગ તરીકે ઓળખાય છે. એના ઉપયોગથી ભાષા સચોટ અને ભાવવાહી બને છે.

'એના જેવા છેલ્લે પાટલે બેઠેલાને સન્માર્ગે ક્યાંથી લાવી શકાય?' આ વાક્યમાં 'છેલ્લે પાટલે બેઠેલાનો' શાબ્દિક અર્થ નહીં કરતાં 'તદ્દન અધમ સ્તરે પહોંચેલ' એવો અર્થ કરવાનો છે. વાસ્તવમાં કોઈ શબ્દસમૂહમાં આવો અર્થ ગર્ભિત હોતો નથી. પરંતુ પરંપરાથી એનો એવો અર્થ રૂઢ થયો છે. આથી તેને રૂઢિપ્રયોગ કહેવામાં આવે છે.

## કેટલાંક રૂઢિપ્રયોગ અને તેના અર્થ

| | | |
|---|---|---|
| (૧) અંજાઈ જવું | – | પ્રભાવિત થવું |
| (૨) ખબર લઈ નાખવી | – | ધમકાવવું |
| (૩) કોણીએ ગોળ ચોંટાડવો | – | પોતાનું કામ સિદ્ધ કરવા લાલચ આપવી |
| (૪) આંખ ઊઘડવી | – | સાચી હકીકતનું ભાન થવું |
| (૫) પાકા ઘડે કાંઠા ચઢાવવા | – | મોટી ઉંમરે સુધારવાનો પ્રયત્ન કરવો |
| (૬) પાણીમાંથી પોરા કાઢવા | – | નાના નાના દોષ શોધવા |
| (૭) મતું મારવું | – | સહી કરવી |
| (૮) મોં-માથા વગરનું | – | ઢંગધડા વગરનું |
| (૯) રજનું ગજ કરવું | – | નાની વાતને મોટું સ્વરૂપ આપવું |
| (૧૦) લીલી સૂકી જોવી | – | સુખદુ:ખ વેઠવા |

## સમાન અર્થ દર્શાવતા રૂઢિપ્રયોગો

| | | |
|---|---|---|
| (૧) આંખનું રતન | – | હૈયાનો હાર |
| (૨) ઘડીના છઠ્ઠા ભાગમાં | – | આંખના પલકારામાં |
| (૩) મોં મચકોડવું | – | નાકનું ટેરવું ચડાવવું |
| (૪) દહીંદૂધમાં પગ રાખવો | – | બન્ને બાજુ ઢોલકી વગાડવી |
| (૫) કાગનો વાઘ કરવો | – | વાતનું વતેસર કરવું |

## વિરુદ્ધ અર્થ દર્શાવતા રૂઢિપ્રયોગો

| | | | |
|---|---|---|---|
| (૧) આંખનો કણો | – આંખનું રતન | (૨) ઊગી નીકળવું | – ધૂળમાં મળવું |
| (૩) જીભ ચલાવવી | – મગનું નામ મરી ન પાડવું | (૪) કૂખ ઉજાળવી | – કૂખ લજાવવી |
| (૫) નાકે દમ આવવો | – ડાબા હાથનો ખેલ હોવો | (૬) નાક રાખવું | – નાક કાપવું |

# શબ્દ એક – અર્થ અનેક

વિદ્યાર્થી મિત્રો, એક જ શબ્દના એક કરતાં વધારે અર્થ એ ભાષાનું આગવું સૌંદર્ય છે. આપણે આ પાઠ્યપુસ્તકમાં અનેકાર્થી શબ્દોનો વિશેષ પરિચય મેળવ્યો છે. આવા જ કેટલાક શબ્દનો જુદા જુદા સંદર્ભમાં અર્થ સમજીએ.

| | | શબ્દ = અર્થ | વાક્ય પ્રયોગ |
|---|---|---|---|
| (અ) | (૧) | દંડ = હાથમાં ઝાલવાની લાકડી | દાદાજી ચાલતી વખતે દંડનો સહારો લે છે. |
| | (૨) | દંડ = છડી | પહેરેદાર હાથમાં દંડ પકડી ઊભો હતો. |
| | (૩) | દંડ = શિક્ષા, સજા | છોકરાઓને ક્યારેય આકરો દંડ કરવો નહીં. |
| | (૪) | દંડ = શિક્ષા તરીકે ભરાતી રકમ | ટ્રાફિકના નિયમોનું પાલન ન કરીએ તો દંડ ભરવો પડે. |
| | (૫) | દંડ = કસરત | તે દરરોજ અખાડામાં જઈને દંડ પીલે છે. |
| (બ) | (૧) | અંતર = અંતઃકરણ, મન | મમ અંતરમાં સદાય સત્યનો વાસ હજો. |
| | (૨) | અંતર = તફાવત | આપણે સારા-નરસાનું અંતર સમજી વર્તવું જોઈએ. |
| | (૩) | અંતર = ભેદ, જુદાઈ | પોતાના-પારકામાં અંતર ન રાખે તે જ સાચો માનવ. |
| | (૪) | અંતર = છેટું, દૂરી, ભૌતિક સંજ્ઞા | અમદાવાદથી અમેરિકાનું અંતર ખૂબ વધારે છે. |
| | (૫) | અંતર = વચલો કાળ | મધ્યાંતર પછી નાટકનો બીજો અંક શરૂ થયો. |
| (ક) | (૧) | વાર = અઠવાડિયાના દિવસ | સપ્તાહમાં સાત વાર હોય છે. |
| | (૨) | વાર = ઢીલ, વિલંબ | માસીએ તૈયાર થવામાં બહુ વાર લગાડી. |
| | (૩) | વાર = ત્રણ ફૂટ જેટલું માપ | મહારાષ્ટ્રમાં સ્ત્રીઓ નવ વારની સાડી પહેરે છે. |
| | (૪) | વાર = વખત | શિક્ષકે વિદ્યાર્થીઓને પાંચ વાર સૂત્રો લખવા કહ્યું. |
| (ડ) | (૧) | પક્ષ = પખવાડિયું | કૃષ્ણપક્ષમાં ચંદ્રની કળા ઘટે છે. |
| | (૨) | પક્ષ = પાંખ | માછલીને બે પક્ષ હોય છે. |
| | (૩) | પક્ષ = તરફેણ, બાજુ | સીમા હંમેશા સુધીરનો જ પક્ષ લે છે. |
| | (૪) | પક્ષ = ભાગ | આ મુદ્દે સભામાં બે પક્ષ પડી ગયા. |
| (ઇ) | (૧) | પાકું = દૃઢ, અડગ | ગાંધીજી તેમના નિર્ણયમાં દૃઢ હતા. |
| | (૨) | પાકું = હોશિયાર, સારું જ્ઞાન ધરાવતું | શરદ ગણિતમાં પાકો છે. |
| | (૩) | પાકું = કચાશ વગરનું, પરિપક્વ | જમીનના પાકા દસ્તાવેજ કરાવવા જરૂરી છે. |
| | (૪) | પાકું = પહોંચેલ, છેતરાય નહિ તેવું | કરસનદાસ પાકા વેપારી છે. |

| | | શબ્દ = અર્થ | વાક્ય પ્રયોગ |
|---|---|---|---|
| (ઈ) | (૧) | રાગ = મોહ, મમતા, આસક્તિ | ધનવૈભવનો રાગ સંતોષ થવા ન દે. |
| | (૨) | રાગ = ક્રોધ, ગુસ્સો | કામ, મદ અને રાગ મનુષ્યના શત્રુ છે. |
| | (૩) | રાગ = અવાજ, સૂર | તેણે મોટા રાગે રડવાનું શરૂ કર્યું. |
| | (૪) | રાગ = સંગીતના રાગ | તાનસેને મલ્હાર રાગ ગાયો અને વરસાદ આવ્યો. |
| (ઉ) | (૧) | હાર = ફૂલની માળા | સભાના અધ્યક્ષને હાર પહેરાવી સન્માન કર્યું. |
| | (૨) | હાર = ગળામાં પહેરવાનું ઘરેણું | મહારાણીને નવલખો હાર અતિપ્રિય હતો. |
| | (૩) | હાર = પરાજય | રમતમાં હાર-જીત તો ચાલ્યા જ કરે છે. |
| | (૪) | હાર = ઓળ, પંક્તિ | મેદાનમાં હારબદ્ધ ખુરશીઓ ગોઠવેલી હતી. |
| (ઊ) | (૧) | હાથ = હસ્ત | બહેનો હાથમાં મહેંદી મૂકે છે. |
| | (૨) | હાથ = સામેલગીરી | એ કામમાં મારો હાથ નથી. |
| | (૩) | હાથ = કૃપા, રહેમ | તેના ઉપર અધિકારીના બન્ને હાથ છે. |
| | (૪) | હાથ = શક્તિ | એ મારા હાથની વાત નથી. |
| (એ) | (૧) | એક = અજોડ, અદ્વિતીય | તાજમહેલ આખા વિશ્વમાં એક જ છે. |
| | (૨) | એક = કોઈ અમુક, તદ્દન ચોક્કસ નહિ એવું | એક નગરમાં એક રાજા હતો. |
| | (૩) | એક = એકસરખું, સમાન | આપણે સૌ એક છીએ. |
| | (૪) | એક = સંપીલુ, એકઠું | બધા પક્ષો એક ન થાય ત્યાં સુધી દેશનો વિકાસ ન થાય. |
| | (૫) | એક = અમુક નિશ્ચિત, ચોક્કસ | એક વાત કરો તો સમજણ પડે. |
| | (૬) | એક = અંક, સંખ્યા | બે પહેલાં એક આવે. |
| (ઐ) | (૧) | મંગળ = શુભ, કલ્યાણકારક | ગાયનું સામું મળવું મંગળ મનાય છે. |
| | (૨) | મંગળ = એક ગ્રહ | આખું વિશ્વ મંગળ પર જવા મથી રહ્યું છે. |
| | (૩) | મંગળ = એક વાર | મંગળવારે અમે માથેરાન જઈશું. |
| | (૪) | મંગળ = આશીર્વાદ કે ખુશાલીનું ગીત | આજે ઘેર ઘેર મંગળ ગવાઈ રહ્યા છે. |

# તળપદા શબ્દોનાં શિષ્ટ ભાષાનાં માન્ય રૂપો

ગુજરાતની ભૌગોલિક રચના ભાતીગળ છે. આપણા એક કવિએ ગુજરાતને બિલિપત્ર સાથે સરખાવ્યું છે. બિલિપત્રને ત્રણ પાંદડીઓ હોય છે, તેમ ગુજરાતને ત્રણ પાંદડીઓની જેમ કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાત જેવા ત્રણ ભિન્ન ભૌગોલિક પ્રદેશો છે. આ ત્રણના પણ પાછા ભિન્ન ભિન્ન પેટાપ્રદેશો છે. આ દરેક પ્રદેશને તેની આગવી બોલી છે. આવી બોલીઓના શબ્દો અને તેમનાં ઉચ્ચારણો જુદાં છે. તેમની મીઠાશ આગવી છે. આથી તો ગુજરાતી ભાષામાં પ્રચલિત કહેવત છે : બાર ગાઉએ બોલી બદલાય.

ઝવેરચંદ મેઘાણી, પન્નાલાલ પટેલ, ઈશ્વર પેટલીકર, પિતામ્બર પટેલ અને બીજા ઘણા લેખકોએ જે તે પ્રદેશની વાર્તાઓ, ગીતો લખ્યાં છે. આ ભાષાઓમાં રચાયેલું લોકસાહિત્ય તો આપણું સંસ્કારધન છે. તેમાં તળપદી ભાષાના શબ્દોનો વિપુલ ઉપયોગ થયો છે. આ બધી રચનાઓને માણવા આવા તળપદી શબ્દો તથા તેમના અર્થ જાણવા – સમજવા જરૂરી છે. આવા કેટલાક શબ્દોની સૂચિ અહીં આપી છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | અતાર | – | અત્યાર | ૨. | આયાં | – | અહીં |
| ૩. | અગાડી | – | આગળ | ૪. | ઓરું | – | નજીક |
| ૫. | કળશિયો | – | લોટો | ૬. | કિયાં | – | કયા |
| ૭. | અબળખા | – | અભિલાષા | ૮. | કટક | – | સૈન્ય |
| ૯. | કુણ | – | કોણ | ૧૦. | કીમ | – | કેમ |
| ૧૧. | ગણ | – | ગુણ | ૧૨. | ગલઢેરા | – | ઘરડા |
| ૧૩. | ચંત્યા | – | ચિંતા | ૧૪. | ચોપાડ | – | ઓશરી |
| ૧૫. | છૈયું | – | છોકરું | ૧૬. | જૌવનાઈ | – | જુવાની |
| ૧૭. | જજમાન | – | યજમાન | ૧૮. | જથરવથર | – | અસ્તવ્યસ્ત |
| ૧૯. | ડોબું | – | ભેંસ | ૨૦. | ઢૂંકડું | – | નજીક |
| ૨૧. | ટાયલા | – | શેખી | ૨૨. | તાકડે | – | અણીના સમયે |
| ૨૩. | દખણ | – | દક્ષિણ | ૨૪. | દન | – | દિન |
| ૨૫. | દુહાઈ | – | આણ | ૨૬. | નિમાણું | – | લાચાર |
| ૨૭. | નીમ | – | નિયમ | ૨૮. | નેવાં | – | છાપરાં |
| ૨૯. | નોખું | – | જુદું | ૩૦. | પા | – | બાજુ |
| ૩૧. | પ્રાગડ | – | સવાર | ૩૨. | પેટિયું | – | મજૂરી |
| ૩૩. | પુનઈ | – | પુણ્ય | ૩૪. | ફદિયા | – | રૂપિયા |
| ૩૫. | ફાંદ | – | પેટ | ૩૬. | બવ | – | બહુ |
| ૩૭. | બોન | – | બહેન | ૩૮. | ભોમકા | – | ભૂમિ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૩૯. | મણા | – | ખામી | ૪૦. | મનેખ | – | મનુષ્ય |
| ૪૧. | મલક | – | મુલક, પ્રદેશ | ૪૨. | માણહ | – | માણસ |
| ૪૩. | મુંઢું | – | મોઢું | ૪૪. | મેડી | – | માળિયું |
| ૪૫. | મોખ | – | અનુકૂળતા | ૪૬. | મોઝાર | – | વચ્ચે |
| ૪૭. | મોર્ય | – | પહેલાં, આગળ | ૪૮. | રખોપું | – | રક્ષણ |
| ૪૯. | લગણ | – | લગી, સુધી | ૫૦. | લઠ | – | લાઠી |
| ૫૧. | વચાળે | – | વચ્ચે | ૫૨. | વરહ | – | વરસ |
| ૫૩. | વડેરાં | – | મોટેરાં | ૫૪. | વાલેશરી | – | ચાહક |
| ૫૫. | વાવડ | – | સંદેશો | ૫૬. | વાંહે | – | પાછળ |
| ૫૭. | વેગળું | – | દૂર | ૫૮. | વેરણ | – | દુશ્મન |
| ૫૯. | વેલેરા | – | વહેલા | ૬૦. | શેરો | – | છેડો |
| ૬૧. | સરગ | – | સ્વર્ગ | ૬૨. | સંધા | – | બધાં |
| ૬૩. | સાવલી | – | સાદડી | ૬૪. | હડી કાઢવી | – | દોડવું |
| ૬૫. | હેવાયું | – | ટેવાયેલું | ૬૬. | વાયરો | – | પવન |
| ૬૭. | વાલમ | – | પ્રિયતમ | ૬૮. | સડપ | – | ઝડપ |
| ૬૯. | હાંજ | – | સાંજ | ૭૦. | હટાણું | – | ખરીદી |
| ૭૧. | હાટ | – | દુકાન | ૭૨. | હોડ | – | સ્પર્ધા |

### આપેલા શબ્દોને વાક્યમાં વાપરો.

દા.ત. : વરહ – પાંચ પાંચ વરહથી દીકરાનું મોં નથી જોયું.

(૧) વચાળે – ---------------------------------------------

(૨) વાયરો – ---------------------------------------------

(૩) હટાણું – ---------------------------------------------

(૪) મલક – ---------------------------------------------

(૫) પ્રાગડ – ---------------------------------------------

# મુદ્રિત-શોધન (Proof-reading)

કોઈ પણ લખાણ મુદ્રિત થાય તે પહેલાં, તેને ઝીણવટથી તપાસી, તેમાં રહેલી ક્ષતિઓ દૂર કરવી આવશ્યક હોય છે. આ કાર્ય મુદ્રિત-શોધન (Proof-reading) તથા આ કાર્ય કરનારને મુદ્રિત શોધક (Proof-reader) કહેવામાં આવે છે. આ કાર્ય ખૂબજ જવાબદારી ભર્યુ છે. માટે જ તે મહેનત તથા કાળજી માંગી લે છે.
પ્રુફ રીડિંગ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :-

- પ્રુફ રીડરે આવેલી પ્રતને હસ્તલિખિત પ્રત સાથે ધ્યાનપૂર્વક સરખાવી જોવી. કોઈ લખાણ રહી ગયું હોય, કોઈ લખાણ બે વાર છપાઈ ગયું હોય તો તે ખાસ જોવું.
- મુદ્રિત લખાણમાં જોડણીની ભૂલો રહી ગઈ હોય તો તે પણ જોવું.
- શંકા જણાય ત્યાં જોડણીકોશનો ઉપયોગ કરવો.
- જરૂરી સુધારા કાગળની કોરી બાજુએ નીચે આપેલ ચિહ્નોની મદદથી સૂચવવા.

| ક્ર. | ચિહ્ન | સમજૂતી |
|---|---|---|
| ૧ | ક/ખ/ગ | ભળતો અક્ષર મુકાયો છે તો તે બદલીને તેને બદલે બાજુમાં દર્શાવેલો અક્ષર મૂકો. (કોઈ ખાલી જગ્યામાં કોઈ અક્ષરને બદલે બીજો અક્ષર કે બીજું ચિહ્ન મુકાવવું હોય ત્યારે ત્યાં ત્રાંસી ઊભી લીટીથી છેકીને બાજુમાં જોઈતો અક્ષર કે જોઈતું ચિહ્ન આ રીતે બતાવવું.) |
| ૨ |  અથવા δ | એનો અર્થ થાય Delete (કાઢી નાખો). બતાવેલા અક્ષર કે શબ્દ કે એટલો ભાગ કાઢી નાખો એમ એ સૂચવે છે. |
| ૩ |  અથવા ∧ | કંઈ નવો ઉમેરો કરવા આવું ચિહ્ન વપરાય છે. (ઉમેરવાનું વસ્તુ લાંબું હોય તો એની આજુબાજુ કૂંડાળું કરાય છે.) |
| ૪ |  | છૂટું છે તે ભેગું કરો. |
| ૫ | # | ભેગું છે તે છૂટું કરો. |
| ૬ | *w.f.* | એનો અર્થ થાય Wrong-font (ખોટી જાતનો ટાઈપ) ભળતી જાતનો ટાઈપ છે માટે તે કાઢીને યોગ્ય ટાઈપ મૂકો. |

| ક્ર. | ચિહ્ન | સમજૂતી |
|---|---|---|
| ૭ | stet | સુધારો ન કરતાં છે તે રહેવા દો. (ભૂલથી છેકાઈ ગયું હોય ત્યારે એ ચાલુ રખાવવા આવું લખાણ વપરાય છે.) |
| ૮ | trans ∼ | અક્ષરો કે શબ્દો ઊલટસૂલટ છે તો એમનો ફેરબદલો કરો. (બેથી વધુ શબ્દો ઊલટસૂલટ થઈ ગયા હોય તો તેમનો ફેરબદલો દરેકની નીચે જોઈતો ક્રમ ૧, ૨, ૩, ૪, એમ દર્શાવીને કરાવી શકાય.) |
| ૯ | N.P. અથવા ¶ | નવો ફકરો પાડો. (ગુજરાતી પ્રૂફ-વાચન વખતે અંગ્રેજી P લખીને પણ આ સૂચના આપી શકાય.) |
| ૧૦ | no ¶ | ફકરો પાડ્યો છે તે કાઢી નાખો ને સળંગ લખાણ લો |
| ૧૧ | ⋎ ‘’ ⋎ * ⋎ | રહી ગયેલ અનુસ્વાર, અવતરણચિહ્ન, પાદટીપ (ફૂટનોટ)નું ચિહ્ન, (ઍપોસ્ટ્રોફીનું ચિહ્ન) વગેરે સૂચવવા આ ચિહ્ન વપરાય છે. |
| ૧૨ | ⊙ | પૂર્ણવિરામ મૂકો. |
| ૧૩ | /:/;/’ | અલ્પવિરામ, અર્ધવિરામ, કે ગુરુવિરામ મૂકો. |
| ૧૪ | ← | ખસેડીને બતાવેલી જગ્યાએ મૂકો. (વચ્ચે કે જ્યાં મુકાવવું હોય ત્યાં સુધી તે બતાવવું.) |
| ૧૫ | □ | એક એમ જગ્યા ઉમેરો. (એક એમ = ૧/૬ ઇંચ) |
| ૧૬ | □□ | બે એમ (૧/૩ ઈંચ) જગ્યા ઉમેરો. |
| ૧૭ | /$\frac{૧}{\quad}$/ | એક એમ લંબાઈની ડૅશ (રેખા) ઉમેરો. |
| ૧૮ | /$\frac{૨}{\quad}$/ | બે એમ લંબાઈની ડૅશ (રેખા) ઉમેરો. |
| ૧૯ | /// | લીટીઓ વાંકીચૂકી છે તો સરખી કરો. (ત્રણ આડી અથવા ત્રણ ઊભી લીટીનાં ચિહ્નો પણ વપરાય છે.) |
| ૨૦ | lead | લીટીઓ વચ્ચે જગ્યા રહે તે માટે લેડ ઉમેરો. |
| ૨૧ | d.lead | લીટીઓ વચ્ચેની જગ્યા ઓછી કરવા લેડ ઓછી કરો. |
| ૨૨ | V | વચ્ચેની જગ્યા અણસરખી (ઊંચીનીચી) છે તો તે સરખી કરો. |
| ૨૩ | ◡ | શબ્દો વચ્ચે બહુ જગ્યા છે તો તે માફકસર કરો. |

| ક્ર. | ચિહ્ન | સમજૂતી |
|---|---|---|
| ૨૪ | = | આ નિશાનીવાળા અક્ષરો ઊંચાનીચા થઈ ગયા છે તો તે સરખા કરો. |
| ૨૫ | └ | બતાવેલા લખાણને જમણી બાજુ તરફ ખસેડો. |
| ૨૬ | ┘ | બતાવેલા લખાણને ડાબી બાજુ તરફ ખસેડો. |
| ૨૭ | [ | આજુબાજુ ખસેલા અક્ષરોને લીટીની શરૂઆતમાં મૂકો.(અથવા નવો ફકરો પાડો.) |
| ૨૮ | ∠ | સ્પેસ (જગ્યા) ઘટાડો. |
| ૨૯ | ≡ અથવા *Caps* | આ નિશાની કરેલા અક્ષર કે શબ્દ કેપિટલ ટાઈપમાં મૂકો. |
| ૩૦ | = અથવા *s.c.* | આ નિશાની કરેલા અક્ષર કે શબ્દ સ્મૉલ ટાઈપમાં લો. |
| ૩૧ | — અથવા *Rom.*<br>— અથવા *italic* | આ નિશાની કરેલા અક્ષર કે શબ્દ રોમન ટાઈપમાં હોય તો ઇટાલિક ટાઈપમાં અને ઇટાલિક ટાઈપમાં હોય તો રોમન ટાઈપમાં લો. |
| ૩૨ | *l.c.* | આ અક્ષર લોઅર કેસ(નીચલા ખાના)નો લો. |
| ૩૩ | *eq.* # | સ્પેસ (જગ્યા) એકસરખી કરો. |
| ૩૪ | *runon* | બધું લખાણ સળંગ આવવા દો. |
| ૩૫ | bold or clar | બદલીને મોટા ટાઈપમાં મૂકો. |
| ૩૬ | spell out | ટૂંકા રૂપ કે આંકડાને પૂરા શબ્દોમાં લખો. |
| ૩૭ | **ગાબડું** | ‘ગાબડું’ લખ્યું છે એટલો ભાગ હસ્તપ્રતમાં રહી ગયો છે તો કંપોઝ કરીને ઉમેરી લો. |

## પ્રૂફ કેવી રીતે સુધારાય તેનો નમૂનો

મંથન અને નવનીત → **૧૮ પૉઈંટમાં વચમાં લો.**

‘‘સંધ્યા ટાણે-આરતીટાણે મંદિરદ્વારેથી સંભળાતો ઝાલરનો
રણકાર કે ઘંટારવ ચિત્તને ભક્તિભાવથી ભરી દે છે અને બેઘડી
ઈશ્વર-સ્તવનમાં આપણે લીન થઈ જઈએ છીએ. મસ્જિદમાંથી
આવતો ખુદાપરસ્ત કોઈ મોલવીની આજાનનો બુલદ અવાજ
સાંભળી પલભર પાકપરવરદિગારની યાદમાં અબદથી મસાક
ઝૂકી જાય છે જ્યારે આપ્તજનોને આપણાથી અળગા કરતી
મહાકાળની ચીસ સંભળાય છે ત્યારે કાળજુ કંપી ઊઠે છે. આપણે
બેબાકળાં થઈ જઈએ છીએ, હૈયું અસહાય થઈને બે ઘડી રુદન
કરી લે છે. આંસુ સારી લે છે. ઘડીભરના આ બધા ખેલ છે
શાંતિઅશાંતનાં વમળો સમી જાય છે અને ફરી પાછાં આપણે
સહુ રોજંદા જીવનની ઘટમાળમાં ખોવાઈ એ છીએ.
ભક્તિબંદગી ભૂલાય જાય છે ને વ્યવહારના ખેલ શરૂ થાય છે.
વ્યક્તિ વિસારે પડે છે ને સમષ્ઠિમાં આપણે અટવાઈ
જઈએ છીએ.’’

## પ્રૂફ સુધર્યા પછીને નમૂનો

**મંથન અને નવનીત**

‘‘સંધ્યાટાણે-આરતીટાણે, મંદિરદ્વારેથી સંભળાતો ઝાલરનો રણકાર કે ઘંટારવ ચિત્તને ભક્તિભાવથી ભરી દે છે અને બે ઘડી આપણે ઈશ્વર-સ્તવનમાં લીન થઈ જઈએ છીએ, મસ્જિદમાંથી આવતો કોઈ ખુદાપરસ્ત મોલવીની આઝાનનો બુલંદ અવાજ સાંભળી પલભર પાકપરવરદિગારની યાદમાં અદબથી મસ્તક ઝૂકી જાય છે. જ્યારે આપ્તજનોને આપણાથી અળગા કરતી મહાકાળની ચીસ સંભળાય છે ત્યારે કાળજું કંપી ઊઠે છે. આપણે બેબાકળાં થઈ જઈએ છીએ, હૈયું અસહાય થઈને બે ઘડી રુદન કરી લે છે – આંસુ સારી લે છે. ઘડીપલના આ બધા ખેલ છે. શાંતિઅશાંતિનાં વમળો શમી જાય છે અને ફરી પાછાં આપણે સહુ રોજિંદા જીવનની ઘટમાળમાં ખોવાઈ જઈએ છીએ. ભક્તિબંદગી ભુલાઈ જાય છે ને વ્યવહારના ખેલ શરૂ થાય છે. વ્યક્તિ વિસારે પડે છે ને સમષ્ટિમાં આપણે અટવાઈ જઈએ છીએ.’’

❁ **નીચેના પરિચ્છેદને મૂળ પ્રત સાથે સરખાવ્યા બાદ પણ તેમાં કેટલીક ભૂલો જણાઈ આવે છે. આપેલા પરિચ્છેદ જેમના તેમ લખી તે ભૂલો મુદ્રિતશોધનના ચિહ્નો દ્વારા દર્શાવો.**

(૧) ગૂલાબના સુંદર ફૂલની આસપાસ અસંખ્ય તીક્ષ્ણ કાંટા હોય છે. આ કંટકોની વચ્ચે રહેવા છતાં ગુલાબ તો મહેક્યાજ કરે છે. મહાન પુરુશોના જીવન માં અનેક કષ્ટો આવે છતાં પણ તેઓ ડગતા નથી. સામાજિક આર્થિક રાજકીય કે કુદરતી આફતોના સમયે પણ તેમનામાં રહેલી ઉદારતા, માનવતા કોમળતા કે પરોપકારીપણાની ભાવનામાં કદીયે ઓટ આવતી નથી.

(૨) આપણ જીવનનો મુખ્ય આધાર પાણી છે. તેના અભાવથી આપ ણાં ઘણાં કાર્યો અટકી પડશે નંદીઓ પર બંધ બાધીને તે પાણીથી આપણે લાખો એકર જમીનમાં સિંચાઈ કરીને પડતર જમીનને ઉપજાઉ બનાવી શકીએ. પાણીમાંથી વીજળી ઉત્પન્ન કરીને શહેરો અને ગામડાઓમાં રોશની ફેલાવી શકીએ. રેલ અને કારખાનાઓ ચલાવી શકીએ, ખ રેખર પાણીનો વ્યય કરવો એ નરી મૂર્ખતા છે.

(૩) પ્રત્યેક નારીને આજેય જિવનમાં એકવાર પટોળું પહેરવાની ઈચ્છા હોય છે. જૂના કાળમાં પટોળા માટેનું રેસમ જાપાનથી આવતું હતું. હવે તો આપણા દેશમાં પણ મળે છે. આ રેશમની આંટીઓને ગરમ પાણીમાં ઉકાળીને એને સ્વચછ મજબૂત તથા મુલાયમ બનાવવામાં આવે છે. પછી રે ટિયા પર આંટીઓ તૈયાર કરાય છે. પટોળાં બનાવવામાં એને બાંધવાની રંગવાની અને વણવાની પક્રિયાઓ મહત્વની ગણાય છે.

(૪) મહાસાગરના જળને કોઈ સીમા નથી, ધરતી અને આકાશનું મિલન થતું દેખાય છે, મિલન તે દૂર દૂરની રેખા સુધી વિસ્તરે છે. એના કાળાં ડીબાંગ જળ ચોમેર વિસ્તરે છે. મહાભયંકર ઝંઝા વાત જાગે છે ત્યારે ડુંગર જેવડાં મોઝાં ઊછળે છે. એમાં ફસાયેલો માનવી તરફડે છે વલખાં મારે છે ત્યારે જીવનરક્ષક નૌકા તેને બચાવી લે છે, નવું જીવન બક્ષે છે. તેમ આશા પણ નિરાશાના સાગરમાં વિવસ બનેલા માણસને તારે છે. નવજિવન બક્ષે છે.

(૫) ભારતના મહાન વૈજ્ઞાનિક સર સી.વી. રામને ૧૯૪૯માં રામન રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ની સ્થાપના કરી હતી. આ સંસ્થા માટે સાયન્ટિફિક આસિસ્ટન્ટના પદમાટે ઈન્ટવ્યૂ ચાલતા હતા. ઈન્ટરવ્યુ પત્યા પછી પણ એક યુવાન વેઈટિંગ રૂમમાં બેસી રહ્યો હતો. શ્રીરામને ઘેર જતાં તેને જોયો. રામને તેને ઉતાવળમાં પૂછયું તારી પસંદગી નથી થઈ. તું હજી અહીં બેસી કેમ રહ્યો છે? યુવાને શાંતિથી કહ્યું, સાહેબ તમારી ઑફિસમાંથી મને ઈન્ટરવ્યૂમાં આવવા જવાનો ખર્ચો મોકલવામાં આવ્યો હતો. ભૂલમાં તેમણે ઘણી વધારે રકમ મોકલી છે. તે પાછી આપવા બેઠો છું.

# ભાષાંતર (Translation)

- પ્રથમ આપેલા ફકરાને શાંતિથી વાંચવો. તેમાંથી પ્રત્યેક શબ્દના પ્રતિશબ્દ કેટલા અને કયા આવી શકે તેનો મનમાં ને મનમાં વિચાર કરવો તથા ફકરા સાથે જોડાયેલા યોગ્ય શબ્દ શોધવા.
- ફકરાના વાક્યો ને ફરી ફરી વાંચવા. તે મિશ્ર કે સંયુક્ત હોય તો ગુજરાતીમાં તેની રચના કેવી હોવી જોઈએ તે ધ્યાનમાં લેવું. મૂળ અંગ્રેજીમાં પ્રયોજાયેલ કાળને ગુજરાતીમાં બદલવો નહીં.
- ફકરાના પ્રત્યેક વાક્યનો અર્થ લક્ષમાં લઈ લીધા બાદ ગુજરાતીમાં તેનો અનુવાદ કઈ રીતે કરી શકાય તેના પર્યાયો શોધવા. અનેક પર્યાયો પૈકી કયો યોગ્ય રહેશે તે નક્કી કરવું.
- ઉપર પ્રમાણે એકેએક વિગતનું ભાષાંતર કર્યા બાદ સર્વ ભાષાંતરિત વિગત સાથે વાંચવી. ત્યાર પછી જ અંગ્રેજી ફકરાનું ગુજરાતીમાં ભાષાંતર વ્યવસ્થિત થયું એમ સમજવું.
- ભાષાંતર કરતી વખતે નીચેની બાબતોના સંદર્ભે ગુજરાતી તથા અંગ્રેજી આ બન્ને ભાષાનું જુદાપણું ધ્યાનમાં લેવું.
- અંગ્રેજીમાં a, an, the ઉપપદ વપરાય છે. જ્યારે ગુજરાતીમાં આવા કોઈ ઉપપદ નથી.
- અંગ્રેજીમાં વાક્યરચના કર્તા, ક્રિયાપદ અને કર્મ આ રીતે છે; જ્યારે ગુજરાતી વાક્યરચના કર્તા, કર્માદિ અને છેવટે ક્રિયાપદ એ પ્રકારની છે.
- અંગ્રેજીમાં આદરાર્થે બહુવચન નથી, ગુજરાતીમાં છે.
- અંગ્રેજીમાં વપરાયેલા રૂઢિપ્રયોગ તથા કહેવતના સમાનાર્થી ગુજરાતી રૂઢિપ્રયોગ તથા કહેવતોની જાણ આવશ્યક છે.
- અંગ્રેજીમાં Cousinનું ભાષાંતર કરતી વખતે ગુજરાતીમાં કાકા, મામા, માસા, વગેરે સંદર્ભને ધ્યાનમાં રાખવો જરૂરી.
- Father તથા Mother આ શબ્દોનું ગુજરાતીમાં ભાષાંતર કરતી વખતે તેના પર્યાયી શબ્દ અનુક્રમે માતા, જનની, જન્મદાત્રી, મા, પિતા, બાપા, બાપુજી, જનક વગેરે એવા હોવાને લીધે તેમાંથી કયો શબ્દ પસંદ કરવો, એ મૂળ ફકરાના સંદર્ભને અવલંબિત હોય છે.
- 'It is said' આવી કર્મણિ રચના અનેક વાર વપરાય છે. જેનું ભાષાંતર 'આવું બોલાય છે', તેના કરતાં 'આવું કહેવાય છે' આ ભાષાંતર વધુ અનુરૂપ લાગે.
- How do you do? નું ભાષાંતર 'તું કેવી રીતે કરે છે' અથવા 'There you are' નું ભાષાંતર 'ત્યાં તું છે' આવી રીતે શબ્દશઃ ભાષાંતર કરવું હાસ્યાસ્પદ ઠરે છે. તેથી ભાષાંતરમાં ભાવાનુવાદ વધુ યોગ્ય રહેશે.

### ભાષાંતરનો નમૂનો

અંગ્રેજી ફકરો :

Today, while hosting the flag, I feel that I am not alone but with me in unfurling the flag are, the hands of 130 crore people of India. Ours is a historic flag. Under this Tri-color we have fought for our freedom, we have made the country strong and taken it forward. Flag hosting on Independence day symbolises freedom of India and freedom of every Indian.

ગુજરાતી અનુવાદ :

આજે ધ્વજારોહણ કરતી વખતે મને એવું લાગે છે કે, હું એકલી જ નહીં, પરંતુ એકસોત્રીસ કરોડ ભારતીય જનતાનો હાથ મારી સાથે ઝંડો ફરકાવે છે. આપણો ધ્વજ એ ઐતિહાસિક વારસો છે. આ ત્રિરંગા નીચે જ આપણે આપણી સ્વતંત્રતા માટે લડ્યા હતાં અને આપણાં રાષ્ટ્રને બળશાળી બનાવી તેને પ્રગતિના પથ પર લઈ આવ્યાં. સ્વાતંત્ર્યદિને ધ્વજારોહણ તે ભારતના તથા તેની સાથે પ્રત્યેક ભારતીયોના સ્વાતંત્ર્યનું પ્રતીક છે.

**નીચે આપેલા પરિચ્છેદોનો ગુજરાતી ભાષામાં અનુવાદ કરો :**

(૧) Computer is the wonder of science in 20th century. It is a good servant for us. It is able to perform any type of work, great or small. Speed and accuracy are the qualities have stunned the mankind. It is a large storehouse of information and knowledge. But computer is a bad master as well. If we depend on it wholly, it may prove harmful for the development of our mental faculties. It is advised to use computer cautiously.

(૨) Through the computer we can chat with our dear ones who are thousands of miles away from us. We can send e-mail at minimum cost. Important documents, photographs and messages can be circulated in no time. Thus the world has come closer because of the computer. So friends, we must learn to operate the computer, which is user-friendly. Wish you all the best.

(૩) Development of a personality is incomplete without games. They are useful for the growth of our mind body. Sports need physical efforts as well as imaginative power and tolerance. Sports teach us how to face defeats, how to make friends and how to be happy in other's happiness. These great moral virtues are not created in a person by merely studing books. Sports make one healthy, sociable, amiable, humble and large - hearted.

(૪) There are so many examples of great persons. How they worked hard and suffered before they achieve their goal. Shivaji the great, became a sovereign ruler after a great struggle. The Father of Nation - Mahatma Gandhi was imprisoned many times but he led India to freedom. There are examples of Nelsion Mandela, Wilma Rudolf and many others who succeded with hard work. We must have planning, hard work, ambition and perseverance. The path of success is full of thorns and not full of flowers. We must face difficulties and overcome them.

# પ્રસંગ વ્યવસ્થાપન

વર્તમાન સમયમાં પ્રસંગ વ્યવસ્થાપન એટલે કે Event Management એક ઉત્તમ વ્યવસાય છે. પ્રસંગ વ્યવસ્થાપન એટલે એકાદ પ્રસંગને સુપેરે પાર પાડવા માટે આવશ્યક સુવિધાઓ, તે સુવિધાઓ પૂરી પાડતા લોકોનું, સંસ્થાનું સંકલન. પ્રસંગ વ્યવસ્થાપક આપણા કોઈપણ પ્રસંગનું આયોજન આપણા વતી કરે છે, આપણે પ્રસંગ વ્યવસ્થાપકને માત્ર કયો પ્રસંગ છે, ઉપસ્થિત રહેનાર લોકોની સંખ્યા અને આપણા ખર્ચનું અંદાજપત્રક કહી દેવાનું રહે છે. ત્યાર બાદ પ્રસંગ માટે જગ્યાની વ્યવસ્થા, સજાવટ, મહેમાનોને આમંત્રણ મોકલવા, તેમની આગતા-સ્વાગતાની તૈયારી કરવી, પ્રસંગનું સુપેરે સંચાલન કરવા કોઈ સંચાલકની આવશ્યકતા હોય તો તેની વ્યવસ્થા જેવી તમામ તૈયારીઓ પ્રસંગ વ્યવસ્થાપકે કરવાની હોય છે.

આજે નાના-મોટા પ્રસંગ જેવા કે જન્મદિનની ઉજવણી, મેળાવડો, લગ્ન, ધાર્મિક કાર્યક્રમ, ઑફિસની કોઈ મીટીંગ દરેક માટે પ્રસંગ વ્યવસ્થાપકની સેવા લેવામાં આવે છે. એ રીતે પ્રસંગ વ્યવસ્થાપન ક્ષેત્રે રોજગારની ઉજ્જવળ તકો ઉપલબ્ધ છે. કુશળ પ્રસંગ વ્યવસ્થાપકમાં નીચેના ગુણો હોવા જોઈએ.

- નેતૃત્વ ક્ષમતા (Leadership ability)
- કાર્યશક્તિ (Energy)
- ઉત્સાહ (Enthusiasm)
- રચનાત્મકતા, સર્જનાત્મકતા (Creativity)
- સમય વ્યવસ્થાપન (Time management)
- ધ્યાનપૂર્વક વિગતવાર તૈયારી (Attention to detail)
- સમસ્યા ઉકેલવાની ક્ષમતા (Problem solving skill)
- અનુકૂલન ક્ષમતા (Flexibility)
- સંગઠન કુશળતા (Organizational skills)
- એક સાથે અનેક કાર્ય સંભાળવાની ક્ષમતા (Multi tasking)
- કાર્યનું ક્રમાનુસાર આયોજન /સમયપત્રક (Scheduling)

---

◆ **તમારી કોલેજમાં આયોજિત થનાર સાંસ્કૃતિક કાર્યક્રમનું વ્યવસ્થાપન આચાર્યએ તમને સોંપ્યું છે. તો તે માટેની રૂપરેખા તૈયાર કરો.**

☞ સૌ પ્રથમ પ્રસંગની તારીખ, સમય, સ્થળ નક્કી કરવા.

- ☞ પ્રસંગ માટે અતિથિ વિશેષ તરીકે જેમને બોલાવવાના હોય તેમને નિમંત્રણ આપવું.
- ☞ હોલ, મેદાન(સ્થળ)નું બુકિંગ કરવું.
- ☞ આમંત્રણ પત્રિકા તૈયાર કરવી.
- ☞ કાર્યક્રમનો (પ્રસંગનો) પ્રચાર - શિક્ષક/વિદ્યાર્થી/સમાજમાં કરવો/E-mail/What'sApp-વગેરે માધ્યમનો ઉપયોગ કરવો.
- ☞ દરેક કામની વહેંચણી કરવી.
  - સંચાલનની ભૂમિકા
  - પ્રાર્થના
  - સ્વાગત
  - અતિથિ પરિચય
  - આભાર વિધિ વગેરે
- ☞ ફોટોગ્રાફર, અહેવાલ લખનારની નિમણૂંક કરવી.
- ☞ બોર્ડ લખવું/રંગોળી કરવી.
- ☞ સ્ટેજ ડેકોરેશન, ટેબલખુરશી, પી.પી.ટી. શો, માઈક, સાઉન્ડ, લાઈટ, નામની તકતીઓ, પાણીની વ્યવસ્થા, દીપ પ્રજ્વલનની સામગ્રી તૈયાર કરવી.
- ☞ અતિથિનો પરિચય - તેમને લાવવા લઈ જવાની વ્યવસ્થા પહેલેથી નક્કી કરવી.
- ☞ પ્રસંગ માટેની સામગ્રી - બેનર, ફૂલ, શાલ, ભેટ/પુસ્તક, આભારપત્રની તૈયારી કરવી.
- ☞ મહેમાન અને વિદ્યાર્થીના નાસ્તાની તથા કુપનની વ્યવસ્થા કરવી.
- ☞ કાર્યક્રમ પૂરો થયા બાદ તેનો અહેવાલ સમાચારપત્રમાં આપવો.

---

**નીચે આપેલા પ્રસંગ માટે રૂપરેખા તૈયાર કરો :**

(૧) જન્મદિનની ઉજવણી

(૨) લગ્ન

(૩) ધાર્મિક કાર્યક્રમ

(૪) ઑફિસની કોઈ મીટીંગ

(૫) રનિંગ મૅરેથૉન ૨૦૧૯

(૬) મેદાનમાં રમત સ્પર્ધા

(૭) કૉલેજમાં ગ્રંથપાલખી

(૮) મેળાવડો (ગેધરિંગ)

# સૂત્રસંચાલન

બે પાત્રો વચ્ચે થતો વાર્તાલાપ તે સંવાદ. એક વ્યક્તિએ ચોક્કસ વિષય પર શ્રોતાઓ સાથે સાધેલ સંવાદ એટલે ભાષણ. એજ રીતે શ્રોતા/પ્રેક્ષક ગણ સામે રજૂ થઈ રહેલા કાર્યક્રમની વચ્ચે વચ્ચે ક્રમશઃ કરાતું નિવેદન એટલે સૂત્રસંચાલન. કાર્યક્રમના વિવિધ ઘટકો વચ્ચે કડી જોડવાનું, નિશ્ચિત કાર્યક્રમ સુસૂત્રતાપૂર્વક આગળ વધારવાનું કાર્ય સૂત્રસંચાલકે કરવાનું હોય છે.

જ્યાં જ્યાં પ્રેક્ષકો/શ્રોતાગણ સમક્ષ કાર્યક્રમ રજૂ થાય છે, ત્યાં ત્યાં સૂત્રસંચાલકની મહત્ત્વપૂર્ણ ભૂમિકા હોય છે. શાળા કોલેજમાં યોજાતા સ્નેહસંમેલનો, સ્પર્ધા, વ્યાખ્યાનો, ઇનામ વિતરણ જેવા અનેક કાર્યક્રમોમાં, બીજા અનેક સામાજિક કાર્યક્રમોમાં સૂત્રસંચાલકની આવશ્યકતા હોય છે.

ટૂંકમાં શ્રોતાઓએ જે જાણવું જરૂરી છે તેની તેમના સુધી, તેમનો સમગ્ર કાર્યક્રમમાં એકધારો રસ જળવાઈ રહે અને નીરસતાની પળો ઉદ્‌ભવે નહીં તે રીતે તથા વક્તાઓ કે કલાકારનું મહત્ત્વ જળવાઈ રહે એવી રીતે લોકભોગ્ય અને સરળ શાબ્દિક રજૂઆત કરવાની હોય છે. પ્રસંગને અનુરૂપ રજૂઆત પ્રેક્ષકોને જકડી રાખે છે.

## ★ સફળ સૂત્રસંચાલક માટે આવશ્યક બાબતો :

- ☞ સૂત્રસંચાલક દ્વારા કરાતી રજૂઆત કાર્યક્રમને અનુલક્ષીને, લોકોની આતુરતા વધારે તેવી હોવી જોઈએ.
- ☞ રજૂઆત વધુ લાંબી ન હોવી જોઈએ.
- ☞ સૂત્રસંચાલકનું વ્યક્તિત્વ, સ્ટેજ પર ચાલવાની, ઊભા રહેવાની, બોલવાની છટા આકર્ષક હોવી જોઈએ.
- ☞ સૂત્રસંચાલકની ભાષામાં શુદ્ધતા, સ્પષ્ટ ઉચ્ચારો, અવાજમાં માધુર્ય તેમજ વાણીમાં વિષયને અનુરૂપ આરોહ-અવરોહ હોવા જોઈએ.
- ☞ સંચાલકમાં વાક્‌ચાતુરી, અભિવ્યક્તિમાં નૂતનતા, આત્મવિશ્વાસ, સંયમ જેવા ગુણો જરૂરી છે.
- ☞ સફળ સંચાલન માટે સૌ પ્રથમ સંચાલકને કાર્યક્રમની સંપૂર્ણ જાણકારી હોવી જરૂરી છે. આયોજકો પાસેથી કાર્યક્રમ સંબંધી દરેક માહિતી મેળવી કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરવી જોઈએ.
- ☞ અધ્યક્ષ, પ્રમુખ અતિથિવિશેષ, વક્તાઓનો પરિચય મેળવી લેવો.
- ☞ મેકઅપ, પરિધાનને કારણે કાર્યક્રમમાં થતો વિલંબ, કોઈ માનનીય વ્યક્તિ માટે જોવાતી રાહ કે એવા કોઈ આકસ્મિક સંજોગો ઊભા થાય ત્યારે સંચાલકે પોતાની કલાના માધ્યમે શ્રોતા/પ્રેક્ષકોને જકડી રાખવાના હોય છે.
- ☞ અવાજ સ્પષ્ટ, રણકતો અને ભાવને અનુરૂપ હોવો જોઈએ. નજીક બેઠેલાને કર્કશ ન લાગે અને દૂર બેઠેલાને ફરિયાદ ન રહે એવો બુલંદ હોવો જોઈએ.

## ❁ તમારી કોલેજમાં આયોજિત ઇનામ વિતરણ કાર્યક્રમના સંચાલન માટેની સંહિતા (Script) તૈયાર કરો.

આપ સર્વેને નમસ્કાર ! હું ..... આપ સૌનું .... કોલેજ આયોજિત ઇનામ વિતરણ કાર્યક્રમમાં હાર્દિક સ્વાગત કરું છું.

આજનો અવસર છે અણમૂલો,
તેજસ્વી તારલાઓના સન્માનનો;
ઉત્સાહ, આતુરતા અને આનંદ છે વિશેષ,
ચાલો કાર્યક્રમના કરીએ શ્રી ગણેશ.

આપણા આમંત્રણને માન આપી અહીં પધારેલ મહેમાનોને આપણે સૌ આવકારીએ.

અંતરમાં છે અતિશય આનંદ આજ,
પધાર્યા અમ આંગણે મોંઘેરા મહેમાન;
હૃદયના ઉમંગથી આવકારીએ,
હેતે પ્રીતે આપને વધાવીએ.

હું ... ને વિનંતી કરીશ, તેઓ આચાર્યશ્રી તથા અતિથિગણને મંચ તરફ દોરે

આભાર ....

મિત્રો, ભારતીય સંસ્કૃતિની એ પરંપરા છે કે કોઈપણ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવે છે. ગાંધીજીએ કહ્યું છે કે, 'પ્રાર્થના એ આત્માનો ખોરાક છે !' પ્રાર્થના પ્રસ્તુત કરશે ....

હું આચાર્યશ્રી તથા અતિથિશ્રીને દીપપ્રજ્વલન માટે આગળ આવવા વિનંતી કરું છું.

અતિથિગણ કરો આપ દીપ પ્રજ્વલન,
જ્ઞાનનો દીપક પ્રગટે અને દૂર થાય તમસ.

ધન્યવાદ ...

હું..... ને વિનંતી કરીશ કે તેઓ આદરણીય અતિથિશ્રીને સ્મૃતિચિહ્ન આપી તેમનું સ્વાગત-સન્માન કરે.

આજના પ્રસંગે આપની ઉપસ્થિતિ,
બની રહેશે ચિરકાલિન સ્મૃતિ;
અતિથિ દેવો ભવઃ ની ભાવના અમ મનમાં,
સ્મૃતિ ચિહ્ન રૂપે રહીશું સદા તમ અંતરમાં.

હવે ... આપણને અતિથિશ્રીનો પરિચય કરાવશે.

ધન્યવાદ ....

હવે હું અતિથિશ્રી ... ને વિનંતી કરીશ કે તેઓ પ્રાસંગિક ઉદ્‌બોધન કરે અને તેમનું અનુભવ અમૃત આપણી સાથે વહેંચે.

આભાર ...

રાહ જોઈ તમે ઘણી,
લાગી છે સૌને તાલાવેલી;
મહેનત કરી તમે અદકેરી,
ગૌરવાન્વિત થશો ઇનામ મેળવી.

મિત્રો, હવે આપણે સૌ કાર્યક્રમના એ ભાગ તરફ આગળ વધીશું, જેની આપ સૌ આતુરતાથી રાહ જોઈ રહ્યા છો. અથાગ પરિશ્રમથી સફળતાને વરેલા આપણા મિત્રોને સન્માનવાનો સમય આવી ગયો છે. હું ... ને વિનંતી કરીશ કે તેઓ વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરે.

મિત્રો, પારિતોષિક વિતરણ સમારોહમાં ઉપસ્થિત રહી આપ સૌએ ઇનામ વિજેતા વિદ્યાર્થીઓને બિરદાવ્યા, પ્રોત્સાહન આપ્યું તે માટે આપ સૌનો આભાર પ્રગટ કરશે.....

હવે આપણે સૌ રાષ્ટ્રગીત માટે ઊભા થઈશું. આભાર. આપણો ઇનામ વિતરણ સમારોહ અહીં પૂર્ણ થાય છે. પણ મને કહેવાનું મન થાય છે કે -

રહા ગુલશન તો ગુલ ખિલેંગે,
મોકા મિલા તો ફિર મિલેંગે.

ધન્યવાદ... જયહિંદ.

# બ્લોગ લેખન

વર્તમાન યુગમાં વિજ્ઞાન અને તંત્રજ્ઞાને ઘણી પ્રગતિ કરી છે. આજે લોકો પોતાના વિચારો બ્લોગ મારફતે દુનિયા સમક્ષ મૂકી શકે છે. બ્લોગ એટલે ઓનલાઈન 'ડાયરી'. જે તમે ગમે ત્યારે, ગમે ત્યાંથી લખી શકો છો. બ્લોગ બનાવવો એ ઈમેલ આઈડી બનાવવા જેટલું સરળ છે. પહેલા ફક્ત અંગ્રેજી ભાષામાંજ બ્લોગ લખી શકાતો, પરંતુ હવે ઘણી બધી ભારતીય ભાષામાં બ્લોગ લખી શકાય છે. ઇન્ટરનેટના માધ્યમથી વિશ્વના કોઈપણ ખૂણે બેઠેલી વ્યક્તિ તમારો બ્લોગ વાંચી શકે, એટલું જ નહીં 'કમેન્ટસ' દ્વારા પોતાના અભિપ્રાય પણ આપી શકે છે. બ્લોગમાં તમે પોતાના સ્વતંત્ર વિચારો તો રજૂ કરી શકો છો, સાથે જ તેને આવકનું સાધન પણ બનાવી શકો છો.

બ્લોગ બનાવવા માટે હાલમાં સૌથી લોકપ્રિય વેબસાઈટ www.blogger.com છે.

તે સિવાય પણ કેટલીક વેબસાઈટ છે જેમ કે –

www.blog.com

www.blogspot.com

www.blogsite.com

www.wordpress.com

www.rediffblogs.com

★ **તમારો નવો બ્લોગ બનાવવા માટે નીચેના પગથિયાનો ઉપયોગ કરો.**

(૧) www.blogger.com વેબસાઈટ પર જાઓ.

(૨) મેઈલ આયડી અને password type કરીને લૉગઈન કરો.

(૩) સામે દેખાતા dashboard પર 'New Blog' પર ક્લિક કરો.

(૪) સ્ક્રીન પર તમને 'Title' અને 'Address' પૂછવામાં આવશે.

(૫) 'Title' એટલે તમારા બ્લોગનું શીર્ષક, તમે જે શીર્ષક નક્કી કર્યું હોય તે type કરવું.

(૬) Address એટલે તમારા બ્લોગનું Internet address. જે કાયમી રહેશે. જેને તમે બદલી નહીં શકો.

(૭) 'New post' પર કલીક કરીને નવું લખાણ મૂકો.

(૮) Dashboard પર આપેલા સેટિંગ, ડિઝાઈન જેવા option પસંદ કરી બ્લોગને આકર્ષક બનાવી શકો. તેમાં ચિત્રો પણ મૂકી શકો.

★ મિત્રો આ રીતે તમે તમારો બ્લોગ બનાવો અને તમારું URL એડ્રસ તમારા મિત્રોને જણાવી દો એટલે તે તમારા બ્લોગની મુલાકાત લેતા થાય. અહીં તમને બ્લોગનો એક નમૂનો આપવામાં આવ્યો છે તે જુઓ –

### બ્લોગ લેખનનો નમૂનો




## અખંડ ભારતના શિલ્પી – સરદાર વલ્લભભાઈ પટેલ

મિત્રો, સ્ટેચ્યુ ઑફ યુનિટિનું હમણાં થોડા સમય પૂર્વે લોકાર્પણ થયું. એ સંદર્ભે અખંડ ભારતના શિલ્પી તરીકે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને આજના આ બ્લોગના માધ્યમે શબ્દાંજલિ અર્પીએ. શ્રી ઉમાશંકર જોશીએ સરદાર વિશે એવું લખ્યું છે કે – સરદાર પટેલના બે રૂપ છે : એક બારડોલીના સરદાર, બીજા સાડાપાંચસો જેટલાં દેશી રાજ્યોને ભારતીય પ્રજાસત્તાકમાં વિલિન કરાવનાર સરદાર. એકમાં એમની સંઘર્ષશક્તિનો પરિચય થાય છે, બીજામાં સર્જનશક્તિનો. એમનાં આ બંને રૂપ ચિરસ્મરણીય રહેવાનાં.

આજે તો આપણે ભારતને એક માનીને ચાલીએ છીએ. પણ ૧૯૪૭માં ૩જી જૂને, જ્યારે વાઈસરૉય લૉર્ડ માઉન્ટબૅટને ૧૫મી ઑગસ્ટનો દિવસ સત્તાની સોંપણી માટે મુકરર કર્યો, ત્યારે પરિસ્થિતિ શી હતી ? દેશના ભાગલા પડવાના હતા, પાકિસ્તાન અને ભારત. સાથે સાથે દેશના પાંચમાં ભાગમાં ફેલાયેલાં સાડાપાંચસો દેશી રાજ્યો પણ એ દિવસે બ્રિટિશ સત્તાથી મુક્તિ પામવાનાં હતાં. તે પછી દરેક દેશી રાજ્યને સ્વતંત્ર રાજ્ય બનવું હોય તો બની શકે, ચાહે તો ભારત સાથે અથવા પાકિસ્તાન સાથે જોડાઈ શકે. આ દેશી રજવાડાંઓ જુદી જુદી યોજનાઓ બનાવી રહ્યાં હતાં. અમુક સ્વતંત્ર રહેવાનું વિચારી રહ્યાં હતાં, તો અમુક પાકિસ્તાન સાથે જોડાવાનું. અખંડ ભારતના નિર્માણ માટે એમને સમજાવીને ભારત સાથે જોડવા સહેલા ન હતા. સરદાર પટેલે આ વિકટ સમસ્યા જે કાર્યક્ષમતાથી ઉકેલી તેમાં તેમની ધીરજ, સમજણ, કુનેહ દેખાઈ આવે છે.

૧૫મી ઑગસ્ટના પ્રભાતે લૉર્ડ માઉન્ટબૅટને ત્રણ અઠવાડિયાં જેટલા જૂજ સમયમાં દૂરંદેશીપૂર્વક એકતા-યુક્ત રાજ્યતંત્રની સ્થાપના કરવા માટે સરદાર પટેલની પ્રશસ્તિ કરી. સરદાર પટેલના અવસાન પછી પાર્લામેન્ટમાર્ગના પટેલચોકમાં એમની પ્રતિમા સ્થાપવામાં આવી ત્યારે શ્રી જવાહરલાલ નેહરુએ ઉચિત શબ્દાલેખ આપ્યો : ''ધ આર્કિટેક્ટ ઑફ ઈન્ડિયન યુનિટિ'' – ભારતીય એકતાના શિલ્પી.

આવા અજોડ દેશભક્ત નેતાને શત શત નમન !

# પરિશિષ્ટ

## શબ્દો અને શબ્દાર્થ


| શબ્દ | | શબ્દાર્થ | શબ્દ | | શબ્દાર્થ |
|---|---|---|---|---|---|
| ગુરુમુખી | – | ગુરુ પ્રત્યે શ્રધ્ધા ધરાવનાર | આયાસપૂર્વક | – | પ્રયત્નપૂર્વક |
| ન્યારું | – | જુદું | માતેલું | – | હૃષ્ટપૃષ્ટ |
| નિર્ગમવું | – | ગાળવું | શિરામણ | – | નાસ્તો |
| ડાકડમાળ | – | ઠાઠમાઠ, ભભકો | મનસ્વી | – | સ્વચ્છંદી |
| ધાઈ | – | દોડી | તાકીદ | – | ઉતાવળ |
| વાવરે | – | વાપરે | વદ્યા | – | બોલ્યા |
| એહવે | – | એવા | ગોંદરે | – | ગામના ભાગોળે |
| છોભો | – | વ્યગ્ર, ખસિયાણો | રળવું | – | કમાવું |
| ત્રૂઠે | – | પ્રસન્ન થાય | મોંસૂઝણું | – | પરોઢિયું |
| વાસ પૂરીને | – | વસીને | સરાડે ચડવું | – | રસ્તે ચડવું |
| ધાવણી | – | ચૂસણી | થાપણ | – | કોઈને ત્યાં અનામત તરીકે મૂકેલી મૂડી |
| પીરોજી | – | આસમાની | | | |
| ટીલું | – | તિલક | માયા | – | ધન |
| સાયર | – | સાગર | વૈતરું | – | થાક લાગે કે કંટાળો ઊપજે તેવું વધુ પડતું કામ |
| કલેવર | – | શરીર | | | |
| કાનન | – | જંગલ, વન | | | |
| પેખીને | – | જોઈને | એંધાણી | – | નિશાની |
| નબી | – | પયગંબર | મોવાળા | – | વાળ |
| કોઢ | – | કારીગર લોકોને કામ કરવા બેસવાની જગ્યા | ગર્ભ | – | ગર, અંદરનો માવો |
| | | | સંતલસ | – | ખાનગી મસલત |
| ભોળવવું | – | ભરમાવવું | ધૂંધવાઈને ભઠી ઊઠવું | – | ગુસ્સાને કારણે ચિડાવું |
| કોચવું | – | ખાતર પાડવું | કળણ | – | કાદવ |
| પોષણ | – | ગુજરાન, નભાવ | પાઘડી બંધાવવી | – | ઈનામ આપવું |
| પાલવવું | – | નભાવવું, પરવડવું, પોસાવું | સુવાણ્ય | – | આરામ |
| | | | સોડ | – | બાજુ |
| અંત્યજ | – | અસ્પૃશ્ય ગણાતાં વર્ણનું | રાંધણું | – | રાંધવાની ક્રિયા |
| શૃંગ | – | શિખર | પરા, પશ્યન્તિ, મધ્યમા, વૈખરી | – | વાણીના ચાર રૂપ |
| વિષ્ટિ | – | સુલેહ | | | |


## ગુજરાતી ભાષાના અભ્યાસક માટે ઉપલબ્ધ વ્યાવસાયિક તકો


- ગુજરાતી કાર્યક્રમોમાં ઉદ્‌ઘોષક
- દુભાષક તરીકેની તક
- અનુવાદ, મુદ્રિતશોધન, કટારલેખન
- ગુજરાતી ભાષામાં ટાઈપીંગની તક
- સૂત્રસંચાલન, કથાકથન
- જાહેરખબર / વિજ્ઞાપન
- માસમીડિયા, પત્રકારત્વ, સર્જન અર્થાત્ લેખન, શિક્ષણ, વગેરે ક્ષેત્રે તક ઉપલબ્ધ
- ગુજરાતી ટી.વી. સિરિયલ, નાટક કે ફિલ્મમાં અભિનય, કથા, પટકથા કે સંવાદ લેખન
- ગુજરાતી ન્યૂઝચેનલ, ટેલિવિઝન, રેડિયો, એફ.એમ.માં રોજગારની તક
- નોકરી કે વ્યાપાર જેવા દરેક ક્ષેત્રે સફળ થવા માટે ગ્રાહકની ભાષામાં વાત કરવી જરૂરી. એ રીતે દરેક નોકરી કે વ્યવસાય જેમાં ગ્રાહક સાથે સીધો વાર્તાલાપ, સંવાદ કરવાનો હોય તેમાં ભાષાશિક્ષણ ચોક્કસ ઉપયોગી થાય છે.


## ગુજરાતી સંકેતસ્થળ(વેબસાઈટ)

| | |
|---|---|
| http://www.gujaratilexicon.com | http://www.gujblog.feedcluster.com |
| http://www.bhagvadgomandal.com | http://www.aksharnaad.com |
| http://www.gujarativismisadi.com | http://www.vicharo.com |
| http://www.readgujarati.com | http://www.mitixa.com |
| http://www.tahuko.com | http://www.urmisaagar.com |
| http://www.gazalgurjari.com | http://www.cybersafar.com |
| http://www.Uddesh.org | http://www.gujarathisahityaparishad.org |
| http://www.redasetu.wordpress.com | http://www.vicharvalonu.com |
| http://www.bhashaindia.com | http://www.gu.wordpress.com |
| http://www.webdunia.com | http://www.vichalori.net |
| http://www.sheetalsangeet.com | http://www.jeevanshailee.com |
| http://www.rankar.com | http://www.gujaratisabdakosh.com |
| http://www.layastaro.com | http://www.kavilok.co |
| http://www.vmtailor.com | http://www.mahacareermitra.in |






































- पाठ्यपुस्तक मंडळाची वैशिष्ट्यपूर्ण पाठ्येत्तर प्रकाशने.
- नामवंत लेखक, कवी, विचारवंत यांच्या साहित्याचा समावेश.
- शालेय स्तरावर पूरक वाचनासाठी उपयुक्त.

पुस्तक मागणीसाठी www.ebalbharati.in, www.balbharati.in संकेत स्थळावर भेट द्या.

**साहित्य पाठ्यपुस्तक मंडळाच्या विभागीय भांडारांमध्ये विक्रीसाठी उपलब्ध आहे.**

ebalbharati

विभागीय भांडारे संपर्क क्रमांक : पुणे - ☎ २५६५९४६५, कोल्हापूर- ☎ २४६८५७६, मुंबई (गोरेगाव) - ☎ २८७७१८४२, पनवेल - ☎ २७४६२६४६५, नाशिक - ☎ २३९१५११, औरंगाबाद - ☎ २३३२१७१, नागपूर - ☎ २५४७७१६/२५२३०७८, लातूर - ☎ २२०९३०, अमरावती - ☎ २५३०९६५



મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે

गुजराती युवकभारती इयत्ता अकरावी (गुजराती माध्यम)

₹ 98.00